Id આર્ય લોક The Áryas (the ancient invaders of India) આર્યબંધુ-ભગિનીઓ A term used in addressing a meeting composed of Hindūs

આર્ય-સમાજ, *s m f* [S *fr* + સમાજ a gathering] A sect of Hindūs founded by Dayānand Sarasvatī

આર્યા, *s f* A kind of metre, a quatrain of which the first line contains 12 mātrās, the second 18 the third 12, and the fourth 15 2 A respectable woman

આર્યાવર્ત, *s m* [+ आवर्त a circle *fr* आ up to + वृत्, वर्त्, to turn] The tract of land between the Himālaya and the Vindhya Mountains

આલખી-પાલખી, *s f* [આલખી redup of પાલખી palanquin] A game for children, generally known as પાલખી (Used in the Hālār and Bhāvnagar Districts)

આલપાકા, *s m* [Eng *Alpaca*] Alpaca

આલ-પાલ, *s f* [S आल a trick, fraud, + પાળ વું to protect] Gratification of a child's importunate begging or beseeching 2 Taking care, looking after

આલ-એલ, *s f* [Eng All well] The

cry "All well," used by watchmen, safety

આલમ, *s f* [A आलम् world] The universe 2 Mankind 3 Populace

આ·લબ ન *s n* [S आ up to + लम्ब् to hang] Dependence upon 2 Support

આ·લંબ·વુ *v i* To rest, to depend

આ·લય *s n* [S *fr* आ up to + ली to go] An abode, a house 2 A temple

એવુ આલય અવલોકવુ, માહાકાય છે રે,
પછે સોાન્ન કરવુ મહાન્ત, રૂડા રાયજી રે
—પ્રેમાનંદ

આલવાલ, *s m n* [S] A basin at the root of a tree to hold water

આલવાલ ઉપર વાલ ઉપજ્યુ —કેવારાકડ

આલ વું, *v t* [S અપ્ to give, caus of ऋ to go *Cf* આપ વુ] Same as **આપ·વું**

આલસ્ય, *s n* [S *fr* अलस idle *fr* अ not + लस् to strive] Laziness

આ લાપ, *s m* [S *fr* आ intens + लप् to speak.] Talk, conversation 2 Prattling 3 Tuning the voice previously to singing, running over the notes to catch the key 4 Humming a tune

અગો-અગ વ્યાપી ગયો, કોપના આલાપ છે
—વલ્લભ

આ·લાપ વુ, *v t* To talk

આલા-સીલું, *adj* [See અર્ધ half + સીલુ wet] Half wet and half dry

આ·લિઙ્ગ·ન, *s.* [S *fr* आ up + लिङ्ग् to go] An embrace

આ·લિઙ્ગ વું, *v t* To embrace

આલી, Same as **અલી**

આલીજાહા, *adj* [Ar आलीजाह् grand] Grand, of exalted dignity

આલું, *s n* [Hem Des अलग्ग=S मिथ्यारोप a false charge] Accusation; a charge

આલે, *adj* [S आर nearness] Nearer 2 Equal 3 Dearer

Id તે મને તારાથી અધિક આલે છે I like him better than you

આલે *adj* [Ar] Good 2 Extraordinary 3 Expensive

આ લેખ વું, *v t* [S आ intensive + लिख् to scratch, to write See લેખવુ to count] To paint, to picture

આ લેખ્ય, *s n* A picture

આ લેપ, *s m* [S *fr* आ up to + लिप्, લિંપ·વુ, to besmear See લેપ] Application of perfumes to the body 2 An ointment

આ·લોક, *s. n* [S *fr* आ on all sides + लोक् to see *Cf* Eng *Look*] Sight, the range of sight 2 Thinking, thought

દયાના પ્રીતમ દામોદર જ્યો, યાય ન કર્યુ આલોક
—દયારામ

આ લોક, *s m* [Guj આ this + લોક the world] This world, the present world, as distinguished from the world to come (પર લોક) *Cf* પર લોક

Id આ લોકને વિષે In this world

આ·લોક·ન, *s n* [S See આ·લોક seeing *fr* आ intens + लोक् to see] Seeing, looking at, sight

આ·લોક·વુ, *v t* To see, to look at

કૃષ્ણ સુત, જયદ્રથ, દ્રોપદી, એ વિધે આલોક, રે
—પ્રેમાનંદ

આ લોચ, *s m.*
આ લોચ ન, *s n* } [S *fr* आ intensive + लोच् = लोक to see] Thought, consideration

આલોચ કરતો તે સમે, પરઠ્યો ત્યા લકાપતિ
—સામળભટ

આ·લોચ·વું, *v t* To think, to contemplate

આલો-પાલો, *s m* [Guj આલો redup of પાલો leaves *fr* S पल्लव a twig] Foliage, vegetation

આવ, *s f* [See આવ વુ to come *fr* S आ up to + या to go] Coming, frequenting

આવ·ક, *s f* Income 2 Wages 3 Import of goods

આવ ક-ચિઠ્ઠી, *s f* [+ચિઠ્ઠી a small letter, a note] A receipt of goods exported in a vessel

આવ ક-જાવ ક, *s f* [+ જાવ·ક going] A day book or a journal for the entry of both receipts and expenditure, or of letters received and sent out 2 Income and expenditure

આવ-કાર, [See આવ + S कार a suffix showing the sound of the preceding letters *fr* कृ to do] Reception

Id આવકાર આપવો–કરવો–દેવો To receive with hospitality આવકાર મળવો To get welcome, to be welcomed

આવશું, See આગવું, one's own, peculiar (Used in Kāṭhiāwāḍ.)

આવ-જા, આવ-જાવ, } s f [See આવવું to come + જવું to go.] Coming and going, journeying to and fro 2 The act of frequenting Same as જા-આવ

આ વટ॰વું, v i [S आ up to + वृत् to turn] To turn out

આવડ, આવડત, } s f [See આવડ॰વું to know] Knowledge, tact, skill

આવડ॰વું, v t [S आवृत् to repeat fr आ up to + वृत् to turn Cf Dh Des आवडिअं = S सगत united, met, fr S आ॰पतित met fr आ up to + पत् to fall] To be familiar with (a thing), to know how (to do a thing)

Note—The person *who knows*, is put in the Dative in such sentences as મને લખતાં આવડે છે I know how to write

Prov આવડે નહિ પૈસા, ને રાંધવા પેસ Be not a baker, if your head be made of butter આવડે તેટલું બોલીએ નહિ, ને ભાવે તેટલું જમીએ નહિ Speaking little and eating little have never injured anyone આવડે, તેને માન ઘણા Those who know require to be coaxed into action

આવડું, adj [S एतावत् so much fr एतद् this + वत् having] So great, so large, so much

આવ॰તું, adj [See આવ॰વું to come] Coming, future

Prov આવતી વહુ, ને બેસતો રાજા, વખાણીએ, નો વખણાય Give a dog an ill name, and you may as well hang him આવતી ધાડે કાઈ વિણ ખવાય? You need not grieve at a misfortune that is yet to come આવતો હાડેમ, ને જતો ગરાસીયો (એ બેને છેડવા નહિ) Do not encounter a hungry man

આવદાની, Same as આમદાની

આવન-જાવન, s n Same as આવ-જા

આવર-ફૂટો, આવર-ખૂટો, } s m [आयुर् the length of life + ખૂટ॰વું to end fr S कुण्ट् to stop, to obstruct] The end of one's life time, death

આ॰વર॰ણ, s n [S fr आ up to + वृ, वर्, to cover] A covering 2 A gathering of friends and relations

આવર-દા, s f [S आयुस् the length of life + दाय a share fr दा to give] The duration of one's life, one's life time

Id આવરદા–આવી રહેવી–ખૂટવી The end of life time has come આવરદા વધવી To be prolonged (of the period of life) તે આવરદાનો પૂરો–બળીયો, તેથી બચ્યો He had to live longer (he was destined to live longer), and consequently he came out alive

આ વર વું, v t [See આ॰વર ણ covering] To spread, to scatter, to extend

તેણે આવર્યું ગાત ગાત્ર, કોઈને નવ દેખો સત્પાત્ર
—ગિરિધર.

દીવ જ્યોતીની પેરે બુઝાતા, આવરી રહે છે અંધાર
—ભોટમ.

આવરેજ, adj [Eng *Average*] Average

Id આવરેજ કરવી–કાઢવી–સાધવી–આવવી To find the average

આવરો, s m [See આવક Or, P आवर्दन to bring] An account-book, an account-book in which are shown the total monthly receipts and expenditure

Id આવરો રાખવો To keep an account-book આવરો લખવો To write an account-book, to make entries in an account book આવરો ખતવવો To make entries in the ledger from the journal

આ॰વરો, s m [S आ हार eating fr आ up to + हृ, हर्, to take] The desire to be frequently eating food

આ॰વર્ત, s m [S fr आ up to + वृत्, वर्त्, to turn] Turning, whirling 2 A whirl pool an eddy

આ વર્ત ન, s n [S fr आ up to + वृत्, वर्त्, turn] Repetition 2 Perusal

આ વર્ત વું, v i To turn round, to return 2 v t To embrace

રતિરંગ ધીરપુરષ ગયા, પિયુ ઉર આવરતી રસધામા
—ગીત-ગોવિંદ.

આ વર્તાંક adj [+ અંક a number]

Recurring, circulating (decimal)

આવટા, s n [S અ priv + વટ twisting, a turn] a quantity of clean and soft carded cotton

પોલ રૂઓ પાપડો આવટમા લાગી એહ,
"અમા, ખના' સહુ કો કહે, તારી સાથે નેહ
—સામળભટ

આવલિ, s f [S] A line

આવવું, v i [S आ up to + वा to go] To come, to approach; to go to

Id. આપો આવવી To have swollen eyes મોઢું આવવુ To have ulcers in the mouth છાલ આવવી To have ulcers on the tongue 2 To be able to speak દુખતા આવવું To have a pain in. આવી ચઢવું-પહોચવું To arrive at the proper time આવી મળવું-લાગવું To come up or meet at the proper time આવી ચૂકવું-રહેવું To be exhausted or finished તેનુ (આયુષ્ય) આવી ચૂક્યુ—આવી બન્યુ He is on the point of being ruined. 2 To be on the point of death આવી જા (imperative of આવી જવુ) "Come on," "I challenge you" (Used as a challenge) આવી ચઢવુ—મળવુ To be obtained at a low price આવી પડવું To befall આવી ફસવું-ફસાવું To come up accidentally and be involved in a trouble —મા આવી જવુ To be included in

Note—આવવુ is often idiomatically used in Gujarati and may be variously rendered into English —1 To come into or upon, to spring forth from and on—as in ઝાડને પાનડુ આવ્યાં છે. 2 To happen unto, to befall—as in તેને તાવ આવે છે 3 To come unto—મારા ધ્યાનમા એમ આવે છે 4 To turn out, to appear in its final form or state—આ પાપડીનો પાક ઠીક આવ્યો છે. 5 To become, to have attained or reached any condition or character—ઘર પડવાની અણી ઉપર આવ્યું છે 6 In continuous tenses આવવું is used as an auxiliary verb, meaning "to come up, through, or along" (a duration, course, &c)—as in બાળપણથી પગારપથી હુ આ કામ કરતો આવ્યો છું. 7 To draw nearer towards, to approach or advance unto—વખત ઠીક આવ્યો છે 8 To arise, to be excited or awakened—તેને ગુસ્સો આવે છે 9 To suit, to fit—મને અનુકુળ આવતું નથી. 10. To come up to, to amount to or be equal to—આનુ વજન બે તોલા જેટલુ આવશે. 11 To go, to depart—આવું છુ હો, ભા (આવવું is used in this sense of *going* or *departure* by people taking or granting leave to go, the use of જવું (to go) on such occasions being considered unlucky; and further આવવું intimates the notion of *Coming again*.)

Prov આવે, તે રસ્તે જાય Light come, light go, i e Ill gotten, ill spent આવે ખોડાને વેગે, ને જાય કીડીને વેગે Mischiefs come by the pound, and go by the ounce Agues come on horseback, but go away on foot આવ્યું મોત કોઈને મૂકે નહિ Death is deaf, and hears no denial આવી મગવા, તો બેસાડી દળવા She came to be entertained, and was asked to sit down to grind corn આવ્યાની નવાઈ નથી, પણ ગયાની નવાઈ Consider not pleasures as they come but as they go આવ કુહાડા પગ પર = આવ બલા, પકડ ગલા To meet a danger half way આવ મારી ગાડી, હું ક્યાં એ ન સમાણી, નેવે આવ્યા પાણી, તો એ ન વલાણી To a crazy ship all winds are contrary આવ મીયાં, જાવ મીયા, ઘરબાર તુમેરા, પરસી ખિચડી ખાવ, બિસ્તાન તુમેરા Great boast, small roast આવ રે સાઠ દરબા. આપણે બને સરખા આવવાની ચાર દિશા, ને જવાની બાર=આવશે વહુ ત્યારે જાણશે સહુ There will be loud brawls in the house, when a daughter-in-law will be admitted = Quarrels begin in a family as soon as a stranger's interest is involved. આવી પાટડીએ, તે જાય કાઠડીએ There is no divorce in Hindu Law = A Hindu marriage is indissoluble આવી તે લક્ષ્મી, ને ગઈ તે બલા = આવે ત્યારે ખડખડિયાં, ને જાય ત્યારે સાસા An acquisition pleases a man, and a loss distresses him આવી હોળી, ને પરવાર્યા કોળી The plundering tribes begin their occupation, when the Holi holidays come (March) આવે વનમા, તો મારીએ પગમાં Show no mercy to your enemy when an opportunity occurs. આવો લોકો, તે મૂઓ પોકો If you join a quarrelling party,

you will have to suffer આવે વહુનો ભાઈ, તો પેસે ઘરમાં ધાઈ, આવે વરનો ભાઈ, તો ઉભો રહે નેવા સાહી=The wife's brother finds an easy access into the house, while the husband's brother has to stand in the outside verandah = Self interest is the rule, self sacrifice the exception

આવ નહિ, આદર નહિ, નહિ નેનૂમેં નેહ,
વો ઘર કબૂ ન જાઇએ, કંચન બરસે મેહ —ભાષા

આવશ્ય, આવશ્યક, s f [S fr अवश helpless fr अ not + वश power] Necessity, compulsion 2 adj Necessary

આવશ્યકતા, s f Absolute necessity

આવસથ, s m [S fr आ intensive + वस् to dwell, See વસ•વુ] A dwelling place 2 A fire sanctuary, a place where sacrificial fire is kept up

આવહ, adj [S fr आ up to + वह् to carry] Producing, leading or tending to, bringing on (Used as the last member of a compound)

Id સુખાવહ Producing pleasure દુઃખાવહ Producing pain

આવળ, s m [S आमलक] A kind of shrub

આ•વળીયો, s m [S આ intens + વળ•વુ to turn] A great inclination of the mind, an eager desire

એને દીકરી જણ્યાનો આવળીયો —ભાષા

આવાગમન, s n [See આવવુ to come + ગમન departure fr गम् to go] Arrival and departure 2 Transmigration of the soul

આ•વાસ, s m [S fr आ intens + वस् to dwell] Dwelling, abode, residence

આ•વાહન, s n [S fr आ up to + वह् to carry] Invocation to a god in order to its entrance into an idol

આવિર્ભાવ, s m [S fr आविस् openly + ભાવ being fr भू to be] Manifestation

આવિર્ભૂત, adj Manifested

આવું, adj [S एतावत् fr एतद् this + वत having] Such, of this sort

આવૃત, adj [See આ વર વુ covering] Covered 2 Surrounded on all sides

આ•વૃત્ત, adj [See below] Returned 2 Republished (of a book)

આ•વૃત્તિ, s f [S fr आ upto + वृत् to turn] Returning, return 2 Repetition 3 An edition of a book

આ•વેગ, s m [S fr आ intens + વેગ speed fr विज् to separate] Force, vigour, excitement

આવેશ, s m [S fr + विश् to enter] Zeal, ardour

આ•વેશી, adj Zealous, ardent

આશ, s f [S आशा] Hope, desire

આશક, s m [Ar आशिक़] A lover a paramour, a gallant 2 adj Enamoured

Prov આશક ન જાણે જાત કજાત, ભૂખ ન જાણે લુખો ભાત Love and hunger cannot make a choice

આશક-માશુક, s n pl [+ P माशूक़] A lover & his beloved, a lover and his mistress

આશકા, s f [See આરતા] Taking off from an idol and bringing upon oneself the effects of the evil eye by touching the flame, flowers, &c , with the hands or fingers and applying them to one's eyes (See આરતી ઉતારવી)

આશકાર, આશકારા, adj [P] Plain, open, manifest, well known

આશકી, s f [See આશક] Courtship love 2 Gallantry

આ•શંકા, s f [S fr आ intens + शङ्क to doubt] Doubt 2 Fear

આશના, s f [P = an acquaintance] A friend 2 A mistress

આશનાઈ, s f Friendship 2 Love 3 Illicit love

આ•શય, s m [S fr आ intens + शी to lie down] A place 2 An opinion 3 Intention

આશરવાદ, Same as આશીર્વાદ

આશા, s f [S] Hope.

Id આશા કરવી-રાખવી-બાંધવી To hope for આશા આપવી દેવી To give reason to hope for 2 To reassure to cheer આશાતાણ આશા

યુક્ત, આશાભર્યું, આશાબંધ Hoping, hopeful. આશાભંગ Disappointment 2 *adj* Disappointed, despairing

આશાડ, Same as આષાઢ

આશા-પુરી, *s f* [+ पॄ, પૂરવું, to fill] Name of the Hindu goddess who fulfils all desires

આશા-બંધી, *adj f* [+ बन्ध् to bind, See બાંધવું] Pregnant (a woman)

આશા-વરી, [See આશા-પુરી] Same as અસાવરી

આ-શિષ, *s f* [S. आ शिष् *fr* आ intens + शास् to wish] Benediction

Id આશિષ દેવી To bless

આશી-ચીશી, *adv* [See આશા hope + નિશ્ચિન્ત free from anxiety] Satisfactorily

આશીર્વાદ, *s f* [+ વાદ speaking *fr* वद् to speak] A blessing, a benediction

Id આશીર્વાદ આપવો-દેવો To bless

આ શુચ, } આ-શૌચ, } Same as અ-શૌચ

આશ્ચર્ય, *s n* [S *fr* आ an exclamation + चर् to act, to do] Surprise, wonder, astonishment

Id આશ્ચર્ય થવું-પામવું To be astonished આશ્ચર્ય લાગવું To feel astonishment

આશ્ચર્ય-કારક, *adj* [S *fr* + કારક doing] Astonishing, wonderful

આ-શ્રમ, *s m* [S *fr* आ opposite + श्रम् to be fatigued] A hermitage 2 Shelter 3 A stage of life

Note—The Áshramas, or conditions of life, prescribed for a Brāhman are four During the first he should be a બ્રહ્મચારી, an unmarried student, during the second a ગૃહસ્થ, a married householder, during the third a વાનપ્રસ્થ an anchorite, and during the fourth a સંન્યાસી, a religious devotee

આ-શ્રમી, *adj* Having or belonging to a particular Áshrama

આ-શ્રય, *s m* [S *fr* आ up to + श्रि to go] Protection 2 Refuge 3 Safety 4 That which supports, a support, a prop

Id આશ્રય આપવો To give one's support ... [illegible] ... to seek the protection of, to resort to for protection

આ-શ્રયી, *adj* Having or requiring support, dependent

આ-શ્રિત, Same as આ-શ્રયી,

આ-શ્વાસ, *s m* } આ શ્વાસન, *s n* } આ-શ્વાસના, *s f* } [S *fr* आ intensive + श्वस् to breathe, See શ્વાસ] Comforting; consoling, consolation 2 Hospitality

આ-શ્વાસવું, *v s* To comfort, to console 2 To entertain as a guest

રાજાએ આશ્વાસી નાર, સ્વપ્નું પામી, તે

—દીવાળીબાઈ

આશ્વિન, *s m* [S *fr* अश्विनी the name of the 27th lunar mansion] The twelfth lunar month (Sept -Oct)

આ-ષાઢ, *s m* [S *fr* आषाढा the name of the 18th lunar mansion, comprising part of the constellation Sagittarius (Archer)] The ninth lunar month (June-July)

આષાઢી, *adj* Of or occurring in the month of Áṣādha, (June–July)

Id આષાઢી આંધળું (Lit) Blind in the month of Áṣāḍha, *i e* blinded through seeing everything bright and green, hence (Fig) discontented at trifles although surrounded by every comfort, over-indulged and yet fault-finding આષાઢી અગીયારસ The eleventh day of either fortnight in Áṣāḍha, otherwise called દેવપઢોડી અગિયારસ

આસ, Same as આશા

આસકા, Same as આશકા.

આ-સક્ત, *adj* [S *fr* आ intens + સક્ત attached *fr* सञ्ज् to go] Devotedly attached to

આ-સક્તિ, *s f* Attachment, addictedness, devotion

આ-સંગો, *s m* Same as આ સક્તિ

આપરો શો આસંગો રે, સામળીયાની સંગે

—દયારામ.

આસન, *s n* [S *fr* आस् to sit] A seat 2 A posture 3 A square (in a ruled paper) 4 A column (of a sheet of paper) 5 Foreign matter left on an ulcer (by a fly) 6 A medicinal plant generally known

as અશ્વગંધા 7 One of the 84 kinds of amorous attitudes 8 One of the 84 kinds of postures prescribed in the practice of devout mental abstraction (Yoga)

Id આસન કરવુ-વાળવુ To posture આસન માડવુ To take a seat 2 To ascertain one's seat આસન નાખવુ To put down one's dish and appropriate a spot for oneself (at a dinner) ચાદા ઉપર માખી આસન મૂકશે A fly will leave foreign matter on an ulcer

આસન-કેદ, *s f* [See આસાન, એહસાન, favour + કેદ imprisonment] Simple imprisonment, as distinguished from imprisonment with hard labour

આસન-વિધિ, *s m f* [S *fr* + વિધિ method] The act or process of taking a posture

આસના-વાસના, *s f* [Guj corrup of S आश्वासन consolation *fr* आ up to + श्वस् to breathe Or, આસન a seat, seating, + S आ॰ वासन residing, See આ॰વાસ] Consolation 2 Treating a guest, hospitality

આસનિ॰યું, *s n* [See આસન a seat] A seat made of holy materials (generally of दर्भ grass)

આસનો, *s m* A kind of tree

આ સન્ન, *adj* [S *fr* आ up to + सद् to sit] Near

આસ-પાસ, *adv* [See પાસુ side *fr* S पार्श्व side, આસ redup of પાસુ] All around, on all sides 2 In the neighbourhood

Id આસપાસ જોવુ To be watchful or circumspect આસપાસ ઉભા રહેવુ To keep a strict watch on

આસ-માન, *s n* [P *fr* आस् a mill + मान् resembling] The sky

Id આસમાનના તારા દેખાડે એવુ Giving the greatest trouble 2 Troublesome, mischievous

આસમાની, *adj* Heavenly, divine 2 Sky-coloured, azure, bluish

આ॰સર॰ડ॰વું, *v t* [S आ intensive + सृ, सद्, to move] To make a loud sound with the mouth while eating

આસર॰વાદ, Same as આશીર્વાદ

આસરા-ગતિ યું, *adj* [See આસરો a support+ ગતિ motion] Resorting to or depending upon for support, dependent

આસરા-પડ॰તું, *adj* [See આસરો a rough estimate + પડ॰વું to fall] Averaging, approximating

આસરે, *adv* [See આસરો approximation *fr* S આ॰શ્રય support *fr* आ up to + श्रि to go] About, nearly, approximately

આસરો, *s m* Support 2 A rough estimate

Id આસરો કરવો-આપવો To assist, to help આસરો લેવો To resort to for support આસરા ઉપર રહેવુ To depend upon for help આસરે બેસવુ To rest assured owing to one's confidence in one's supporter

આ સવ, *s m* [S *fr* आ intensive + सु to extract juice] An extract 2 A distilled spirit, a liquor

આ॰સવ॰તું, *s n* [S + सू to give birth to, *Cf* પ્ર॰સવ] Business, work (Used in Kāṭhiāwāḍ)

આસાએશ, *s f* [P *fr* आसूदन् to rest] Recreation, rest

આસાન, Same as એહસાન

આસાન-કેદ, Same as આસન-કેદ.

આસામી, *s m f* [Ar असामी *pl* of अस्मा which is itself *pl* of इस्म् a name] A person, an individual 2 A gentleman, a man of consideration 3 A man of fortune, a wealthy man 4 A customer, a client

Id આસામી જોઇ કામ કરવુ Not to deal with a man before knowing how rich he is સારી આસામી (Lit) A good man, hence, an honest and rich man, able and willing to pay his debts નબળી આસામી (Lit) A weak man, hence, a dishonest and insolvent man નબળી પડી ગયેલી આસામી A man who has lost his money સધ્ધર આસામી A rich man આ તો મારો આસામી છે He is my customer or client

આસામી-વાર, *adv* [+ વાર a turn] Individually, severally, per head

આસા વત, *adj* [See આશા hope + S वत् વત વાળુ, having] Hopeful expectant

આસિસ્ટણ્ટ, *s m f* [Eng *Assistant*] One who assists, an assistant 2 *adj* Assisting, assistant

આસુર, આસુરી, } *adj* [S *fr* અસુર a demon] Pertaining to a demon, devilish, inhuman

આસુર-વિવાહ, *s m* [S *fr* + વિવાહ marriage] A form of marriage in which the bride is carried away by force

આસેવી, *s f* Same as **આસંગો**

આસો, Same as **આશ્વિન**

આસો-પાલવ, આસો-પાલો, } *s m* [S अशोक a kind of tree + पल्लव, પાલો, a twig, leaves] Leaves of the *Jonesia asoka*

આસ્કંદ, *s m* [S *fr* आ intensive + स्कन्द् to leap] An attack, an assault 2 A battle, a war 3 Reproach, abuse

આ-સ્તર, *s m*
આ સ્તરણ, *s n* } [S *fr* आ intensive + स्तृ to spread] Act of spreading 2 The thing spread 3 A carpet, a mat 4 A lining, a coating Same as આ સ્તર

આ-સ્તા, Same as **આ સ્થા**

આ-સ્તા-વાળુ, Same as **આ સ્થા વાળું**

આસ્તિ-ક, *s m* [S *fr* अस्ति is *fr* अस् to be] A theist, one who believes that there is a God 2 *adj* Theistis

આસ્તિક્ય, *s n* Theism 2 Faith in the existence of God

આસ્તે, *adv* [P आहिस्ते] Slowly, gently

Id આસ્તે રહીને = આસ્તે આસ્તે Slowly and slowly, stepping each step slowly

આ-સ્થા, *s f* [S *fr* आ up to + स्था to stand] Stability, steadiness, firmness 2 Faith, reliance 3 Money, wealth

Id તેની ધર્મ ઉપર આસ્થા છે He is a staunch adherent of his religion, he is firm in his religion આસ્થા આવવી-બેસવી To be firmly attached -ઉપરથી આસ્થા ઉઠી જવી To lose faith in તેની પાસે આસ્થા ઠીક છે He has a large fortune

આસ્થિર ક, *adj* Stable, steady, firm 2 Faithful

આસ્પદ, *s n* [S] A place, an abode 2 (At the end of a compound) A cause 3 *adj* (At the end of a compound) Causing producing

Id લજ્જાસ્પદ A cause of shame 2 Causing shame

આ સ્ફાલ ન, *s n* [S *fr* आ intensive + स्फाल् to shake See આ-ફાળ વું] Striking against

આ-સ્ફોટ, *s m*
આ સ્ફોટ ન, *s n*
આ સ્ફોટ ણ, *s n* } [S आ स्फोट, आ-स्फोटन, *fr* आ intensive + स्फुट् to burst or split, to break See ફુટ-વું, ફોડ-વું, ફાડ-વું] Trembling, shaking 2 Blowing, expanding 3 Disclosing, manifesting

આસ્ય, *s n* [S] The mouth

આ સ્વાદ, *s m* [S *fr* आ intensive + स्वाद् to taste, See સ્વાદ] Taste, relish

આહર, Same as **આખર**, in the end, in the long run, at last

ગજ ગાડી પણ સાપરો, આ-વાળી પણ રાત,
વાણી બૂપ સરીખડે, આહર વીતની વાત
—ભાષા

આહા, આહાહા, } *interj* [S अहा] Aha ! ha !

આ હાર, *s m* [S *fr* आ up to + हृ, हर्, to take away] Food 2 The usual quantity of food taken by a person at one meal

Id આહાર કરવો-લેવો To eat તેનો આહાર વધ્યો છે He eats more than formerly તેનો આહાર ઉતર્યો છે He eats less than he did

Prov આહાર, તેવો ઓડકાર As you make your bed, so you lie on it As is the father, so is the child આહાર વેહવાર અને નિદ્રા વધારી વધે, અને ઘટાડી ઘટે A man may increase or diminish at pleasure his food, sleep, and social relations આહાર (હાર) મારે, કે ભાર મારે A man suffers from the effects of too large a quantity of food or of too heavy a burden

આ-હારી, *s m* [+ इन्, ई, having] One who eats, a glutton

આહીર, *s m* [S आभीर] A herdsman 2 A pastoral tribe, now mostly found in the North Western Provinces but also

Kāṭhiāwāḍ and Khāndesh

આહીર-ડાં, *s n pl* [+ ડું, ડાં, dim] Herdsmen (Used in fondness or in contempt)

આહીર ણી, *s f* A woman of the આહીર (cowherd) caste

આ-હુતિ, *s f* [S *fr* आ up to + हु to sacrifice] Rice, sesamum, ghee, &c , cast into fire in a sacrifice, a sacrificial offering

Id આહુતિ આપવી To make a sacrificial offering, to sacrifice આહુતિ લેવી To receive a sacrificial offering 2 To burn to ashes 3 To ruin પૂર્ણાહુતિ (Lit) The final offering 2 The end, the conclusion

આહેડી, *s m* [See આખેટ hunting] A hunter

આહેડ, *s f* [S आ intensive + હળ, pronounced as હેળ, *a* plough] Land lately ploughed 2 Land newly brought under cultivation (Used in Kāṭhiāwāḍ)

આહો-તું, *s n* [See અહો My dear Sir, + તુમ્, તું, thou, you] Flattery (Used in the Soraṭh Prānt)

આહ્નિ-ક, *s n* [S *fr* अहन् a day] Daily performance of religious duties 2 Daily work

આ-હ્લાદ, *s m* [S *fr* आ intens + ह्लाद् to rejoice] Joy, raptures

આળ, *s n* [Dh Des अलग्ग=S कलङ्कारोप ascribing blame *fr* S आ intens + लग्, લાગ-વું, to stick] A false imputation or charge

Id -ને માથે આળ ચડાવવું-મૂકવું To put a false charge on આળ ચોટવું-બેસવું To be declared to be guilty of an offence તેના માથેથી આળ ઉતર્યું છે He is acquitted of he charge

આળ-પંપાળ, *s f* [See પંપાળ-વું to caress, આળ redup] Comforting a distressed person

આળ-વણું, *s n* [See આળ a false charge + વર્ણ colour] A stain, blame or harm arising from an accusation

આળસ, *s n* [S आलस्य idleness *fr* अ-लस idle *fr* अ not + लस् to strive] Laziness, indolence

Id આળસ આવવું-કરવું To be idle આળસ મૂકવું-છોડવું-તજવું To leave off idleness

Prov આળસ દરિદ્રતાનું મૂળ છે Sloth is the mother of poverty Idleness clothes a man with rags

આળસ-વું, *v i* To be idle, to be remiss to be slow

આળસા-વું, *v i* To be made slow or remiss 2 To be stopped 3 To be given up (of a project)

આળી-ગાળુ, *adj* [See આળ a false charge + ગાળ abusive language] Abusing, abusive 2 Mischievous

આળસુ, *adj* [See આળસ] Lazy, indolent

Id આળસુનો ડગલો Very lazy

આળિયો, *s m* A large cavity in a wall

આળુ, *adj* [See આર્દ્ર wet] Lately stripped (of skin) 2 Painful

Id આળુ ચામડું the skin (of an animal) lately stripped, skin not tanned આળી ચામડી the new skin appearing on a wound not yet perfectly healed

આળુ, [S आलु] A suffix denoting "full of, having," as in દયાળુ

આ ળોટ ણું, *s n* [See આ ળોટ વું] Wallowing, rolling 2 A pillow to lean against 3 *adj* In the habit of wallowing

આ ળોટ-વું, *v i* [S आ intens + लुट् to wallow, *Cf* Dh Des लोट्टं sleeping] To wallow

[illegible]

ation, [illegible]

[illegible]

[illegible]

[illegible] A large [illegible] mouth by [illegible] line 2 A large [illegible] the same [illegible]

[illegible]

game for children [illegible] Udepur [illegible]

[illegible] burn] Foot

[illegible] yoked [illegible] See [illegible]] A [illegible]

પંપ્રોગ, [S. [illegible]] Same as [illegible]

પ્રભાત, s. n. [Ar.] Fortune, destiny. 2 Prosperity.

પ્રકરાર, s. m. [Ar.] An agreement. 2 A solemn declaration.

Id. [illegible] To make an agreement or solemn affirmation. [illegible] To ask

[illegible]

[illegible]] Same as [illegible]

[illegible] [S. [illegible]] Acting according to one's own wish or pleasure, irresponsible, absolute.

[illegible], s. n. [[illegible]] The desired object. 2 The fourth term of a proportion (Arith.)

ઇચ્છા-વર, s m [+ વર husband] The husband of one's own choice, the husband selected by the bride

ઇચ્છિ·ત, adj Wished, desired

ઇચ્છુ, adj Wishing (used at the end of a compound), e g હિતેચ્છુ

ઇછ·વું, Same as ઇચ્છ·વું

ઇજ્જત, s f [Ar] Honour, reputation Id ઇજ્જતના કાંકરા થવા To be disgraced

ઇજ્જત-આસાર, adj [Ar] A polite form of address

ઇજન, s n [P] An invitation, a call

ઇજનેર, s m [Eng Engineer] An engineer 2 The Executive Engineer of a District

ઇજનેર-ખાતું, s n [+ ખાતું department] The Engineering Department

ઇજા, s f [Ar] Injury, molestation

ઇજાફત, s f [Ar] An increase, an addition

ઇજાર, s f [P] Trousers, breeches

ઇજાર·દાર, s m [P fr ઇજારો a contract + P दार् = S धार holding fr P दाश्तन् = S धृ to hold] A contractor, a monopoly holder

ઇજાર·દારી, s f The duties, privileges, or position of a monopoly holder

ઇજારે, adv By a contract

ઇજારો, s m A contract 2 A monopoly Id. ઇજારે રાખવું To hold by a contract ઇજારે આપવું To let out by a contract

ઇજા·રવું, v i [See ઇજા injury] To be sorry

ઇઝરા·વું, v t [See ઝુર·વું to pine] To waste, to pine away

ઇન્ચ, s m [Eng Inch] An inch

ઇન્જનેર, Same as ઇજનેર

ઇઠ્ઠોતેર, adj [S अष्टसप्तति fr अष्ट આઠ, eight + सप्तति, સિત્તેર seventy fr सप्त, સાત, seven] Seventy-eight, (78)

ઇઠ્યાસી, adj [S अष्टाशीति fr eight+ अशीति, એંશી eighty] 88 Same as અઠ્યાસી

ઇડા, s f [S] A certain tubular vessel in the body, one of the channels of the vital spirit

Note—In the anatomy of the Yoga school are particularized three great passages of the breath and air running from the Os cocoygis to the head Of these ઇડા is the passage on the right side, proceeding through (or springing from) the નાભિ-ચક્ર or the umbilical region, and through the nose, પિંગળા that on the left, while સુષુમ્ણા ascends betwixt the two entering into the middle of the head

ઇડી-પીડી, s f [S पीडा pain fr पीड् to give pain to, ઇડી reduplication of પીડી] Earthen balls carried round the bride and the bridegroom, and then thrown away

ઇતબાર, s m [r] Confidence

ઇતબારી, adj Faithful, trustworthy

ઇતમામ, s m [Ar] Retinue, establishment

ઇતર, adj [S] Another, different, separate 2 Lower, low

કાગને પેટ પિતર આવ્યું, તો કહે "બહાર બાઘું કે ઇતર"?

—આપા

ઇતરા ઈ, s f Acting contrary to usage 2 The distinction of meum and tuum, also, the feeling that gives rise to this distinction

જેમ સૂક્ષ્મ ધન પામીને, પણ અભિમાન કરી ઇતરાઈ રે

—ગિરધર

ઇતરાજી, s f [P] Displeasure

ઇતિ, adv s [S fr इदम् this] So; thus 2 s f The end

ઇતિ-શ્રી, s f [S fr +શ્રી glory, glorious] The end

ઇતિહાસ s m [S fr इति thus+ ह truly + आस was fr अस् to be] History, description, relation, narration of events

ઇતિહાસ-રૂપ, adj [+ રૂપ a form fr रूप् to form] Historical, in the form of history

ઇતિહાસિ ક, adj Historical

ઇત્તિફાક, s m [Ar] An occurrence, a fact

ઇત્યાદિ, ઇત્યાદિ·ક, adj [See ઇતિ thus + આદિ beginning] Et cetera, (&c)

ઇંડું, s n [See દડો a ball]] A particular

... generally ... [illegible]

ઇન્ડ, ... [illegible]

ઇન્દર, ... [illegible]

[illegible]

ઇન્સાફ, ... [illegible]

... equity ... [illegible]

... justice ... [illegible]

decision

Prov ... Justice is blind

ઇન્સાફી, s f ... [illegible]

Just, equitable

ઇનામ, s n [Ar ...] A ... prize 2 A gift, a present

ઇનામદાર, s m [... Per ...] A prize holder 2 A landholder ... land as a prize

ઇનામદારી, adj ... (esp of land) 2 s f ... ges, &c of an ઇનામદાર

ઇનામી, adj Relating to a prize 2 ... tained as a prize

ઇનાયત, s f [Ar] ... given to a favourite

ઇન્કમ-ટાક્ષ, s n [... Income ...] Income tax

ઇન્ડિયા, s f [Eng India ... the river Indus] In ...

[illegible]

an emerald

ઇન્દ્ર-વંશા, s f [S fr + વંશ family] A particular Sanskrit metre of four lines, each containing ત ત, જ, ર (See under ગણ)

ઇન્દ્ર-વજ્રા, s f [S fr + વજ્ર thunderbolt] A particular metre of four lines, each containing ત, ત, જ ગ, ગ (See under ગણ)

ઇન્દ્ર-વારણું, } s n [+ वारण fr वरुण the
ઇન્દ્ર-વારણું, }
lord of the west] The name of a fruit, colocynth 2 A rogue at heart

ઇન્દ્ર-વિજય, s m [S fr + વિજય victory] A particular metre of four lines, each containing ય seven times and ગ twice (See under ગણ)

ઇન્દ્રાણી, s f The wife of Indra

ઇન્દ્રાયુધ, s n [S fr + આયુધ a weapon] The weapon of Indra, a rain-bow

ઇન્દ્રાસન, s n [+ આસન a seat fr आस् to sit] The throne of Indra

ઇન્દ્રિય, s f n } [S इन्द्रिय] A sense,
ઇન્દ્રી, s f }
faculty, or power, by which external objects are perceived 2 An organ or a member, a natural instrument by or through which an action is performed

ઇન્દ્રી કોઇ અપવાદ કરે નહિ, તેને કહીએ વૈષ્ણવ
—નરસિંહ મહેતા

3 The generative organ

Prov ઇન્દ્રિયો જીતી, તેણે સર્વ જીત્યું The greatest conquest is the conquest of self = He who masters his own passions, conquers his greatest enemy

Note–There are two kinds of Indriyas – (1) જ્ઞાનેન્દ્રિય organs of sense, and (2) કર્મેન્દ્રિય organs of action કર્ણ ત્વચા, ચક્ષુ જીભ, નાસિકા are the five organs of sense ગુદ, ઉપસ્થ, હાથ, પગ, વાણી are the five organs of action મન (the mind) is sometimes regarded as an eleventh organ In the Vendānta મન, બુદ્ધિ, ચિત્ત, & અહંકાર are said to be the four internal organs Each organ is supposed to be presided over by its own rule or નિયતા

Id ઇન્દ્રિય ગમ્ય ઇન્દ્રિય ગોચર Accessible to the senses, knowable ઇન્દ્રિય જીત He who has control over his senses ઇન્દ્રિય-દમન Restraint over the senses ઇન્દ્રિય-દોષ Fault, defect, or weakness in the senses ઇન્દ્રિય-નિગ્રહ Control over the senses, ઇન્દ્રિયાતીત Beyond the reach of the senses, unknowable

ઇન્દ્રી, s f same as ઇન્દ્રિય

ઇન્દ્રી-જુલાબ, s m [+ જુલાબ a purgative medicine] A medicine producing frequent urination, a diuretic

ઇન્ધન, s n [S fr इन्ध् to burn, See ઇધ ખું] Wood for fuel

ઇન્સ્પેક્ટર, s m [Eng Inspector] An inspector

ઇ ફા, adv [See ઇ, આ, this + પાસે towards] At this place, towards this place (Used in the Surat District)

"આણા ઇફાના આમુત જેવા," એમ કહે દેશાઈ
—આળગરબાવળી

ઇબાદત, s f [Ar] Honour, reverence 2 Worship

ઇબારત, s f [P] Style, construction

Id ઇબારત ગોઠવવી To make a summary (of a document)

ઇભ, s m [S] An elephant

ઇમ, Corruption of એમ

ઇમલો, Same as અમલો

ઇમાન, s n [P] Faith, reliance 2 Honesty

ઇમાન-દાર, adj [+P દાર having] Faithful 2 Honest

ઇમાન-દારી, s f Faithfulness 2 Honesty

ઇમાની, adj Trustful, faithful 2 Honest

ઇમામ, s m [P] A Muhammadan priest

ઇમારત, s f [Ar] A building 2 A design, a plot

Id ઇમારત ચણવી To erect a building 2 To arrange a plot

ઇમારતી, adj Pertaining to building

Id ઇમારતી લાકડું Wood used for building purposes, timber ઇમારતી સામાન Building materials

ઇયળ Same as ઇળ

ઇયા, Same as યા

ઇયાદ-ગારી, Same as યાદ-ગીરી

ઇયાદ-દાસ્ત, Same as યાદ-દાસ્ત

ઇયાદી, Same as યાદી

ઇયાને, Same as યાને

ઇયાર, Same as યાર

ઇયાકુદી, Same as યાકુદી

ઇયાળ, Same as યાળ

ઇઓ, *pron* [Guj એઓ these *pl* of એ this] These (Used in Kāṭhiāwāḍ.)

સાસહ્યા ઉદ્ધત કેરાં વગત, છ,
તેથી ઇઓનું ન માન્યુ મત, છ —દયારામ

ઇરશા, *s f* [S ईर्ष्या] Envy 2 Emulation

ઇરાદો, *s m* [P] Resolution, determination 2 Intention

Id ઇરાદો રાખવો To intend

ઇરાની, *adj* [P] Belonging to Irān or Persia, Persian 2 *s m* A Persian

ઇલકાબ, *s m* [P] A title

ઇલમ, *s m* [P] Art, science 2 A device 3 Sorcery

Prov ખુશામત એ તાજો ઇલમ છે Ready flattery and rich provisions. ઇલમ તેને શાનો વિલબ A man of devices can quickly accomplish his purposes

ઇલમી, *adj* [P + ई having] Artful, clever, intelligent 2 *s m* A sorcerer

ઇલા, *s f* [S *fr* इल् to go] The earth

ઇલા, *interj* [See અલ્લા God] O my God! May God help me!

Id ઇલા ઇલા પોકરાવવી To cause one to cry out "O my God!" 2 To oppress 3 To harass

ઇલાકો, } **ઇલાખો,** } *s m* [P] Jurisdiction 2 A presidency, a province 3 Claim

ઇલાજ, *s m* [P] A remedy 2 A scheme, a contrivance

Id. ઇલાજ કરવો-લેવો To take remedies against સામો ઇલાજ A precaution, an antidote

ઇલાયચી, Same as એલચી

ઇલાયચો, Same as અલાયચો, અલેચો

ઇલાયદું, Same as અલાયદું

ઇલેક્ટ્રિસિટી, *s f* [Eng] Electricity

ઇલ્લી, *s f* A game for children, generally known as બમચી-ફુંકું (Used in the Dabhoi Prānt)

ઇવ, *adv* [S] Like; similarly

તજી ત્રાસ, રહિત પ્રયાસ,
મન જ્યાં વત્સલ પદ ઇવ તે તરે —ગિરધર

ઇશક, *s m* [P.] Love 2 Sexual enjoyment

Prov ઇશકનો માર્યો ઠીકરામાં ખાય = ઇશક આંધળો છે Love is blind. ઇશકની મારી જાય નાતરે, અને સાકરો કાઢીને પાયરે Who marries for love without money, hath good nights and sorry days ઇશક ઢાંક્યો રહે નહિ Love and smoke are two things which cannot be concealed

ઇશક-બાજ, *adj* [+ P बाज़ playing *fr* बाख़्तन् to play] 2. Lewd, debauched.

ઇશક-બાજી, *s. f* Debauchery; voluptuousness

ઇશકી, *adj* Amorous. 2 *s m f* A beau, a belle

Id ઇશકી ટટ્ટુ A young debauched person; a young dissolute person

ઇશારત, *s f* A hint 2 A nod

ઇશારો, *s m* Same as ઇશારત.

ઇષ્ટ, *adj* [S *fr* इष् to wish] Loved, favourite

ઇષ્ટ-દેવ, *s m* [+ દેવ a god *fr* दिव् to shine] A deity of one's own choice, one's peculiar or favourite deity

ઇષ્ટ-મિત્ર, *s m.* [+ મિત્ર a friend *fr* मिद् to feel affection for] A dear friend

ઇષ્ટ-રાશિ, *s. f* [+ રાશિ a quantity] Position, a method of solving problems by one or two suppositions; the rule of trial and error (In Arith.)

ઇષ્ટિ, *s f* [S. *fr* यज् to sacrifice] A sacrifice

ઇસકામત, *s f* [Ar.] Property; riches, wealth 2 All of a man's possessions; all that a man possesses.

ઇસબગોલ, *s m* [P इसपग़ोल] The seed of fleawort or of plantain

ઇસમ, *s m* [Ar] An indvidual, a person

કોન ફકીરી હાથ લગાવી કોન ઇસમ થાવે છે
—નિરાતલાલ

ઇસતલાહ, *s f* [Ar] The idiom or genius of a language, an idiom 2 An illustration, an example 3 A likeness, similarity

ઇસવી, Same as **ઇસ્વી**

ઇશારત, Same as **ઇશારત**

ઇશારો, Same as **ઇશારો**

ઇસ્ક્રુ, *s m* [Eng *Screw*] A screw

ઇસ્ટાકિંગ, *s n* [Eng *Stocking*] A stocking

ઇસ્ટેટ, *s n* [Eng *Estate*] An estate

ઇસ્ત્રી, *s f* [Eng *Stretching*] Stretching, ironing cloth 2 The instrument with which cloth is stretched or ironed Same as **અસ્ત્રી**, Stretching

ઇસ્પિતાલ, *s f* [Eng *Hospital*] A hospital

ઇસ્વી, } *adj* [Greek, Iēsous, Jesus]
ઇસવી, }
Of Jesus, Christian

Id ઇસ્વી સન In the year of Christ, Anno Domini, A D, of the Christian era.

ઇહાં, Same as **અહિયાં**

ઈ

ઈ, The fourth letter of the alphabet

ઈ, *interj* An exclamation showing provocation

ઈ, *pron* Same as **એ**, *pron*

ઈક્ષણ, *s n* [S *fr* ईक्ष to see] Act of seeing, sight 2 The eye

ઈક્ષિત, *adj* Seen 2 Experienced

ઈટરડી, *s f* Name of an insect

ઈટાળો, [See ઇટાળો, ઇટ, a brick] A broken brick 2 A fool, a dunce

ઈદ, *s f* [P] Name of a Muhammadan festival

ઈન-મીન, *adj* [Guj ઈન redup of મીન *fr* S मित measured *fr* मा to measure] Very few

Id ઈન મીન સાડે તીન Not more than three or four 2 Very few

ઈપ્સિત, *adj* [S *fr* इष् to wish to obtain *fr* आप् to obtain] Desired, desirable

ઈર્ષા, Same as **ઈર્ષ્યા**

ઈશ, *s m* [S *fr* ईश् to rule] A master, a sovereign 2 God

ઈશાન, *s f* [S ऐशानी North-East *fr* ईश the god Siva being the regent of the North-East quarter] The north east direction

ઈશાન, *s m* [S *fr* ईश् to rule] The ruler of the world 2 The god S'iva

ઈશાન, બ્રહ્મા, ધ્યાન ધરે, જેને શેષ સહે નિરવાણ
—ગિરિધર

ઈશ્વર, *s m* [S *fr* ईश् to rule + वर supreme] The Ruler of the world, God 2 The Supreme Being

Id ઈશ્વર-કર્તૃત્વ, ઈશ્વર કૃતિ, The action of God, the works of God ઈશ્વર-કૃપા The grace of God, God's mercy ઈશ્વર-દત્ત Given by God ઈશ્વર પ્રસાદ God's favour ઈશ્વર-પ્રીત્યર્થ For the sake of pleasing or propitiating God ઈશ્વર ભક્તિ Worship of God, piety, devoutness or fear of God ઈશ્વર ભાવ Belief in God, theism (opposed to અનીશ્વર-ભાવ Atheism) ઈશ્વર વાદી One who maintains the doctrine of the existence of God, a theist ઈશ્વર ઉપર આસ્થા Entire trust or dependence upon God ઈશ્વર કરે તો God granting or pleasing ઈશ્વર સાથે (વચ્ચે) રાખીને Before God ઈશ્વરના ઘરનું Depending upon God's will, not within the control of man ઈશ્વરના ઘરનું તેડું Death ઈશ્વરના ઘરનો ચોર Crimi-

nal in the eyes of God ઈશ્વરના હાથમા દોરી ઉ God, the Supreme Ruler of the world, regulates everything ઈશ્વરને ખોળે બેસવુ To be favourite with God ઈશ્વરે તેની સામુ જોયુ God helped him

Prov ઈશ્વર જે કરે, તે સારા કાજે God's ways are merciful ઈશ્વર મોત કાઈ પોતાને ગાથે લેતા નથી A man dies as the result of his own conduct

ઈશ્વરી, *adj* Divine 2 *s f* A goddess

Id ઈશ્વરી ઇચ્છા The will of God ઈશ્વરી નિયમ The law of God, a divine law ઈશ્વરી ન્યાય God's justice, divine justice ઈશ્વરી પુરુષ An inspired person, a partial incarnation of God (See અશાવતાર) 2 A superhuman being, a brave and glorious man 3 A holy or pious man 4 A simpleton ઈશ્વરી લીલા The divine sportings (applied to the works and ways of God, whether in creation or in providence) ઈશ્વરી સત્તા The constraining power or government of God, divine providence ઈશ્વરી માયા The wisdom and skill, the marvels and wonders, of God ઈશ્વરી વાણી The voice of God (as in the air or in visions, or through a prophet)

ઈષણા, *s f* [*fr* ईष् to fly, to glean, to look] Haste, speed 2 Wish, desire, regard 3 Anxiety or earnestness for

ઈર્ષા, *s f* [S ईर्ष्या] Envy, jealousy

ઈસ, *s f* [Dh Des ईस = S कीलक a nail, a wedge] The side-pieces of a bedstead

ઈમોટો, *s m* [+ સોટો a thick stick] One of the side-rafters of a wooden ladder

ઈસ્કોતરિયો, *s m* [Eng *Escritoire*] A writing-desk, a writing table having drawers

ઈસ્કોતરી, *s f* A small box having drawers

ઈસેસ, *s m* [S शिरोर] Olibanum

ઈહા, *s f* [S *fr* ईह् to desire] Desire

ઉ

ઉ, The fifth letter of the alphabet

ઉં, *interj* An interjection showing disgust

ઉંઆ, *s n* [Imit] The crying of a newly born child

ઉઆં, *adv* [Hind वहां there] There, at that place

ઉંખ, *s f* [S वसुण्याति to desire one who will send down riches] Desire

ઉંગાણુ, *s m* [S અંજન ointment *fr* अञ्ज् to anoint] Oil applied to the axle of a wheel

ઉઘ, Same as ઊઘ

ઉઘ ટિ·યુ, Same as ઉઘ ણુ-આ

Prov ઉઘટિયુ, ને જુગટિયુ સાચુ ન બોલે You cannot depend upon what a drowsy man or a gambler would say

ઉઘ ણુ-સી, *adj* [Hem Des सञ्झसिओ = S स्वप्न-शील: *fr* स्वप्न Sleeping + शील character] Sleepy 2 Lazy 3 *s m f* A sleepy head

ઉંઘ·વું,
ઉંઘા·વું, } *v i* [See ઉંઘ, Hem Des उघइ he sleeps *Cf* P गुनूदन् to slumber] To sleep,

Id ઉંઘી જવુ To go to sleep 2 To be stopped 3 To disappear

Prov. ઉંઘતાનો પાડો, ને જાગતાની પાડી=ઉંઘતી મિલાડી ઉંદર પકડે નહિ Drowsiness shall clothe a man with rags ઉંઘતી વહુ, ને કુંદેતો કીનો (એ બે બરાબર) A sleeping cat catches no mice ઉંઘતો બોલે, પણ જાગતો ન બોલે None are so deaf as those that will not hear ઉંઘાએલુ, ને મરેલુ બરાબર A drowsy man is as good as dead

ઉંઘા-ખહું *adj* [Guj ઉંઘવુ + ખણુ a form ward] Sleepy 2 Lazy

ઉંઘા•ળ,
ઉઘાળ ડુ,
ઉંઘે•ડુ, } *adj* [+વાળુ having] Sleepy, drowsy

ઉંચ,
ઉચું, } Same as ઊંચ, ઊંચુ, High

ઉંચ•ક•વું, *v t* [S उच्च high] To lift up, to raise. 2 To carry

ઉચકા•ઈ,
ઉચકા•મણુ, } *s f* The hire paid for carrying a burden

ઉંજ ણુ, *s n* [See ઉંજણુ] Act of greasing 2 The sticky substance into which the grease in the wheel of a cart is changed 3 A thing with which a spell is thrown on the body of a child

ઉંજ•ણી, *s f* [See ઉંજણુ, *Cf* અંજન, આંજ•વું] Act of greasing 2 The act of throwing spells over the body of an infant in order to cure it of a disease

Id ઉંજણી નાખવી To throw a spell

ઉંજ•ણું, *s n* [S उज्ज्वला *fr* उज्ज्वल, See ઉજળુ] The retinue of a queen or princess

ઉંજ વુ, *v t* [See ઉંજ•ણી] To oil, to grease 2 To cure a particular disease by a spell

Id તેલ ઉંજવુ To grease with oil 2 To grease

ઉંટ•વૈદુ, *s n* [Guj ઉંટ a camel + Guj વૈદુ the profession of a physician *fr* S वैद्य•क the science of medicine *fr* वैद्य a physician *fr* विद् to know] Quackery

ઉંટાંટીયું, *s m* [Imit] Convulsions 2 Hooping cough

ઉંડળ, *s f* [See ઉંડુ deep] Clasping with both arms open, an embrace 2 The quantity taken by both arms open

જેને ચાલે ધરતી ધ્રુજે, ખાતા ઉંડળમા ભરતા,
તેની ફૂંકે પર્વત ફાટે, તે નર દીઠા મરતા
—પ્રીતમદાસ

દામોદરની દયા સારી તો ઉગ્યા બ ઉંડળ ભરાય, રે,
નિર્ધન દિલનો શો આશરો? ગાડાને રે દેવુ ન્યાય,રે
—પ્રેમાનંદ

ઉંડળ-ફુંડળ, *s n* [Guj ફુંડળ *fr* M गुंडाळ to roll up *fr* S गुंत a fold, ફુંડળ r-dup of ફુંડળ] Rolling 2 A sensation as of something turning round in the stomach, griping, gripes 3 *adv* In a confused manner; confusedly, negligently

ઉંડું, *adj* [Dh Des उंड deep] Deep

Id ઉંડુ ઉતરવુ To bestow a deep thought on ઉંડા ઉતરીને જોવુ To examine minutely by going deep into the details ઉંડા પાણીમા ઉતરવુ-પેસવુ To undertake a great risk ઉંડાં મૂળ ઘાલવા To throw the roots deep into the ground, to be deep rooted 2 To lay deep plans

ઉંઢણુ, *s n*
ઉંઢણી, *s f* } [Hem Des उंढण = S मञ्च a coach, a raised seat] A piece of cloth wrapped round and placed on the head under a burden, a cushion for a burden on the head

ઉંઢાણી યું, *s n* Same as ઉંઢણી

ઉંણુ, Same as ઓણુ, In this year

ઉંદર, *s m* [Hem Des उंदर *fr* S उन्दुर] A mouse

Prov ખોદે ઉંદર, ને ભોગવે ભોરિંગ Foxes dig not their own holes ઉંદર બિલાડીનો મેળ Like dog and cat 2 Enmity ઉંદરને મન મરવું,ને બિલાડીને મન રમવુ One man's meat is another man's poison ઉંદરને ઉચાળો શો ? Beggars have little baggage Beggars can easily shift about, and change their residence

ઉંદર-કણી, *s f*
ઉંદર-કણિ•યું, *s n* } A mouse trap

ઉંદર•ડી, *s f* [+ ડું ડી, ડો, dim] A female mouse 2 A small mouse

ઉંદર•ડો, *s m* A male mouse 2 A large mouse

ઉંદર-વાસ, *s f* [+ વાસ a dwelling] A place in which mice abound

ઉંદર-વાઈ, *s f*
ઉંદરિ-યું, *s n* } [S वह् to carry, to carry away] A mouse trap

ઉંરી, *s f* Scabs in the head

ઉંધા-ઢળ,
ઉંધા-ધણુ, } *adj* [Guj ઉંધુ upside down + આંધળુ blind] Dim 2 Short sighted 3 Foolish, stupid (Used in Jhālāwāḍ)

4 Prodigal, extravagant (Used in the Viramgām and Pāṭaḍī districts)

ઉધિ-યું, s n [Guj ઉંધુ] Beans baked in an earthen pot placed with its mouth downwards

ઉંધ્રા-ય-ણું, adj [See ઉંદ્ર warmth] Lukewarm, tepid

ઉંબર,
ઉંબરો,
ઉંમરો, } s m [Dh Des उंबरओ = S उदुंबर] A door sill, the threshold

ઉંબાડિ-યું, s n [Dh Des उम्मुक्क a firebrand fr S उल्मुक a fire brand] A piece of fuel lighted at one end 2 An iron cylinder intended to hold burning material at a nocturnal procession 3 An iron rod made red-hot at one end, with which diseased parts of the body are cauterized

ઉંબરી, s f [See ઉંબરો] The lower cross piece of a door frame, the threshold

ઉં,
ઉંહ, } interj [Imit of the sound] Showing contempt

ઉંહ-કારો, s m [+ S कार showing the sound of the preceding letters fr कृ, कर्, to do] A groan, a gruff sound

Id. ઉંહુકારો દેવો-ભરવો To say 'Yes" 2 To say "Well, proceed" 3 To consent 4. To support an assertion

ઉં-હું, interj [Imit] An exclamation expressing refusal or rejection no

કહ્યુંની પાછળ કરોડ, ન્હુંણી કોઈ પાછળ નહિ,
મોટી એમા ખોડ, કે, ઉહુ ઓસડ નહિ—આપા

ઉઆરો, s m [See ઓવારો] An unfrequented part on the bank of a river, &c

ઉકટ ણુ, Same as ઉટક-ણુ

ઉકરો, s m [S अक्त anointed fr अञ्ज् to anoint See આંજ-ન] A medicine made from the rust of iron, &c, as a cure for swollen eyes

ઉકડો, s m [Hem Des वक्कडा a bribe, or वक्कडो a present] Making periodical payments for things received every day

ઉકચ્ચ ણું, v i [S उद् up+ ખણ્ ઇ to dig] To run away (Used in the Soraṭh districts)

ઉકચ્ચા વવું, v t To steal, to rob (Used in the Soraṭh districts)

ઉકન, adj Ready, prepared (Used in the Soraṭh districts)

ઉકરાંટો, s m [See ઉત્ક્રાંત Or, S उत्क्रान्त gone by fr उद् up + क्रान्त gone fr क्रम् to walk, to go] Excitement, agitation

ઉકર-ડો,
ઉકય-ડો, } s m [Hem Des उक्कुरु-डी fr S अव-कर rubbish fr अव down + कॄ to scatter; Or, fr S ऊषर a salt desert ष is changed first to ख, and then to क, and ड is added as a termination of contempt or disgust In the second word र is changed to य both being "liquids"] A heap of rubbish 2 A dunghill

ઉકર-ડી, s f Same as ઉકર-ડો

Id ઉકરડી નોતરવી Lit To invite and propitiate the spirit presiding over dunghills 2 Worship of a dung-hill in the beginning of a marriage ceremony

Prov ઉકરડીને વધતા વાર શી? Lit A dunghill increases in a short time, hence, An unmarried daughter grows up in a short time, and the family is anxious to get her married and send her away

ઉકલ-વું, v i [S उद् up + कल् to know] To be legible 2 To be free from entanglement

ઉક-ડો, s m [See હુક્કો a hubble-bubble + ડો dim] The cocoa-nut bowl at the bottom of a hubble-bubble

ઉ-કળ વું, v i [S उद् up + कल् to push, to drive, or क्वथ् to boil] To boil

Id મારે જીવ ઉકળી આવ્યો My heart boiled, I was excited

ઉકળા-ટ, s m Heat, agitation

ઉકાટો, Same as ઉકરાટો (Used in the Charotar Districts)

ઉકાસ-ણ, s n
ઉકાસ-ણી, s f } [See ઉ-કાસ-વું] Excitement 2 Instigation 3 Raising up, elevation

ઉકાંસ-વું, v t [S उद् up + काश् to shine Or S उद् up + कृष्, कर्ष्, to draw] To throw light on, to bring prominently into notice

2 To draw attention to 3 To raise up, to elevate

દુર્યોધનની થઈ છે હાસી, વિરાધની વાત ઉકાસી
—હરિદાસ

ઉ-કાર, *s m* [S *fr* ઉ + कार showing sound] The letter ઉ, the symbol or sound ઉ

ઉ કાળ, *s m* [S સુ good + કાળ time Cf સ-કાળ, સુ-કાળ] Rise, prosperity

ઉ-કાળ-વું, *v t* [Causal of ઉ-કળ વુ to boil] To cause to boil, to boil 2 To make ready, to finish, to complete 3 To gain, to be profited

Id તમે શુ ઉકાળ્યુ ? What have you gained. તેણે તારૂ કાઈ ઉકાળ્યુ ? Has he done you good ?

ઉકાળો, *s m* A decoction 2 Heat

Id હોળી ઉકાળો Strife, a quarrol

ઉ-કેલ, *s m* [See ઉ-કેલ-વુ] Disentangling 2 Dexterity 3 Settlement or solution of a complicated question

Id ઉકેલ પડવો To understand, to see through a complicated question એને હાથે કામનો ઉકેલ ઠીક છે He can quickly despatch a business.

ઉ-કેલ-વું, *v t.* [S उद् up + कील a wedge a nail, *fr* कील् to fix] To disentangle 2 To make out the letters, words, and meaning of a badly written document

Id કોકડુ ઉકેલવુ To disentangle a skein of thread. 2 To solve and settle a complicated matter કાગળ ઉકેલવો To make out the letters, words, and meaning of an almost illegible writing વાત ઉકેલવી To introduce a story or business

ઉકેલો, See ઉકેલ

ઘણા દિવસની ગુહ રીસણી, આજ ઉકેલો આણું
—દયારામ

ઉક્ત, *adj* [S *fr* वच् to speak.] Spoken, uttered 2 Proper, fit

ઉક્તિ, *s. f* Speech, utterance

ઉ-ખડ-વું, *v i* [Dh Des उक्खोडिय thrown up] To be eradicated. 2 To be detached

Id. ઉખડી જવુ To be scraped up 2 To be rooted up, to be uprooted 3 To lose one's means of livelihood શુ ઉખડી પડ્યુ ? What is lost ?

ઉખડી, Same as ઉખળી

ઉખર, *s f* [See ઉકરડો S ऊषर] Unproductive land, land containing an excess of salt

વળ્યા નવ વાળ્યા પાછા ઉખરના ખેડિયા !
—નર્મદ

ઉખર-ડું, *adj* [S उत् up + क्षर् to drop] Uncovered 2 *s n* Disclosing or exposing the secrets of others

ઉખરાડું, *adj* Same as ઉખર ડું 1

ઉખરાટો, Same as ખરેટા

ઉખાડીયો, *s m* [See ઉ-ખાડ-વુ to tear up, Or, S उत् up + खन्, ખણ વુ, to dig] An instrument for turning cakes on a griddle

ઉખળ, *s n*
ઉખળી, *s f* } [S उलूखल] A stone or
ઉખાણું, *s n*

wooden mortar 2 A pestle 3 A wooden frame with which the two front bullocks out of the four yoked to a cart are kept in theird places

લીધુ દામણુ પોતે હાથ, ઉખળ શુ બાંધ્યુ !
કૃષ્ણને બાધવા ઝીઘી પેર, બીજું કહીએ શાધ્યુ
—પ્રેમાનંદ

ઉખળો, *s m* [See ઉખળ] A mortar

ઉ-ખળો, *s m* [See ઉ-ખડ-વુ] A boy growing in height too fast for his years, an overgrown youth

ઉ-ખાડ-વુ, Same as ઉ ખેડ-વુ

ઉખાણું, *s n* }
ઉખાણો, *s m* } [S उपाख्यान a short story *fr* उप near, inferior, + આખ્યાન a story] A riddle, a puzzle

ઉખાલ-પખાલ, *s f* [S उत् up + क्षल् to wash, or खन् ખણ-વુ, to dig + પખાળવુ to wash] Vomiting and purging (Used in Kāṭhiāwāḍ.)

ઉ-ખાળ-વુ, Same as ઉખાડ વુ (Used in Kāṭhiāwāḍ)

ઉ-ખેડ-વુ, *v t* [Caus of ઉ ખડ-વુ] To eradicate 2 To detach

ઉ-ગત, *s. f* [S उद्गति going up or forward *fr* उद्, उत्, up + ગતિ going] A support

placed behind or before a wheel of a carriage to prevent it from going backward or forward 2 The act or ceremony of rubbing પીઠી (a mixture of fragrant drugs) on the body of a person for whom an auspicious ceremony is to be performed

Id ઉગટ મૂકવી To place a support

ઉગટ-ણુ, s n A mixture of fragrant drugs (પીઠી) rubbed on the body of a person for whom an auspicious ceremony is to be performed

ઉ ગઠડું, Same as ઉ-ટક-વુ, ઉ કટ વું

ઉગ-તું-જીરૂ, s n [See ઉગ વુ to grow + S जीर = જીરૂ] The name of a medicinal drug

ઉ-ગમ, s m [S उद्गम fr उद् up + गम् to go] A source, rising 2 s f The eastern direction

ઉ-ગમ-ણુ, s f The east

ઉ-ગમ ણુ, adj Eastern

ઉગમ-દાસ્ત, adj [+ P दास्त holding fr. P दाश्तन = S धृ to hold] Industrious, working

ઉગમ-દાસ્તી, s f Industry, working state, working condition.

ઉ-ગર વું, v i [S उद् up + गृ, गिर्, to vomit, to throw out] To escape 2 To be saved

Id સંકટમાંથી ઉગરવું To escape from a difficulty સોમાંથી વીસ રૂપીયા ઉગર્યા Twenty rupees have been saved out of a hundred

ઉ-ગ-વું, v i [S उद् up + गम् to go] To grow 2 To rise 3 To come out as the fruit of

Id ઝાડ ઉગે છે A tree grows સૂરજ ઉગે છે The sun rises તેના કરમનું ફળ ઉગ્યું His actions have borne fruit અફીણ ઉગ્યું Opium has produced its fruit (intoxication) ઉગી નિકળવું To shoot out, to throw out shoots, to sprout 2 To bear fruit

કાંકરોટો Same as કાચીંડો

કાં-કે, conj [S... કાં, કેમ, why? + કે that, conj, both being derived from S किम् who] Because, for, since

કાંકે adv [See કમ કમી shivering] In excess, in anger (Used in the Surat District)

Id કાંકે ચડવુ To be angry with કાંકે ચડાવવુ To make angry

કાંકોલ, s m A kind of thorny shrub

કાંગ, s m [S कङ्गु] A kind of corn

કાંગડ, s m A weaver's instrument (Used in Sorath)

કાંગડુ s n [See કાંગ corn + ડુ dim] That (grain) which will not boil soft, nor swell and shoot on being soaked in water

કાગરવુ, v i To be angry (Used in Jhālāwād)

કાગરી, s f [See કાગરો] Indentations in an ornamental border 2 An ornamental border

કાંગરૂ, s m [Eng *Kangaroo*] A kangaroo

કાંગરો, s m [See કગુરો] Indentations on the edge of a thing 2 One of such indentations 3 A battlement 4 A spire, the top of a dome

Id કોટના કાંગરા કુદવા To leap over the battlements of a town 2 To be uncontrollable or wild કાંગરાવાળી કોર The border (of a garment) having indented embroidery on it

કાગરા-ળ, કાગરા-વાળુ, } adj Edged with indented embroidery, having ornamental borders

કાંગ-સો, s m [See કાંગ] A dish prepared of કાંગ and pulse

કાંગસી, s f A flowering plant

કાંગાઈ, s f [See કાગુ weak] Delicate nature 2 Weakness

કાંગુ, adj [See કંગાલ wretched] Delicate 2 Weak

કાચનાર, કાચનાલ, } s f A flowering plant

કાચવુ, v t [See કંચની a courtesan] To seduce 2 To deceive 3 To copulate

કાચળી s f [S कञ्चुकी] A sleeved breastband worn by women, a tucker 2 The slough or covering of a snake

Id. કાચળી કાઢી નાખવી-ઉતારવી To throw off the slough (of a snake) કાચળી પહેરવી Lit To put on a bodice 2 To act cowardly, to be effeminate

કાચળી ચા-પંથ, s m [See કાચળી a bodice + S पन्था way] A sect of persons who perform grossly licentious ceremonies in the name of religion

કાચી, Same as કાંચ્ચી

કાચીડી, Same as કાચંડી

કાંચીડો, Same as કાચીડો

કાંજી, *s f* Cunjee, gruel 2 Paste

કા-જે, *conj* [See કા why? + જે since *fr* S यद् which] Because, for, since

કાંટ-લી, *s f* [S कण्ठ the neck+ લી dim] A kind of gold necklace

કાંટ-લો, *s m* The cut of a coat round the neck 2 A red circle round the throat of a parrot

કાટલો, *s m* [S कण्टक a thorn See કાટો] A shuttle

કાટા-રખું, *s n* [See કાટો thorn + રાખવુ to protect] A shoe 2 *adj* Unshrinking, undaunted, indomitable (Used in Kāthīāwāḍ.)

કાંટા-સરિયો, *s m* [+ સળી a stick] A hedgehog

કાટા-ળું, *adj* [+ વાળુ having] Thorny, prickly

કાટિયું, *s n* A piece of cloth used for covering a dead body and afterwords thrown on a thorny bush on the burning ground

કાટિ-યો, *s m* A revengeful man 2 A man of one of the mountain tribes

કાટી, *s f* [See કાટો a fish bone] A kind of fish

કાંડું, *s n* A loop or eye for a button

કાટો, *s m* [S कण्टक] A thorn 2 The tongue of a balance 3 A balance 4 The hand of a clock or a watch 5 A troublesome fellow 6 The backbone 7 Spirit, mettle 8 A fish-bone 9 The hair on the body standing erect through joy, fear, &c 10 The sting of an animal, such as a scorpion or a bee 11 An ornament worn by women on the left nostril 12 A fork. 13 A cross (×) drawn to test the correctness of the product of a multiplication 14 A disease in the throat (in parrots)

Id કાટો મારવો To sting કાટો વાગવો To be pricked with a thorn કાટો કાઢવો To extract a thorn કાટો કાઢવો-કાઢી નાખવો To get rid of an obstacle or hindrance

કાટો મનનો કાઢી નાખજો, તમે તમારી ભલાઇ રાખજો
—પ્રેમાનંદ

કાટામાં પડવું To throw oneself into a difficulty કંઠે કાટા પડવા To be dry & rough (of the throat, for want of water) ધરમનો કાટો-અદલનો કાટો The scales of justice; પ્રેમનો કાટો The restlessness caused by love

કાઠ-લી, *s f* Same as કાટ લી

કાઠલો, *s m* Same as કાટલો 2 A circular ring of iron, &c (generally used as a support for vessels having a round bottom)

કાઠિયો, *s m* [See કાંઠો the limit] A cesspool

કાંઠો, *s m* [S कण्ठ the neck, the edge] A bank, a coast 2 The margin of a well 3 The limit, the end

Id તેના દુખનો કાંઠો નથી There is no end to his troubles

કાડવું, *v t* [See ખાડવું] To oppress

કાડા-છોડ,
કાડા-વછોડ, } *adj* [See કાડુ the
કાંડા-અળિયું,

wrist + છોડવું, વછોડવું to release ગળિયું strong] Strong armed, muscular 2 Powerful, mighty

કાંડિ-યું, *s n* A wristlet worn by women

કાડી, *s f* Same as કાંણુડ

કાડી, *s f* [M काडी, काठी, a stick *fr* काष्ठ wood] A lucifer match

કાડું, *s n* [S काण्ड a shaft, a long bone The wrist 2 A thread worn on the wrist on the fourteenth day of the bright fortnight of Bhādarvā (August-September)

Id કાડુ ઝાલવું-પકડવું To catch by the wrist 2 To catch in the act, to catch red handed કાડુ છોડાવવું To free oneself from a catch by the wrist (of a game in wrestling) કાડુ વછોડવું To repel, to show contempt to કાડા કલમ કરવા To cut off the hand કાડુ કરી આપવું To put down one's signature

કાણુ-કોઠી, *s f* [See કાણું a hole+ કોઠી a store S कोष्ठ a store room and કોટી embrace] A trick to please little children, in which a child is embraced (See કોઠી કરવું)

કાત્યું, Same as કાતેલું

કાડ, Same as કાતેડ

કાત, Same as કાતર

કાત, s f [See કાત વું] A spindle

કાતણી s f [S कर्तनी, See કાત વું] The style or manner of spinning

કાતણું, s n Act of spinning

કાંતવું, v t [S कृत्, कृन्त्, कर्त्, to cut] To spin, to draw out into threads 2 To make thin 3 To curtail, to deduct, to make deductions 4 To reduce

Id ઝીણું કાંતવું To work with a careful attention to the minutest details કાંતેલાને કાંતવું-કાંતેલું કાંતવું Unnecessary repetition

Prov કાંતેલું પીંજ્યું કર્યું કપાસ Well thrashed

કાતો, conj [See કાં who? + તો but] Either whether

કાંઠ ડું, s n [See કાંત વું to weave] A weaver's tool

કાંદો, s m [S कन्द a root] An onion 2 A tubulous root 3 Profit, gain

Id કાંદો કાઢવો To secure the substance એમાં શો કાંદો કાઢ્યો? (Slang) What have you gained by this?

કાંધ, s f [S स्कन्ध] The shoulder

કાંધિયો, s m [S स्कन्धिक, See કાંધ] An ox trained to carry burdens 2 A man who carries a dead body on his shoulders to the burning ground

Id કાંધિયા કરવા To give a feast to those men who have assisted in carrying a dead body to the burning ground 2 To give a feast on the tenth, eleventh, twelfth, or thirteenth day after a death

કાંધી, s f A stone shelf constructed in a wall (Used in Kāṭhiāwāḍ)

કાંધે ડી, s f [See કાંધ shoulder + ડી dim] A yoke

કાંધે-ચળિયો, s n [+ ચાળ-વું to turn] An officer whose duty it is to supervise a toll station (Used in Jhālāwāḍ)

કાંધો, s m }
કાંધું, s n } [S स्कन्ध the shoulder, a part of a book] An instalment

Id કાંધા કરવા To agree to receive payment in instalments કાંધે કાઢવા To get money in instalments કાંધું ભરવું To pay an instalment 2 (Slang) To be pregnant કાંધું ચડવું To be due (of an instalment) કાંધું પડવું To fail to pay an instalment કાંધાના રૂપિયા Money to be paid as an instalment

કાંપ, s f [S कम्प shaking fr कम्प् to shake] A shivering 2 s m Black soft clay fit for manure, borne down a river in a flood

કાંપ, s f [Eng Camp] A camp

કાંપ વું, v i [S कम्प् to shake] To shiver, to quake

કાંબો, s m [See કાંબ-વું] As much as can be contained in a man's extended arms (Used in Surat h) 2 As much as a man can carry on his back (Used in Kāṭhiāwāḍ)

કાંબ, s f [S कम्ब] A bamboo-chip 2 An instrument used in measuring length (by carpenters, &c) 3 A ruler to draw lines with

કાંબ ડી, s f Same as કાંબ A bamboo-chip

કરમ વાંઈ કાંબડી રે, કુરર પુરે થાય,
રીરે ટોચન ચાબડા રે, પરોણાને સાંજ બરાય
—આખ્યાન

કાંબળેટ, s f [Eng Blanket, See કાંબળી a blanket, the cloth is called કાંબળેટ from the resemblance between the two things and their English and Gujarati names] A superior kind of woollen cloth

કાંબળી, s f [S कम्बल] A loosely woven woollen stuff, a blanket

કાંબળો, s m A coarse blanket

Prov કાંબળો ભિંજાય તો ભારે થાય An evil neglected, grows worse and worse A stitch in time saves nine

કાંબી, s f [See કાંબ a bamboo-chip] A kind of silver anklet 2 A ring, generally made of a bamboo chip 3 A leathern water-bag, used for drawing water from a well, a leather bucket

કડી રે કાંબી, આંગુઠ, વિંછવા, ઝાંઝરનો ઝમકાર રે
—આખ્યા

કાં-ય, કાં-રે, } *adv* [See કાં] Why? 2 Where?

કાંસ, *s. m.* [S कंस a drinking vessel] An artificial canal for irrigation

Id કાંસ કાઢવો-ખોદવો-ખોદાવવો To make an irrigation canal

કાંસ-કો, *s m* [S कष्, કસ-વુ, to rub, to make tight, or S कृष् to draw] A large-sized comb

કાંસ-કી, *s f* A small comb used by women, a lady's comb

કાંસ-ળું, *s n* [See કાંસુ bell-metal] A drinking vessel made of bell metal

કાસ-વું, *v i* [S कास panting *fr* कास् to cough.] To pant, to breathe hard

કાસ વું, *v t* [See કસ-વુ to make tight] To fill by pressing the contents (Used in the Surat District)

કાંસાં, *s n. pl* [S कांस्य, કાંસુ, bell metal] Large cymbals

કાંસા, *s m pl* [S काश a kind of white grass] Weeds taken out of a field (Used in Gohilwāḍ)

કાંસા-કુટ, *s f* [See કાંસા + કુટ-વું] The making a tinkling noise, as of musical instruments of bell-metal 2 A tinkling noise made by striking a metallic vessel

કાંસા-ળું, *s n* Large cymbals made of bell-metal

કાંસિ-યો, Same as કાંસ કો

કાંસિ-યો, *s m* [See કાંસુ bell metal] A large open vessel made of bell-metal

કાંસી, **કાંસી-જોડ**, } *s f* [See કાંસુ+ જોડ a pair] A pair of cymbals made of bell-metal

Id કાંસી જોડા વગાડવા To go about begging and beating a pair of cymbals

કાંસું, *s n* [S कांस्य] Bell metal, queen's metal, any amalgam of zinc and copper

કાઈ, *s f* [See કાયા the body] A thin layer 2 A thin covering

કામ, ક્રોધ, મદ, મોહમા મોહચો, ચઢી રે કર્મ કેરી કાઈ
—ભોજોભગત

કાઈ જવું, *v i* [See કાયર tired + જવુ to go] To be tired of

કાઉ, Same as કાગ-ડો

કાઉ-કાઉ, **કાઉ-વાઉ**, } *adv* [Imit Or, See કાક a crow + redup] Talking indistinctly 2 *s n* Loud and simultaneous speaking of many persons

કાઉસગ, *s m* [S कायोत्सर्ग leaving the body *fr* કાયા the body + ઉત્સર્ગ leaving] Leaving the body 2 Deep meditaton, in which the man loses all care about his body 3 The grave of a saint

કાએમ, Same as કાયમ

કાક, *s m* [S] A crow, a rook, a raven

કાકચા, *s m pl* Same as કાચકું

કાકચી, Same as કાચકી

કાકડ, *s n* [S कर्कट] A kind of plant, of the fruit of which a pickle is made

કાકડ-કુબો, *s m* A game for children

કાકડા-શીંગ, *s n* [+ શીંગ a pad] A medicinal drug

કાકડિ-યું, *s n* [See કાકડો] A kind of rough silk

કાકડી, *s f* [S कर्कटी] Cucumber

કાકડી, *s f* [See કાકડો] A small torch; a coarse wick

કાકડો, *s m.* [S कार्पट, कर्पट, a rag] A thick torch, a thick coarse wick

Id. કાકડો કરવો To twist rags into a torch 2 To light a torch કાકડા બાળવા To light torches, and place them on the head of a person possessed by an evil spirit, as a means of driving away the evil spirit કાકડા નાખવા A trick of children to determine who should begin a play, in which each one puts down its hands on the ground

કાકડો, *s m* [See કાકડી a cucumber] A young and tender cocoanut

કાકડો, *s m* [S काकलक the top of the wind pipe] The tonsils

Id કાકડા મળી જવા To swell so as to meet each other (of the two tonsils), swelling of the tonsils, either through great thirst or heat

કાક-તાલી-ય, *adj* [S *fr* काक a crow + ताल the fruit of a palm tree] Lit Like

the alighting of a crow on a branch of a palm tree and the falling down of its fruit 2 Accidental, happening by mere coincidence

કાક-દૃષ્ટિ, s f [+ દૃષ્ટિ] Lit. The sight of a crow 2 Fault-finding

કહેવાય છે ડાહ્યા પણ જાણતા કંઇ નથી,
કાકદૃષ્ટિ કરી કર્મ પાત્રે —શોભોભગત

કાક-પક્ષ, s m [+ પક્ષ a wing] The locks of hair kept on the temples of boys and young men

મણિ જડિત મુકુટ બિરાજે, કાકપક્ષ શોભાય,
ત્રિપુંડ્ર તાણ્યું વિશાળ ભાળે, સુરગણ કેરા રાય
—નાકર

કાક-પત્ર, } s n [S काक + પત્ર a feather,
કાક-પદ, } પદ the foot] A caret, the mark (∧) showing that something omitted is interlined above, and should be inserted

કાકબ, s m [See કાકવી] A decoction of mahudā (mhowra) flowers, boiled to some consistency

કાકમ, s m [See કાકવી] The juice of sugarcane, boiled till it has the consistency of a paste

કાકર, s m [See કરકરૂં rough] The teeth of a saw

કાકર-ડી, Same as કાકરી

કાકરણી, s f [See કાકર] A file for blacksmiths (Used in Sorath)

કાકરવું, v t To sharpen the teeth of a saw 2 To make use of deriphrastic language

કાકરિયાં, s n pl [Guj કાકરા pebbles] Small globules made of a preparation of sesamum and molasses

કાકરિયા, s m pl Sweet balls made of flour and molasses

કાકરિયું, s n Singular of કાકરિયાં 2 s n [See કાકરો] A field in which pebbles are found in large quantities

કાકરિયું, adj [See કાકરો a pebble] Having pebbles 2 Abounding with pebbles

કાકરી, Same as કાંકરી

કાક-લિયા, s m pl [See કાકા paternal uncle + લો dim] A maternal uncle 2 Small pox, called કાકલિયા (dear uncle) out of respect to the god who is supposed to preside over the disease

કાક-કુંદી-વેડા, s m pl [See કાખ the arm pit + લોદો a lump + વૃત્તિ being] Mimicking, by beating the arms against the sides of the body

કાક-વંઝા, } adj f [See કાક a crow +
કાક-વંધ્યા, } વંધ્યા barren] Bearing fruit only once in life, only once in one's life giving birth to a child

દમયંતીની કથા દેખી, કેમ રહી કાકવંધ્યા
—પ્રેમાનંદ

કાકવી, s f Molasses

કાકસકા, Same as કાંસકા

કાકા, s m [Hind चचा] Paternal uncle 2 A respectful appellation for an elderly man

Id સગો કાકો The brother of one's father પિતરાઈ કાકો A man standing in the relation of an uncle through his being in the position of a brother to one's father ફોઈઆઈ કાકો A man standing in the relation of an uncle through his being in the position of a brother to one's father's sister મસીઆઈ કાકો A man standing in the relation of an uncle through his being in the position of a brother to one's mother's sister ગામસાઈ કાકો An elderly man who is addressed as કાકા, simply because he lives in the same village 2 A man who is addressed as કાકા by all the people of the village. કાકા ગુરૂ A disciple of the religious preceptor of one's own religious preceptor, a fellow-disciple of one's own religious preceptor કાકા મામા કરવા To praise falsely, to flatter 2 To solicit a favour meanly

Prov કાકા, ખીચડી ખાશો ? તો, કહે "નાખો ખાડમાં"=કાકા પરણ્યા, ને ફોઇ રાંડ્યા=કાકો રીઠી, અતિને કોણ થાય ?=કાકા મરશો ? તો, કહે "ગુમાઇને જ તો" Patiently should that be borne, which no strength can overcome, nor counsel

avoid "કાકા, મામા" કહેવાના, ને ગાંઠે હોય તે ખાવાના With provisions in store, we have friends by the score

કાકા, *adv* [Imit *Cf* S काक a crow] Cawing, cooing

કાકા-કૌઆ, *s m* (Imit Or, See કાક a crow + કૌઆ a crow] A cockatoo, a macaw

કાકા-જી, *s m* [See કાકા + देव a god, a term of respect] A husband's or a wife's, paternal uncle, an uncle in law

કાકા-પુરી, *s m* [See કાકા paternal uncle + પુરવુ to fill] A bastard 2 A slave 3 *adj* Promiscuously mixed up 4 Worthless 5 Decayed, tottering

કાકા-અલિ યા, } *s m pl* [+ બલિયા
કાકા-બળિયા,
strong *fr* S बल strength *Cf* કાક લિયા] Small-pox

કાકાબારશી, *s. m* [See કાકા uncle, or કાક, કાગ, a crow + આબાસ name of a port in the Persian Gulf] An inferior kind of pearls having stains and flaws

કાકિની, *s f* [S काकिणी a cowry, a shell] A cowry, a shell 2 A small quantity 3 A worthless woman

કાકિની, *s f* [S कङ्कणी] An ornament with bells attached to it

નોહે શત્રુ હું ઇંદ્રસેન કહી દે, જટપે નથી કાકિની,
દીનતે મુખ સૂકશ, નયન ભીના, શે તને કાકિની,
આખો જો ઉઘડેજ તો, ધવલ તે જાણે દિસે કાકિની,
સત્યાસત્ય વદો, કુરૂપતિ જૂઠું ન જો કાકિની
—પ્રેમાનંદ

કાકી, *s f* [See કાકા] The wife of one's paternal uncle 2 A term of address to a respectable elderly woman

કાકી-જી, *s f* [See કાકા-જી] An aunt in law

કાકી-સાસુ, *s f* [See કાકી + સાસુ *fr* S श्वश्रू mother in-law] The wife of a husband's uncle, an aunt in law

કાકુ, *s m* [See કીકો a boy] A pet name for a boy

કાકુ, *s n m* [S] A change in the voice, caused by fear, sorrow, &c

કાકો, *s m* Same as કાકા 2 A person of whom one is afraid (slang).

કાકોલ, *s m* [S] A snake

ત્યાં છપ જાત. વૃશ્ચિક, કાકોલ, આદિક દિવા રાત છે
—પ્રેમાનંદ.

કાકો-સસરો, Same as કાકા-જી.

કાખ, *s f* [Dh Des कक्खा *fr* S कक्षा the arm-pit] The arm pit

Id કાખમા રાખવુ Lit To keep under the arm pit 2 To conceal 3 To protect

કાખ-બલા-ઈ, *s f* [+ Ar बला a calamity] An abcess in the arm pit

કાખ-બલાડી, } *s f* [+ Guj બિલાડી *fr*
કાખ-બિલાડી,
S बिडाल a cat] Same as કાખ-બલા-ઈ.

કાખ લી, Same as કાખ

Id કાખલી કુટવી Lit To beat the arm-pit (as a sign of delight) 2 To be delighted

કાખા-ઈ, *s f* [*Cf* કાસ-કી a comb] A comb (Used by non Aryan tribes in the Dharampur & Vānsadā States)

કાખી, *s f* [See કાખ the arm-pit] The cut of a bodice under the arm-pit

કાખુ, *s m* The hair in the arm-pit

કાખો-લા-ઈ, Same as કાખ-બલા-ઈ

કાગ, *s m* [Dh Des काय लो, *Cf* Mar कावळा *fr* S काक] A crow, a rook, a raven 2 *adj* Clever, shrewd, cunning

Prov કાગનો વાઘ કરવો=કાગનુ પીછ કરવુ The making out that one has seen three crows, when there was none at all = To make a mountain of a mole hill કાગનુ બેસવુ, ને તાડનુ પડવુ (*Cf* કાક-તાલી ય) An accidental occurrence તારે બારણે કાળો કાગ કળકળે May a death occur in your house ! (Used as a curse)

કાગજ, *s m.* [P] See કાગળ

કાગ કા-કાસ ડી, *s f* [See કાગ-રો + કામડી, કમ-કમા-ટી shivering] A feeling of repulsion, disaffection, disagreement

કાગડા-કેરી, *s f* [+ કેરી] A kind of wild fruit resembling a mango

કાગડા-સાણસી, *s f* [+ સાણસી] Pinches with hooked points, a goldsmith's pinches

કાગડિ-યા, *s m* [See કાગ-ડો a crow, *fr* કકુ-રો, & કાગદ paper] A paper kite

(Used in Kāṭhiāwāḍ.)

કાગ-ડી, *s f* A female crow 2 A piece of wood in the pole of a waggon 3 Same as કાગડા-સાણસી 4 A shrewd or peevish woman

કાગ-ડો, Same as કાગ, A crow

Id આ તો કાગડો છે He is a shrewd man કાગડાની નજરે જોવુ To be watchful કાગડા ઉડવા Lit To fly (of crows) 2 To be deserted by the tenants (of a house) 3 To be in a dilapidated condition (of a house) 4 To lose almost all the members of one's family 5 To become childless કાગડા કકળવા Lit To crow (of crows) 2 To have indications of the immediate ruin of one's family 3 To lose almost all the members of one's famly 4 To become childless

Prov કાગડાની કોટે તે રતન શોભે ? Every thing has its place = Wit is folly unless wisdom has the keeping of it કાગડાની કોટે હીરા શુ ? Do not throw pearls before swine કાગડાને હાથે કંકોતરી આપવી An indifferent invitation,

કાગ-ડોળ, *adj* [See કાગ a crow + ડોળ a form] Having an ugly form

કાગ-ડોળિ-યું, *s n* A medicinal fruit used as a purgative

કાગદ, [Ar] Same as કાગજ, કાગળ

કાગદી, *s m* A paper manufacturer, a stationer 2 A kind of lemon 3 *adj* Slight, flimsy 4 Having a thin delicate skin or bark 5 Of superficial structure

Id કાગદી બદામ (-ઇલાયચી-લીંબુ) An almond (or cardamom or lime) having a thin delicate skin or shell કાગદી જવાન A young man of a delicate and sickly constitution

કાગ-માળો, *s m* [See કાગ a crow+માળો a nest] A raven's nest

કાગ-યું,
કાગ ઞુ, } *s n* [See કાગ ડી, 2] The end of the pole of a cart where the yoke is tied

અર્જુન સાજે ઓસરે તો, હુ નમાવ્યો નહિ નમુ,
એમ કહીને ટોણ્ રથનુ બાજે કાઢ્યુ કાગમુ
—પ્રેમાનંદ

કાગ-વાસ,
કાગ-વાશ, } *s m* [S काक a crow + वासना a wish] An oblation offered to crows

કાગ-વિદ્યા, *s f* [+ S विद्या learning] Prophecy

કાગળ, *s m* [P काग़ज़] Paper 2 A letter, an epistle

Id કાગળ લખવો To write a letter 2 To send a letter કાગળ બીડવો To close with gum an envelope containing a letter 2 To send a letter કાગળ વાચવો To read a letter કાગળ વચાવવો To get a person to read a letter, to get a letter read કાગળ ફોડવો To open a letter કાગળ મોકલવો-નાખવો To send a letter કાગળ નાખવો To feed a printing press with paper, કાગળ ઉપાડવો To pick up a paper from the press after it is printed કાગળ આપવો Lit To give a letter 2 To send a letter to a person through another person કાગળ લાવવો To bring a letter of recommendation. કાગળ માગવો Lit To ask for a letter 2 To require a letter of introduction કાગળ ચોટાડવો Lit To stick a paper 2 To close an envelope with a letter in it 3 To paste up an anonymous public notice કાગળે ચઢવુ Lit To appear on a paper or in writing 2 To be brought into public notice 3 To appear before a court of law કાગળની કોથળી જેવુ Easily broken 2 Weak

Prov કાગળની કોથળીમા લોઢાના ખાસા An unsuitable combination કાગળની હોડીથી દરિયો ન તરાય કામ One cannot cross the ocean in a paper boat, an impossibility

કાગળ-પત્તર,
કાગળ-પત્ર, } *s m* [+ S पत्र a sheet of paper, a letter] An epistolary correspondence 2 Correspondence, communication by means of letters

કાગળિ યા, *s n pl* Important papers 2 Useless papers

કાગળિ યો, *s m* A carrier of letters, a messenger who carries letters

કાગા-રોળ, *s m* [See કાગ a crow + आराव a cry *fr* आ upto + रु to cry] Bewailment

2 A catastrophe

કાક્કોળ, *s n* [S कङ्कोली] A thorny shrub

કાઙ્ક્ષા, *s f* [S *fr* काङ्क्ष् to desire] A desire

કાચ, *s m* [S] Glass 2 Crystal, quartz 3 A looking glass

Id કાચનો બંગલો A glass house કાચ જેવું પાણી Clear water કાચનું વાસણ = કાચનો કૂપો Lit A glass-vessel, 2 Brittle, fragile, easily broken

કાચકી, *s f* A thorny shrub

કાંચકું, *s n* / **કાચકો,** *s m* } The fruit of કાચકી

કાંચ.ડ, *s f* [See કાચું raw, unripe + ડી dim] The swollen part round a boil

કાચંડી, *s f* [See કાચિંડો] A female chameleon

કાચંડો, *s m* A chameleon

કાચબી, *s f* A female of a કાચબો A tortoise 2 A rainbow (Used in Kāṭhīāwād) 3 A kind of disease, cancer

કાચબો, *s m* [S कच्छप] A crab, a tortoise

Id કાચબાની આંખથી જોવું To have a sharp sight, to be Argus eyed

કાચર, *s f* [A metathesis of કરચ] A small bit, a small piece

કાચર-કુચર, *s n* [+ કુચર a redup] Small broken things of little value 2 Bits of different kinds of food

કાચરી, *s f* [See કાચર] Slices of raw fruit preserved in salt

કાચ-લવણ, *s n* [See કાચ glass + લવણ salt] A kind of salt used in making glass Also called બંગડી ખાર

કાચલી, *s f* A cocoa nut shell 2 Pieces of dried vegetable

Id કાચલીનો ચુવો An oily extract of a cocoa nut shell

કાચ.લું, *s n* [See કાચ glass + લું dim] A hard shell

Id કાચલા કુટવા To attempt an impossibility

કાચ છું, *s n* [S कच्छ a marshy ground a shore See કાછિયો] A plot of ground in a river-bed under cultivation (generally for water melons)

કાચિંડો, *s m* [Hem Des किकिंड, खिकिंडो, *fr* S कृकलास] A chameleon

કાચી-કેદ, *s f* [See કાચું raw, unripe + કેદ imprisonment] Imprisonment during a police or magisterial inquiry, custody

કાચી-જપતી, *s f* An attachment before judgment, sequestration

કાચી-જમાબંદી, *s f* A statement of the estimated revenue of a district

કાચી-નોંધ, *s f* A rough account

કાચી-બુદ્ધી, *adj* Of immature judgment; foolish, negligent, simple minded, not shrewd

કાચી-બુદ્ધિ, *s f* Immature judgment, childishness

કાચી-મુદત, *s f* Time not yet due

કાચું, *adj* [S कृश thin, lean, *fr* कृश् to become thin, lean, or emaciated] Raw, unripe, not mature, imperfect 2. Not quite skilful, not adept, inexperienced 3 Not durable, not fast (of colour, &c) 4 Less than the full measure 5 Of recent growth 6 Soft

Id કાચું અન્ન Raw or uncooked food કાચું ફળ An unripe fruit કાચું ગુમડું A boil that has not yet come to a head કાચું માણસ A young man not of age 2 A man whose intellect is not developed 3 An inexperienced man કાચો ખરડો A rough document or account કાચો દસ્તાવેજ A rough and incomplete document કાચો હિસાબ An account not finally settled કાચો સોદો A purchase, not finally settled કાચો કરાર An incomplete agreement કાચું તોલ-માપ Weight or measure in which the wrapper is counted, &c કાચું તોલ Weight in which the unit is a *sheer* (શેર) weighing forty tolās કાચું કપાવું To be revealed at an imperfect stage (of news, a scheme, &c) કાચો રંગ A colour not fast કાચો પાયો Groundlessness કાચે પાયે Without good ground, groundlessly કાચો પાયો–

મનસુબો Not a firm resolution મેં આ કામ કાચે પાયે-મનસુબે-કર્યું નથી I have not begun this work (taken this resolution) without great consideration કાચુ કામ An imperfect or unfinished work 2 A work not durable, or permanent કાચુ સુતર Thread not fast twisted કાચુ ઘર સૂત્ર Management of household affairs not placed on a firm basis 2 The relation between husband and wife when both have very little experience of each other's company, or when both are inexperienced in the management of domestic concerns કાચો કબીલો Children not able to conduct household affairs, or to assist the father of the family કાચુ હૈયુ A heart wanting boldness, or yielding to little sorrows હુ એનો કાચે તાતણે(સુતરે) બધાએલો છુ Lit I am bound to him with a weak thread 2 A weak thread is enough to bind me to him, i e My submission to him is so great that the weakest thread is able to bind me to him આ છોકરો ગણિતમા કાચો છે=આ છોકરાનુ ગણિત કાચુ છે This boy is below the standard in mathematics This boy is weak in mathematics કાચી સડક An unmetalled road કાચી ઉમર The age when the body and mind are undeveloped, minority કાચા કાનનુ Easily believing whatever one is told, credulous કાચી બુદ્ધી A fool, a simpleton કાચુ કઢાવવુ To compel a person to be insolvent એના વગર શુ તે કાચુ ખાય છે? He does not wholly depend upon him, he would not be quite helpless without him, he has other patrons besides him કાચુ સોનુ Fertile land કાચે ઘડે પાણી ભરવુ To attempt an impossibility કાચી તોડવી To deflour કાચુ પાડવુ To cause an abortion

સાસજો ને સામળીયા વહાલા મારે,
તમથી નથી કાંઈ કાચુ રે,
દુર્જન મળી સૌ ચાડ બોલે છે,
રખે તે માનતા સાચુ . —નરસિંહમેહતો

કાચું-કુંવારૂં, s n An unmarried little girl or boy

કાચું-કોરૂં, s n. Sundry eatables consisting of dry and raw articles 2 Food not requiring to be cooked

કાચું-દઝાયું, adj Food badly cooked (raw or burnt)

કાચુ-પાકું, adj Partly cooked and partly not cooked (of the articles of food at a meal) 2 Well cooked and half-cooked (of the several preparations at a meal)

કાચું-પોચું, adj Not skilful, not clever, not shrewd 2 Inexperienced

કાછ, Same as કચ્છ

કાછ•ઈ, s f [See કાછિયો] A plot of ground in the bed of a river under cultivation (Used in Rewā Kānthā)

કાછ•ડી, s f [See કછો, કચ્છ] The tuck of a dhotar

Id કાછડી છુટી જવી To lose courage કાછડી ઝાલીને દોડવુ To be in haste 2 To be perplexed કાછડીનો છુટો Addicted to adultery

કાછ•ડી-છુટો, adj Unrestrained in sexual enjoyment, dissolute, lewd

કાછ ડો, s m The tuck of a sāri

Id. કાછડો વાળવો To tuck up the ends of a garment કાછડો મારવો To tuck up tightly the ends of a garment

કાછો, s n A kind of coarse grass (Used in Dharampur State)

કાછિ•યેણ, s f The wife of a કાછિયો

કાછિ•યો, s m [S कच्छपी or कच्छी living in a marshy place fr. S कच्छ a marshy ground] A vegetable-seller

કાછો, } Same as કચ્છ.
કાછોટો, }

કાજ, s n [S कार्य fr कृ to do] Work, business

કાજ-કાર, adj [S कार्य-कार fr + कृ, કરવુ, to do] Able to do work, capable

કાજ સારથી થયુ નહિ કાજ,
એ શુણી, મુનિ મને આવે લાજ —દયારામ.

કાજ-ગરૂ, adj [+ S कर doing fr कृ to do] Able to do one's duty, capable, sufficient, enough for the purpose 2 Dear, precious 3 That which is in the bloom of life 4 Delicate

કાજળ, s n [S कज्जल] Lampblack. 2 A black pigment for the eyes

Id કાજળ સારવુ To apply a black pig-

ment to the eyes

Prov કાજળથી કાળું શું? What can be blacker than lampblack?, the blackest of all, the vilest

કાજળ-વું, *v i* To covered with soot or ashes (of a lamp or fire)

કાજળી, *s f* Soot, a fungous excrescence, generally black, found in rotten nuts 2 A small pot on which lampblack is collected 4 A particular vow taken by women

કાજ, *s f* Same as કાજ, કાજે, Duty, business

નવા રાજ, ને નવી ત્રાજ રે, નવી થઈ માત્રા કાજ રે
—પ્રેમાનંદ

કાજ-ગારું, [See કાજ-ગરૂ] Relating to business 2 Profitable

કાછ, } *s m.* [Ar] A judge among
કાછ-છ, } the Muhammadans 2 A judge

Prov કાછજી, દુબળા કેમ? તો કહે, "સારા શહેરની ખીકર" A Paul Pry is ever uneasy કાછની કુતરી મુઈ ત્યારે બધુ ગામ, ને કાછ મુવા, ત્યારે કોઈ નહિ Men often worship power more than the person કાછ વિના હલાલ ન થાય Every man has his proper duty કાછ સાહેબ, ક્યા કરના? તો કહે, "હિંદુકો હલાલ ચલના" Every body speaks what is uppermost in his mind.

કાજુ, *s n* [S काजु] The cashew-nut 2 Cashew-nut fruit coated with sugar

Id કાજુ કળીઆ Cashew-nuts

કાજુ, *interj* Well, all right (Used in Kāṭhiāwāḍ.)

કાજે, *prep* [S कार्ये Locative case of कार्य *fr* कृ to do See કાજ and કારજ] For, on account of 2 *adv* On business

કાજો, *s m* Sweeping

કાઞ્ચન, *s n* [S] Gold

કાઞ્ચન-લતા, *s f* [+ લતા a creeper] A kind of flowering creeper

કાઞ્ચી, *s f* [S] A girdle

કાટ, *s m* [See ખાટું, sour, or S कट rubbed *fr* कष् to rub] Rust, incrustation on iron or any other metal

Id કાટ વળવો-ચડવો To be covered with rust કાટ કાઢવો To remove rust

કાટ, *s m* [See કાંટો a thorn] An obstacle

Id કાટ કાઢવો To remove an obstacle 2 To kill 3 To compromise; to settle an account

કાટ, *s m* [S काष्ठ wood See કાઠી] Timber, wooden materials for house building

Id કાટ ખરીદવો To buy timber કાટ નાખવો To cover the roof of a house with rafters.

કાટ-કુટ, *s f* [+ કુટ redup of કાટ, काष्ठ wood Or See કાટ-વું to cut] Cuttings; chips 2 Discussion, argumentation 3 Broken wooden materials for house building

કાટ-કો, *s m* [Imit See કડા-કો] Thunder

Id કાટકો થવો To thunder

કાટ-કોણ, } *s m* [See કાટ-વું to cut
કાટ-ખુણ, } + कोण an angle] A right angle 2 A carpenter's right-angled four-sided frame or rule, a T square

કાટખુણ-ચોખુણ, *s m* [+ ચોખુણ a quadrangular figure] A rectangular figure, an oblong

કાટખુણ-ત્રિકોણ, *s m* [+ ત્રિકોણ a triangle] A right-angled triangle

કાટ-પીટિ-યો, *s m* [S काष्ठ wood, See કાટ wood + પીઠ a market] A dealer in timber, a timber-merchant

કાટ લિ-યો, *s m* [See કાપડું] A person who officiates at a funeral ceremony and divides and joins the rice balls

કાટ-ળું, *s n* [See કાટ-વું to cut + તોલ a weight] A weight made of a piece of iron exactly cut 2 A deduction, loss 3 A medicinal preparation made for a woman in childbed

Id. કાટલુ કરવું To put (a person) to a loss 2. To pay less than another man's dues ઓછાં કાટલાં Weights less than the standard છાપેલાં કાટલાં Stamped weights છાપેલું કાટલું A notorious person કાટલાં ચાખવાં To examine weights 2 To have sexual union with a woman, to commit adultery કાટલાં કુટવાં To attempt an impossibility

Prov આપવા લેવાના કાટડાં જૂદાં Dishonest dealings

કાટ ડું, *adj* [See કાટ rust] Having a reddish colour

કાટ-વુ, *v t* [Hind *fr* S कृत्,कर्त्, to cut] To cut

Prov કાટ્યો મુડ્યો કોઈનો નહિ (Said of a Muhammadan) One cannot rely upon a Muhammadan

કાટ-વો, *s m* [See કાષ્ઠ wood] A medicinal plant

કાટા-કાટ, *s f* [See કાટ-વું to cut + કાટ redup] A cutting up, a mutual slaughter 2 Deductions in making a payment 3 Reduction in expenses

કાટો-ડો, *s m* [See કાટ rust] A stone from which iron is obtained 2 The residue left in the furnace after iron has been obtained from the ore

કાટ્ટી *s f* [See કાપડું] A funeral ceremony performed on the eleventh day after the death

કાઠ, See કાટ Timber

કાઠ-ડી, *s f*
કાઠ-ડું, *s n*
કાઠ-ડો, *s m.*
[S काष्ठ wood + ડી, ડું, ડો, dim] A wooden saddle

Prov હરિ કર્યા ડેકા, તો માણસે કર્યા કાઠડા Tit for tat

કાઠ લો, *s m* [S कण्ठ the neck + dim] A part of the ornaments given as dowry to the bride by the parents of the bridegroom

કાઠા-ઘઉં, *s m pl* [Guj કાઠા relating to કાઠિયાવાડ, or કઠિન, કઠણ, hard + ઘઉં wheat] A kind of hard red wheat

કાઠા-કડી, *s f* [See કાઠડી + કડી a covering *fr* S दल a sheath] A waterproof covering for the harness of a horse 2 An inhabitant of Kāthīāwāḍ.

કાઠાળું, *adj* [See કાઠું + વાળું] Having a remarkable frame or structure of the body 2 Stout and tall (Used in Kāṭhīāwāḍ)

કાઠિન્ય, *s n* [S *fr* કઠિન hard] Hardness

કાઠિયાવાડી, *adj* [Guj કાઠીઆવાડ *fr* કાઠી the name of a tribe + S वाट a region] Of or pertaining to Kāthīāwāḍ

કાઠિ-યો, *s m* [See કાષ્ઠ wood] The wooden frame of a waggon. (Used in Bābarīāwāḍ)

કાઠી, *s f* [Dh Des कट्ठ *fr* S काष्ठ wood] A stick; a staff 2 Fire-wood 3 Five cubits, five hand breadths, $\frac{1}{400}$ of a વિઘું 4 The people of Kāthīāwāḍ proper (the Kāthīs 5 The make of the body, the stature of a man

કાઠું, *s n* [S काष्ठ wood] Bodily frame or structure 2 A frame 3 A reed 4 A collection of reeds 4 See કાઠ ડું.

કાઠું, *adj* [S कठिन] Hard 3 Hard-hearted 2 Miserly

Id સખત કાઠું A robust frame or constitution આ માણસ ખરચનો કાઠો છે This man is miserly in spending his money કાઠું માણસ A hard-hearted man

કાઢ-ઘાલ, *s f* [See કાઢ-વું to take out + ઘાલવું to put in] Repeatedly taking out and putting in, removing and replacing, rummaging

કાડ, *s m.* [See કાષ્ઠ wood] The male generative organ (Used in the Panch Mahāls)

કાઢ-વું,
કાઢ વું,
v t [Dh Des कड्डिय *fr* S कृष्ट drawn *fr* कृष् to draw] To take out, off, forth, from, away from 2 To trace, form, draw (of letters, figures, lines) 3 To form on the loom, to weave (of cloth) 4 To invent, to devise, to strike out (of a fashion, way, mode) 5 To draw, to derive, to gather, to obtain from 6 To earn, to gain by labour 7 To take up money, to draw, to borrow (from a bank, &c) 8 To bring out or introduce (as a subject of discourse) 9 To detect, to discover, to apprehend (of faults, excellences, properties) 10 To drag along, to bear or undergo (of grievous days or circumstances, pain or affliction) 11 To explore, search out (of a road or an object

of quest). 12 To wreak vengeance 13 To strike out, to erase 14 To force or bring on (of a quarrel) 15 To prolong or draw out (of work) 16 To gain one's object

Id દહાડા કાઢવા To spend one's days 2 To maintain oneself with difficulty, to make the two ends meet કામ ઉપર દહાડા કાઢવા-મહીના કાઢવા-વરસ કાઢવા To be occupied with or engaged in a work for days, &c રમત કાઢવી To think of a game, to start a game વાત કાઢવી To introduce a subject વાત કાઢી લેવી To get at a secret રસ્તો કાઢવો To make a way 2 To get over the road, to walk along નામ કાઢવું To win a name, to win fame ભાવ કાઢવો To fix a price કાઢી લેવું To take out by stealth, to abstract, to purloin કામ કાઢી લેવું To get work done કરજ કાઢવું-કરજે કાઢવું-વ્યાજે નાણાં કાઢવાં To borrow money at interest બીજા પાસેથી નાણાં કાઢવાં To get money from others વ્યાજ કાઢવું To count the interest (on the sum lent) કાંધું કાઢવું To borrow money by instalments ખાતું કાઢવું To open a department of government કારખાનું કાઢવું To start a factory કલ્પના કાઢવી To conceive an idea.-નો અન્યાય કાઢવો To find fault with a person શોધી કાઢવું To find out, to invent, to discover કાઢી નાખવું To cancel, to strike off 2 To leave off (of a work) 3 દાવો કાઢી નાખવો To discharge or dismiss (of a suit at law) કાઢી મૂકવું To drive away; to dismiss ખેંચી કાઢવું To take out, to extract તમાચો ખેંચી કાઢવો To strike a blow on the face with the open fingers of the hand દૂર કાઢવું To send away to a distance ચિત્રામણ કાઢવું-લીટા કાઢવા To draw pictures and lines carelessly ચિત્ર કાઢવું To draw a picture અક્ષર કાઢવા To form letters. 2 To wipe out a writing તેના જેવા અક્ષર કાઢવા To imitate his hand-writing સૂતર કાઢવું To spin (cotton) into thread તાર કાઢવો To draw wire દેવાળું કાઢવું To be insolvent સાર કાઢવો-ફાયદા કાઢવું To draw a moral 2 To get a profit. સાદ કાઢવો To speak loudly 2 To speak. ઘાંટો કાઢવો To speak loudly in order to frighten ચુવો કાઢવો To draw an extract રસ કાઢવો To press (leaves, &c) and draw an extract રંગ કાઢવો To extract a colour હૈયામાંથી-મગજમાંથી કાઢવું To invent. ઉભરો કાઢવો To give vent to a feeling મેલ કાઢવો To remove dirt દૂધ કાઢવું-શેડ કાઢવી To milk (a cow, &c) ડોળા કાઢવા To ogle દાંત કાઢવા To laugh 2 To laugh at, to ridicule બળિયા કાઢવા-શિળળા કાઢવી To vaccinate પાઘડી કાઢવી Lit To put off one's turban 2 To make a request very humbly છાતી કાઢવી To strut about પોતિયું કાઢવું-કાઢી નાખવું To be frightened પાણી કાઢવું To draw water from a well કાંટો કાઢવો To extract a thorn 2 To get rid of a disagreeable person. મૂળ કાઢવું-કાઢી નાખવું To extirpate કસુંબો કાઢવો-કસુંબાપાણી કાઢવાં-ચહા કાઢવો-ચહાપાણી કાઢવાં To entertain a party of friends with an extract of opium & sweetmeat, or tea and sweetmeat જુદું કાઢવું To place apart, to single out માપ કાઢવું To find out the measure

કાડો, કાઢો, } *s m* [S क्वाथ *fr* क्वथ् to boil.] A decoction

કાડો, કાઢો, } *s m* [See કાડવું, કાઢવું to draw] A channel dug out to carry away superfluous water from a field. 2 A drain

કાણ, *s f* [See કહેણ a message] A visit of condolence 2 A message, word of mouth, tidings 3 An invitation

Id કાણ કાઢવી To invite & collect a party of friends & relations કાણે જવું To go on a visit of condolence કાણ કરવી To condole. કાણ માંડવી To sit down (of a party on a visit of condolence)

કાણિયત, *adj* (One who has) Come on a visit of condolence, joined in a party for condolence

કાણી, Same as કહાણી

કાણું, *adj* [S काण one-eyed] Porous, having a hole 2 One-eyed 3 Tale-telling, slandering 4 *s n* A hole

Id કાણું કરવું-પાડવું To make a hole

Prov કાણું ઘોડું, ને કરડકણું No fool like an old fool "કાણા કાકા, નમસ્કાર," તો કહે "શદનાના ચાળા" Nobody likes to see his defects exposed કાણો કળશિયો, ને રાડચો સરુ-રો (બે સરખા) ન મામા કરતા કાણો મામો સારો Half a loaf is better than no bread કાણી હોય, તો ગાજે નહિ, ને કાણી વગર ચાલે નહિ You may hate the one eyed rogue, but you cannot do without him આવ મારી કાણી, હુ ક્યાં એ ન સમાણી One is bound to put up with what one is doomed to, When one cannot get what one would have, one must just be satisfied with what one has

કાણાને કાણું કહેતા ચરવા લાગે વેણ,
પેરે પેરે પૂછીએ "કેમ ગયું તુજ નેણ"—ભાષા.

કાણ્ડ, *s m.* [S] A chapter 2 A joint 3 A bough 4 An arrow

કાણ્ડ-રુહ, *adj* [+ रुह्, रोह्, to grow] Growing from joints (of sugar-cane, &c)

કાત, *s f* Stomach (used in Kaṭhiāwāḍ)

કાત, *s f* [S कर्त्तनी *fr* कृत् to cut] A goldsmith's clip

કાત-ડી, *s f* [S कृत्ति skin + ડી dim] The skin

કાત-ણી, *s f* [See કાત-વુ to spin.] A roll of spun cotton (Used in Jhālāwāḍ)

કાતર, *s f* [S कृत, कर्त्, to cut] Scissors, shears 2 A piece of a broken earthen vessel (Used in the Charotar)

Id કાતર મૂકવી To make a reduction 2 To play false

કાતર, *adj* [S] Distressed

નિજ ભક્ત વિરહે દુઃખ કાતર, કૃપામય શ્રુતિ ગાય —દયારામ

કાતર ણી, *s f* Clipping, shearing, cutting 2 Shavings 3 Scissors, shears 4 Same as કાપ ણી

કાતર વું, *v t* To clip, to cut with scissors, to shear 2 To deduct, to make a reduction

કાતરા, *s m pl* A chap (in the feet or hands) 2 The long bent fruit of tamarind, &c 3 A kind of firework

કાતરિ યું, *s n* The uppermost storey of a house 2 A triangular building 3 A wooden weapon used by the hill tribes. 4 Sidelong looks, glances 5 An ironwrist-let worn by women of the hill tribes

Id કાતરિયા ખાવા To cast sidelong looks

કાતરી, *s f* A thin slice (of leaves, &c)

કાતરો, *s m* [See કાતરા] An ornament worn on the arm 2 An insect, which cuts off shoots of corn in the fields 3 Same as કાનગ

કાત લી, *s f* A thin slice

કાતળ, *s f* [See કાતરિ-યું 3] An idle report (Used in Hālār)

Id કાતળ મારવી To spread an idle report

કાતળિ-યો, *s m* A superior kind of rice 2 Cooked rice in which each grain is separate from the others, and no grain is sticky

આજ મેં રાંધ્યો કુર કાતળિયો રે,
કૃષ્ણ પાતળિયો મારો પરોણો રે હા
—ભાલણ

કાતળું, *s n* [See કાતર વુ to cut off.] A round piece of sugar-cane cut off. 2 A round & thin piece of wood cut off

કાતી, *s f* [S कर्त्तरी scissors *fr* कृत् to cut] A knife 2 A saw 3 Treachery

Id પેટમા કાતી હોવી-રાખવી To be treacherous 2 To bear secret enmity against

કાતું, *s n* A knife

કાથ, *s m* [S क्वाथ a decoction, essence, *fr* क्वथ् to boil] Power, strength, spirit

કર્યું છિદ્ર જોઇ પાણી, ધનુર્ધર સાધ્યુ માણી,
કિરીટીએ કાઢ્યુ આણી, ક્રોધ, રોષ કાથમા
—વલ્લભ

2 Substance, stuff, pith

કાથા-કબાલા, *s m pl* [See કાથો fibres + કબાલો a purchase] Petty quarrels (of women)

કાથા-ગોળી, *s f* [See કાથો catechu + ગોળી pills *fr* S गोल a globe] Pills of a preparation of catechu, &c

કાથિ-યું, *adj* Coloured with catechu, grey coloured

કાથિ-યું, *s n* [See કાથી, કાથો, *fr* કાથ pith] A rope made of cocoanut fibre

કાથી, *s f* } Cocoanut fibre
કાથો, *s m* }

કાથો, *s m* [See કાથ] Catechu

કાદવ, *s m* [S कर्दम] Mud, mire, dirt Id કાદવ ખુદવો Lit To crush mud 2 To be engaged in a profitless business

Prov કાદવમા ઢેકું નાખે શો લાભ ? If you throw a stone into mud, you wil only soil your clothes

કાન, *s m* [S कर्ण] The ear 2 The eye or touch-hole of a musket

Id કાન કરડવા To whisper in the ear of કાન કાપવા To cut off the ears 2 To cheat 3 To defeat or surpass 4 To be superior to કાન ખોલવા To warn indirectly કાન ચીમટવા —આમળવા To admonish કાન ઝાલવા To confess a fault કાન દેવા–ધરવા–માડવા To hear attentively 2 To pay attention to કાને હાથ મેલવા,કાને હાથ દેવા,કાને હાથ ધરવા,કાનપર હાથ મેલવા To disown કાન ફુટવા To be deaf કાનમા ફુક મારવી To bring a person over to one's party by secretly telling him something in his ear કાન ફુકવા To teach a religious doctrine 2 Same as કાનમા ફુક મારવી 3 To give a warning 4 To instigate કાન ભરવા–ભમેરવા To give false information to a person and win him over to one's opinion કાન ઉઘડવા To come to know things & matters as they really are કાન ઉઘાડવા To make a (person) know things & matters as they really are 2 To remonstrate કાનમા ડુચા મારવા, કાનમા પુમડા ઘાલવા, કાને દાટા દેવા Not to listen to an advice કાન ઊભા કરવા To listen carefully, to be watchful કાન આવવા To get the power of hearing કાન ઘરેણે મૂકવા Not to hear what is said, owing to pride કાન પકા થવા To lose all interest in listening to what is repeatedly said or urged કાન નીચે કાઢી નાખવુ, કાન તળેથી કાઢી નાખવુ To hear without interest કાન ફોડી નાખવા To stun the ears (with a loud or shrill sound) 2 To tire by frequent repetition or urging કાન માડવા To hear attentively કાન વીંધી નાખવા To feel pity at hearing કાન સુના થઈ જવા To be unable to hear, to be deaf કાનના કીડા ખરવા To be disgusted at hearing (bad words) કાનમા આગળીઓ ઘાલવી Not to listen to કાનમા કહેવુ To whisper in the ear 2 To give a speedy relief (of a medicine) કાને નાખવું To inform 2 To bring to the notice of કાનમા વિષ રેડવુ To poison the ears કાનેથી કાઢી નાખવુ To hear without attention (પોતાના) કાન પકડવા To repent (સામાના) કાન પકડવા To point out to a person his mistake કાન ખોતરવા Lit To clear the ears 2 To be ashamed of one's own mistake કાનનો કાચો Almost deaf 2 Credulous કાન ફુફડાવવા To be excited, to be angry 2 To threaten કાને પડવુ To hear unwittingly, to happen to hear કાનોકાન સાભળવું To hear with one's own ears કાનેકાન સાભળવુ To know by hearsay

Prov કાને સાભળી કાઈ ખોટી ? One has reason to believe what one has personally heard કાન તેને ધાન, ને મીંડા તેને ઈંડા Animals that have ears, suckle their young, and those that have merely holes for their ears, lay eggs કાને કોટે દેખુ નહિ, ને લાડવુ તો લેવુ નહિ = હોઠે કાને નહિ, કોટે નહિ, ને વાલ સોનુ Empty words without the substance કાન છે, પણ સાન નથી He has not the sense to profit by wise counsels કાન તેને સાન Those are wise who profit themselves by wise counsels આખ આડા કાન કરવા To connive at 2 To neglect કાને આવ્યા હાથિયા ન રહે Those who have thrown off restraints cannot be corrected by mild advice

કાન-કેડિ યું, *s n* [+ કરડવુ to bite] A game for children

કાન-કોચિન્યા, *s m* [+ કોચ વુ to pierce] A piece of cloth tied round the ears

કાનખજુરો, *s m* [Hem Des कण्णखुरि = S गृहगोधा a house lizard] An earwig, a kind of centipede

Prov કાનખજુરાનો એક પગ ભાગ્યો, તોએ શુ, ને આખો તોએ શુ ? It is only a drop in the ocean

કાન-ચિમડિ યુ, *s n* [+ ચિમટો a pinch] A kind of bat, a cricket (So called from the animal being supposed to be particularly fond of biting the ears of men)

કાન-ચિમોરી, *s n* The long eared bat

કાન-છેરિ-યા, *s n pl* [+છેલ, ખેલ, gaiety] Locks of hair hanging on & about the ears

વાંકડી અબોટી, અને, મારા હૈયાને ચીરી નાખે
એવા, ઉડતા કાન છેરિયા ! —પ્રેમાનંદ

કાન-ટોપી, *s f* [+ ટોપી a cap] A close-fitting cap, covering the crown & ears, (worn by children and Sādhus)

કાનડી, *adj* [S कर्णाटक] Of the province Canara

કાનડો, *s m* A musical mode, peculiar to the province of Canara

કાન-ઢાંક-ણી, *s f* [S कर्ण, કાન, the ear + ઢાંક-વું to cover up] A cap so made as to cover the ears

કાનન, *s n* [S] A forest

કાન-પટી, *s f* [See કાન + પટી a strip of cloth] The lobe of the ear

Id કાનપટી પકડવી Lit To punish by pinching the ears 2 To be superior to 3 To overreach, to be superior to in cunning or dishonesty

કાન-પેટો, *s m* [+ पट cloth] A strip of cloth tied round the ears

કાન-ફેટો, *s m* [+ S स्फट्, ફાટ વું, to break, to tear] One of the sect of ascetics who cut their ears and wear large rings in the slits

કાન-ફુસિ-યું, *adj* [+ફુસ imit] Whispering in the ear 2 Backbiting poisoning the ears

કાન-મૂળિ-યું, *s n* [+ મૂળ the root] A boil in the ear

કાનસ, *s f* A file 2 A saw

કાન-શિયાળ, *s f* [+ શિયાળ a jackal] A kind of centipede

કાન સિયા, *s m pl* [S कर्ण, કાન, the ear + નસ a vein] Locks of hair above the ears

દીકરીઓના દામ હૃદયે લાગ્યા રસિયા
કરે કારમા કામ, કેશ ધરે કાનસિયા
—કૃષ્ણારામ

કાન-સિયાળ, [+ સ્થળ, શાળ, place *Cf* Mar कानसिल] The region of the ear 2 Same as કાન (Used in Kāṭhīāwāḍ.)

કાનિ, *s f.* The borders of a garment tucked up

કાનૂ, *s n* A musical instrument

કાનૂન, *s n* [Ar] A rule, a regulation, a statute 2 Customs, usage

કાનો, *s m* The vowel mark (ા) in the Deva-nāgarī and the other characters derived from it, the stroke attached to a letter denoting the long vowel આ

કાનો, *s m* [S कर्ण the ear] The edges of the mouth of a pot, which serve as handles in lifting it up

Prov પાકી કોઠીએ કાનો ન ચડે Nothing can be added to a thing, which has been worked out, and completed *i e* No advice can turn a hardened wretch from his evil ways

કાનો-માત્રા, *s n pl* The vowel mark (ો), the stroke to the right, & slanting line about, a consonant, added to denote the sound of ઓ

કાન્ત, *s m* [S *fr* कम् to love] A husband 2 A lover 3 *adj* Lovely charming

શ્રવણ તો ધરને સુકુમાર આ મધુર કાન્ત પદો જયદેવના
—ગીતગોવિંદ

કાન્તા, *s f* [S *fr* कम् to love] A wife 2 A lady love 3 A lovely and beloved woman 4 The earth

કાન્તાર, *s n* [S] A forest

કાન્તિ, *s f* [S See કાન્ત] Lustre, splendour, beauty, brilliancy, brightness

કાન્યકુબ્જ, Sanskrit form of કનોજ

કાઉન-મ, *s f* [S *fr* कृष्ण black + ભૂમિ land] Lit Black soil 2 The land or district between Baroda and Broach

કાપ, *s m* [See કાપ-વું to cut] A cut, a wound 2 A clip 3 A large stud like ornament of gold or jewels, worn by women in the lobe of each ear

Id કાપ કાઢવો To mark on cloth the cuttings for a coat, &c 2 To cut cloth to make a coat of કાપ મૂકવો To cut

કાપ-કુપ, *s f* [+ કુપ redup of કાપ *fr* કાપ-વું to cut] Cutting in various ways 2 Deductions, retrenchments

Id કાપકુપ કરવી To reduce, to retrench; to make deductions

કાપટ્ય, *s n* [S कपट] Fraud

કાપડ, *s n* [S कर्पट See કપડું] Cloth, piece-goods

કાપડિઓ, *s m* A draper, a cloth-merchant

કાપડિઓ, કાપડી, } *s m* [Hem Des कपडो = S पथिक a traveller] An ascetic

કંઠથી કાપડી વેષ વપુએ ધર્યો,
માગવા મધુકરી તરત આવ્યો —સામળભટ

કાપડું, *s n* [See કાપડ] A bodice

કાપણી, *s f* [See કાપવું to cut] Reaping a field 2 The time of harvest 3 A goldsmith's clip

કાપલી, *s f* Clippings, strips of cloth left after it has been cut for a coat, &c

કાપલો, *s m* A cutting of cloth, a small piece of cloth cut off

કાપવું, *v t* [Dh and Hem Des कप्परिअं = S दारितम् hewn, cleft] To cut, to fell 2 To reduce, to retrench (of wages, a payment, &c)

Id રસ્તો કાપવો To get over a way મેલ કાપવો To remove dirt કાપ્યું વ્યાજ Interest with discount allowed (કાપ્યું in this phrase refers to the six days allowed in the year) નોતરૂં કાપવું Lit To cease to invite 2 To excommunicate

કાપા, *s m pl* Cuts, slits, clips, streaks 2 Marks, lines

Id કાપા કરવા-પાડવા To make cuts 2 To make marks by cutting કાપા કાપા વાળુ Having several cuts

કાપાકાપ, કાપાકાપી, } *s f* Slaughter, massacre 2 A fight

કાપા-કુપા, *s m pl* Same as કાપા

કાપી, *s f* [Eng *Copy*] A copy 2 A copy-book

કાપુસ, *s n* [S कापास] Cotton

કાપો, *s m* Singular of કાપા

કાફર, *s m f* [Ar] A kāfir, an infidel, an unbeliever, a blasphemer 2 A rogue, a villain 3 A person watchful of his own interest, and not easily deceived

કાફરી, *s n. f* A negro, an Abyssinian

કાફલો, *s m* [Ar] A body of pilgrims 2 A caravan 3 A fleet

કાફી, *s f* [Eng *Coffee*] Coffee

કાફી, *adj* [P] Enough, sufficient, conclusive, satisfactory 2 *s f* A particular musical mode

કાબર-ચિતરૂં, *adj* [See કાબરૂ = S चित्र variegated] Party-coloured, diversified, variegated, of different colours

કાબરિયું, Same as કાબરૂ

કાબરી, *s f* A small irregular field of rice 2 The seed of the safflower plant

કાબરૂ, *adj* [S कर्बुर] Variegated, spotted

કાબસ, *s m* The dregs of oil

કાબા, *s m pl* [Ar काबा the square temple at Mecca] Muhammadan pirates in the Gulf of Kutch

કાબુલી, *s m* [Ar काबुल] An Afghān, an inhabitant of Kābul 2 *adj* Relating to Kābul

કાબૂ, *s m f* [Ar] Power, authority 2 Influence, weight

Id કાબૂ રાખવી To exercise power over, to control કાબૂ ધરાવવી To have power or influence over 2 To hold in possession, to possess કાબૂમા લેવું-રાખવું To take possession of. કાબૂ જમવી To get a firm hold of

કાબૂદાર, *adj* [Ar काबू + P दार having] Possessing power, powerful, influential

કાબેર, *s f* [See કાબરૂ] A bird resembling a martlet

કાબેલ, *adj* [Ar] Clever intelligent, expert, adept

કાબેલિયત, *s f* Adeptness, cleverness

કાબો, *s m* [S कर्बर a tiger, a demon] A tribe of savages dwelling in Okhā mandal (Dwārakā), and maintaining themselves by highway robbery and piracy

કાબે અર્જુન લુટિયો —આખા

કાબો, *adj m* Same as કાબેલ

કાભા, *s f* [S कु dim + भार्या wife *fr* ...

to maintain] An ill natured woman

કામ, s n [S कर्मन् fr कृ to do] Doing 2 An act, a deed, a work, a job 3 An occupation, a calling 4 An affair, a matter 5 Need or occasion 6 Use, fitness, serviceableness 7 prep For (Cf કાજ, કાજે)

કહો કયારે આવશે ગોકુળ ગામ છ,
માત પિતાને મળવા કામ છ —દયારામ

Id કામ આવવુ-લાગવુ To be useful કામ કરવુ To do a work, to work કામ લેવુ To examine a work 2 To judge of a man by his work, without relying upon his professions કામ થવુ To be done or accomplished કામ પડવુ To be required or wanted કામ પાડવુ To come in contact with કામ સર્યું The object is gained, one is no longer concerned at the loss of a thing કામ મળવુ To get work, to be employed કામ સોંપવુ To entrust (a man) with a business કામ લેવુ To exact work કામ કાઢી લેવુ To gain one's object with cunning or dishonesty કામમા કામ કાઢી લેવુ To gain one s object incidentally or indirectly કામ કરી લેવુ To secure one's own ends 2 To get a work done as an incidental gain, and not as the principal object કામ સારવુ To serve the purpose of કામમા આવવુ To be useful કામ ચાલવુ To be going on, i e not stopped, (of a work)

Prov કામ કર્યું, તેણે કામણ કર્યું Business is the salt of life, i e diligence is the mistress of success કામ એટલોજ ચરશ Keep no more cats than will catch mice કામ કામની રીતે કરો Think of a business well and then despatch it carefully કામ કામને શિખવે Do your work, and you will gain proficiency in it, Experience is the best teacher કામ પત્યા કાઝી, નહિતર મેરે ઢાઝી Good bye, basket, the grapes are gathered, Vows made in storms are forgotten in calms

Id ઘલાઈ જવું To lose money by the failure of a debtor પૈસા ઘલાઈ જવા To be lost (of money) ઘલાઈ રહેવું To confine oneself to one's house, to be unwilling to move about, to sit idle and without occupation

ઘલો-ડી, s f [See ઘિલોડું a kind of fruit of the form of a button] A wooden button in the tether of cattle

ઘલોડી, A dialectic variant of ઘિલોડી

ઘલોડું, Same as ઘિલોડું

ઘવ-ડ વું, v t [See ઘા a wound] To rub with the nails, to scratch

ઘ-વા વું, v i [See ઘા] To be wounded

ઘશિ યું, adj [See ઘસ-વું to rub] Salt in the form of a rough powder 2 Salt obtained from sea-water

ઘસ-ઘસા ટ, adv [See ઘસ-વું + redup + वृत्ति state] Soundly (sleeping)

Id ઘસઘસાટ ઊંઘવું To sleep soundly

ઘસ-ડ વું, v t [S घृष्ट rubbed fr घृष्, घर्ष्, to rub] To pull, drag, or roll along 2 To write in haste or carelessly, and very fast

Id કોરટમા ઘસડી જવું Lit To drag to a

court of justice Hence,2 To file a suit or a complaint against ઘસડી કાઢવું To write in haste or carelessly, and very fast ઘસડી નાખવું To write in haste or carelessly and bring fast to an end

ઘસર•કો, *s m* [See ઘસ•વું] A scratch, laceration

ઘસર•ડો, Same as ઘસા રો A scratch

વાર વાર વઢું કહું, જઢું વિપ્ત ઘણું પડ્યું,
ખૂન ખૂની ઘસું, રે બહન આવડું —વલ્લભ

ઘસ•વું, *v t* [S घृष्, घष्, to rub] To rub 2 To scour, to scrub, to polish 3 To edge, to whet, to sharpen 4 To write, to pen—without attention to the meaning

Id વાસણ ઘસવાં To rub and clean a vessel ઓસડ ઘસવું To rub a medicinal drug on a stone, &c ચાકુ ઘસવું To sharpen a knife કાગળ ઘસી કાઢવો Same as ઘસડી કાઢવું અક્ષર ઘસી નાખવા To rub out letters, to erase letters ઘસી પીવું Not to care about, to consider as of no value or importance ઘસીને કાપી નાખવું

ઘસાર•ણું, *s n* [See ઘસા•રો rubbing] Dust obtained by rubbing

ઘસારો *s m.* [+ કાર sound, a meaning] A scratch, a stroke, a rough rub or brush 2 A shock, a blow 3 A loss

Id ઘસારો પડવો–લાગવો To be scratched or rubbed 2 To be injured 3 To be put to a loss ઘસારો આપવો–દેવો To scratch or rub 2 To put to a loss. ઘસારો વેઠવો–ખાવો To be subjected to scratching or rubbing 2 To be subjected to injury 3 To suffer a loss

ઘસા•વું, *v i* To be rubbed 2 To be worn out 3 To be emaciated, to be lean 4 To suffer a loss

Id ઉઘરાણી પણ ઘસાતી જાય છે Debts due to him are paid more and more slowly and reluctantly, all his dues cannot be collected ઘસાતું બોલવું To slander behind one's back, to defame one in one's absence, to back-bite તેનું નામ નિસાન ઘસાઈ ગયું Every trace of it is lost. તે પૈસેટકે ઘસાયો He lost some of his wealth, he is reduced in his pecuniary circumstances, he is hard up તેઓ ઘસાવા માંડ્યા They began to feel the shoe pinch શરીરે ઘસાઈ જવું To be worn out or exhausted, to lose flesh

Prov સુખડ ઘસાશે, કંઈ ઓરસિઓ ઘસાશે ? It is the sweetscented sandal-wood, and not the hard stone, which yields when rubbed It is better to give than to take

ઘસિ•યો, *s m* Flour of bājrī, wheat, &c, soaked in milk, and rubbed or kneaded, and parched or fried

ઘસોટિ•યો, *s m* Flour of parched wheat mixed with ghee and sugar and rubbed or kneaded

ઘળ કો, [Imit] Same as ખળ•કો A gurgling sound

ઘાંઘરી, *s f* [Imit Or, See ગાગર a large round copper pot] A kind of musical instrument

ઘાઘલાં, *s n pl* [See ગાગ•લુ stupid] A ceremony intended to remove evil 2 A particular form of benedictory ceremony.

ઘાંઘું, *adj* [See ગાગો Cf ઘેઘા•ટ] Hasty 2 Bewildered (Used in Kṭhḍ)

ઘાચ, *s f* [See ખાચ] A pit 2 A rut in a cart-way 3 An obstacle

ઘાંચ•ણ, *s f* [See ઘાંચી] An oilman's wife 2 A woman who makes and sells oil

ઘાંચી, *s m* [S घृष्, घर्ष्, to rub] An oilman, an oil-maker, one who deals in oil, an oil agent

Id ઘાંચીનો બળદ Lit The bull of an oilman (driven to go in a circle with his eyes closed) Hence,2 A drudge 3 A person that can do nothing but hard bodily labour મેલો ઘાંચી જેવો Very dirty ઘાંચી ખુટવો To want oil (of a lamp)

Prov ઘાંચીનો બળદ ઠામ ને ઠામ Like a mill horse that trudges much, but gains no ground

ઘાંચે•ણ, Same as ઘાંચ•ણ

ઘાંચો, *s m* A mat-maker 2 Same as ઘાંચી (slang)

ઘાંટા-ઘાટ, *s f* [See ઘાંટો + redup] A confused noise of several loud voices

ઘાટી, *s f* [See ઘાંટો] The throat, the

prominence in the throat, Adam's apple 2 [See ઘાટ a mountain pass] Obstacle 3 An uneven and precipitous path

Id ઘાટી આવવી-આવી પડવી-નડવી To meet with an obstacle ઘાટી વટાવવી To overcome or surmount an obstacle મરણની ઘાટી Death is a gate or pass difficult to pass through સુવાવડની ઘાટી The time of delivery is very difficult ઘાટી ફુટવી To have the voice changed and become hoarser (of a young man, a lad) 2 To come of age

ઘાંટો, *s m* [S कण्ठ the throat, or, घण्ट a bell] The throat, voice 2 A loud voice, speaking aloud

Id ઘાંટો કાઢવો-પાડવો To speak loudly 2 To call out loudly 3 To speak loudly in anger, to be angry ઘાંટો પાડીને બોલવું To speak in a loud voice ઘાંટો પાડીને કહેવું To say aloud ઘાંટો પાડીને લખવું To write while speaking the words aloud ઘાંટો બેસવો To sink or fall(of the voice),to be hoarse ઘાંટો ઉઘડવો -ખુલવો To be able to speak, 2 To be cured of the falling of the voice or hoarseness

ઘા, *s m* [S घात killing, striking] A wound, a cut, a hurt, a stroke, a blow

Id ઘા કરવો-મારવો To strike a blow 2 To make a wound, to wound ઘા થવો To be wounded ઘા વાગવો To receive a wound ઘા રૂઝવો To be healed (of a wound) ઘા ગાળવો To throw an obstacle in one's way છાતીનો ઘા A mortal blow ઘા મારીને કામ કરવું To work with a heart

Prov ઘાસેગો ઘસરકો The greater contains the less As good twenty as nineteen

ઘા *s m* [See ઘાયો *fr* S घात a collection] A quire of paper

ઘાઈ, *s f* [See ઘાતે] Headlong eagerness, haste, hurry, precipitancy 2 Tumult, bustle 3 Tumultuous and violent commotion, working, or action 4 Crowded state, crowdedness

ઘાએલ, *adj* [See ઘા.] Wounded, hurt

ઘાઘરી, *s f* [See ઘાઘરો.] A lower garment worn by women, a petticoat

ઘાઘરો, *s m* [Hem Des घग्घर=S जघनस्थ वस्त्र भेद् *fr* P गॅरि] A petticoat, a garment worn by women

ઘાટ, *s m* [S *fr* घट् to form] Mode, manner 2 Form, shape, external appearance 3 An intrigue, cabal, a deep laid plot, machination 4 An opportunity 5 Same as ઘાટ-પોત

ઘાટ ઘાટે અતિ શોભતો, હારે કરુણા રે,
નિરખીને સાચુ નાક, શોઢરિ કરુણા રે
—ધુરદાસ.

Id ઘાટ ઉતારવો To give a shape, particularly on a lathe 2 To carry out a plot, to make a plot successful ઘાટ ઘડવો-રચવો To give a required form 2 To make a design, to intrigue 3 To make a resolution 4 To make an opportunity 5 To inflict a great loss 6 To kill, to destroy ઘાટ આવવો-બનવો To acquire a good shape 2 To get or have a good opportunity ઘાટ કાઢવો To give a shape, particularly by beating or hammering 2 To make an opportunity ઘાટમાં લેવું-લાવવું-આણવું To bring into a required shape 2 To catch in a snare, to make the victim of an intrigue કાઈ ઘાટ બેઠો નહિ The plan miscarried, the plan totally failed ઘાટ બેસવો To be suitable to a plan 2 To be successful of a plan ઘાટ મળતો આવવો To agree in form, to be similar ઘાટ ઘાલવો To put on a white piece of cloth on an auspicious occasion (of a woman) 2 To carry out a design, to bring to a successful end 3 To put to death

ઘાટ, *s m* [Hem Des घट्टो=S नदी तीर्थम्. *fr* S घट] A landing place, a quay, a wharf 2 Steps on the side of a river or tank, leading to the water 3 A washing place on the bank of a river or tank.

વાટે ને ઘાટે શાને વળગો છો વાતે ! —દયારામ

4 A mountain defile or pass 5 The country east of the Sahyādri range

Id ઘાટ ઘાટના પાણી Lit Water taken from different places. એણે ઘાટ ઘાટના પાણી પીધાં છે He has obtained experience from different places, in different circumstances,

and among different people He has acquired varied experience of the world નદીનો ઘાટ Steps on the side of a river ધોબીનો ઘાટ Steps on the side of a river used to by washermen ખાયબર ઘાટ The Khyber Pass

ઘાટ-ડી, *s f* [See ઘાટ-પોત] White-specked cloth

Prov આવી ઘાટડીએ, ને જાઈશ ઠાઠડીએ A life long union (between husband and wife)

ઘાટ-પોત, [See ઘાટ + P पोद् the weft of cloth = S प्रोत woven *fr* प्र forth + वे to weave] A kind of silk cloth

ઘાટી, *s m* [See ઘાટ] A mountaineer, a highlander an inhabitant of the Ghauts or the country above the Sahyādri range 2 *adj* Pertaining to the country known as the Ghauts

ઘાટી-લું, *adj* [See ઘાટ form] Beautiful, well shaped, fashionable

ઘાઢુ, Same as **ઘાડું** Thick, unfeeling, callous

મનાડશો કિયે ઠામ? ઘાટો પડયો ઘન છે

—વલ્લભ

મુજને સૈ એ રાક કહે છે, હુ સરખી નહિ ઘાડી રે,
સુખ આગળ ની મા'ત્રજી ગયા,તેણે હુ એ નહિ ફાડી રે

—ભાલણ

ઘાડ, Same as **ઘાડુ**, ગાઢ, Thick, close

ઘાડ-વુ, *s n* [See ઘડો] An earthen vessel

ઘાડ વો, *s m* An earthen pot 2 A round vessel made of hide (to hold ghee, oil &c)

Id જાણે ઘીનો ઘાડવો જ મળ્યો ને ! As if one has met with one's desired object by one's good fortune he is overcome with joy at what he thinks to be his good fortune

ઘાડા પણું, *s n* } [See ઘાડુ] Thickness,
ઘાડા શ, *s f* } density

ઘાડુ, *adj* [See ગાઢ, ઘટ્ટ] Thick, close, dense, crowding 2 Coarse, 3 Capable of endurance, enduring, hardy

એમ વદી ત્રાડ પાડી, ગર્જના અશાડ ઘાડી,
દ્રોપદીશુ દીસ ગાડી, કપ ત્યાં સાથમાય

—વલ્લભ

Id ઘાડો સ્નેહ Close friendship ઘાડુ મન Lit A hard heart Hence, 2 A heart strong and able to bear pain or misfortune

નિજ બળથી નિજ જાણી ધ્યાને,
આપો પ્રેમ જુગલ પદ ઘાડો રે લોલ —દયારામ

ઘાણ, *s f* [S घ्राण *fr* घ्रा to smell] An offensive smell, stench 2 Anything nauseous, a stinking stuff, rubbish

ઘાણ, *s m* [Hem Des घण्णो = S उरः the chest, the heart Or, See ઘાણી] A quantity thrown at a time into a frying pan, &c, 2 quantity of materials to be pounded, ground, &c 5 Ruin, destruction

Id ઘાણ કાઢવો-વાળવો To extirpate, to ruin 2 To do too much in any matter (used in contempt) ઘાણ ઘાલવો-નાખવો To throw a quantity of a preparation for frying into a frying pan ઘાણ ઘાલવો-કાઢી નાખવો To ruin, to spoil ઘાણ બગડવો To be spoiled, to be thrown into confusion (of a plan or scheme) ઘાણ નિકળી જવો To be ruined 2 To be tired or exhausted 3 To be put into a difficult position ઘાણ પેસવો To be sickly in body 2 To be attacked by discord and disunion (of a family, society, body)

ઘાણી, *s f* [S घन a large heap, or S घात, सघात, a collection, *fr* हन्, स हन्, to collect, or, S घूर्णि rolling, revolving, *fr* घूर्ण् to revolve] An oil mill 2 A sugar-cane press 3 The block, in which the roller moves in an oil mill

Id ઘાંચીની ઘાણી Lit The mill of an oil man Hence, 2 Drudgery, hard and tedious work ઘાંચીની ઘાણીનો બળદ Lit The bullock who turns the mill of an oil man Hence, 2 A drudge, one who does hard, tedious, and monotonous work 3 One who is fit only for routine work ઘાંચીની ઘાણીએ જોડાવુ To be set to do a hard, tedious, monotonous, and routine work અવળી ઘાણીએ પીલવુ ઘાણીમા ઘાલીને તેલ કાઢવુ To set to do a hard work 2 To punish severely 3 To harass, to persecute (used as a threat).

ઘાત, *s m f* [S *fr* हन् to strike, to kill] Murder 2 Slaughter, killing, striking 3 A blow, a stroke 4 Destruction, smash, ruin 5 Loss of life 6 Barbarity, wickedness. 7 Treachery 8 The power, to which a quantity is raised, the index (in Math)

Id ઘાત કરવી To kill 2 To ruin, to spoil, to throw into disorder ઘાત જવી To have a hair breadth escape આત્મ ઘાત Suicide પ્રાણ ઘાત Killing જળ ઘાત Death by drowning દ્વિ ઘાત Second power of a number or quantity, the square power ત્રિ-ઘાત, ચતુર્ઘાત, પંચ-ઘાત, &c

ઘાત-ક,
ઘાત કી,
ઘાતી, *adj* Destructive, murderous 2 Pitiless 3 Atrocious, barbarous 4 Treacherous, deceitful, faithless

ઘાત-ચંદ્ર, *s m* [+ ચંદ્ર] The moon when she is in an inauspicious mansion in the horoscope of a person

ઘાતી, *s m* A butcher a slaughterer
સજ્જનો ઘાતી તે પશુ પરોધી —પ્રીતમદાસ

ઘાતુ-ક, Same as ઘાત ક

ઘા-તેલ, *s n* [See ઘા, ઘાવ, + તેલ] A kind of oil used in healing wounds

ઘા-પાણ્ણ, *s m* [+ પાણો] A stone which, when placed on a wound, sticks to the skin, and does not leave it until the wound is healed up

ઘાબઇૂ,
ઘાભરૂ, *adj* [S गर्भ भीति *fr* गर्भ foetus + भार burden *fr* भृ, भर, भर भृ, to hold, See ગાભરૂ] Confused, embarrassed, having a disturbed or restless mind, alarmed, surprised

ઘા-બાજરિ યું, *s n* [See ઘા + બાજરિ યુ] A kind of plant whose stalk resembles a bajri-stalk, and has the property of healing wounds

ઘાભ, *s m pl* Same as ગાભ

ઘાભો, Same as ગાભો

ઘામ, *s m* [Dh Des घम्मा *fr* S घर्म heat *Cf* P गरम्] Warmth, heat 2 Perspiration, sweat

Id ઘામ થવો To feel warm or hot

ઘામચ,
ઘામછ,
ઘામટ, *s n* [Correctly ગમત *fr* S गम् to go] Water collected in the hold of a ship through a leak

ઘામ ચ,
ઘામ-છ,
ઘામ-ટ, [See ઘામ sweat + ટ dim] Dirty with sweat 2 Ignorant, uninformed

ઘામોટ,
ગામોટ, *s m* [S ग्राम a village + होतृ a sacrificer *fr* हु to sacrifice] A village priest

ઘામોટું,
ગામોટું, *s n* The duties of a village-priest

ઘાર, Same as ઘા, ઘાયો

ઘાયક-મલ, *adj* [See ઘાય a wound + S मल्ल an athlete] Brave, war like

ઘા-યલ,
ઘા-યેલ, *adj* Wounded, injured, hurt. 2 Having a bitter experience 3 Experienced (used in the Bhâvnagar Prânt)

ઘાયા-બુડ્યા, *adj m pl* [See ઘાયલ + બુડ-વુ] (Men) Wounded or drowned (On the 14th day of the dark half of the month of Bhâdarvâ, *Shrâdha* ceremony is performed for the benefit of the souls of persons who died by wounds or by drowning)

ઘાયો, *s m* [S घात a collection *fr* हन् to go] A quire of paper 24 sheets 2 [See ઘાવ a wound] A wounded person, a person, who died of a wound 3 [See ઘાવ a wound] A literary composition, which wounds or otherwise affects the mind of the reader 4 A literary composition that can be understood only by those persons, who have a clew to its meaning

ઘારણ્ણ, *s n* [See ઘેરા-વુ, અડ્-વુ, ઉંઘ (sleep) being understood] Being overcome by sleep 2 Sound sleep

પડયા ઘારણ્ણમાં કોઈ, કોઈ ઘારણને તજી,
ભજ ના રસને ચાખી, ચાલે કીર્તિ કોપતી —વલ્લભ.

Id ઘારણ્ણ નાખવુ To throw into sound sleep, to produce drowsiness in, to make drowsy

ધારી, *s f* [See ઘેર] The circumference 2 A kind of sweetmeat a particular kind of pastry (of a circular form)

ઘાડ, *s n* [See ઘર a hole] A hole caused by a disease in the body

ઘટ્ટ થયુ પડ્યા ઘારા, પીડ આવી આ ગડી

—દક્ષિભ

Id ઘારા પડવા To have holes in the body, caused by a disease

ઘાડૂ, *s n* A lamb (used in the Sorath Prānt)

ઘાલ, *s f* [See ઞાલ *s f*] A row, a rank, a file, a column 2 The number of guests dining at one time at dinner party 3 [See ઘાલવુ] Loss 4 Deficiency

ઘાલ-ખાદ, *s f* [+ ખાદ] Loss 2 Deficiency

ઘાલ ણુ-દાસ, *s m* [See ઘાલવુ + દાસ] An insolvent debtor, a bankrupt merchant

ઘાલ-મેલ, **ઘાલ ઘુસેડ**, *s f* [+ મેલ વુ,ઘુસેડ વુ] Derangement, disorder 2 Jumbling together, hurry, bustle, fuss 3 Chicanery, intrigue 4 Turmoil, tumult, dark manœuvring

Id ઘાલમેલ-ઘાલઘુસેડ કરવી To cause disorder, to jumble together ઘાલમેલ-ઘાલ ઘુસેડ થવી To be caused—of disorder 2 To be jumbled together

ઘાલ-મેલિ યો, *adj* Always disturbing or disordering 2 Busy and bustling 3 Intriguing, full of fraudulent schemes 4 *s m* A toad hunter, a flatterer, a sycophant

ઘાલ વુ, *v t* [S ग्राह् to cause to take fr ग्रह् to take] To thrust into, to drive into, to penetrate 2 To put on 3 To misappropriate, to defraud 4 To dip into 5 To set to, to apply

Id ઘર ઘાલવુ To bring disgrace on one's family નીચુ ઘાલવુ, મોઢુ નીચુ ઘાલવુ, To hang down the head, to be ashamed કોઠી ઘાલવી To establish a factory ખોળે ઘાલવુ Lit To place in the lap of Hence, 2 To place under the guardianship of ખોળે માથુ ઘાલવુ Lit To place one's head in the lap of 2 To place oneself totally at the mercy of. 3 To beg pardon માથે પાઘડી ઘાલવી To put a pāghadī (a turban) on the head જોડા ઘાલવા To put shoes on અંગરખુ ઘાલવુ To put a coat on ચશ્મા ઘાલવા To put spectacles on નાણું ઘાલવા To misappropriate money ઘાલી બેસવુ To refuse to give back or return what one has borrowed માથુ ઘાલવુ To thrust oneself into another's affairs, to interfere or meddle uncalled, with another's affairs માથે પાણી ઘાલવુ Lit To bathe (a sick man after recovery) 2 To perform a ceremony, in which a sick man after his recovery is given a bath of medicinal waters and a feast is given to friends and Brāhmans માથે ધૂળ ઘાલવી to commit some kind of wickedness or villany to injure another person માથે તેલ ઘાલવુ To apply oil to the hair on the head શૂળ ઘાલવુ To have a shooting pain ઘડબ ઘાલવી To form a knot—of a boil વેઢ ઘાલવી To have a swelling of a gland or in a muscular centre વાને ઘાલવુ To perform a ceremony previous to the investiture with the sacred thread of a Brāhman boy ગાડીમાં ઘાલવુ To place in a carriage—of a sick man નજર ઘાલવી Lit To look at carefully Hence, 2 To pay particular attention to

મદ હાસ મુખ મરકલડા, ચપળ નયન નિહાળે છે,
પાગે વિછિયા રણઝણે, ચો દિશ મિઠડી ઘાલે

—ભાલણ.

ઘાવ, *s m* [See ઘાત killing *Cf* ઘા, ઘાય, ઘાયો] Same as ઘા A stroke, a cut

સરસ ઘાવ સમશેર, જોરથી લાગે ઝટકો

—સામળભટ.

2 [See ઘાયો 3] A literary composition, in which questions are proposed, answers to which can be found only by those who have a clew to the author's meaning, *e g*

ક્યા ચંદન ? ક્યા ગજયાગિરિ ? ક્યા સાહેર ? ક્યા નીર ?
જ્યમ જ્યમ પડે વિપતડી, ત્યમ ત્યમ સહે શરીર

—સામળભટ.

ઘાવર, *s n* Dew (Used in the Surat Prānt)

ઘા-વેડી, *adj* [See ઘા a blow + વૃત્તિ state] Sharp, clever (Used in Kthd)

ઘાશિ યો, *s m* [See ઘાસ grass] A grass-cutter

ઘાશિયો, Same as ઘાસિયો

ઘાસ, *s n* [S] Grass, straw

Id ઘાસ કાપવું Lit To cut grass 2 To do work of no value 3 To speak to no purpose (Colloq)

Prov ઘાસની ગંજ ઉપરનો કુતરો Like the dog on the manger

ઘાસ, *s f* [See ઘસ વુ to rub, ઘસાવું to be rubbed] Wear and tear 2 Loss

Id ઘાસ ખાવી To suffer or bear a loss, ઘાસ પડવી-જવી-લાગવી To be put to a loss

ઘાસ-તેલ, *s n* [Eng Gas + તેલ] } Pet-
ઘાસ-લેટ, *s n* [Eng. Gas+light] } roleum, kerosine

ઘાસ-દાણો, *s m,* Grass and grain (comprehensively) the *keep* (of horses)

ઘાસ વું, *v t* [See ઘસ વું] To scrub, to clean. 2 To wear away, to suffer wear and tear 3 To bear a loss, to be put to a loss

Id ઘાસી છુટવું To bear a loss and get rid of a troublesome affair

ઘાસિ.યું, *adj* [See ઘાસ grass] Producing grass (Used in the Surat Prānt)

ઘાસિયો, *s m* [Ar ग़ाशिय] A woollen covering on the saddle of a horse

Id ઘાસિયો ગુડાળવો To pack off bag and baggage

ઘાસો ટિ.યું, *s n* [See ઘાસ ઘસ.વું, ઘસા.રો, rubbing + वृत्ति state] A bracelet worn while doing domestic duties, in which there is much wear and tear

ઘિમેલ, *s f* A kind of insect

ઘિ.યાળ, *adj* [See ઘી + વાળુ] (A cow or she buffalo) Yielding milk which contains a large quantity of ghee

ઘિલોડી, *s f* [S गृहाल्कि See ઘરોળી] A lizard

ઘિલોડી, *s f* [See ઘિલોડું] A plant which bears fruit called ઘીલોડું

ઘિલોડું, *s n* [Hem Des गोल्हा-फल = S बिम्बम् a kind of fruit] A sort of vegetable

Id ઘિલોડું પેસવું To have an unnecessary and troublesome encumbrance added

ઘિ-સણું, *s n* [See ઘી + સળી] A pointed rod used in training a bullock, a goad

ઘિસ.વું, *v t* [S घृष् to rub See ઘસ.વું] To beat with clenched fists, to box

ઘિસ્સો, *s m* [See ઘસ.વું] A scratch or a cut made by rubbing one thing on another

Id ઘીસ્નો દેવો To make a scratch 2 To put to a loss

ઘી, *s n* [S घृत *fr* घृ to make oily] Clarified butter, ghee

Id ઘી ચાપડ, ઘી ચોપડ Besmeared or covered with ghee—cakes, &c ઘી કેળાં Lit A dish made of ghee and plantains 2 A large profit (slang)

Prov ઘી ઢોળાયું, પણ ઘીનું ગામ ન ગયું Slander always leaves a slur ઘી ઢળ્યું, તો ખીચડીમાં It is not lost what a friend gets ઘી પીરસે, તે મણિયારા કા Handsome is that handsome does ઘી ખિચડી એક, અને પાપડ બેઉ દેખ Don't put your finger between the wood and the bark Don't meddle in another's family affairs

ઘી-ગળણી, *s f* [+ ગળણી] A sieve for refining ghee

ઘીચ, } [S कृच्छ्र a difficulty] Same as
ઘીટ, } ગિરચ Crowded

ઘીટ, *adj* [See ઘટ્ટ thick, hard] Thick; Stout, strong

ઘીટ, *adj* [S घृष्ट rubbed beaten, snubbed] Shameless 2 Bold 3 *s n* Boldness 4 Shamelessness

વહાલતા- નિર્લજ્જ ઘીટના નામ પાડયું,હુ કાંઈક ડાહ્યો થા, કોણ પુછી પગણતરી,તારા દેખી લક્ષણ આ —દયારામ

ઘીમ, *s m* Suspicion, doubt (Used in Gohilwād)

ઘી.યો, *s m* A ghee seller

ઘીસ, *s f* [P गस्त *fr* गश्तन् to turn] A patrol, a round taken to watch and observe what is passing inside, and secure the peace of a camp 2 A procession, (particularly) the Holī procession

ઘીસ, *s f* [See ઘિસ॰વુ] Beating

ઘીસરૂં, *s n* [See ઘુસરૂ] The yoke of a plough (Used in Gohilwāḍ.)

ઘુંગટ, } ઘુઘટ, } *s m* [See ઘુમટો] A veil, a garment worn over the face and head, a cover to conceal the face—worn by women

ઘુંગટી, *s f* A rough woollen garment broad enough to cover the head

ઘુંજ॰વું *v i* [S गुञ्ज hum Imit] To hum, to buzz 2 To hum while moving

ઘુટ ડો, *s m* [S गुटिका a pill, or, Imit] A draught of a liquid, a gulp

Id ઘુટડા ગળી જવા To swallow down a bitter pill 2 To eat the humble pie, to put up with an insult ઘુટડો ઉતારવો To swallow down

ઘુંટ॰ણુ, *s n* [S घुण्ट, घुण्टक, घुण्टिका, the ankle] The knee

Id ઘુટણે-ઘુટણિયે પડવું To kneel

ઘુંટણિ॰યા, *s n pl* Moving about with the hands and knees—of a child

ઘુટ વું *v t* [S घृष् to rub, or घूर्ण् to roll] To rub 2 To glaze, to polish, to burnish 3 To form letters of the alphabet 4 To pulverize

Id કોપિસ્તા ઘુટવા To settle one's handwriting by passing one's hand through the letters in copy slips રાગ ઘુટવો To hum over the tunes of an air in music દમ ઘુટવો To draw in and hold one's breath ઓસડ ઘુટવું To press and mix the ingredients of a medicine by moving the pestle backward and forward in a mortar

ઘુટા, *s n pl* A confused and involved state, an imbroglio 2 Intricacy

Id આટા ઘુટા Intricate sums or accounts

ઘુટી, *s f* [See ઘુટ ણુ] The ankle joint

ઘુટી, *s f* [S गुटिका a pill See ઘુટડો] A medicine consisting of aloes, spices and borax given to a new born babe

ઘુટી, *s f* [See ઘુટા, ઘુટ વું] Intricacy, entanglement

Id આટી ઘુટી ના હિસાબ Intricate sums, calculations, or accounts

ઘુટો, *s m* [See ઘુટ॰વું] A tool used in rubbing, pounding, or polishing

ઘુએડ, Same as ઘુવડ

ઘુઘર-માળ, *s f* [See ઘુઘરી, ઘુઘરો, + માળા] A string of little bells, bells tied round the neck of a bullock 2 A neck lace of little bells

ઘુઘરી, *s f* [See ઘુઘરો] A little bell 2 A jingling bell worn on the toes 3 A rattle 4 A sort of sweet-meat

ઘુઘરી આળુ, *adj* [See ઘુઘરી + વાળુ *fr* S वत् having] Having bells 2 Torn (used ironically)

ઘુઘરો, *s m* [S घर्घर See ઘુ-ઘુ Imit A small jingling bell 2 A kind of sweet meat 3 A kind of flax

Id ઘુઘરા બાધવા Lit To tie jingling bells (to the ankles) 2 To dance wildly with jingling bells tied round the ankles ઘુઘરા મૂકાવવા To get jingling attached to an ornament ઘુઘરો બાધવુ To indulge oneself in one's vagaries 2 To be delighted

ઘુ-ઘવ વું, *v i* [See ઘુ ઘુ Imit] To roar 2 To growl 3 To speak loudly in anger

ઘુ-ઘ-વાટ, } ઘુ ઘ વાટો, } *s m* [+ વૃત્તિ state] A roar 2 A growl 3 Speaking loudly in anger

Id ઘુઘવાટો કરવો To speak loudly in anger to threaten

ઘુ ઘુ, *adv* [Imit] Roaring 2 *s n* The indistinct sound of a pigeon

ઘુડાસ્થ, Same as ગૂઢાર્થ

ઘુણ, *s n* [S] A particular kind of insect found in timber

ઘુનો, Same as ગુનાહ

ઘુનો, *s m* A ditch (Used in Kthd.)

ઘુસેરો, *s m* [See ઘુમટ+P घेर dim] A company of persons sitting close in a group

ઘુમટ, } ઘુમટ, } *s m* [P गुम्बद् a dome Cf S गुण्ठन wrapping, a wrapper *fr* गुण्ठ to wrap] A dome, a cupola

ઘુમટી, *s f* A small dome or cupola 2 The top of a tābut, generally in the form of a small dome 3 An umbrella made of leaves

ઘુમટો, *s m* A veil Same as ઘુમટ, ઘુંઘટ.

Id ઘુમટો તાણવો-ખેંચવો Lit To draw a veil over the face—by a woman Hence, 2 To hide one's face

ઘુમડકી, *s f* [See ઘુમવું to whirl round] A push or pull given to a cradle when the child is in it

કુંવરને ઘુમડકી ઘાલો, નેહીયાને હાલો રે હાલો

—મુક્તાનંદસ્વામ

ઘુમડી, *s f* [See ઘુમવું or ઘુમવું] Movements of a cradle or a hammock, rocking a child in a cradle or hammock 2 A lullaby, a soothing song

હાલો ને વા'લો ભાઈને ઘુમડીએ ઘાલો,

ભાઈ ગાતો આગળ વીને ખિચડી ચડાવો

—આશા

Id ઘુમડી ઘાલવી To rock a child in its cradle

ઘુમંડી, *s f* [See ઘુમવું See ઘમંડી, ગુમાન] Pride, arrogance, haughtiness

વાત એ હવે કદાપિ, પેર નહીં ઘુમડીની —વલ્લભ

ઘુમરડી, *s f* [See ઘુમવું] Turning, running or dancing in circles 2 Intricate movements 3 An artifice to elude, subterfuge, prevarication, equivocation 4 Giddiness, a swoon, dizziness, vertigo

ઘણ નાડો ઘુમરડી દે', ચુનો ચાલિયો રે,

દુષ્ટ સ્વાની ખોરાક ખાવાથી, કંઈ નહીં ઝાલિયો રે

—દયારામ

ઘુમરડીઓ, ઘુમરડીયો, *s m* A mendicant begging from door to door in the dress of a ગોપી (a shepherdess in love with the god Krishna)

ઘુમરાઈ, ઘુમરી, *s f* Rolling the eyes as in intoxication, through pride, arrogance, or haughtiness 2 Same as ઘુમરડી

ઘુમરાવું, *v i* To frown, to snarl, to be gloomy

ઘુમવું, *v i* [Imit *fr* Hem Des घुम्मइ =S घूर्णते it rolls, *fr* S घूर्ण to roll *Cf* Hem Des गुमइ=S भ्रमति it wanders] To resound, to ring 3 To fill the air with a sound 2 [See ઘમ,ગુમ] To be deeply engaged in; to be engrossed with to enjoy to one's fill 3 To revolve or ruminate in the mind

ઘુમાઘુમ, ઘુમાઘુમી, *s f* [See ઘમવું] Wild noise confusion accompanied with noise 2 Wild irregular movements

પેખી ધડકી તેને ઘુમાઘુમી માચી રે,

[illegible] —નરસિંહરામ.

ઘુમાવવું, *v t* [Causal of ઘુમવું] To turn in a circle 2 To revolve in the mind, to be deeply engaged in to be engrossed with 3 To equivocate in answering a question

ઘુમેડવું, ઘુમયડવું, *v t* [See ઘમવું, ઘુમવું] To turn or dance in circles 2 To stir, to agitate

ઘુરકવું, *v i* [Imit] To growl, to snarl 2 To frown

ઘુરકાવવું *v t* To threaten, to frighten.

ઘુરકિયાં, *s n pl* Growling, a growl 2 Frightening, threats

ઘુઘર, ઘુઘરુ, *s* [See ઘાઘર, ઘુઘવું] The pulp or pith of a lotus flower 2 An ornament worn by women on the ears, generally consisting of pendant gold berries surmounted by a few small jewels

ઝીણી ઘુઘરીયાનુ ઘુઘર, ને કંઠે દીને હત

—આશલ

ઘુવડ, *s n* [Hem Des घुअ=S उलूक an owl, *fr* S घुट् hooting, Imit] An owl

ઘુસણિયો, *s m* [See ઘુસવું] An intruder an uninvited guest

ઘુસવું *v i* [S घृष् to rub] To enter forcibly to rush, to pierce in, to push in 2 To enter uninvited, unprivileged, or unwarranted

Id ઘુસી જવું To enter uninvited, &c

ઘુમિયું, *s n* [See ઘુસ] A rat-trap

ઘુમિયુંમધ, *s n* [See ઘુસવું + મધ] Honey made by bees in the hollows of trees

ઘુમ્મો, Same as ગુમ્મો

ઘુસ્મો, *s m* [See ઘુમવું] The box, the clenched fist, a thrust with the clenched fist

ઘૂંટ, *s m* [Imit See ઘુટ ડો] Same as ઘુટ ડો 2 The throat

Prov ઘડીએ ઘૂ ટ ભરાય છે The present is the most important time The present is the time for work

ઘૂ-ઘૂ, Same as ઘુ-ઘુ A roaring sound

એમ બોલી રાખ વાય, પારાવાર પ્રલય ગુ,
ઘૂઘૂ કરે જાણે, નાશવા સૃષ્ટિ જરે જર —વલ્લભ

ઘૂડ, Same as ઘુવડ

ઘૂમ, *adv* [P गुम् lost] Absorbed in 2, Intoxicated

ઘૂસ, *s m* A rat, a bandicote rat

ઘૃ-ત, *s n* [S *fr* घृ to make oily] Clarified butter, ghee

ઘે-ઘ-ટ *s f* [Imit S झञ्झा wind accompanied with rain] The state of the sky when it is overspread with clouds saturated with rain

ઘેઘ-ટ, *adj* [See ગે ા, ઘેન] Intoxicated, drowsy, dull

ઘેંસ, *s f* A preparation of juwār flour with whey

Prov આવડે નહીં ઘેંસ, અને રાધવા પેસ A little pot is soon hot Little pitchers have great ears

ઘેટી, *s f* [See ઘેટું] A female of sheep

ઘેટું, *s n* A sheep, a lamb

ઘેટો, *s m* A male of sheep

ઘેડ, *s, f* Same as ઘડી A fold, a plait—of cloth or a garment

ઘેડ, *s f* [See ઘડો] A small water-pot

શુ ઘરો કે ઘેડ ઉતરશે? ચાક ઉપર હજી પેંડો છે
—સામળભટ

ઘેન, *s n* [P गेन intoxication] Drowsiness, sleepiness, a wink of sleep 2 Lethargy 3 Trance

ઘેબર, } *s m* [S घृत वार *fr* घृत butter]
ઘેભર, }
A kind of sweetmeat

ઘેબરિ-યું, *adj* Delicious

આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ,
ઉની ઉની રોટલી, ને કારેલાનુ શાક —ભાષા

ઘેર, *s m f* [S ग्रह् to take] The circumference, the periphery, an orb, a circle 2 A halo 3 The flaps of a garment

Id અંગરખાનો ઘેર The circumference of an Angarakhā (a long robe)

ઘેર, *adv* [See ઘર] In the house 2 Towards the house

Id See under ઘર બાજરીને ઘેર ઊઠી ગયુ છે Bajārī is very dear (દીવો) ઘેર કરવો To put out (of a lamp) ઘેર કાટા પડવા To be deserted (of a house) 2 To be childless ઘેર ગોળી બેસવી To suffer a loss ઘેર જવુ Lit To go home 2 To disappear 3 To be put out (of a lamp) ઘેર મૂકવુ To leave behind at home 2 To be without, to be unaccompanied by

ઘેર ણુ, *s f* [See ઘેર વુ] Being under the influence of sound sleep 2 Sound sleep 3 Unconsciousness caused by sound

Id ઘેરણ ગોળી A pill to put a child to sleep, generally called બાળ ગોળી

જિમ કાયા ગાઢ ઘેરણ કરશે —લાલદ

ઘેર ણુ, *s n* Act of encircling or besieging 2 A siege

ઘેર-દાર, *adj* [See ઘેર flaps + P દાર having] Having a large circumference or flaps, having long flaps or skirts 2 Loose, flowing, flapping

ઘેર વુ, *v t* [S ग्रह् to take] To encompass, to environ, to surround, to beset, to hem in 2 To involve in difficulties and embarrassments 3 To cover 4 To block the way of, to stop from advancing or moving about

Id ઘેરી લેવુ To encircle completely, to cut off from communication with the outside world ઘેરી બેસવુ To lay siege to, to lay a long siege to ઘેરીને ગોળાનો મારો ચલાવવો To lay siege to and bombard

ઘેરાવ, } *s m* Circumference, an orb
ઘેરાવો, }
2 The flaps of a garment

ઘેરા વું, *v i* To be surrounded, to be encompassed, beset, or hemmed in

હવે ઘેરાણા રે ડોલો, મોહન બોલાવ્યા નવ બોલો
—દયારામ

Id આપણો જીવ ઘેરાએલો નહિ We do not know each other well enough

ઘેરા, *s f* [See ઘેર circumference] A circular border of short hair on the head

ઘેરૂં, *adj* [P गहेरा = S गभीर deep] Deeply coloured, having a deep colour 2 [Also See ઘેર-વુ to surround.] Engrossed with, deeply engaged in

ઘેરૂ, *s n* [See ગેરૂ] The powder of a worm-eaten piece of wood

ઘેરે-ઘેર, } ઘેર-ઘેર, } [See ઘેર at home] In every house

Prov ઘેર ઘેર માટીના ચુલા Everyman has his defects

ઘેરો, *s m* [See ઘેરાવ] Circumference, girth, measure around, encompassing, the environments 2 A seige

Id ઘેરો ઘાલવો-નાખવો To besiege ઘેરો છોડાવવો-ઉઠાવવો To raise a siege ઘેરો ઉઠાડવો-ઉઠાડી મૂકવો To cause to raise a siege

ઘેલ-ચન્દ્ર, *s n* [See ઘેલુ + ચન્દ્ર] A person whose madness increases and decreases with the waxing and waning of the moon, a lunatic

ઘેલ-છા, *s f* [+ છાયા shade] Madness, folly, craze

Id ઘેલછા કરવી-કાઢવી To do mad acts

ઘેલ ડી, *s f* A foolish woman (said in endearment)

ઘેલ-સપ્ફું, *adj* [+ S शष्प grass See સપ્ફું] Mad, stupid

ઘેલા-ઈ, *s f* Madness, foolishness, stupidity 2 Insanity

ઘેલું, *adj* [Hem Des घलो=अनुरक्त pleased with, loving, *fr* S गृहीत taken possession of *fr* ग्रह् to take *Cf* ગેલ pleasing tricks] Mad, foolish, stupid 2 Distracted, enraged, furious 3 Insane

Id ઘેલા કાઢવા To act like a fool 2 To feign madness 3 To mock, to mimick

ઘેલા કાઢ્યાની તમને ટેવ, પાનીડા કેમ ભરીએ

—દયારામ

શુ તને ઘેલુ લાગ્યુ છે ? Have you gone mad ? તે એકાદને ઘેલો કરશે He will drive anyone mad 2 He is very cunning

Prov ઘેલા ભાગે ઘેલુ થવુ In Rome you should be a Roman ઘેલીના ઘેરઘેર સાસરા A fool is at home wherever he happens to go ઘેલીનો ગવાળો A collection of nick-nacks ઘેલી સાસરે ન જાય,ને ડાહીને શીખામણ દે Example is better than precept It is easier to advise than to do

ઘેંકવું, Same as ઘેંચવું

ઘેંકો, *s m* A shooting pain, aching sharp pain,smart pain 2 Pricking,piercing

ઘેંગાટ, } ઘેંઘાટ, } *s m* [Imit + વૃત્તિ] Noise clamour, disturbance,bawling, wild uproar or outcry, bellowing 2 Noising abroad, making notorious

ઘેંચ-વું, *v t* [See ઘુસ-વું *Cf* ઘોક-વુ] To poke 2 To pierce, to prick, to thrust into

ઘેંટ-વું *v i* [Imit Or, See ઘુંટ-વુ to roll શ્વાસ (breath) being understood.] To snore to make the sound ઘેંઘેં in sleep (used in contempt) 2 To sleep soundly

ઘેંટા-ળો, [See ઘુટ-વુ] Same as ગોટાળો

ઘો, *s f* [S गोधा] An iguana.

ઘોક-વું, *v t* Same as ઘેંક-વું 2 To be-

ઘોકો, Same as ઘેંકો

ઘોગર, } ઘોઘર, } *s m* An imaginary monstrous being with which children are frightened into sleep 2 A terrible cat

ઘોગર, } ઘોઘર-રાણો, } *s m* [+ રાણો.] The same as ઘોગર

ઘો-ઘલો, *s m* [Guj ઘો Imit + ગળુ throat *Cf* Eng Gurgle *fr* Gurgula the throat] The throat

ઘોઘારી, *adj* Pertaining to ઘોઘા (Gogo)

ઘો-ઘો, *adj* [Imit.] Foolish; stupid 2 *s m* A word uttered by boys who hide themselves in the game of "Hide and seek"

ઘોઘો-રાણો, See ઘોગર

ઘોચ-વું, Same as ઘેંચ વું

Id ઘોચી ઘાલવુ To put into prison, to imprison

ઘોટ, *s m* [See ઘુટ ડો] A mouthful of water or any other liquid, a gulp

ઘોડ-ગાંઠ, *s f* [See ઘોડુ + ગાઠ] (In

chess) The position of the knights when they defend each other 2 A particular kind of knot

ઘોડ-દોડ, s f [+ દોડવું] A horse race 2 A race course

ઘોડ-મહાત, s f [+ મહાત] (In chess) Checkmate by a knight

ઘોડ-મુખું, adj [+ મુખ] Having the face like that of a horse

ઘોડલી, Same as ઘોડી (Used in endearment)

ઘોડ-વેલ, s f [+ વેલ, વહેલ, a carriage fr S वह વહેવું to carry] A horse cart

ઘોડા-ગાઠ, Same as ઘોડ-ગાઠ

ઘોડા-ગાડી, s f [+ ગાડી] A horse-carriage

ઘોડાર s f [See ઘોડું + S अगार a house] A stable for horses

ઘોડા-વછ, ઘોડા-વજ, } s f An aromatic herb

ઘોડા-વાળો, s m [See ઘોડું + S वत्,વાળુ, having] A groom, a horse-keeper

ઘોડિયું, s n A cradle, a hammock

Id ઘોડિયામાંથી ઝડપાવું To make an offer of a daughter in marriage, while the bridegroom is in his cradle

ઘોડી, s f A mare 2 The bridge of a સારંગી (lyre) 3 A board stand 4 a woman of a girlish manner (used in contempt) 5 A knight (in chess) 6 A frame to support, crutches 7 The loop or cord, from which offending school boys are suspended by their hands

Id ઘોડીએ ચઢવું To be under the influence of an intoxicant drug કાળી ઘોડીએ ચઢવું To be under the influence of opium ઘોડી કુદાવવી To limp, to walk lame ઘોડી પલાણવી To train a mare 2 To have sexual intercourse with a woman (slang)

Prov ઘોડી છુટી, કે ઘોડો છુટ્યો (કોણ જાણે, શું થશે) Nobody can say what may happen the next moment Whatever may happen the object will be lost ઘોડી, ઘર આપણું You should not expect at home the same delicacies that you are treated to at your friend's house as a guest

ઘોડું, s n [See ઘોડો] A horse without distinction of sex 2 A bad or poor horse

Prov કાળું ઘોડું, ને કરડકણું Poor and proud A little pot is soon hot ઘોડું ઘોડાના રૂપને દોડે One can work only in proportion to one's strength ઘોડું કે ગધેડું વગર વાપરે ભાગે Disuse brings on wreck and ruin A used key is always bright

ઘોડે-સ્વાર, s m [+ અસ્વાર] A rider, a horseman, a trooper, a mounted soldier

ઘોડો, s m [S घोटक] A horse 2 The knight (in chess) 3 A hobby, the stick on which children ride 4 A big giddy boy. 5 A stick stuck into a wall to put clothes on 6 A stand with steps on both sides. 7 A ladder 8 The cock of a gun

Id ઘોડા જેવો Very strong and healthy ઘોડે ચઢવું To mount a horse 2 To be puffed up, to be elated ઘોડે બેસવું, ઘોડો પલાણવો To sit on or ride a horse ઘોડો પલાણવો To train a horse ઘોડે પલાણ માંડવું To place a saddle on a horse (બંદુકનો) ઘોડો ચઢાવવો To cock a gun (બંદુકનો) ઘોડો પાડવો To drop the cock of a gun 2 To discharge or fire a gun ઘોડે બેસીને આવવું, ચઢે ઘોડે આવવું To come in haste 2 To be urgent in demanding, to make an urgent demand ઘોડ ઉપર ઘોડા વધવા To increase by Compound Interest મારા ઘોડા પોંચતા નથી My legs refuse to carry me farther 2 I am exhausted ઘોડાના ગાઉ A very long distance ઘોડાની ચાલે Quickly ઘોડો ગડવો To deliberate in secret ઘોડો ચડાવવો To weigh less than the proper weight (said of a false balance)

Prov ઘોડે ચઢે, તે પડે Every tide has its ebb (જેટલા) ઘોડા, એટલા અસવાર In proportion to each other As many as wanted

ઘોઢલો, s m [See ગોધો+લો dim] A bull

ઘોણ, s m [See ઘણ] A large and heavy hammer

ઘોઘ્રિયું, s n [See ઘણ ઘણ] A drum

ઘોઘ્રિયો, s m A large round copper-pot (Used in K'thd)

ઘોન્નુ, Same as ગોન્નુ Food placed before female cattle while milking

વાની લાવુ ઘેર, ને ઘોનુ માડવુ ગળ્યુ,
નીરૂ નીરૂ છું, પણ તે ન સુએ —દયારામ

ઘોંઘા વ॰વુ, Same as ગોદા વ॰વુ (Used in Kthd)

ઘોબો, ઘોલો, *s m* [See ગાબો] A deep indentation 2 A hollow made in a metal-pot by its being thrown violently on the ground, or by its being struck with any harder thing

Id ઘોબો પડવો To have a hollow (of a metal-pot, &c) ઘોબો પાડવો To make a hollow in a metal pot, &c ઘોબો ઉપાડવો To set a metal pot right by raising the part pressed and bringing it back to its proper shape

ઘોબુ, *s n* [See ઘા] A wound

ઘોર, *s m* [S घोर *fr* घुर् to proclaim] The bass of a musical instrument 2 Loud howling

Id ઘોર અવાજ A loud, deep, and hoarse sound

ઘોર, *adj* [S] Frightful, horrible, terrific 2 Furious 3 Monstrous, prodigious

Id ઘોર નિદ્રા Deep and sound sleep ઘોર અંધારૂ Dreadful darkness

Prov ચાર દહાડાનુ ચાંદરણુ, ને ઘોર અંધારી રાત A short lived pleasure is followed by a life long misery

ઘોર, *s f* [See ગોહોર] A grave

Id ઘોર ખોદવી To dig a grave 2 To appoint or settle a marriage for a daughter (a remnant of the custom of female infanticide) ઘોર ચણવી To build a gave 2 To dig a grave

ઘોરણુ, *s n* [See ઘોરવુ] Snoring, snore

ઘોરતર, *adj* [See ઘોર frightful + S तर suffix of the comparative degree] More terrible 2 Very terrible

ઘોરતર પરિતાપ પામી, અહો સ્વામી રાખ
—રત્નેશ્વર

ઘોરંભાવુ, *v i* [See ઘોર frightful + ભાવ] Same as ગોરંભાવુ 2 To be terribly black

ઘોરવુ, *v i* [Imit Or, See ઘોર bass] To snore 2 To sleep soundly (used in contempt)

ઘોરાઘોર, *s f* [See ઘોર bass, or See ઘાળવુ] A loud noise accompanied by running about, hurry and confusion

ઘોલ, *adj* Weak (Used in Jhālāwad)

ઘોલો, *s m* [See ગોલો] An intruder

ઘોડલો, *s m* [See ઘોડિયું + લો dim] A kind of cradle for babes

ઘોળ, *s m* [See ઘોળવુ] Botheration, busy bustling, hurry skurry, animated, vivid, wild, or tumultuous action

Id ઘોળ પાડવો To make a confusion and tumult

ઘોળવુ, *v t* [Dh Des घोलिय revolving, rolling, Hem Des घोल्ड = ऽ घूर्णते it rolls *fr* S घूर्ण् to roll] To shake about to agitate briskly 2 To smooth 3 To mix 4 To squeeze with the fingers 5 To dissolve 6 To ponder on, to think upon

Id ઘોળીને પીઈ જવુ To care very little about

ઘોળાઘોળ, *s f* Revolving in the mind 2 Uncertainty, suspense, hesitation

ઘોળાવું, *v i* [Passive of ઘોળવુ] To be shaken about, to be agitated 2 To be delayed, to wait, to lounge

Id ઘોળાયા કરવુ To dwell long and frequently in the mind

ઘોળ્યુ, *interj* Never mind, let it be, let it alone

ઘ્ન, *adj* [S *fr* हन् to kill] That kills or destroys, a suffix denoting "a killer" (Used the end of a compound, *e g*, હસ્ત-ઘ્ન)

ઘ્રાણ, *s n* [S *fr* घ्रा to smell] The nose 2 The sense of smell

ઘ્રાણેન્દ્રિય, *s f* [See ઘ્રાણ + ઇન્દ્રિય] The organ of smell

ઙ, The sixteenth letter of the Alphabet, and fifth among the consonants There is no word beginning with ઙ

ચ

ચ, The seventeenth letter of the Alphabet, and sixth among the consonants

ચઇતર, Same as ચૈત્ર

Prov. ચઇતર ચડયો નહિ ને વૈશાખ ઉતર્યો નહિ

ચઉદ્ભુ, Same as ચૌદ્ભુ

ચઉદ, Same as ચૌદ

ચઉદસ, Same as ચૌદસ

ચક, s m [P चिक्] A curtain 2 A kind of screen made up of bamboo chips, used to keep out the glare of light, mosquitoes, and to prevent strangers from looking into a private apartment

Id ચક નાખવો To place or hang a curtain

ચક-ચક, adv [Cf કચ કચ] Chirping 2 Speaking quickly and without thought, lisping (Used in the Bhāl Prānt)

Id ચકચક કરવું To chirp 2 To speak quickly and without thought, to lisp

ચક-ચક, adj [Hem Des चाचिक्क Imit = S मण्डितम् adorned] Glittering, gleaming 2 adv Glitteringly

ચક-ચક તું, adj Brilliant, shining, glittering gleaming glistening, dazzling

ચક-ચક વું, v i To shine, to glitter, to glisten to gleam

ચક-ચક વું, v i [See કચ કચ] To regret or grieve about 2 To fret and be fidgetty 3 To make the sound *chaka chaka* (as by a swallow), to chirp

ચક-ચકાટ, s m [+ દ્યુતિ] Refulgence, radiance, brilliancy, lustre, gloss 2 Cleanliness

ચક-ચકિ ત, adj Prilliant, bright, glossy, lustrous 2 Clean, tidy, neat, trim, fair

ચક-ચાર, ચક-ચાળ, } s f [S चर्, चल्, to move, ચક Redup] Inquiry, investigation 2 Habit of questioning and making inquiries

ચક-ચુથ, ચકચૂંધ, } s f [+ ચુથ વું ચૂંદ વું] Fastidious habits, fastidiousness over exactness

ચક-ચૂર, adj [+ ચૂરો] Engrossed in; absorbed in 2 Dead drunk 3 Overcome, overtaken, wrapped, rapt 4 Flushed, flustered 5 Top heavy, half seas over, three sheets in the wind 6 Voraciously eating

Id ચકચૂર થવુ-બનવું To be engrossed or absorbed in

જ્ઞાની, વૈરાગી, જોગી, જતી રે, ચાખી કર્યા ચકચૂર
—દયારામ.

ચક-ડોલ, ચક-ડોળ, } s m [See ચકર + ડોલ-વું, ડોળ-વું] A swing 2 Giddiness

Id ચકડોળે ચડવું To be giddy, to be in a state of giddiness 3 To be intoxicated. 4 To lose one's senses 5 To go beyond the proper limit 6 To be postponed from time to time

ચકડ્ડી, Same as ચકર-ડી.

ચકડ્ડું, Same as ચકર-ડુ

ચક-તી, s f [S चक्र a wheel] A flat round piece; a round slice, anything circular, flat, and thin

ચક-તું s n A round piece, a round slice

ચક-તું, adj [See ચક-ચક, ચક ચક-વું, Or ચેત-વું] Circumspect, looking sharp, watchful

ચકદ વું, v t [P चकीदन् to drop] To crush under foot, to trample upon, to press hard 2 To harass; to oppress

ચકદુ, adj [See ચકતુ watchful + ખંધુ] Clever, circumspect, watchful

ચકદો, Same as સકચો

ચક-ભિલ્લુ, s n [See ચક + ભીરૂ a companion] A game for children, generally known as ભોલીલુ (Used in the Broach Dst)

ચક-મક, s m n f [Imit Cf ચક-ચક વું Or, P चकमाक] Glitter; a gleam, a flash 2 A kind of mineral, flint, spar

Id તે બન્ને વચ્ચે ચકમક ઝરી They quarrelled with each other ચકમક ઝરવાનો સભવ A likelihood of high words or a quarrel

ચક-મડળ, s n [See ચકર + S मण्डल

circle] A whirling motion 2 Intrigues 3 A body of persons met for light talk

Id. ચકમકળે ચડવુ To be involved in intrigues

ચકમો, s m A kind of blanket (Used in ...)

ચકર, s n [S चक्र a wheel] A wheel 2 A circle 3 A ring 4 Rotation of the heavens 5 Giddiness

Id ચકર આવવા To be giddy ચકર ખાવુ -મારવુ-લેવુ To take a turn, to wheel round

ચકર-ચકર, adv Round and round, turning in a circle

Id ચકરચકર ફરવુ To turn round and round

ચકર-ડી, s f A circle 2 A circular motion 3 A toy for children

Id ચકરડી ભમરડી A toy for children 2 A whirlpool in water ચકરડી ભમરડી રમાડવી To mislead on various pretexts, and disappoint in the end

ચકર-ડું, s n [+ ડું dim] A small circle 2 A round and flat thing 3 A turban having a round shape worn by the Deccanese (used in contempt)

Id ચકરડા જેવો (રૂપિયો) Genuine, real, sterling (of a Rupee as a coin)

ચકરદા, adj Tall and big

ચકર-વકર, adv [+ વિખેર વુ] Being out of senses owing to giddiness 2 Being unconscious

Id ચકર-વકર થઈ જવું To be unconscious owing to giddiness

ચકરા-વો, s m A long turn, a circumference

ચકરા-વો, s m [+ વ્યૂહ] A peculiar arrangement of troops in circles within circles

ચકરી, s f Rotation 2 Whirling 3 Giddiness

Id આવવી-ખાવી To fall down while in a state of giddiness

ચકરી-દાર, adj [+ દાર having] Having a circular form

ચકરૂ, s n A thick round bread

ચકલી, s f [See ચકલો] A hen sparrow 2 The cock of a pipe

Prov ચકલી કરતા ફેંકો મોટો Making a show quite beyond one's power Out of all proportion, disproportionate

ચકલી ભટ, s m [+ ભટ] A thin-poor begging Brahman

ચકલું, s n Any little bird 2 Any living being (Colloq)—Used with a negative

Id ચકલા ચુથવા To be employed in a trifling business

ચક-લુ, s n [See ચોક a spare space + લુ dim] A spot where four roads meet 2 A small market

Id ચકલે મૂકવુ To expose to public view.

ચકલે-દાર, s m [See ચકલો a court-yard+ દાર having] An officer in charge of a street 2 A police constable 3 One who guards a street

ચકલો, s m [S चटक] A cock sparrow

ચક-લો, s m [See ચોક + લો dim] A square a court-yard 2 A hall or stand of a banker, a station 3 A street 4 A sub-division of a city or town

ચકવા-ચકવી, s n [S चक्रवाक + चक्रवाकी] The male and female of particular birds (These birds always go in pairs, and one of a pair cannot bear to be separated from the other) 2 A lover and his lady-love

ચકવા ચકવી ચતુર, નર, નિત પત રહત ઉદાસ
ખાર ધૂવડ ઔર અબુઝ નર, સદા મગન પ્રવીરાજ
—રામો

ચક ચું, adj [See ચકિત] Watchful, ready (Used in Kthd)

ચકબે, } adv [S चक्रे, See चक्र.] In a
ચકવે, } circle (of kings) [This word occurs in such phrases as તેણે એક ચકવે રાજ્ય ચલાવ્યુ He ruled alone over a whole circle of kings]

ચકા, s m pl Slips or ships of stalks of grass

ચકામુ, s n [See ચકમ] A round sore or scar on the skin

ચ કાર, s m [S च and + कार suffix showing the sound of the letter ચ (ch) 2 adv Nothing more, nothing at all (Generally used with verbs meaning બોલવુ (to speak)

Id તે એક ચકાર શબ્દ બોલ્યો નહિ He did not speak even a single word

ચકિત, *adj* [S See ચક-ચકિ·ત] Dazzled 2 Confounded 3 Bewitched, wonderstruck 4 Puzzled 5 Bewildered, astonished

ત્યારે તો પેલા સ્ત્રી થરથાર,
હવા ચકિત ચિતમા અપાર —દયારામ

ચકી, Same as **ચક્કી,**

ચકોતરું, *s n* } [P चकोतर *Cf* Lat *citrus*]
ઘકોતરો, *s m* }

Pompelmoose, shaddock, a citron fruit

ચકોર, *s m* [S] A kind of bird, the Greek partridge 2 *adj* Active, sharp 3 Attentive, cautious 4 Prompt, alert, brisk 5 Circumspect

ચક્કર, *s n* [See ચક્ર] A wheel 2 A ring, a circle. 3 A circular road 4 The wheel rut of a lime mill 5 A halo 6 A puzzle 7 A trip hither and back, a turn a round 8 A trouble 9 Giddiness

Id ચક્કર ફરવુ To turn upside down 2 To suffer alternately the various and contrary states of life 3 To be revolutionized, to undergo a revolution 4 To be set in motion, to be started, to set a going ચક્કર મારી આવવુ To take a round

ચક્કી, *s f* A hand-mill

ચક્ર, *s n* [S] A wheel 2 A disc (especially applied to the disc in the hands of Visnu), a sharp circular missile weapon 3 A host, an assemblage 4 An array of troops 5 A diagram of various forms 6 A cycle 7 A sphere; a circle

ચક્ર-દંડ, *s m* [S, *fr* + दण्ड the arm] A kind of gymnastic exercise

ચક્ર-ધારા, *s f* [S + धारा periphery] The periphery of a wheel

ચક્ર-પાણિ, *s m* [S. *fr* + पाणि the hand] The God Visnu, who is represented as holding a wheel in his hand

ચક્ર-વર્તી, *s m* [S *fr* + वृत, to be] The ruler of a country extending from sea to sea, an absolute king 2 A king who rules over a circle or a number of lesser kings *Cf* ચક્રવે

ચક્ર-વાક, *s m* [S + S वाच्,वाक्, વાચા, a name] A kind of goose or duck, the ruddy goose

ચક્ર-વાકી, *s f* The female of **ચક્ર-વાક**

ચક્ર-વાત *s m* [S *fr* चक्र a circle + વાત wind] A whirlwind, a hurricane

ચક્ર-વૃદ્ધિ, *adj* [S *fr* + वृद्धि increase] Compound (interest)

ચક્ર-વ્યૂહ, *s m* [S *fr* + व्यूह arrangement,] A form of military array, a circular array of troops 2 A deep and complex plot or scheme

ચક્રાકાર, *adj* [S *fr* + આકાર form] Circular

ચક્રાંકિત, *adj* [+ અંકિત marked] Marked with circles 2 Branded with the name of Visnu

ચક્રી, *s m* A king, who sits surrounded by a circle of minor kings, a paramount king, a sovereign 2 The god Visnu, whose distinguishing weapon is a disc 3 A potter, who works with a wheel

ચક્ષુ, }
ચક્ષ, } *s n* [S चक्षु] The eye
ચખ, }

સહુ બોલે શામુજીનીપક્ષે રે, જળ આવ્યુ મેનાને ચક્ષે રે —દેવીદાસ

ચખાડવુ, *v t* [See ચાખ·વુ] To request or cause to taste

Id સવાદ ચખાડવો Lit To give a taste of Hence, 2 To wreak one's vengeance on 3 To return evil for evil

ચખાર, *s m* [Redup of ચોર] A thief and persons like him

પ્રભુ સુરે ઇધારે બાર, ન કરે ચોરી ચોર ચખાર —પ્રેમાનંદ

ચગદ·વું, A form of **ચકદ·વું**

ચગદા·વુ, *v i* To be crushed, to be pressed 2 To be harassed

ચગ વુ, *v i* To fly (of a paper kite) 2 To fly to or quickly understand another person's intention, without direct communication with him, by signs, appearances, &c

ચ ગળ·વું, *v t* [Redup of ગળ·વુ to swallow] To chew slowly and long, to turn

round and round in the mouth, to munch, to eat exuberantly, to eat, to devour

ચગાવવું, v t [Caus of ચગવું] To fly (a paper kite) 2 To fly

ચગું, adj [See ચગવું to fly] Knowing another's meaning only by signs, appearances, &c 2 Shrewd, clever, sharp

ચગુ, s n Clay deposited by a flood, alluvial soil

ચંગ, adj [S & P] Handsome 2 Healthy 3 Strong

ચગ, s m. [P] One of the eight suits at cards 2 A bell 3 A Jew's harp 4 adj Good, pleasing, pure, sound 5 Nothing, nothing at all (slang)

ચંગા, Same as ચંગ Healthy

Prov મન ચંગા, તો કથરોટમેં ગંગા A pure mind is more meritorious than a long pilgrimage

ચંગારી, Same as ચિણગારી

ચંગી,
ચંગી-ભંગી, } s m [See ચંગા, healthy + ભાંગ.] One who eats opium and drinks a solution of Bhāng, &c 2 A lewd fellow, a dissipated person

ચગાદી, s f [+ વેષ્ટન] A sheet of cloth, with which the face is covered during sleep

ચગ્ચણવું, v i [Guj ચણ Imit of the sensation Cf ચણુ ચણવું] To feel a burning pain

ચચરવું, v i [See ચરચરવું] To feel a pungent pain, to be affected with a smarting pain (as by an acrid thing) 2 v t To cause a smarting pain

ચચુંકો,
ચચુંડો, } Same as ચિચુંકો, ચિચુંડો

ચચ્ચાર, adj [Redup of ચાર four] Four at a time

ચચ્ચોમચ્ચો, s m [See ચોદવું + મા] Vile abuses

ચંચ, s f [S चञ्चु] A beak, a bill

ચચવાળવું, v t [Redup of ચળ ચાળવું, ચોળવું, ખળવાળવું Cf ચચળ] To turn over fondly in the hand—money, &c, by a miser

ચંચળ, adj [S चञ्चल unsteady, intens of चल् to walk] Fleeting; active, nimble; lively 2 Flighty, quick 3 Fickle, fidgety, volatile 4 Transitory, slippery 5 Capricious 6 Wanton

ચંચળા, s f Lightening 2 Lakṣmī, the goddess of wealth

ચંચળાઈ, s, f Activity, vivacity, liveliness 2 Quickness of the intellect

ચંચુ,
ચાંચ, } s f [S चञ्चु] A beak, a bill

ચટ, adv [Hem Des चट्टइ = S मृद्नाति he pounds, नश्यति he perishes, भुङ्क्ते he eats, fr S चट to stick, to strike] Quickly, instantly 2 Devouring, eating

બહુચાગ ભાત મહાકાળ રૂપે થયા,
દુષ્ટ સૈન્ય તે ચટ કીધું —હરિરામ.

ચટ, s f [See ચોટ] Obstinacy, taking to; addictedness 2 Care 3 Fondness

ચટ, s m [S कट a mat] A knot of darbha grass, representing a Brāhman, used in a Shrāddha ceremony

ચટક, s m [S] A male sparrow

ચટક, adj [See ચટ, ચોટ,] Bright red

Id ચટક મટક ને રાતુ ચટક, સાહી ટાંકિયો ને ચાલ્યુ મટક This is a conundrum, the answer being "સુરતના જોડા" (the Surtī fashion of shoes)

ચટકદાર, adj [See ચટકો + દાર having] Stinging 2 Causing a smart or pungent feeling 3 Causing a painful delight 4 Charming 5 Sensational (of a writing), thrilling (of a speech)

ચટકનું, adj [See ચટકમટક] Foppish, gallant

આ ગાડીઓ પહેરી રે, પગાંએ ચટકતા —પ્રેમાનંદ.

ચટકમટક, adv [See ચટક bright red + redup] Looking sharp, smart foppish or gallant 2 s f A foppish gait or appearance

ચટકવું,
ચટકાવવું, } v t [See ચટકો] To sting 2 To cause the pain of a sting 3 To cause an acute pain

Id ચંદ્રની ચટકી The moonlight causes a painful delight to a lover separated from his lady love

ચટ•કી, s f [See ચટ•ક bright red] Bright red colour

ચટ કી, s f [Dim of ચટ કો] A short sharp pain 2 A short-lived painful delight 3 The effect of a thrilling or sensational writing or speech

રસિયા તારા રસની લાગી ચટકી ચિતડામાય
—બ્રહ્માનંદ

એના ચિત્તમા ચટકી લાગી રે, આ શુ રે કીધુ ?
—રાજે

ચટ•કુ s n Same as ચટ•કી Sharp pain
Prov રમતુ તે ચટકુ, કાંઈ કુડા હોય ? Pleasures become bitter, when they are abused or long-continued

પીડા A great ship needs deep water ઝાઝી કીડીઓ સાપને તાણે Union is strength ઝાઝી સોયાણીએ વેતર વહે=ઝાઝા મળે, તે ખાવા ટળે Too many cooks spoil the broth ઝાઝા મોઢે ઝાઝી વાત Everybody's bussiness is nobody's business ઝાઝા હાથ રળિયામણા Many hands make light work ઝાઝું કરે, તે થાડા માટે He that exalts himself shall be humbled ઝાઝી ધીર, ઝાઝું દેવાળુ Extensive dealings on credit are sure to end in utter insolvency ઝાઝું ખાય, તે ઉકરડાને બાર Excess in everything should be avoided

ઝાઝેરૂં, A poetic form for ઝાઝુ,

ઝાટકણુ, *s n* [See ઝાટકવુ] The refuse obtained by winnowing corn, &c

ઝાટકણી, *s f* Scolding, blame

ઝાટકવું, *v t* [See ઝટકો] To winnow, to whisk, to sift, to dust 2 To blame, to reprove

Id ઝાટકી-કાઢવુ-નાખવુ To blame or scold severely

ઝાટકો, Same as ઝટકો

ઝાડ, *s n* [Dh Des झाड *f* S झाट an arbour, a thicket, or झाली=S झाटी a thicket, *also* Hem Des जाडी=S गुल्मम् a thicket, or झाड=S लता-गहनम् an arbour] A tree, a plant, a herb 2 Anything having the form of a tree 3 A chandelier 4 A particular arrangement of fire works, having the appearance of a tree

Id વંશાવળીનું ઝાડ A genealogical tree ઝાડ થવુ To stand up in anger and oppose or assume a posture of attack ઘોડો ઝાડ થવો To stand on the hinder legs (said of a horse) ઝાડ પચાણુ Changing one's place frequently 2 Mischievous ઝાડ પર ચઢવુ To be puffed up with one's own importance (ફાટ્યાનાચવુ) ઝાડ ઉરાડવુ-ફોડવુ To set fire to or ignite a pyrotechnic arrangment having the appearance of a tree

Prov તે ઝાડે ઝાડે ફરે, તો હુ પાંદડે પાંદડે ફરૂ I would make a minuter search than he would કુમળુ ઝાડ જેમ નમાવીએ, તેમ નમે A young twig is more easily bent than an old tree A tender plant can be given any form ઝાડ નીચે ફરે તે ખાય When one is permitted to see a tree, one is inclined to abuse the kindness by plucking its fruits ઝાડ તેવા ફળ As is the father, so is the son

ઝાડઝુડ-ઝુમડ, *s n* [See ઝાટકવુ, ઝાડવુ+ઝુમડ or ઝુમ-ડમ Imit] The act or process of winnowing, sifting, cleaning, &c

ઝાડણુ, *s n* The refuse remaining after winnowing corn, &c

ઝાડકવુ, Same as ઝાટકવું

ઝાડકો, *s m* The act or process of winnowing &c

Id ઝાડકો નાખો Same as ઝાડકવુ

ઝાડ-ઝુડ, *s n* [+ઝુડ redup of ઝાડવુ, or ઝુડવુ] Shaking and dusting, sweeping and wiping

ઝાડ-પરોણા, *s n pl* [See જુહાર+પરોણુ] The New Year's Day according to the Samvat era, the first day of the month of of Kārtika (October–November)

ઝાડ-પાન, *s n* } [+પાન, પાલો] Vegetation, herbage, simples 2 Coarse esculent greens and leaves
ઝાડપાલો, *s m* }

ઝાડ-પીપળી, *s f* A game for children

ઝાડ-બીડ, *s n* [+બીડ] A place covered over with trees and grass

ઝાડવું, *s n* [+ P वा dim] A small tree, a plant

ઝાડવું, *v t* [See ઝાટકવુ] To sweep 2 To shake 3 To sift 4 To whisk, to flap 5 To scold, to rate, to abuse vehemently

Id ઝાડી નાખવુ To sweep away ઝાડી ઝપટીને વાળવુ To make clean by sweeping and lashing with a piece of cloth

ઝાડા-વાટ, *s f* [See ઝાડો+વાટ way] The passage out of the body for excreta, the anus

ઝાડી, *s f* [See ઝાડ] A wood thickly set with small trees or bushes, a thicket 2 Woodiness 3 A forest, a wood 4 Brushwood, underwood

ઝાડુ, s n [See ઝાડવું to sweep] A broom, a besom

Id ઝાડુ કાઢવું To sweep, to clean ઝાડુ ખાવું To be disappointed, to be put out of countenance, to be baffled ઝાડુ મારવું To flatly refuse to grant a request 2 To drive away with contempt

ઝાડુ, s m [See *supra* Or P जा place + रुबीदन् to clean] A scavenger

ઝાડો, s m [See ઝાડવું to sweep] A narrow search 2 The discharge from the bowels, a stool

Id ઝાડો લેવો ઝાડો દેવો, To make a narrow search ઝાડે ફરવું, ઝાડે જવું, ઝાડે બેસવું [In these phrases ઝાડે may be taken as the Locative case either of ઝાડ a tree or of ઝાડો sweeping] To ease nature, to evacuate the bowels ઝાડો ઝપટો All the operations of personal cleanliness, beginning with easing nature in the morning 3 A particular manner of dispelling the influence of an evil spirit by means of a peacock's feather (પીછી) [In this sense the compound ઝાડો પીછી is used] ઝાડો નાખવો To make mesmeric passes with a besom of peacock feathers

ઝાલ ઝાળ, *adj* [See ઝગઝગ, ઝગમગ, જ્યોત] Brilliant shining 2 s m Brightness, brilliance 3 Activity, excitement

શણગાર મોંઘે સજે સાહ્યબા, ઝડ દીસે ઝાલ ઝાળ

—શ્રીમદ્

ઝાપટ, s f [See ઝપ, ઝટ, ઝાપટ] A sharp blow given with a flick 2 Being possessed by an evil spirit

Id ઝાપટમાં આવવું, ઝાપટ લાગવી To be possessed by an evil spirit

ઝાપટવું, v t To dust with sharp blows given with a piece of cloth 2 To inflict sharp blows 3 To threaten 4 To eat eagerly and quickly, to gorge oneself

ઝાપટિયો, s m A servant in a temple whose duty it is to disperse the crowd by lashing out with a knotted piece of cloth

ઝાપટું, s n A sudden sharp shower of rain

ઝામ, Same as છામ

ઝામો, s m [See ઝમ,ઝમવું] A leather filter used by oilmen to pour oil into a vessel

ઝામર, s m [See ઝાંખું] A disease of the head and eye

ઝામર-ઝોલ,
ઝામર-ઝોળ, } *adj* [See ચામર + ઝોલવું] Shaking, rolling 2 Tottering

ઝામરી s f [See ઝામવું] A kind of boil or pimple on the palm of the hand

ઝામરો s m [See ચામડી+ઝામવું]A large boil or pimple on the palm of the hand 2 A disease of the skin

ઝામવું, v t [Hem Des झामय= D दग्ध burnt See ઝમ કારો] To dip a hot piece of stone, &c , into water or a fluid medicine

ઝામોરો, s f pl [See ઝાડ મોર blossom] The tip, most blossoms ... of a tree

ઝાયકો, Same as ઝાકળો

ઝાર s m [Eng] The Czar of Russia

ઝાર, s m [See ક્ષાર] The tide of the sea coming up towards the shore

ઝારવું, v t [S क्षर्, क्षाल्, to wash] To wash with hot water

ઝારવું v t [S क्षर् to drop] To sift, to separate finer portions from the coarser

ઝારવું v t [See ક્ષાર or ઝાળવું] To unite with a metallic cement, to solder

ઝારી, s f [See ઝરવું] An ewer a waterpot having a long neck, a lingous pitcher, a kind of goblet having a spout

ઝાલ, s n [See ઝાડ, or ઝાખર] A large branch of a tree

ઝાલ, s n [See ઝાડું] A group, a troop

ઝારો, s m [See ઝારવું to drop, or ઝારી] A kind of ladle or cooking utensil, having many holes and serving as a sieve

ઝાળ, s f [Dh Des झल्ल=S मृग तृष्णा a mirage, fr S ज्वाला a flame] The flame of a candle 2 Rays of heat 3 A bright ear ring 4 A gust of heat from a furnace 5 [See ઝાળ or ઝપાટ] A sudden gallop or leap 6 A rush of indignation

આલક, Same as છાલક

આલર, *s f* [S झल्लरी a curl] The fringe, an ornamental appendage to the borders of garments or furniture 2 Pulse soaked with water, and sprouting 3 [S झल्लरी Imit] A gong 4 A circular and shallow tray of wicker-work with a border

આલવું, *v t* [S धृ, धार्, to hold, or ग्रह् to take] To hold, to catch

Id હાથ આલવો Lit To catch the hand of, to catch by the hand Hence, 2 To help, to take under one's patronage 3 To merry હાથ આલીને ઉભું રાખવું Lit To catch by the hand and ask to stand Hence, 2 To have a friendly influence over, to be so intimate as to be able to exercise an influence over one's conduct આલી પાડવું To make up the distance between

જોગણિયા ને જૂડું રે, ભાઇ નહિ આલવું

—ભોજોભગત

આલા, આલો, } *s m* A tribe of Rājputs

આવસોઈ, *s f* [Ar या हुसैन O Hussain] 'Ya Husain,' a cry often heard in the tābut holidays, wild and frantic leaps and cries 2 Riotous conduct

Id આવસોઈ કરવી To leap and cry aloud riotously

આવ લી, આવ ળી, } *s f* [See આડ a tree + Hem Des उहुलीन भुज the arm] Thatch, cadjan, dried branch of a cocoanut or palmyra tree

આવાં, *s n pl* [See આલવું to catch] The struggles of a drowning person

આહી, *adj* Wishing well to

આળ, Same as આલ

આળ ણું, *s n* [See આરવું] Soldering, joining with a metallic cement 2 A metallic cement

આળ વું, *v t* [See જ્વાળા flame, or આરવું to solder] To solder, to unite or fasten with a metallic cement

ઝિકવું, ઝિકવું, } *v t* [See ઝીક Imit] To dash against the ground 2 To throw down with force

Id માથું-લમણાં ઝિકo Lit To strike one's head or temples Hence, 2 To give trouble to the head, to make one undergo useless mental trouble

ઝિઝોટી, *s f* [See ઝાઝ+ટી dim] A particular air in music

ઝિટવું, *v t* [See ઝાટ, ઝીટ] To attach; to append

ઝિકાળવો, *s m* [See ઝિકવું] A brick reduced to powder by dashing it against the ground or a stone

ઝિઝવો, *s m* A kind of grass

ઝિપટો, *s m* A medicinal drug, liquorice

ઝિપવું, *v t* [S क्षिप् to throw] To catch a falling thing so as to prevent it from falling on the ground

ઝિલવું, *v t* [See ઝાલવું] Same as ઝિપવું 2 To follow, to join to take part in 3 To catch, to seize, to hold 4 To catch the words of the leader in a singing party, to take up the refrain in singing

Id માગું ઝિલવું To accept a proposal of marriage for a daughter

ઝિલવું, *v i* [See ખેલવું] To sport in water, to bathe

જમનાજળમાં ઝિલવું, સાહેલી, રે —ભાષા

ઝીક, *s f* [Imit] Dashing 2 Dashing by reason of contempt or disgust

ઝીંક, Same as ઝીક

ઝીકો, Same as ઝિકાળવો

ઝીંઝરટો, *s m* A medicinal plant

ઝીંઝી, ઝીંઝોટી, } *s f* [S झिण्टी] A kind of tree, the leaves of which are used in rolling cigars

ઝીંટ, ઝીંટું, } *s n* [See ઝાટ, ઝાટું] An appendage 2 A troublesome companion

ઝી, Same as ઘી

ઝીક, *s f* Same as ઝીંક

ઝીક, *s f* A particular kind of lace or ribbon

Id ઝીક ટીકડી A circular piece of lace

ઝીકણુ, *s n* [See ઝીક] Trouble, annoyance

ઝીકવુ, Same as ઝીકવું

ઝીકો, *s f* Dust of bricks, used by children to cover their writing boards

ઝીણુ, Same as ઝીણુ

ઝીણુ-પણુ, *s n*
ઝીણુ વટ, *s f*
ઝીણા-ઈ, *s f*
ઝીણા-પણુ, *s n*
ઝીણા શ, *s f* } [See ઝીણુ+પણુ, પણુ,વૃત્તિ] Minuteness, acuteness, keenness 2 Acuteness of intellect, acute intelligence or power of observation 3 Wisdom, prudence

ઝીણાશ, *s f* [See ઝીણુ or ક્ષીણુ] Minuteness 2 Fineness

ઝીણુ, *adj* [Dh Des झाण little, small, *fr* S क्षीणम् wasted, slender, See ક્ષીણુ] Thin 2 Small, little 3 Fine

Prov ઝીણો પણ રાઈનો દાણો Small but sharp or effective

ઝીમી *s f* A black garment worn by women

ઝીમેલ, Same as ઘિમેલ

ઝીલ, *s f* A kind of plant 2 An instrument used in reaping fields

ઝીલ, *s f* [See ઝાલ વુ to catch] A particular wire in an Indian lute, catching up and continuing the previous note to a high pitch 2 A large earthen jar for holding grain 3 A deep reservoir of water

ઝીલ વું, Same as ઝિલ વું

ઝીલો, *s m* Same as ઝીલ A particular wire, &c

ઝુંટ, *s f* [See ઝુંટ-વુ] A sudden attack, snatching, taking by suddenly surprising

Id ઝુંટ મારવી To make a sudden attack and capture

ઝુંટ-વું, *v t* [S त्रुट abandoned, left, *fr* त्रुट् to abandon, to leave Or, See ઝટ] To snatch, to seize by force o[illegible] e

Id ઝુંટી લેવુ, ઝુંટવી લેવુ To [illegible] away

ઝુંટા-ઝુંટ, *s f* A disorderly attack, capture

ઝુંટા વ વુ, *v t* To attack and capture and plunder 2 To take by force

ઝુંપ-ડી, *s f*
ઝુંપ-ડું, *s n* } A hut, a cottage, a hovel

ઝુંક, *s n* [Mar झोप sleep] Swinging of the head to and fro owing to sleep, dullness, or intoxication

ઝુંક વુ, *v i* To swing to and fro, to nod.

ઝુંસરી, Same as ધુંસરી.

ઝુસડુ, *s n* A large ઝુંસરી

ઝુક વુ, *v i* [S ધૂ, ધૂણ-વુ, to shake] To lean, to be inclined 2 To project

ઝુ-કા-વડા, *s m pl* [+વૃત્તિ state] Throwing with force *Cf* ઝો-કા-વડા.

ઝુ કાર-વું, *v t* [See ઝોકો, ઝુક-વુ] To make a camel to sit down on the ground

ઝુકા વ વું, *v t* To cause to bend 2 To throw 3 To throw oneself into, to be rash 4 To put on (an ornament) with the air of a dandy

ઝુઝ વુ,
ઝુઝ વુ, } *v i* [S युध् to fight] To fight, to contend 2 To strive 3 To watch to attack

રણમા ઝુઝે રહી, વાઘ સાથે બાથ ઘાલે;
ઘ[illegible]ત દત, ને હાથ, છડપથી મરડી નાખે.

—સામળભટ.

ઝુઝા-ર, *adj* [+કાર doing] Skilled in or fond of war, warlike 2 *s m* A warrior 3 Fighting, a fight

ઝુઝા-વ-વુ, *v t* [Caus of ઝુઝ-વુ] To cause to fight 2 To cause to be fatigued

ઝુટ વું Same as ઝુંટ-વું

ઝુડ-વુ, *v t* [S युध् to fight See ઝુઝ-વુ] To beat 2 To thrash 3 To cudgel, to strike 4 To obtain by continued persecution

Prov નીરણી બારડી સૌ ઝુડે Anybody may oppress the weak

ઝુડિ-યું, *s n*
ઝુડિ-યો, *s m* } A threshing stick, a flail

ઝુડો, *s m* [See જુડો] A bunch of false hair used by women in making up the coils of their hair

ઝુંડ, *s n* [Hem Des झम्पिया = S रास-[illegible] a wild dance] A company, a body, a swarm, a flock, a herd

multitude, an assembled body, a crowd

ઝુણ્ડો, *s m.* [See ઝંડો] A flag, a banner, a streamer, an ensign

Id ઝુણ્ડો ઉઠાવવો Lit. To raise the banner of war 2 To declare war 3 To be the leader in a revolt ઝુણ્ડો ઉડાડવો Lit To cause banners to fly 2 To be triumphant or victorious ઝુણ્ડો રોપવો .To plant a flag 2 To conquer 3 To lay the foundation of one's power

ઝુણ-ઝુણ, *adv* [Imit] Tinkling, jingling

ઝુપ-ડી, Same as ઝૂંપ-ડી

ઝુપડું, Same as ઝૂંપ-ડું

ઝુમ, *s f.* [See ઝોમ] The influence of drink or of opium

ઝુમ, Same as ઝુમખુ

ઝુમખ-ડાં, *s n pl* [See ઝુમખો.] A kind of fruit

ઝુમખ-ડું, *s n* A group, a troop, an assembly 2 A bunch

ઝુમખું, *s n*
ઝુમખો, *s m* } A bunch, a tassel, a cluster 2 A knob in an earing, a kind of pendant, a boss 3 A group, a troop, an assemblage

ઝુમ ણું, *s n* [Guj ઝુમ Imit See ઝમ-ઝમ, ઝમ કાર] A kind of tinkling ornament

કુણ્ડળ કાનમા રે, પડ્યા પ્રતિબિમ્બ, કપોળે ઝળકે,
ઝુમણુ, વેળિયુ, રે, મોતી સરિયુ લટકે, લળકે
—દયારામ.

ઝુમ-વું,
ઝુમી રહે-વું, } *v i* [Imit See ઘુમ-વુ] To aim at, to watch one's opportunity 2 To be on the brink of tumbling down, to be tottering

ઝુમ્મર, *s n f* [See ઝુમ-વુ, ઘુમ-વુ] A chandelier

ઝુરણ, *s f* Same as ઝુરાપો

રચન બાણુ લાગ્યા લક્ષ્મણને, તાપ ઉપન્યો તનમા રે,
બહુ એ પેર પડી લક્ષ્મણને, ઝુરણ લાગી મનમા
—સીતાજીની કાચળી

ઝુર-વું, *v i* [Dh Des जूरिय=S जीर्णम् become old *fr* जॄ to become old, *also* Hem Des जूरइ=S खिद्यते he is distressed, स्मरति he remembers, *fr* ज] To pine and waste away, to droop, to languish, to be emaciated, to fade

Id ઝુરી ઝુરીને મરી જવુ To pine and waste away to death, to fret to death

ઝુરા-પો, *s m* [+તાપ heat] A decay of spirits, dejection, sorrow, pining away

ઝુલ, *s f* [See ઝુલ-વુ] A cloth-border; a cloth cover for the body of a horse, &c

ઝુલ-ડી, *s f* A loose garment for little children

ઝુલ-ણાં, *s n. pl.* Swinging 2 A swing, a cradle 3 Lullabies

ઝુલ-ણા,
ઝુલ-ના, } *s m. pl* A particular metre

ઝુલ તું, *adj* Pendent, hanging, jutting over; dangling, swinging, waving to and fro; hanging loose and quivering, nodding, oscillating.

સવત્સર એક વીત્યો, યજુર્વેદ ત્યારે શીખ્યો,
ઇન્દ્ર પૂર્ણપણે સર્વ, બિન્દુ રહ્યો ઝુલતો
—વલ્લભ.

કાટા પડી ગયા અતી, છભ પર ઝુલતા —વલ્લભ.

2 Suspended from an office; uncared for; neglected 3 Unaccomplished

Id ઝુલતુ રહેવુ To remain unaccomplished ઝુલતુ મેલવુ To leave unaccomplished. ઝુલતો દીવો-ઝુલતુ ફાનસ A revolving light

ઝુલ-વું, *v i* [See ડુલ-વુ, ડોલ-વુ Or S धू, धून्, to shake] To hang 2 To swing 3 To nod 4 To shake, to oscillate 5 To go lazily or leisurely along; to dangle 6 To saunter

ઝુલાવન-હાર,
ઝુલાવન-હારી, } *adj* [+હાર a doer *fr* કર-વુ] Giving a swing (to a cradle, &c)

ઝુલા-વ વું, *v t* To cause to swing 2. To cause to shake

ઝુલો, *s m* [See ઝુલ વુ to shake] A swing 2 An oscillation 3 A loss

Id ઝુલા ખાવા To swing, to oscillate ઝુલા દેવા-ખવડાવવા To put off or postpone the fulfilment of an agreement

ઝુલ્ફ,
ઝુલ્ફો, } Same as જુલ્ફ, જુલ્ફા

ઝુસર, See ઝુમરૂ, ધુસર, A yoke

વશરાલને પોષ્યા લાકડીની માતે,
ઝુસર, ઝુસળ, ત્રાક, રવાઇ, રીતે બાતે
—દયારામ

ઝુસરી, Same as ઝુંસરી

ઝુસ્તી, s f [See ઝુઝ·વુ, fr S युध् to fight] A fight 2 A dispute, an altercation

ઝૂઝ·વું, Same as ઝુઝ વુ, ઝુઝ·વું
મઝત પૈ ઇક,રૂચત બાજી,વાલિ તણી બણી,ચાલી નયા ઘણી
—વઋતા

ઝૂડ, s n [See ઝૂડ] A large alligator

ઝૂમ, Same as ઝુમ

ઝૂમ, s f Same as See ઝુમ·ખું
સુગલ શ્રવણે આવ ગહિની રે ચળકે,
તેની ઉપર ઝૂમ પાનડીઓ ઝળકે
—દયારામ

ઝૂલ, Same as ઝુલ

ઝૂલ, [See ઝીલ a particular wire, &c] The portion in a ballad, which joins two principal parts

ઝેણુ, s f [See ઝીણુ] Fine powder or dust 2 Smoke issuing from a tobacco pipe, &c 3 s n [See ઝનુન] Madness, fanaticism

ઝેર, s n [P See ઝેહેર] Poison 2 Anger 3 Disgust, annoyance 4 Antagonism, enmity

Id ઝેર આપવુ–દેવુ To kill by poison. ઝેર ચઢવુ To work, to produce the effect (of a poison) ઝેર ચઢવુ–આવવુ To get angry with એની આખમા ઝેર વરસી રહ્યુ છે His look shows that his mind is under the influence of anger ઝેર ઉતરવુ To subside (of a poison) ઝેર ઉતારવુ To remove a poison by an antidote ઝેર વાવવુ To sow the seeds of a quarrel ઝેર થવુ To lose the favour of 2 To be an object of dislike ઝેર વાળવુ To be jealous of 2 To be ready to do harm to

ઝેર, See ઝાંઝર

ઝેર-કચુરો, s m [+કચુરો] Strychnia

ઝેર ણી, s f A small churning handle

ઝેરી, } ઝેરી લું, } adj Poisonous 2 Envious, malicious, inimical

ઝેડે, s n [See ઝર·વું to drop] A sharp shower

ઝેસુ, s f Dust

ઝોક, s f Same as ઝોકો

ઝોક, s f [See ઝુક·વું] A bending; an inclination, a leaning over 2 Deviation from perpendicularity 3 A swinging motion 4 A loss 5 A sudden thrust in the eye 6 [S गोष्ठ a cow pen] An enclosure near a village, in which goats and sheep are kept

Id ઝોક લાગવી–વાગવી To suffer from a thrust in the eye 2 To suffer a loss ઝોક ઉતારવી To make mesmeric passes to cure the eye from the effects of a thrust
સુરભગ શરીર દિયો, રામ નામ દ્રઢ દિયો,
બાકો બળવત બરો, ઝપાય દિયો ઝોકમા
—સામળભટ.

ઝોકંટા, s m pl [See ઝોકા·વ·વું to toss up Cf ઉછાળ·વુ] The hearty enjoyment of a feast, merry making, revelry

ઝોક વુ, v t To throw, to toss, to fling. 2 v i To rush, to throw oneself into a work rashly, to venture 3 To nod or doze through dullness or intoxication

ઝોક-વાડા, s m pl [+વૃત્તિ state] Rushing blindly (of an enterprise)

ઝોકાવ વુ, v i To rush blindly 2. To venture 3 To launch (a boat) at a time of danger

ઝોકું, s n A nod, a doze

Id ઝોકુ ખાવુ To nod, to doze બેઠા બેઠાં ઝોકા ખાવાં To sit idle or doing nothing

ઝોકો, s m A swing, an oscillation 2 The act of reeling 3 A fraudulent turn of a balance in weighing out goods 4 A thrust in the eye, Cf ઝોક, 5

Prov દુખતી આખે ઝોકો વાગે Lit The eye already paining gets a blow. It never rains, but it pours Misfortunes never come singly

ઝોટ, s f }
ઝોટડી, s f }
ઝોટી, s f } [Hem Des झोटी = S अर्धमहिषी a young she-buffalo See દુગ્ધ, દૂઝ·વુ,
ઝોટું, s n }
દોહ·વુ, to milk+ડી dim] A milch buffalo
માનની કહે રે મિત્ર સુણ, નથી મારે કાઈ ખોટ,
ઊતરે ઘૃતની તાવડી દશ દુઝે છે ઝોટ
—સામળ

તે તો દાવ કદી આપ્યું આત તણું,
ક્યાથી દુકે હુ તો ઘેર ? ૧ —નરસિંહમહેતો.

ઝોટિંડૂગ, *s m* [See ધતિંડૂગ *fr* S दहत् burning, or જ્યોત flame, + અગ the body] The spirit of a deceased person supposed to be wandering about as a goblin

ઝોડ, *s n* An apparition, a ghost, an evil spirit 2 A tiresome or troublesome person

Id ઝોડ વળગવુ To be bothered by a tiresome or troublesome person ઝોડ ઝડપ Being possessed by an evil spirit

ઝોળૂળી, *s f* [See ઝોળી] A bag with a narrow mouth 2 [See ઝોળી, ઝુલવુ] A child's cradle, a swing for a child to sleep in

ઝોભા-વું, ઝોભા વુ, જોભા-વુ, જોભા-વું, } *v i* [See ઝોભો, જોભો, ઝોભો] To be totally deranged in the functions of the body 2 To be unconscious

ઝોભો, ઝોભો, } Same as જોભો

ઝોરળી, *s f* ઝોરળો, *s m* } [See ઝોળી] A bag, a wallet, a bag with four mouths

ઝોલુ, *s n* [See ઝુલવુ, ઝુલો, ઝોકો] A company, a crowd, a body, a multitude 2 Same as ઝોકુ A nod, dozing

Id ઝોલા ખાવા To nod 2 To move or be shelved from day to day, to be postponed from day to day ઝોલા ખવડાવવા To postpone from day to day

ઝોલો, ઝોલ્લો, } Same as ઝુલો

ઝોળ, Same as જ્વાળા

ઝોળ-વું, ઝોળી નાખ વુ, } *v t* [See ઝુલવુ, + નાખવુ To shake 2 To catch a man's arms and shake him, to torment

ઝોળાવો, Same as ટોળાવ

ઝોળા-શેક, *s m* [See ઝોળી શેક શેકવું] Fomentation with a heated bag containing medicinal drugs

ઝોળી, *s f* [See ઝુલવુ, ઝુલો, ઝોલો] A four mouthed bag 2 A wallet of a beggar or a religious mendicant

Id ઝોળી લેવી Lit To take up a wallet for begging Hence, 2 To be an ascetic and live by begging 3 To be a beggar

ઝોળી-પોળી, *s f* [+ પોળી redup] The ceremony of swinging a new born baby in its cradle at the time of giving it its name
ઝોળી પોળી પીપળ પાન, ફોઈએ પાડ્યુ ફલાણુ નામ
—ભાષા

ઝોળુ, Same as ઝોલું

Id ઝોળેઝોળા Several groups, many groups, a large number composed of many groups

ઝોળો, *s m* Same as ઝુલો, ઝોલો, ઝોલ્લો.

ઞ.

ઞ, *s m* The twenty first letter of the alphabet, and the tenth among the consonants

N B —There is no word beginning with ઞ

ટ.

ટ, The twenty-second letter of the alphabet, and the first of the class of the cerebrals or linguals (મૂર્ધન્યાની)

ટક, *adv* [Imit *Cf* Eng *Tick*] Showing the sound *tak a*

ટક-ટક, *s f* [Imit *Cf* Eng *Tick tick*] Unceasing and troublesome speech, a chat 3 Wrangling, squabbling 4 *adv* With a stare, with a fixed gaze

ટકટકા-ર, *s m* [... doing *fr* ...]

A tinkling sound 2 Prattle, chatter

ટક-ટકિ-યું, s n Anything that makes a continuous troublesome sound

ટક વું, v i [Mar टिक ण fr S तितिक्षा endurance, patience, fr ति-तिक्ष ति Desid of तिज् to endure, to suffer Or See તગાવી fr Ar तकावी fr कुव्वत, કૈવત, strength] To endure, to continue, to last 2 To remain, to stay

ટકા-ઉ, adj Durable, lasting, permanent, of long continuance

ટકા વ, s m Durability, stability 2 Remaining, staying

Id ટકાવ કરવો-રાખવો To stand firm, not to yield, to hold on under unfavourable circumstances

ટકિ-યો, s m [See તકિ-યો] A wooden or metallic support serving as a cushion, used while taking meals, a pillow 2 Same as તકિ યો.

ટકો, s m [S त्रि-क a group of three, a triad, fr S त्रि three] A measure of value equal to three quarters of an anna or nine pies 2 A rupee in value 3 s m pl (ટકા) Money, wealth

Id એક, બે, ત્રણ, ઇ૦ ટકા, One, two, three, &c, per cent ટકાનું માણસ A worthless person ટકાની ચિભડી A miserable creature ટકા કરવા To sell things for money 2 To make money, to amass a fortune આ તને વેચીને ટકા કરે, એવો છે Lit He can sell you away and make money 2 He is shrewd enough to cheat you, and rob you of your money ટકા ઉપરાવવા To beg પૈસે ટકે સુખિયા લોક Well-to-do people ટકા ચઢવા To increase (of interest on money borrowed or lent) ટકા ચઢાવવા To exaggerate

Prov ટકાના ત્રણ શેર Very cheap 2 Worthless ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં Absence of discrimination ટકાની ડોશી ને ઢબુ મુંડામણું Great toil, little work Much ado about nothing ટકો પૈસો લે, ને મને છુટવી જવા દે Take from me whatever I have, and save my life ટકો પૈસો લે, ને મને ગણ I would spend anything to gain reputation ટકા મળે, પણ તક ન મળે નહિ Make use of your opportunity at any cost Make hay while the sun shines

ટકો-ટક, Same as ટકો-ટક.

ટ-કોર, s f [See ટ કારો] Ridicule, irony, a burlesque

ટકોર-ખાનું, s n [See ટ કોરો+ખાનું] A raised seat made for drummers, a place where kettledrums are beaten

ટ કોર વું, v t Lit To give a quick smart blow Hence, 2 To give a warning, to warn, to caution

ટ કોરી, s f A small ટ-કોરો 2 A small bell

ટ-કોરો, s m [Guj ટ Imit + S कार suffix showing the sound of the preceding letters fr कृ to do] A quick smart blow, a stroke 2 A fillip

Id ટકોરો મારવો To give a quick smart blow 2 To give a warning, to warn, to caution ટકોરો મારે એવું Surpassing, superior to ટકોરો મારી જોવું To make an experiment by striking a quick smart blow 2 To try the patience of a man by striking a blow 3 To test ચારને ટકોરે At the stroke of four o'clock in the morning

ટ-કોળ, s f [See ટક, ટ-કોરો, ટોળ] A joke, a piece of fun

ટક્કર, s f [Imit See ટક, ટ કોરો] A blow with the horns or forehead, a butt 2 An effort at rivalry

Id સામી ટક્કર Resistance ટક્કર લેવી To resist ટક્કર ઝીલવી To resist successfully ટક્કર મારવી To give a violent blow

ટગ-ટગ, Same as ટગર-મગર.

ટગ-મગ, adv Same as ટગર-મગર

ટગ-મગ, adv [See ડગ મગ] Tottering, about to fall down.

ટગર-ટગર, } adv [Imit] Gazing staring
ટગર-મગર, }

Id ટગર ટગર જોવું To gaze vacantly or helplessly

ટગુ-મગુ, a [Imit See ડગુ-મગુ] Tottering 2 Continuing with interruptions 3 Walking with interruptions adv Interruptedly

ટંક, s m f [S टङ्क् to fasten, उट्टङ्क् to cut up Cf The derivation of Eng Ti

fr Lat tempus *fr* Gr temno to cut] A fixed time

Id એક ટક, બે ટક, ઇ૦, One time, once, two times, twice, &c

ટક, Same as ટાક A small measure of value

નરસિયા રકને ટક કરશુ કરે, દીન બધુ વધ્યો આક આઠો.
—નરસિંહ મહેતો

ટંક, Same as ટકો A rupee

ન જાણશો મનમા આગક, તમ આને પામ્યા લખ ટક
—પ્રેમાનંદ

ટંકણ-ખાર, s m [S टंक,टकण+ ખાર] Borax

ટંક-શાળ, ટંક-સાળ, } s f [S टङ्क-शाला *fr* टङ्क a stamped coin *fr* टङ्क to fasten, उट्टङ्क् to cut up, to scratch, to dig up, + શાળા place] A mint

ટંક-શાળી, ટંક-સાળી, } s m An officer in a mint, the mint-master

ટં કાર, s m [S *fr* टम् Imit +कार suffix showing the sound of the preceding letters *fr* कृ to do] The sound of a bowstring, a twang

ટંકાવવું, v t [Caus of ટાંકવુ] To get a mark made with a chisel 3 To attach with a pin (of a piece of paper) 4 To make a note of in writing

Id ભેંસ ટંકાવવી To get a she-buffalo covered

ટંકિત, *adj* Made rough with a chisel (of the surface of a mill stone, &c) 2 Marked with small pits or depressions.

ટંકે-ટક, ટંકો-ટક, } *adv* [See ટક] Exactly at the fixed time, timely 2 Brimful 3 Just up to the brim or end, and nothing more than that (of a liquid)

ટંગડી, Same as ટાંગ 2 Same as તંગડી

Id ટંગડી ઝાલવી To catch by the leg

ટંગા વુ, v i [Pass of ટાંગ વુ] To be suspended or hung

ટચ, s n. [Eng *Touch*] The unit of measure of the quality of gold

Id સોટચનુ સોનુ Gold of the best quality

ટચ-લઈને, *adv* [Guj ટચ Imit *Cf* ટક + લે વુ] In a moment, in a trice, immediately

ટચ કડી, s f [Guj ટચક Imit] A fillip, a sound produced by a jerk of the middle finger forced suddenly from the thumb

ટચ કારી, [Guj ટચ Imit *Cf* ટક, + S कार suffix showing the sound of the preceding letters] Same as ટચ ક ડી

ટચ કિયુ, s n [See ટચક ડી] A stiff back, stiffness of the back owing to rheumatism

ટચ કું, s n [See ટચ કડી] A hint, an insinuation 2 [Preceded by ટાણુ as ટાણુ-ટચ કુ] A particular occasion 2 A ceremony, a festivity, a festive occasion

ટચરો, Same as ઠચ્ચરો, ઠચ્ચર

ટચલી આગળી, s f [+આગળી] The little finger

ટચાક, *adj* [See ટચકડી, ટચકારી] Vain, boastful

ટચાક, *adv* [Imit] Noisily dashing against

ટચાક ડી, ટચા-કરી, } Same as ટચકડી

ટટવા ણી, s f [See ટટ્ટુ] A pony mare, a small mare

ટટવુ, s n A small horse, a pony

ટ-ટ ળવું, Same as ટવળવું

ટ-ટળાટ, Same as ટળ-વળાટ

ટ-ટળા વ વું, v t [Caus of ટ ટળવુ] To make restless 2 To cause to pull on in hope 3 To torment by giving a cause for hope, to tantalize 4 To starve, to famish

ટ-ટાર, *adj* [Guj ટટ Imit + કાર doing Or See કાર, કેર, કોર, *fr* સ્થિર fixed *fr* S स्था to stand] Erect, straight up 2 Stiff, unbending

Id ટટાર ઉભુ રહેવુ To stand up erect ટટાર થવુ To stand erect 2 To be ready પાદડા ટટાર થાય છે The leaves straighten themselves out

ટટુ, s m n Same as ટટ્ટુ

ટટ્ટી, s f [Hem Des टट्टइआ=S तिरस्करिणी a curtain, *also* तट्टी = S वृतिः a hedge] A bamboo fence; a wicker fence or partition,

a hurdle

Id ટટ્ટી ઉડવી-થવી To be exposed to public ridicule 2 To be disgraced

ટટ્ટુ, s m n [Hem Des टाँगो=S अधम तुरङ्ग =a very small horse] A pony, a small horse

Id તેનુ ટટ્ટુ ચાલતુ નથી He cannot have it in his own way ટટ્ટુ હાંકવુ To make way for oneself against resistance, or indifference on the part of others 2 To make oneself heard or attended to ટટ્ટુ ચલાવવુ To maintain oneself પોતાનુ ટટ્ટુ જેમ તેમ ચલાવવુ To maintain oneself with difficulty

Prov ટટ્ટુ મારે તેજ ડરે To be wiser by another's bitter experience

ટડ-પડા ટ, s m [See તડ + પડ ટુ + વૃત્તિ] Resistance, opposition

ટણ્ણ-ક, adj [Guj ટણ Imit + ક dim Or see કઠણ hard, by transposition of letters] Stupid, thick headed 2 Wandering

ટણ્ણ-કો, s m [+કાર doing] False airs

ટણ્ણચ, s f A kind of snake

ટણ્ણો, s m Pudendum muliebre

ટટા-ખોર, adj [See ટંટો +P खोर् fond of fr खुर्दन् to eat] Quarrelsome, contentious

ટટો, s m [Hem Des तट=S पृष्ट asked] A quarrel, a pique, a dispute, a contention, wrangling, an altercation

Id ટંટા બખેડા-ફિસાદ Dispute and differences 2 Any kind of dispute

ટંડેલ, s m The commander of a ship, the master of a craft 2 A tall man

Id ઉંચો ટંડેલ A very tall man

ટન s m [Eng] A ton

ટપ [illegible] Imit Or see થાપવુ, સ્થાપવુ, to p[illegible] Or S स्तिप् to ooze] Quickly, sharp, smartly

ટપ, s n [Eng *Tub*] A cask, a tub

ટપ, s m [Eng *Top*] The top or cover of a lamp, carriage, &c.

ટપ ક-ટપક, Same as ટપ-ટપ

ટપ-ક વું, v i [See ટપક ટપક, ટપ-ટપ] To trickle, to drop, to leak, to drip

ટપ-કા-વ-વુ, v t [Caus of ટપ-ક વુ, ટપ-ક, to dribble] To make to fall in drops, to cause to trickle

ટપ-કા-વ-વુ, v t [See ટપ-કું] To mark, to note down, to put down on paper as short notes

ટપ-કી, s f [See ટિપુ a drop] A small round mark on the forehead among the Hindus 2 A small metallic circle

ટપ કું, s n A drop 2 A blot

ટપ કો, s m A horoscope

ટપ-ટપ, adv [Redup of ટપ dribbling] Showing the sound of rain falling in drops, trickling 2 Quickly, smartly

ટપ-ટપિ-યું, s n } [See ટપ ટપ] A razor-strop
ટપ-ટપી, s f. }

ટપ-લી, s f A slap, a stroke with the hand on the head

Id ટપલી મારવી To give a slap ટપલી ખાવી To be slapped 2 To learn a lesson at one's own cost

Prov ટપલી મારવી, તે ખાવી If you slap others, you must expect the same from them Do unto others as you would have them do unto you

ટપ લું, s n A wooden instrument used by potters

ટપ લા-ખાજી, s f [+P बाजी playing fr बाख्तन् to play] Smacking and cuffing 2 A succession of slaps given in jest

Id ટપલા બાજી કરવી To slap in jest ટપલા ખાઈ ખાઈને Owing to repeated reverses

ટપ લો, s m A slap, a heavy pat 2 An imputation, a charge 3 Insolent censure, insolence 4 Censure 5 [See ટપ-લુ] An instrument with which potters beat clay

Id ટપલો ખાવો To be blamed ટપલા ખાઈ ખાઈને થવુ To be wise from hard or bitter experience ટપલો માથે રહેવો To have a charge hanging over one's head ટપલો મારવો (વક્રોક્તિમા કહેવુ) To make use of an ironical expression, to taunt

ટપ-વું, } [See ટપ, or સ્થા-પ-વું] v t
ટપી જ-વું, }
To leap, to jump 2 To jump over

ટપસ-ટપસ, adv [Imit] Making the

sound ટપસ-ટપસ (of worn out shoes)

ટપા-ટપ, *adv* [See ટપ] Briskly, smartly

ટપા-ટપી, *s f* An altercation, a sharp noisy quarrel

ટપા લ, *s f* [See ટપ્પો a halting place + આલય a house] Post, mail 2 A post-office

ટપાલ ઓફિસ, *s f* [+office] A post-office

ટપાર વુ, *v t* [See ટપ + કાર doing] To strike, to beat

ટપુસિ યા, *s n pl* [See ટપ, ટપ•વુ] Slaps given with the bottom of a winnowing fan in order to drive away dust or chaff from the grains 2 Loose shoes, slippers

ટપેર•વુ, Same as ટપાર વું

ટપો-ટપ, *adv* [See ટપ, ટપ ટપ] One after another, successively 2 In a trice or moment, instantly

ટપ્પ, Same as ટપ

ટપ્પો, *s m* [See સ્થા•પ•વુ to put] A halting place, a stage, a station. 2 A certain air in music 3 The range, the reach, the extent 4 A distance, a space 5 A rumour

Id ટપ્પો મારવો To set a rumour circulating 2 To use a vexatious and slightly ironical statement ટપ્પો ખાવો To put up with a vexatious joke ટપ્પા ઉપર ટપ્પા મારવા To advance one argument after another

ટબ ક વું, Same as ટપ•ક વું

ટબ•કું, Same as ટપ•કું

ટબલું, *s n* Same as તબલા

ટબા રો, *s m* [See ટબ•કા•વ•વુ to make small notes *fr* ટબ•કો, ટપ•કો, small marks or notes] Household expenses, maintenance charges

ટબુક ડિ યું, *s n* [See તબક•ડી *fr* તબક] A particular kind of sweetmeat having the form of a dish

ટબુ કી, *s f* A small metallic water pot

ટબો, *s m* [S टिप्पणी a comment *fr* टिप् to direct See ટીપ] Comments, notes, a short commentary

ટમ-ટમ વુ, *v i* [Imit] To hope for eagerly or anxiously

ટમ-ટમા•ટ, *s m* Eager hope, eager ness 2 Haste, hurry

ટલાટી, See તલાટી.

ટલાટુ, See તલાટુ

ટલ્લો, *s m* [See ટેહેળ•વુ to stare at] A trip, a turn, an excursion

ટવળ વુ, Same as ટળ વળ વુ

•-સંધ્યા, *s f* [S त्रि three+સંધ્યા a joint, the evening being the third joint since the moving] The evening twilight 2 The evening

ટસે ને ટસે, *adv* [See ટેસ a knob] Uninterruptedly, continuously

ટઙ-ટઙ, *adv* [Imit See ટેહેળ•વુ] With a fixed stare

ટઙ-ટઙા•વ વુ, *v t* [Imit] To gulp down, to swallow

ટઙ કાર *s m* [Guj ટઙ Imit +S कार suffix showing the sound of the preceding letters] Frequent ejaculations through pain

ટહલ, Same as ટેહેલ

ભિક્ષા પછી સદીપન ગુરૂ, કરી ટહલ રીઝાયે,
કાલાદિકકો જીતી, પુત્ર ગુરૂ લાઇ દિયે હેં
—દયારામ.

ટહાકુ, Same as ટાકું

માટે ટહાકુ નાખ્યુ છે, તજ વિના, રે વહાલા,
આપણે કરવુ દુરિજન લોક રે જી —દયારામ

ટહુ•કો, *s m* [Guj ટહુ Imit + કાર, See ટહ કારો] A loud and long cry 2 To interrupt a speech with ejaculations so as to encourage the speaker

ટળ વળ•વું, *v i* [Guj ટ, ટળ, Redup of વળ વુ to turn] To be unsteady, to be restless 2 To pull on in hope 3 To be tormented by hope 4 To starve, to famish

ટળ-વળા•ટ, *s m* [વૃત્તિ state] Restlessness 2 Pulling on in hope, eager expectation 3 The torments of suspense 4 Starvation

ટળ•વું, *v i* [See ટળ•વુ] To pass off, by, away, or over, to be cured, 2 To disappear, to glide off, to vanish 3 To elapse

ટાક, *s f* [Hem Des टंक=S छिन्नम् cut up *fr* S टङ्क] The seventy-second part of a *sher* 2 A standard of weight much used in weighing pearls 3 [S टङ्क a hatchet

fr टङ्क् to fasten, टङ्क् to dig up] A nib 4 A steel nib of a pen 5 Marks made with a pen 6 Writing 7 Time

નંદ કુવર માહારા ટેવ થવાનો, એટે ર્યો ના લખિયો ટાંક
—દયારામ

ટાંકણી, s f A pin

ટાંકણી, s f [See ટાંકણી] Frequent warning, importunate urging

ટાંકણી, s n [Dh Des तक्खण fr S तत्क्षणम् at that moment Or Hem Des चक्को= S अवसर opportunity] A fit time or occasion, a juncture, an opportunity 2 A holiday

ટાંકણું, s n [Hem Des टङ्क = S खनित्रम् an instrument for digging] A chisel.

ટાંકલી, s f [See ટાંકણી a pin] A small pin

ટાંકલી, s f [See ટાંકુ] A small tank.

ટાંકવું, Same as ટાંકણું,

ટાંકવુ, v t [See ટાંકો a stitch] To sew, to stitch 2 To append

Id કસ ટાંકવી To sew a ribbon (on to a coat, &c.) અરજીની જોડે યાદી ટાંકવી To attach a list to an application

ટાંકવું, v t. [See ટાંકણુ] To chisel 2 To write in haste, to note down

Id ઘટી ટાંકવી To make pits or depressions on a millstone હિસાબ ટાંકી રાખવો To write down or note down an account

ટાંકી, s f [See ટાંકુ a tank.] A cistern, a reservoir of water, a small well, a small tank.

ટાંકી, s f [See ટાંકણુ] The process of chiselling 2 Incisions or notches made with a chisel 3 A venereal disease, syphilitic cancer or ulcer

Id ટાંકી લાગવી To have produced the effect (of a medicine on a disease), to produce an effect

ટાંકું, s n [See ટાંકી] A reservoir for water, a cistern a tank

ટાંકો, s m [See ટાંકવું] A stitch

Id ટાંકો મારવો—દેવો—ભરવો To stitch ટાંકો ટૂટવો To open up (of a seam)

ટાંગ, s f [S टङ्गा, टङ्क] The leg, the limb from the hip to the foot

ટાંગણું, s n [See ટાંગ the leg] A nag, a pony 2 A little and short fellow, a little man, a diminutive creature 3 A contemptuous epithet for a boy, a youngster

ટાંગવું, v t [S उट्टङ्क् to fasten up fr. उद् up+टङ्क् to fasten] To hang, to suspend

ટાંગા-ટોળી, s f [See ટાંગ+ટોળી a group] The act of lifting a child by its shoulders

ટાંગો, s m See ટાંગ.

ટાંગો, s m A light horse-carriage

ટાંચ, s f & adj [Eng Attachment] A writ of attachment or sequestration

Id ટાંચ આવવી—બેસવી To be under a writ of attachment ટાંચ બેસાડવી To get attached under a writ ટાંચ ઉઠી જવી To be free from attachment under a writ

ટાંચ, s f [See ટાંક a nib] The nib or slit of a pen 2 An oblique hint

ટાંચ, s f [See ટાંચ a cut] Deficiency, scarcity, want

Id ટાંચ આવવી—પડવી To feel a scarcity or want

ટાંચણું, s n [See ટાંચવું, ટાંકવું, to make notes] A synopsis 2 Short notes

Id ટાંચણુ કરવુ—રાખવુ To make short notes

ટાંચણી, ટાંચલી, } Same as ટાંકણી A pin

ટાંચમ, s f [See ટાંચ] Deficiency, scarcity, want

ટાંચવું, v t [See ટાંકવુ] To stitch 2 To thrust into 3 To clip, to retrench, to economise

ટાંચું, adj Short, dwarfish

Id ટાંચુ પડવુ To be deficient or wanting

ટાંટિયો, s. m [Hem Des. टङ्क= S जङ्घा the leg] The leg

Id ટાંટિયા અકડાઈ જવા—રહી જવા To be unable to walk through over-exertion in walking ટાંટિયા ભાગવા—ભાગી જવા Lit To have the legs broken Hence, 2 To lose all ground for hope, to be hopeless ટાંટિયા ભાગી નાખવા To give a severe beating 2 To deprive of all ground for hope, to make hopeless ટાંટિયા ટૂટવા To have pain in the calves of the legs ટાંટિયા પકડવા—ઝાલવા—સા-

ઢવા-ઉશાળવા To have sexual intercourse with a woman ટાંટિયા આવવા To begin to walk (of a child) 2 To be able to conduct one's business on one's own account 3 To be able to overreach or deceive one's elders or superiors ટાંટિયાનો આળો-ટાંટિયાનો ભાગેલો Unwilling to exert oneself, unwilling to work એના ટાંટિયામાં બહુ જોર છે He is conscious of his own strength ટાંટિયા ધોઇ પીવાજોગ Very pious and virtuous, so pious and virtuous as to purify other's lives with the water in which one has washed one's feet એનો તો ટાંટિયો જ ટકતો નથી He does not stay long in one place, he is not a steady worker એનો તો ટાંટિયો જ ટળવાનો He shall be prohibited from entering the house મારા ટાંટિયા કહ્યું કરતા નથી I am unable to walk owing to exhaustion ટાંટિયા ગળે આવવા To be thrown into a difficulty ટાંટિયા જોરમાં હોવા To be merry, cheerful, and energetic ટાંટિયા તોડવા Lit To injure one's own legs. 2 To take the trouble of walking up to ટાંટિયા પહોળા થઈ જવા To be perplexed ટાંટિયા બેસવા To be disappointed ટાંટિયા મેળવવા To make the two sides of an account tally ટાંટિયા રગવા To beat ટાંટિયો ટાળવો To prohibit from entering a house 2 To refuse access into a house ટાંટિયો વાળવો To rest oneself ટાંટિયા નરમ પડવા Lit To lose the strength of one's legs 2 To lose vigour to be weak 3 To lose money

ટાડર, ટાંડેર, } s f [See ટંટો] A dispute, an altercation

Id ટાડર કરવી To dispute

ટાઢડ, ટાઢેર, } s f [See ઠંડ ઠંડુ] Shivering

Id ટાડર આવવી To be attacked by a fit of shivering

ટાંડુ, s n [See તાંતો thread fr તાન stretching+ડુ dim] A caravan 2 A line of bullocks 3 The head of a series, the front, the top, the summit

નરદે નારી એ તો પ્યારી બની રે,
પછે ઉભરા ત્યજ્યા જોઇ ટાંડો
—બાપુ સાહેબ ગાયકવાડ

વજાગી દીઠે ટાંડે, નવી નવી પ્રીત માંડે,
જણાયે દુ ખને ટાડે, સ્નેહીને નિશ્ચે ટાડે
—પ્રેમાનંદ

ટાણુ, s n [See ટાકણું fit time] A juncture, an opportunity, a fit time 2 An occasion of rejoicing, a day of festivity, a holiday Same as ટાકણુ Fit time

Id ટાણુ આવવુ To have an occasion of festivity ટાણુ જવુ To pass without a hindrance (of a festive occasion) ટાણુ કરવુ To perform a ceremony on a festive occasion ટાણે ટચકે On festive occasions ટાણું-સર At the proper time, in a festive ceremony

ભાટ, ભવાઈ, નાટક, ચેટક, નાચત ગેઈ ગેઈ ટાણ
—ગોપીભાઈ

ટાપ, s f [Eng Stop] A stop in a written sentence, a mark of punctuation 2 full point

ટાપણી, s f [See ટાપ] Aiming at, watching 2 Fraudulent watchfulness 3 Readiness, eagerness

ટાપવુ, v t [See તાપ] To aim at 2 To be eager for 3 To be ready for through eagerness

Id ટાપી રહેવુ To be eager for

ટાપુ, s, n A visit, walking to pay a visit

Id ટાપુ કરવુ-ખાવુ To pay a visit, to walk to pay a visit

ટાબ, s f [See ... to polish] Polishing the upper unpolished surface of gold or silver ornaments

ટાબણ, Same as ટાણુ

ટાય ... adj [See ... redup of ...] Random, ...

ટાયકો, s ... [... suffix showing the sound of the ... letter] The cracking ... stretching a limb ... containing small ... a cradle 3 pl (ટાયકા) ...

ટાયમ, Same as ...

ટાટ, adj [Eng Tweet] ... being under the influence of ...

Id નાગે ટાટ Stark naked 2 Transgressing the limits of decency or politeness

ટાટ, *s n* [Eng *Tight*] Sack cloth, canvas, gunny cloth

ટાટ, *s m* A large shallow dish
અંગરાગ કેરૂ ટાટ, સ્વામી ભેસુ સજી ઠાઠ,
આવતા વધાવુ નાથ, (આ) સાગ માનુ ન ચાગનુ
—વલ્લભ

ટાટ-પટી, *s f* [+ પટો, પટી] Same as ટાટ Sack-cloth

ટાટલું, *s n* [See ટાટ a dish] A vessel, a pot 2 A dish in which a meal s served

ટાટિયાં, *s n pl* [See ટટ્ટી] A bamboo frame fixed in a cart

ટાટી, Same as ટટ્ટી

ટાટુ, *s n* A bamboo-frame which serves as a seat

ટાઢ, *s f* [See ઠારવુ, ઠાર, સ્થિર, or ઠંડુ, શાન્ત] Cold, privation of heat, coldness 2 The sensation of cold

Id ટાઢ વાય-લાગે છે-આવે છે-ચઢે છે To be attacked by a fit of shivering ટાઢ તડકો Lit Cold and heat 2 Rise and fall 3 Pleasure and pain ટાઢ ચઢવી To be unwilling ટાઢ ફેરો મારે છે Cold cannot enter 2 Cold can produce no effect

Prov ટાઢ જાય રૂએ, અને આદત જાય મુવે What is bred in the bone will come out of the flesh Filth is got rid of by washing, not by habit ટાઢ ગાઢ કરીએ નહિ,ને ટાઢના માર્યા મરીએ નહિ Everybody complains of cold but manages to put up with it ટાઢ વાય સહુને, ને ન વાય વહુને Everybody complains of cold, but a young wife

ટાઢક, *s f* Coldness, refreshing cold 2 Gratification, satisfaction

Id ટાઢક વળવી-પડવી To be contented, to feel oneself satisfied

ટાઢા *s m pl* [Used for euphemy] Brands, actual cauteries 2 Ironical scolding, taunts

Id ટાઢા દેવા To brand 2 To taunt, to abuse

ટાઢિયો તાવ, *s m* [+તાવ] Ague

ટાઢી, *s f* Ashes of a dead body burnt

Id ટાઢી વાળવી To remove the ashes of a dead body

ટાઢી-શિયલ, } ટાઢી-શિળ, } *s f* [+શીતળ] The seventh day of either of the fortnights of the month of Shrāvan, on which cold food is eaten

ટાઢું, *adj* [See ઠંડુ] Cold, cool 2 Slow, lingering 3 Not active, sluggish 4 Not bright (of colour) 5 Quiet; calm 6 Satisfied

તાહરૂ સુખ જોતા, મન માહરૂ ઘણુ થાય છે ટાઢુ રે
—દયારામ.

Id ટાઢો માર મારવો To beat severely with blows and kicks ટાઢી રસોઈ Cold food. 2 Ancestral property તે વાત કરવામા ટાઢો છે He is slow and lingering in talking ટાઢુ પડવું To lose vigour, to be quiet ટાઢુ પડી જવુ To lose brightness 2 To be unnerved 3 To be impotent ટાઢું ટપ Perfectly quiet ટાઢુ શીળુ Food left over from the previous day 2 Any food irrespective of its taste ટાઢુ નાખવુ To postpone to delay
માટે ટાઢુ નાખ્યુ છે, તક વિના રે વહાલા,
આપણે ડરવુ છે દુર્જન લોકથી —દયારામ.
ટાઢા પાટિયા કરવા To have done eating ટાઢા પથરા જેવો Dull ટાઢુ ઘોરાયા જેવુ Stale and cold (of food) ટાઢુ હીમ-શીતળ Very cold (of water), cold as ice ટાઢા પોરનુ ઓલવુ Idle talk ટાઢા પાણીનુ માટલુ Time serving ટાઢા સમ Taking an oath by flowers, &c 2 Taking a solemn oath ટાઢુગાર Very cold 2 Being without vigour ટાઢુ થવુ To be at one's ease ટાઢુ છમ કરવુ To swallow down 2 To misappropriate ટાઢુ પાણી રેડવુ To stop a quarrel with soothing words ટાઢુ પેટ Contentment ટાઢુ લોહી Freedom from anxiety ટાઢો ટાળવો To pass the hottest part of the day in a cool place એ તો મને જોઈને ટાઢો ટપ થઈ ગયો His excitement subsided, when he saw me હાથ ટાઢો કરવો To gain satisfaction by making charitable donations to the needy
મન માન્યુ સુખ મહાલીશુ, હાથ કરીશુ ટાઢો રે
—દયારામ

Prov ટાઢા પાણીએ ખસ કાઢવી To quietly get rid of a troublesome person

ટાઢે ક, Same as ટાઢ ક

ટાઢે કિ યું, s n A cooling medicine

ટાઢ-કિ-યું,
ટાઢોડિ યું, } s n [See ટાઢ-ઓઢ ડુ] A wet piece of cloth kept to cool the body 2 A vessel in which water is cooled

ટાણુ, Same as **ટાણું**

ટાપ-ટીપ, s f [See ટપ ટપ + ટીપ વુ Cf ચાપા ચીપ] Repair, adjustment 2 A nice external appearance 3 Orderly habits

Id ટાપટીપ ને ધોલકુ External artificial beauty given to a thing to conceal its inherent internal ugliness

ટાપસી, s f. An interruption in another man's speech

Id ટાપસી પુરવી To interrupt a speech with short ejaculations (with a view to censure him or show off one's own talents)

ટાપુ, s m [S દ્વીપ, બેટ] An island, an isle

ટાપુવા, s m. [See ટપ ટપ] Bread

ટાબોટા, s m pl [See ટપો ટપ, ટપ ટપ] Clapping of hands

Id ટાબોટા વગાડવા-કુટવા-પાડવા To clap the hands in ridicule, to give ironical cheers

ટાય ડી, s f [See ટટ્ટુ] A small mare

ટાય ડુ, s n
ટાય ડો, s m } A small horse

ટાય લુ,
ટાહ્ય લુ, } s n [See ડાહ્યુ] Loquacity, babbling prattling, chattering 2 A self glorifying speech

Id ટાયલુ કુટવુ To prattle 2 To make a self glorifying speech

ટાલ,
ટાલી, } s f [S तालु the palate] Baldness of the head

ટાલ,
ટાલી, } s f [S ताल clapping the hands fr तड्, ताड्, to beat] A kind of cymbals

ટાલ-કુ, s n [S तालु the palate] The crown of the head

ટાલુ, s n Same as ટાલ Baldness of the head

ટાળ, Same as ટાલ Cymbals.

ટાળ ણુ, s n [See ટાળ વુ] The refuse, things that are rejected

ટાળ-વુ, v t [S त्यक्त abandoned fr त्यज् to abandon] To remove, to get rid of 2 To avert, to prevent 3 To reject, to cancel.

ટાળી, Same as **તાલી, ટાલી**

ટાળો, s m [See ટાળ વુ] Evasion, avoidance

Id ટાળો દેવો To evade 2 To make promise after promise, to make a new promise even though a previous one has not been fulfilled

ટાળો, s m [See તાળુ a lock Cf તાળો] A mystery, a secret

તે ચૌદ વિદ્યા, ચોસઠ કળા, આપા ભેદના ટાળા ઘણા
—આપા

ટાળો, See **તાળો**

ટિગા-ટોળી, Same as **ટાગા-ટોળી**

ટિગા વુ, Same as ટગા વુ

ટિચ-વુ, v t [Guj ટિચ, ટચ, Imit Cf ટચ લઈને] To beat 2 To crack, to break 3 To eat away greedily

ટિમ્બ ર વાં, s n pl [See ટિમરૂ] The fruits of the ટિમરૂ

ટિમરૂ, s n [Dh Des टिंवरुय टिंदुय, Hem Des तेंदुय= S तेंदुकम्] A kind of tree

ટિકટ,
ટિકિટ, } s f. n [Eng *Ticket*] A ticket 2 A label 3 A postage stamp

Id ટિકટ ચોડવી-મારવી-લગાડવી To stick a stamp (on an envelope or, a document)

ટિક્ક ડ, s m [See ટીકી, ટીલુ] A thick small cake of bread

ટિકી, s f [See ટીલુ a red spot on the forehead, being an auspicious mark] Success 2 Influence interest

ટિખલ,
ટિખળ, } s n Pleasantry, mockery, a joke

ટિખલી,
ટિખળી, } adj Jocular, jovial, gay

ટિંક્રા-વું, v i [See ટગા વુ] To hang,

to project 2 To depend for support

ટિચ-કુ, *adj* [See ટચ શબ્દે] Dwarfish, short

ટિટિ-યાણું, *s n* [Guj ટિટિ Imit] Clamour, uproar

ટિટોડી, *s f* [Guj ટિટિ Imit] A female lapwing, a female sand piper

ટિટો-ડો, *s m* A male lapwing, a sand-piper

ટિટ-પીડ, *s f* See ટટ-પડા ટ

ટિપ-ણી, *s f* [See ટીપુ a drop] Scarcity of water

ટિપ ણી, *s f* [See ટિપ-વુ] Beating, striking, hammering 3 Beating chunam or plaster to make it firm

ટિપ ણી, *s f* [See ટિપ ણુ] Noting down, jotting, a note, a memorandum paper

ટિપ-ણુ, *s n* [S टिप्पणी notes *fr* टिप् to direct] An almanac, a calendar 2 A document containing the particulars of a man's nativity

ટિપ રી, *s f* A measure of capacity, half a *seer*

ટિપ-વુ, *v t* [S टिप् to throw] To strike, to hit, to beat 2 To hammer

ટિપ વું, *v t* [S टिप् to direct] To note down, to jot down

ટિપ વુ, *v t* [Mar टिपणें, See ટપ ટપ] To pick up one by one, to glean

ટિપ્પણુ, *s n* [S टिप्पणी *fr* टिप् to direct] Jottings short notes

ટિપ્પો, *s m* [Imit See ટપ, *adv*] Hitting a marble in the game of marbles

Id ટિપ્પો મારવો To hit a marble

ટિમ્બ, *s m* [S टिम्ब a globe, an egg] A dot, a cipher 2 A point in punctuation, the full point

ટિલક, *s n* [S तिलक a circular mark] A mark on the forehead, intended as a sectarial distinction

ટિલા-યત, *adj* The heir apparent, who is marked with an auspicious spot on his forehead

ટિંબા, *s m pl* [S स्तम्भ a pillar *fr* स्तम्भ् to be fixed See થાંભ-લો] Peaks, tops of mountains, hills, an eminence, an elevation, a rising ground

Id ટીંબા ટેકરા Small and large hills

ટીક-વું, *v t* [See ટીકા] To observe minutely

ટીકા, *s f* [S *fr* टीक् to go] A commentary, comments, annotations, notes, an interpretation

ટીકા-કાર, *s m* [+કાર doing *fr* कृ to do] A commentator

ટીકી, *s f* [See ટીકુ, ટિકી] A small round mark of a pigment on the forehead 2 A small round cake 3 A small round piece of beaten gold or silver wire

ટીકો, }
ટિકો, } *s m* Same as ટીકું

ટીચ-કારા, *s m pl* [See ટીચ-વુ Imit + S कार suffix showing the sound or meaning of the preceding letters] Mischief, mischievous acts

ટીચ-કારી, *s f* A joke

ટીચ-વુ, *v t* [Imit] To dash, to crack, to break 2 To eat away greedily (slang)

ટીચા-વુ, *v i* To be dashed, to be broken 2 To be obliged to walk to and fro without doing any useful work 3 To be made to suffer rebukes from both contending parties

ટી-ટી યાગો, *s m* [Guj ટી ટી Imit + S कार doing See ટીચ કારી See ટિટિ-યાણી, ચિચા-ટી] Prattling, prating

ટીડ, *s n* [Dem Des टोटो, तेड्डो,=S शलभ a locust] A locust

ટીપ, *s f* [See ટિપુ, ટીપુ] A list, a catalogue 2 A subscription list 3 A memorandum-paper of amount and value, an inventory, a schedule 4 A note written at the bottom of a page, a foot-note 5 A sentence of imprisonment or transportation 6 A high pitch in music 7 [See ટીપુ, or ટપ, ટપ-ટપ] A particular way of stitching 8 [See ટીપુ] Scarcity of water 9 Same as ટીપ ણી, ટિપ-ણી

Id ટીપ કરવી To make a list ટીપ કરવી ફેરવવી To make a list of names for collecting

subscriptions ટીપ મારવી To pass a sentence of imprisonment ટીપ ભરવી-દેવી To stitch in a particular manner ટીપમા ગાવુ-ટીપના સુરમા ગાવુ To sing in a high key ટીપ દેવી-મારવી To beat chunam or plaster so as to mak it firm

ટીપ-ણી, Same as ટિપ-ણી

ટીપ-ણુ, Same as ટિપ ણુ

ટીપ-ણુ, Same as ટિપ ણુ

ટીપુ, *s n* [Dh Des थेवो, थवो, Hem Des थेवो, *fr* S स्तेप a drop, a small part, a little, *also*, Dh Des तिम्म *fr* S तिम्तम् wet] A drop, a globule of moisture

Prov ટીપે ટીપે સરોવર ભરાય, ને કાકરે કાકરે પાળ બધાય Constant dropping wears away stones, and little strokes fell great oaks

ટી મણુ, *s n* Dry food 2 A feast given to the relatives on the day previous to that of a religious ceremony or feast

ટીલિ-યો, *s m* [See ટીલુ an auspicious mark] A man who paints his body with sectarian marks in order to show that he is devout, a hypocrite in religion 2 A Brāhman.

ટીલી, *s f* A small ટીલો 2 A spot, a mark of disgrace

Id કાળી ટીલી લાગવી-ચોહોટવી To have a mark of disgrace

ટીલું, *s n* [S तिलक] A mark made upon the forehead

Id ટીલુ ચાટી જવુ To deceive 2 To act like a miser ટીલા ટપકા તાણવા To make sectarian marks on the forehead and other parts of the body ટીલુ ચાટી જાય એવો Miserly 2 Cunning enough to cheat.

Prov ટીલા ટપકા હાથના ચાળા, ને ધોતી પોતી બદનના ચાળા To make sectarian marks is within everybody's reach, but neatness in dress requires plenty of money

ટીલો, *s m* Same as ટિલક

ટીશી,
ટીસી,
ટાચ ટ્ટી, } *s f* The top 2 The bud 3 Boasting, bragging

ટં સી-ખોર, *adj* [+P ... fond of *fr* ...] to eat] Boastful, vain

ટીંગો, *s m* A game for children, generally known as ગેડી દડા (used in the Sankheḍā Prānt)

ટુક, Same as ટોચ A peak

ટુક, *s f* [See ટુક ડો] A stanza in prosody

ટુક,
ટુક ડુ, } *adj* [S स्तोक small, little *Cf*
ટુકુ, ગોડ્ડુ છોકરૂં] Short, brief, little

Id ટુકી નજર Short sight 2 A short-sighted policy ટુકી નજરનો Having short sight 2 A mean or niggardly fellow 3 Not far sighted ટુકુ કરવુ-લાવવુ To make shorter, to shorten ટુકુ પડવુ To be shorter than required ટુકામા Briefly ટુકામા કહીએ તો To be brief, to sum up

Prov ટુકુ ને ટચ Short and sweet લાળા જોડે ટુગો જાય, મરે નહિ પણ મારો થાય Like should draw to like Birds of a feather flock together Unequal friendships end in ruin

ટુ કારો, *s m* [See તુ thou + કાર suffix] Saying "Thou" 2 Contemptuous language 3 Contempt

Id ટુકારો કરવો To speak insolently to

ટુટ-ફુટ, *adj* [See ટુટ-વુ] Broken, shattered

ટુટ ણું, *adj* [See ટુટુ] Having a defect or weakness in the hands

ટુટિ-યા, *s n pl* [See ટુટુ, or ટાટિયા] The posture in which the legs are bent double

Id ટુટિયા વાળવા To draw the knees close to the body 2 To curtail one's expenses

ટુટિ યુ, *s n* [See ટુટ વુ] Dengue fever

ટુપ રહી જવુ,
ટુપે ટુપ રહી જવુ, } *v i* To be stiff owing to rheumatism

ટુપ વું, *v t* [Imit] To pinch, to prick 2 To harass, to persecute, to worry 3 To strike with the bill, to peck at, to pick 4 To knead

Id ટુપી નાખવુ To disgrace

ટુપિ યો, *s m* [See ટુપે] A kind of

golden neck-ornament

ટુંપો, *s m* The hyoid bone 2 A noose

પંચ-પ્રાણ, *s m pl* [S *fr* + પ્રાણ] The five vital airs (They are –પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, and સમાન)

પંચ-ભૂત, Same as પંચ-મહાભૂત

પંચમ, *adj* Fifth 2 *s m* The fifth note in the Hindū gamut

પંચ-મહાભૂત, *s n pl* [S *fr* + મહા+ ભૂત] The five elements according to Hindū philosophy, *viz*, પૃથ્વી (earth), પાણી (water), તેજ (light), વાયુ (air), and આકાશ (space)

પંચમી, *s f* The fifth day of either fortnight of a Hindū month 2 The fifth case, the Ablative Case (in Gram)

પંચ-મુખી, *adj* [See પંચ+મુખ] Having five mouths or openings

પંચ-રંગી, *adj* [+ રંગ] Five-coloured; having a variety of colours, motley *Cf* પંચરંગી

પંચ-રસિયું, *adj* [+ રસ] Varied, diverse, of different kinds and fashions, heterogeneous

પંચ-રાશિ, *s f* [S *fr* + રાશિ] The Double Rule of Three, the Rule of Five (in Arithmetic)

પંચ-વક્ત્ર, *adj*. [S *fr* + વક્ત્ર] Having five mouths.

પંચાંગ, *s n* [S *fr* + અંગ] An almanac, a calendar (So called because it supplies information about five things, *viz* , તિથિ, વાર, નક્ષત્ર, યોગ, and કરણ)

પંચાગ્નિ, *s m pl* [S *fr* + અગ્નિ] The five sacred fires collectively (*viz* , અન્વાહાર્યપચન, ગાર્હપત્ય, આહવનીય, સભ્ય, and આવસથ્ય), amidst which an ascetic performs his devotions.

પચાણુ, *adj* [+ નેવુ] Ninety five, (95)

પચાત, *s f* [See પચ five + S आयतन abode *Cf* પચાયતન] An assembly of arbitrators, a jury 2 An investigation, by a jury, of a matter in dispute 3 A matter in dispute 4 The judgment or decision of a jury 5 A state of exigency, bewilderment, difficulty in general 6 Causing to be publicly talked about 7 Vain or needless discussing and objecting to a matter in question

Id See under પચ Five પેટની પચાત Straits for food તેમને પેટની પચાત છે They have not enough to eat પચાતો લડવી To fight out lawsuits

પંચાત-ખોર, *adj* [+ P *fr* खुर्दन् to eat] Quarrelsome, querulous, contentious

પચાત-નામું, *s n* [+ નામું.] The award or decision of an assembly of arbitrators, a written decision, the verdict of a jury

પંચાતિ યું, *adj* That which should be decided or settled by a jury, that cannot be decided or settled by one man 2 Intricate, complicated, difficult to decide

પંચાતી, *s m* A member of a body of arbitrators 2 *s f* Same as **પચાત**

Prov પચાતીના છોકરા ભૂખે મરે An arbitrator does not work for gain

પચામૃત, *s n* [S *fr* + અમૃત] The five nectareous substances, *viz*, milk, curds, clarified butter, honey, and sugar 2 A dish of which the Deccanese are particularly fond

પચાયત, Same as **પચાત**

પચાયતન, *s n* [S *fr* पञ्च five+ आयतन an abode] The five deities, *viz*, ગણપતિ, દેવી, સૂર્ય, વિષ્ણુ, and શિવ, worshipped in one place

પંચાલ, *s m* [S=Name of a particular province in ancient India] A rogue, a knave, a scamp 2 *adj* Roguish, knavish, wily, sly

પચાવન, *adj* [See પચ, પાચ, five + S पञ्चाशत् fifty *Cf* પચાસ] Fifty-five; (55)

પચાશી, *adj* [+એંશી] Eighty five; (85).

પચિ-યું, *s n* [S पञ्च, પાચ, five] A small dhotar or digogi, five hands long

પચી, *s f* [Hem Des पपकर्ं = S चाटु sweet, pleasing Or Hem Des पचारइ = S उपालभते he censures] A joke 2 Ridicule

Id પચી ઉડાવવી To crack jokes at the expense of, to ridicule

પચી, *s f* [S पञ्च, પાચ, five] One of the five jewels fixed in a woman's nose ring

પચી-કર-ણ, *s n* [See પચ five+S कृ, कर ું. to do /] The reduction into union and order, of chaos or discordant elements of the material world

પંચેન્દ્રિય, *s f pl* [S *fr* + इन्द्रिय] The five organs of sense

પજ-ભાગ, *s m* [+ ભાગ] Corn of five different sorts given to the family-priest as a religious gift

પજર, *s n* [S] A cage 2 The fabric or skeleton Same as **પાજરૂં**

પજીરી, } *s f* [See પચ five + છરૂ]
પચા-છરી, }

A mixture of the kernel of coconut, parsley, poppy seeds, sugar, and ચારોળી, (eaten by women in child-bed), presented to the worshippers on the birth day of Krishna

પંજાબી, *adj* [Hind पञ्जाब *fr* S पञ्च five + अप्, आपः, water] Relating to or pertaining to the Punjāb, a province in the North West of India 2 Muscular; tall and strong

પંજો, } *s m* [P पञ्ज the palm with
પઞો, }

the five fingers *fr* P पञ्ज = S पञ्च five] The five of a suit in cards, the five on a die in play; a cast or turn up of five with dice 2 The hand opened out 3 The hand opened as a mark of favour 4 A claw, a paw 5 The iron hand of Muhammadans representing their five holy persons

Id પજામા લેવુ To bring under one's influence પજામા પડવુ-આવવુ To fall into the clutches of 2 To be deceived પંજે પડવો To be successful

હે સતો કામના રહિત, અને સ્થિર મન થઈને,
આપણુ પ્રીતે રૂ પજો લીજે. —લોજોભગત.

પઝેટ•વું, *v t* [See પઝરી] To bear, to endure; to put up with.

પંઝ•ટી, *s f* [See પંજો + વૃત્તિ state] A farmer's tool, a harrow, a rake

પટ, *s m* [S पट cloth] A chequered board or cloth (to play at chess, &c) 2 A roll; a list, a catalogue, a table, a schedule 3 A curtain, a partition 4 A map, a plan 5 Breadth (of a river) 6 Cloth, a garment

કટી દુરા પીતામ્બર બ્રાજેછ, રસના તે અતિ રાજે છ
—દયારામ

7 A suffix added to numerals to show "times," *e g*, દુ•પટ double ત્રિ•પટ treble

Id પટ ખેંચવો–તાણવો–ભરવો To set up a curtain or partition

પટ, *s m* [See પટ] A layer, a coating 2 The effect of companionship

Id પટ બેસવો To possess an effect of the companionship of પટ તાણવો–દેવો To put a coating on.

પટ, *adv* [Imit] At once, suddenly, immediately 2 Positively, decidedly, certainly

પેસી ત્તને ભૂમિ, પટ ખોટી તારી વાત છે —વલ્લભ

પટ•ક, *s f* [See પટ•ક•વુ] Beating, throwing or dashing with force

પટ•ક•વું, *v t* [Imit] To dash, to knock down, to fling or cast away 2 To allure, to cheat, to deceive 3 To wheedle, to humbug

પટ•કા•વ•વુ, *v t* To seize smartly, to nab, to clutch, to catch 2 To put on a garament in a stylish or buckish manner, with a cock or with an airy looseness

પછે પટકાવને પાયે આગળીએ,
એવા સાચા શિષ્યને અમે ક્યારે કળીએ —ધીરો.

પટ•કા•વું, Pass of પટ•ક•વું.

પટ•કૂળ, *s n* [*Cf* S दुकूल a fine garment *Cf* પટોળ.] A fine garment

પટ•કો, *s m* [See પટ cloth + ક dim] A cloth about a span in breadth worn round the waist or the head, a girdle, a sash

પટંતર, *s m* [+ અાંતરો] A cloth-curtain. 2. A curtain. 3. Intervention; being indirect, separateness

પુછી વાત પટતરે, સાચુ બોલ સુજાણ,
પર મોહ્યા કે રસ લિપે, વદ ને વિચારો વાણ
—આમળભટ.

પટંતરો, *s m* A curtain 2 Distinction, separateness

પટ-પટ, *adv* [Imit] Quickly; being sharp in sound; occurring in rapid succession 2 *s f* Babbling, prattling

પટ-પટ વું, *v t* To utter 2 To be eager to speak

પટ-પટા•રો, *s m* [See પટ-પટ, પટ પટિ•યું, +કાર] Giving oneself airs by prating and unnecessary movements of the body

પટ-પટા•વ•વુ, *v i* To give oneself airs by unbecoming and unnecessary movements of the body

પટ-પટિ•યું, *adj* Prating, prattling babbling, loquacious 2 *s n* A toy or a doll showing quick movement of its parts

પટ-પીત, *s n* [+ પીત yellow] A yellow garment

તેણે દીઠા અચ્યુત આગ, પટ-પીત તનુ ઘનશ્યામ
—ગિરિધર.

પટ-રાણી, *s f* [See પાટ + રાણી] The head-wife of a Rājā, the eldest queen Same as પટ્ટ-રાણી

પટલ, *s m* [S = cloud, a covering] A crowd, a group, a collection

પીત પરાગ પટલથી છવાયલ નીલ નલિન જ્યમ રાજે
—ગીત-ગોવિન્દ.

2 Same as પડળ, web or nebula over the eye

પટ•લ, Same as પટેલ

પટ•લા•ઈ, *s f* The position or duties of a પટે•લ 2 The commission or dues received by a પટે•લ 3 Arbitration between contending parties

પટ•લા•ણી, *s f* [Fem of પટે•લ] The wife of a પટેલ.

પટ-વો, *s m* [See પટ cloth + S वाय weaver *fr* वे to weave] A maker of fringe, tassels, network of silk, &c

પટહ, *s m n* [S] A drum

મૃદંગ તાલ પખવ ને વીણા, પટહ વેણુ સ્વર તાન છ
—ગિરિધર

પટા-ળી, *adj* [See પટા-ળ-વું] That which coaxes or flatters 2 Misleading, deceptive

પટા કડી, *s f* } [See પટ-પટ] A loud
પટા-કો, *s m* } noise or crack

પટાટા, *s m pl* [Eng *Potato*] Potatoes (The singular પટાટો is seldom used]

પટા-દાર, *adj* [See પટો a stripe + દાર having] Striped, having long and broad lines of different colours

પટા-પટ, Intens of પટ-પટ.

પટા-પટી, *s f* [See પટો + પટી redup] Several stripes of different colours

પટા-બાજ, *adj* [See પટો a kind of double-edged sword + P बाज़ playing *fr* बाख्तन् to play] Skilled in wielding a double edged sword 2 Skilful in evading, prevaricating or equivocating 3 Deceitful

પટા-મણું, *adj* [See પટા-ળ-વું] Coaxing, flattering 2 Cheating

પટારો, *s m* [See પેટી + અગાર a house] A large box.

પટા-વત, *s m* [See પાટ+વત, વાળુ] The heir apparent to the throne of a king

પટા-વત, Same as પટા-વાળુ

પટા-વ-વું, *v t* [Confusion of પટ પટ and પતા-ળ-વુ] To flatter, to cajole 2 To cheat, to deceive.

પટા-વાળો *s m* [See પટો a stripe +S वत, वान, વાળુ, suffix showing "possession"] A peon wearing the badge of his office

પટિ-યા, *s n pl* [See પટી, પટ્ટી] The clusters of hair combed into stripes and set in a charming fashion

પટી, *s f* [See પટો a stripe] A strip a slip, a shred, a narrow and long piece 2 A chip, a band 3 A fold, a plait

પટુ, *adj* [S] Clever, skilful, well versed 2 Smart; sharp, apt, ready

પટે લ, *s m* [See પટ, પટો, a charter] The hereditary headman of a village 2 The headman of a class. 3 An epithet of respect addressed to men of cultivating classes.

Prov પટેલની પોઠી પાદર સુધી Everything has its limits

પટે-લી, *s f* The position or dignity of a પટેલ 2 The commission or dues received by a પટે-લ *Cf* પટ-લા-ઈ.

પટો, *s m* [See પટ.] A strip of cloth 2 A belt, a girdle 3 A strip; a streak, a broad line

દાઢી મુછ મુંડીને, પટા પાડિયા શાએ કરીને મીનાપ.
—દયારામ.

4 A deed of lease or tenure 5 A straight narrow double-edged sword 6 A trick, a design; a contrivance 7 Cunning; treachery

Id પટા ખેલવા-રમવા To fence; to practise fencing પટા પાડવા To divide (braids of hair, folds of a garment) into stripes પટો મેળવવો To get a charter

પટો-પટ, Same as પટ-પટ, Quickly

પ્રભુએ પક ઈ, તેના ઉપર નાખ્યુ કે, મુવાના પાંચે મુખ પટોપટ પૃથ્વી ઉપર પડી ગયા. —પ્રેમાનંદ.

પટોલ, } *s m* [See પટોળુ] The name
પટોળ, } of a plant 2 The fruits of this plant used as food

પટોળું, *s n* [S पटोल See પટ cloth *Cf* પટ-કૂળ] A kind of fine silk cloth worn by women

પટ્ટ, *adv* [Imit] Instantly, immediately, quickly Same as પટ-પટ, પટા-પટ.

પટ્ટણ, } *s n* [Dh Des पट्ट *fr* S पत्तन,
પટ્ટન, } पत्तनम्] A city

પટ્ટુ, *s m* [See પટ] A kind of woollen cloth, a blanket

પટ્ટો, Same as પટો

પટ્ટો, Same as પટ્ટો

પઠ ણ, *s f* [See પેઠ-ણ] An agreement, a stipulation 2 A bargain, settling the price of a thing or commodity 3 The price settled

પઠ ણ, } *s n* [S *fr* पठ् to recite]
પઠ ન, } Reading 2 Studying

પઠ ણું *v t* [See પરઠ-વું] To bargain; to make a contract for sale or purchase, to settle the price of an article for sale or

purchase, to settle the terms of a contract

પઠાણ, *s m* [See પુષ્ટ, પઠ્ઠો] A Pathân, a Muhammadan tribe, who have strong athletic frames and are brave soldiers

પઠાણ, *s m* [See પીઠ *fr* S पृष्ठ + વહાણ a ship] The keel of a ship

પેઠે, Same as પેઠે

પઠંગ, *s f* [See પીઠ *fr* S पृष्ठ + અંગ] Support, patronage

પઠ્ઠુ, *s f* [See પાઠ + અંગ] *s m* A custom, a practice

પઠ્ઠો, *adj m* [Db Des पत्तट्ठ *fr* S प्राप्तार्थ one who has secured one's object, बहुशिक्षित well versed, expert, *fr* प्राप्त gained + અર્થ object] Muscular, robust, stalwart, sturdy

પડ, *s n* [See પટ cloth] A fold, a stratum, a layer 2 A division, a partition, a compartment, a cell 3 The part of a play ground, where the winners stand or play 4 The upper part of a mill-stone 5 A kind of snake with a variegated skin

પડખું, *s n* [S पार्श्व, or S प्रति against + खात a pit *fr* खन्] A side 2 A side rib 3 Neighbourhood, vicinity

પડ-ઘમ, *s f* [S प्रति against, in reply, + ધમ-ધમ] A drum, especially an English military drum

પડઘી, *s f* [S प्रति + घात striking] The base or stand of a vessel or pot

પડઘી, *s f* [See પડઘો] A sound produced by stamping the feet on the ground

પડઘો, *s m* [S प्रति घोष *fr* प्रति against, in reply, + घुष्, घोष् to proclaim Or S प्रति घात *fr* प्रति + घात striking *fr* हन् to strike] An echo, a resonance

Id પડઘો પડવો-વાગવો To be heard (of an echo).

પડ-છંગ, *adj* [See પ્રચંડ] Terrible 2 Tall and stout

પડ-છંદ, } *s m* [S प्रति-ध्वान an echo
પડ-છંદો, }

fr + ध्वन् to sound or, See પ્રતિ+છંદ] Same as પડઘો, Echo

ગદા શબ્દ પડછંદા પડે, ડોલ્યા દશે દિક્‌પાળ રે.
—ગિરિધર.

2 Same as પડ-છાયો

પડ-છાયો, *s m* } [S प्रति च्छाया *fr* +
પડ છાયા, *s f* }

છાયા] A reflection, a shadow

પડ-છો, *s m* [Hem Des पाडिसिद्धि = S स्पर्धा competition, or S सदृश like, similar] Comparision

Id પડછે મૂકવું To compare

પડ છો, *s m* [See પડ-છાયો, or પ્રચંડ] A man tall and erect

પડ ત, Same as પડ-તર.

પડ તર, } *adj* [See પડ-વું] Lying idle
પડ-તલ, }

or unused 2 Waste, uncultivated 3 That which a thing has cost, (the) cost (price)

Id પડતર જમીન Land lying uncultivated પડતર કિમ્મત Cost price

પડતલી, *s f* [See પડ+તળિયું] A leather bag to keep tobacco in

પડ તાલ-વું, *v t* [S प्रति against + તાળો] To compare 2 [+ तड्, ताड, to beat] To shuffle 3 To make away with 4 To dash against

પડ તી, *s f* [See પડ-વું] Decline (of power glory, &c.), opposite of ચડતી.

પડ તી દશા, } *s f* [+ દશા, દશા] De-
પડતી દશા, }

clining state, misfortune, adversity

પડ તી રાત, *s f* [+ રાત રાત્રી] Declining night 2 The latter half of the night

પડતી ગને પ ચારને પ્રીતમ કોઈનથી બેહ્‌વાનું હોય,
રાત, આવો મારે ઘેર માહ્યા —દયારામ

પડતું, *adj* Falling, sinking, decreasing, waning (This word corresponds with the Eng suffix "ish" as in ધોળાશ પડતું Whitish or rather white)

Id પડતું મેલવું-મૂકવું To overlook, to leave to itself, to let alone 2 To fall upon a person or thing rather heavily, to jump down. પડતા દહાડા Time of adversity, reduced circumstances

પડતો, Same as પરતો, પ્રત્યય, Power

પડતો પૂરાનો પુગ્ગે, સન્મુખ લડવાને શ્યામ
—લોને લયલ

પડ૦થાર, *s m* [S प्रति against + स्तृ to cover] A verandah, a portico

પડદી, *s f* [See પડદો] A light or thin partition 2 A bundle (of hay, &c)

પડદું *s n* A bundle of hay, &c , tied in a piece of cloth

પડદે-નશીન, પડદે-પોશ, } *adj* [See પડદો + P नशीन sitting *fr* निशीदन् = S नि·विश् to sit, P पूश covering, wearing *fr* पूशीदन् to cover, to wear] Covered with a veil or curtain 2 Shut up, secluded 3 *adv* Behind the curtain, with a veil on the face, secrectly 4 In a seclud ed state, in a state of seclusion

પડદો, *s m* [P पर्दह्] A curtain, a screen, a veil, a valve, any intervening cloth or frame, a partition 2 Privacy, retiredness 3 Shame; shame facedness 4 Decorous secrecy, backwardness, or seclusion, the zonana, a harem 5 A coat ing or fold 6 A film over the eye, web, or nebula, a parting membrane, coat, &c , the tympanum 7 The front piece of an *ingarkhā* 8 Mental reservation, a reserved or suppressed matter, concealment, guarded intercommunication

Id પડદામાં રાખવું To conceal બોલવામાં પડદો રાખવો To be reserved in speech, to be reticent મનમાં પડદો રાખવો To conceal one's intention, to be uncommunicative પડદો પાડવો–નાખવો To put or throw a curtain over 2 To conceal 3 To stop work for a time પડદો પડવો To be dropped (of a curtain on the stage) 2 To be concealed પડદો ઉપડવો-ખુલવો To be removed (of a curtain) 2 To be exposed or revealed પડદો ઉઘાડો કરવો–ખોલવો–ફેરવો Lit To remove a curtain from 2 To show in its true colours 3 To reveal the real state of things પડદો કાઢી નાખવો To throw off restraint, modesty, or shame

પડદું, *s n* A weak or lean person

પડ પુછ, *s f* [S प्रति against + પુછ૦વું] Inquiry about or after, investigation 2 Colloquy, conversation, talk

પડ બિડ ઢું, પર બિડિ ઢું, } *s n* [See પડ + બીડ૦વું] An envelope, the cover of a letter

પડ ભિતિ૦ઢું, *s n* [S प्रति against + भित्ति] A small wall erected to support another, a retaining wall, a breast-wall, a buttress

પડ૦પાયો, *s m* [+ પાયો] A wooden prop

પડ૦વું, *v t* [S, पत्] To fall, to drop, to tumble, to descend, in general, owing to loss of support 2 To cease; to stop, to lie; to be discontinued 3 To chance or happen to be 4 To set upon, to attack violently 5 To take place or come on, to form, to arise, to appear (of light, heat, cold, darkness) 6 To abate or subside, to decline from vehemence to calmness (of wind), to become less (of a rate or price) 7 To lie indolent and idle 8 To remain unemployed or unused 9 To turn out, to prove to be, to seem in the end 10 To die (by violence in a battle) 11 To engage in, to have a concern with 12 To become necessary, obligatory, or expedient 13 To happen, to occur, to come to pass 14 To be beaten or defeated (in argument or play) 15 To befall or happen unto (of trouble or distress) 16 To become, to enter from one state in to another 17 To arise, to result, to proceed, to be produced 18 To sink (into poverty or meanness) 19 To become thick, faint, hoarse (of the voice) 20 To drop from a higher place, to descend by the power of gravity alone 21 To drop from an erect posture 22 To disen bowel, to pass out of an outlet, to flow out of a channel into a pond (the waters of a river) 23 To be given up, over thrown, ruined (of a town) 24 To pass into a better or worse state 25 To come into a new state of body or mind, to become 26 To be put to shame, to abash, to blush

Id આવી પડવું To come unexpectedly 2 To be obliged to 3, To devolve upon. નામ પડવું To get a nick-name રસ્તો પડવો

To be brought into use(of a way, a path) 2 To be introduced(of a custom, or fashion) જરૂર પડવી To become necessary કામ કે૨જ પડવું To have business with; to have to deal with ગળે પડવું To accuse falsely નરમ પડવું To subside, to grow less, to abate પગે પડવું To fall at the feet of, to submit oneself to રસ્તે પડવું To be going on by the right path, to take the proper course or direction પડી જવું To tumble down મોઢામાંથી પડવું To be dropped out or uttered carelessly પડું પડું થઈ રહેવું To be on-the point of falling down, to be tottering, to threaten to fall -ને માથે પડવું To be responsible for 2 To be accused falsely 3 To be subjected to a oss આડું પડવું To cross the way of, to be in obstacle to, to obstruct લડાઈમાં પડવું To lie on the field of battle, to die in active service ભાવ પડવો To be less (of a rate or price) 2 To be decided upon and declared (of a rate or price) ભાવનો ભાવ પડી રહ્યો છે The same rate continues. હરકત પડવી To be in a difficulty તમે શેઠ પડયા, ને હું ચાકર પડયો It is true that, you are my master, and that I am your servant પડી રહેવું To be at ease 2 To be idle 3 To be useless 4 To be not sold 5 To remain lying (on the floor, &c) ધંધામાં પડવું To be employed in a trade or occupation.-ધંધામાં-કામમાં પડવું To be busily engaged in કૂવામાં-ખાડામાં પડવું To throw oneself into trouble or difficulty ખાસડાં પડવાં To be blamed or scolded ભાગે પડવું In proportion to a share, proportionate ચોપડીના પાંચ રૂપીયા મને પડયા The book cost me five rupees કાળાશ-રતાશ-ફીકાશ પડવી To have a shade of black, red, pale colour કાળું પડવું To be changed to a black colour ફીકું પડવું To become pale 2 To become less તસવીર-છબીપડવી To be drawn (of a picture) આગળ-બહાર પડવું To come forward 2 To be prominent. પાછળ-પાછું પડવું To shrink from પાછળ-પછવાડે-કેડે-પૂંઠે પડવું To pursue મેદાન-મેદાનમાં પડવું To come out for wrestling માંદું પડવું To become ill. સમજ પડવી To understand ખબર પડવી To be informed 2 To know by personal experience ખાતર પડવું To be plundered હાથ-તમાચો પડવો To get a slap, to be beaten હાથ પડવો To be lowered (of a railway signal) ભારે પડવું To lie heavy 2 To be felt too heavy or severe 3 To be beyond one's means, resources, or power ઘાંટો-ગળું પડ० To be hoarse (of the voice) હલકું પડવું To become less; to become milder, to be less heavy, to become less severe. 2 To become less in price 3 To be lowered in the eyes of the people દાણામાં જીવ-જીવડાં પડયાં છે Insects are produced in that corn અંધારું પડવું To be covered with darkness 2 To be hidden અંધારું પાડવું To throw darkness on 2 To conceal અજવાળું પડવું To be placed in light 2 To be revealed or made known અજવાળું પાડવું To throw light on 2 To make generally known પડયું ઊઠવું To rise after one's fall ગળું પડવું To have a disease of the throat અવાજ પડવો To be produced (of a sound) તાલ પડવી To find pleasure in 2 To have baldness on the head જુદું પડવું To be different from, to become separate બંધ પડવું To stop, to cease દૂર પડવું To be situated at a distance, to be distant બોલ્યે પડતા બોલ ઝીલી લીધા He did it as soon as the words were uttered એકલું પડવું To be alone, to be unassisted ઉઘાડું પડવું To be brought into light, to be exposed સામું પડવું To oppose વિચારમાં પડવું To be deep in thought. રાત પડવી To set in, to be (of night) સ્વભાવ પડવો To be in the habit of વચ્ચે-વચમાં પડવું To interfere વચમાં પડવું To intervene for the purpose of effecting a compromise મારા કારભારમાં પડવાનું તારે કાંઈ કામ નથી You have no business to interfere with my affairs તારી કોને (દરકાર) પડી છે?=તારી કોઈને પડી નથી Nobody cares for you પડયું પાથર્યું Confining oneself to one's house and depending upon one's family for maintenance

Prov પડયા ઉપર પાટુ ને દાઝયાપર ડામ To apply salt to a wound 2 પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહિ Crows are never the whiter

for washing પડી ગયા, તો કહે, "દેવને નમસ્કાર કર્યા" To make a virtue of necessity To convert an accident to a good account It is useless to lament over calamities which cannot be avoided પડેલી ભજ ખુજેગીન પડશે તેના દેવાશે Experience teaches fools પડ્યો પોદળો ધૂળ લઈને ઉઠે A complaint whether true or false, is sure to leave some blemish behind "પડ પડ," તો કહે "સદાવડી" An impending misfortune makes the man desperate

N B—પડ વું, as an auxiliary verb, used with the perfect participle of the principal verb, shows "completion, fulness, thoroughness", while with the infinitive of the principal verb it shows "obligation, compulsion, unwillingness"

પડ-વૈયો, } પડ-વાયો, } s m. [S प्रति against, corresponding, imitating, + પાયો] A wooden support for a leg of a cot 2 A wooden support for the leg during dinner.

પડવો, s m [S प्रतिपद्] The first day of a lunar fortnight

પડ સુદી, s f [S प्रति A likenes + शुद्धि cleanness, whiteness, fr शुध् to be clean] Fine white flour of wheat

પડળ, s n [S पटल a covering, a curtain] The film over the eye; the web or nebula (of the eye)

Id પડળ ખોલવાં Lit To remove the film from the eye Hence, 2 To observe care fully પડળ ઉતરાવવા-ખોલાવવા-કઢાવવા To get the film removed from the eye *Fig* To get matters more clearly explained

પડા, s m pl [See પડ] Marks of the open hand made as omens of good luck.
આજ આનંદનો ઓઘ, કંકુ કેરા પડા પડયા રે
—મીરાંબાઈ

પડાઈ, s f A paper-kite.

પડા ઉ, s m [See પડાવ a camp] A kind of boat carrying from five to twenty *Khāndis* of weight.

પડા-ઉ, adj [See પડાવવું or પડ તો, પડતર.] Obtained by force or unlawful means, usurped; misappropriated

પડા-ક, adv [Imit *Cf* ફડાક, તડાક + કાર a sound] At once, suddenly, with a crackling sound
માણ ભળ તો કાંઈ ન પાલ્યું, મુને પડાક દેવળી નાખી
—પ્રેમાનંદ.

પડા-પડ, } પડા-પડી, } s f [See પડવું] Falling frequently; falling of many things; crowding together 2 Competition; rivalry

Id માલ આપવા લેવામાં પડાપડી ચાલતી હતી There was a hard competition in securing the articles = There was a hard bidding and counterbidding for the articles

પડાવ, s m [Hem Des पडाआ fr पताका, પતાક, a flag] An encampment; a halting place 2 Encamping, halting

Id પડાવ નાંખવો To encamp

પડાવ વું, v t [Causal form of પડવું] To obtain a thing either through cajolery or violence

પડાળ, s f n [Dh Des पडले = S पटल, A partition, a screen Also Hem Des पडला S पट-ली a cottage of cloth, a cloth Or, S प्रति against + आलय a house] The slope of a roof

Id આગલુ પડાળ The front પાછલુ પડાળ The hinder slope of roof

પડાળી, s f [Hem Des. पडाली=S. पङ्क्ति a line Or, see પડાળ] One sloped roof 2. A shed

પડિ યું, s n [See પડ a layer] Either of the stones of a grinding mill 2 A kind of snake with a variegated skin

પડિ યો, Same as ઠડિયો

પડી, s f [See પુડી] A small packet of a medicine, powders

પડિ યાળુ, Same as પડતર

પડી-કમણું, s n [S प्रतिक्रमण fr + प्रति around+क्रम् to walk] Morning and evening prayers of the Jains

પડીકું, s n [See પડી, પુડી+કું dim] A small package 2 A powder of medicine

પડી, s f [See પડો, પડહ] A public notice by a beat of drum

પડી-દાર, *s m* [+P દાર having] A town-crier

એવે પડી-દાર ત્યાં આવે, બોલ્યો રાયે જે કા'યદ

—પ્રેમાનંદ

પડો, *s m* [See પુડો] A conical parcel or bundle 2 A grocer's coffin

પડો, *s m* [S पटह] A kind of drum, a tom tom

Id પડો વગડાવવો To give a public notice by a beat of drum

પડો-પાંદડી, *s f* [See પડો, પુડો+પાંદ-ડી] A kind of fragrant plant or its leaves

પડોશ, પડોસ, } *s f n* [S प्रति-वेश-क *f1* प्रति against + विश् to enter] Neighbourhood, nearness, vicinity, vicinage 2 Attachment or fondness for (a person)

પડોશ-ણ, પડોસ-ણ, } *s f* [Fem of પડોશી] A female neighbour

પડોશી, પડોસી, } *adj* Living in the neighbourhood, neighbouring 2 *s m f* A neighbour

પઢ, *s m* [See પ્રધાન] The leader or captain of a party at play

પઢ-વું, *v t* [S पठ् to repeat] To read, to study, to learn 2 To speak, to utter

પઢે-લું, *adj* Learned

Prov પઢેલ પણ કઢેલ નહિ Learned but not experienced પઢેલ, કઢેલ ને ફરેલ, Learned, experienced, and inquiring

પણ, *s n* [S *f1* पण् to promise] A promise, an assurance, an engagement 2 Credit, reputation

Id પણ લેવું To take a vow પણ મૂકવું To break one's vow

પણ, *conj* [S परम् *f1* पर another] But, yet; nevertheless 2 *adv* Even; so much as, also, likewise

પણ, [S त्व] A suffix attached to adjectives and nouns to form abstract nouns, corresponding in sense to English "hood", "ship", "ness", "tion", "ment", &c., *e g*, બાળપણ Childhood.

પણ-ઘટ, *s f* [See પાણી+ઘાટ] A place erected for drawing water from wells, tanks, &c

પણછ, *s f* [Dh Des पडंचा *f1* S प्रत्यञ्चा *f1* प्रति against + अञ्च् to go] The string of a bow 2 A chip of bamboo

પણ-તર, *s n* [See પર-ણ-વું] Wedding, marriage, nuptials 2 The wife

પણવ, *s n* [S पटह a drum] A trumpet

મૃદંગ તાલ પણવ ને વીણા, પટહ જેવું સ્વર તાન છ

—ગિરિધર.

પણિ-ય-ત, *adj* [See પરણિ-યત, પણ-તર, *f1* પરણ-વું to marry] (The woman) Married, in relation to her husband, as distinguished from one living in concubinage

પણિ યારી, *s f* [See પાણી+S कार doing] A woman carrying water from a public watering-place

પણી, *s f* [See પિણ્ડ] A bundle of grass, vegetable, &c

પણું, Same as પણ (A suffix)

પણે, *adv* [See પર the other] There, at that place

પણો, *s m* Sand or sandy soil

પંડ, *s m* [S *m* [S पिण्ड the body] The body 2 Self, oneself

Id પંડ સુધીની પથારી Living a single unencumbered life

Prov પંડ સલામત, તો પઘડિયા બોહે તેરી

પંડ, *adj* [S पाण्डु white, pale See પંડુ] Jaundice

પંડિ-ત, *s m* [S *f1* पण्डा wisdom] A scholar, a learned man

પંડિ-તા ઈ, *s f* The quality of being a scholar, learning, wisdom 2 The dignity, position, or duty of a learned man

પંડુ, *s m* [S पाण्डु white, pale] Anæmia, a disease in which the blood contains an insufficient number of red corpuscles

પંડે, *adv* [See પંડ, self] Personally

પંડોળું, *s n* [S पटोल] A snake gourd

પણ્ય-સ્ત્રી, પણ્યાઙ્ગના, } *s f.* [S *f1* पण्य saleable *f1* पण् to sell + स्त्री, अगना, a woman] A harlot, a courtezan.

પત, Same as રત્ત-પિત્ત

પત, Same as પિત્ત

પત, *s f* [See પતીજ, પ્રતીતિ, પ્રત્યય] Reputation 2 Credit

Id પત ખોવી-જવી, To lose respect 2 To lose credit પત રાખવી To preserve respect 2 To preserve credit

પત કર વું, *v t* [+ કરવુ] To respect, to regard, to mind 2 To accept, to admit, to allow 3 To undertake to do

પતંગ, *s m* [S] A moth 2 A paper-kite 3 A bird 4 The sun 5 Sappan wood, *Cæsalpinia Sappan*

પતંગિ યું, *s n* } A butter fly
પતંગિ યો, *s m* }

પત-ઝડી, *s f* [See પત + ઝરવું, ખરવું to drop *Cf* પાનું-ખર] The end of autumn and the beginning of winter

પતન, *s n* [*S fr* पत to fall] Falling, alighting, descending

કાશે પાપ પતન, સંકટ સઘળાં સમરો
—કૃષ્ણારામ

Id પતન પામવું-થવું To suffer a fall, to fall પતન કોણ-પતન ખૂણો The angle of incidence

પતર-ડી, Same as પત્તર

પતરાજ, } *s f* [See પતીજ, પ્રત્યય]
પતરાજી, }
Boast, bragging, consequential strut, supercilious airs, empty show, vain conceit, vanity, inflation

પતરાજ ખોર, } *adj* [P *fr* + ख़ोर् en-
પતરાજી ખોર, }
joying *fr* ख़ुर्दन् to eat] Inflated, vain, consequential

પતરાવળ,
પતરાવળી, } *s f* [See પત્ર + આવલિ] A
પતરાળ,
પતરાળી,
plate made of leaves sewn together 2 A dish containing food

પતરાળું, Same as પતરાળ

પતરી, *s f* [See પતરૂ] A thin and small piece of metal

Id પતરીવાળો રૂપિયો A Rupee coin having a pit which is filled up with a thin and small piece of silver.

પતરૂં, *s n* [See પત્ર a leaf, paper] A thin sheet or plate of metal 2 Tin

પત વું, *v n* [See પત credit] To be adjusted, settled, or determined 2 To go away, to be got rid of

પતળ વું, *v i* [See પિત્ત bile + વાયુ] To be offended, to be displeased 2 To break a promise

પતળ વું, *v i* [See પાતળું] To melt; to soften

પતાક, } *s f* [S પતાકા] An ensign,
પતાકા, }
a flag

પતા વ વું, *v t* [Caus. of પતવું] To settle, to decide, to adjust; to determine. 2 To compromise (a claim) 3 To have done with

પતાસું, *s n* [See પત્ર] A sugar-cake; a kind of sugar biscuit

પતાળ, Same as પાતાળ

પતિ, *s m* [S *fr* पा to protect] A lord, a master; an owner 2 The husband

પતિ ત, *adj* [S *fr* पत् to fall] Fallen 2 Wicked, abandoned 3 Fallen from one's caste, excommunicated

પતિ ત-પાવન, *s m* [S *fr* + પાવન] A purifier of the wicked 2 God

પતિ-પરાયણ, *adj f* [S *fr* + પરાયણ] Devoted to one's own husband

પતિ યાર, Same as પત, પતીજ

પતિરા, *s n pl* White kids

પતિ-વ્રત, *s n* [See પતિ + વ્રત] Chastity (of a woman) (*Cf* S पातिव्रत्य)

પતિ-વ્રતા, *s f* A chaste and dutiful wife, a devoted and virtuous wife

પતિ-સેવા, *s f* [See પતિ + સેવા] Devotion to one's own husband

પતીજ, *s f* [See પ્રતીતિ, પ્રત્યય] Satisfaction, conviction, assurance 2 Confidence, faith, reliance, trust

Id પતીજ પડવી To be established (of one's reputation) પતીજ રાખવી To keep up one's reputation પતીજ ખોવી-ગુમાવવી To lose one's reputation

પતુઙ્ખું, Used in secret communication for પોણું, Three fourths

પતેલી, Same as તપેલી

પતેલું, Same as તપેલું.

પત્તન, s n [S] A city

પત્તન પુનીત રળિયામણું, વ્યગ્રપણ ઠમણ ત્યાં આવે,
શુભ્રતર ઘણું ગયુ મન ઠરે, મકરદ ગોવિંદ મન
—દયારામ

પત્તર, s f [S पात्र ता fr પાત્ર] Reputation, credit (Used with રગડવું)

Id પત્તર રગડવી To cause one to lose one's reputation પત્તર ફાડવી To harass, to annoy; to tire by overwork, &c.

પત્તર-વેલિ-યું, s n [See પત્ર + વેલ] A preparation of gram-flour and slices of leaves of vegetables

પત્તું, s n [Dh Des पत्तई fr S पत्राणि leaves fr પત્ર; or S पात्राणि vessels fr પાત્ર] A leaf of a tree 2 A card for play

પત્તો, s m [See પદ place] A trace, an indication, a vestige 2 Tidings, an account, an intelligence 3 A clue, a guide, a direction 4 A person's address

Id પત્તો મળવો-લાગવો To get a trace of 2 To get intelligence about પત્તો લાગવો To be successful in finding out પત્તો દેવો To give a clue to 2 To give intelligence about

પત્થર, Same as પથ્થર.

પત્ની, s f [S Fem of પતિ husband] Wife

પત્ર, s m n [S fr पत् to fall] A leaf 2 A letter, a note, an epistle, a written paper or deed 3 The leaf of a book 4 Any thin sheet or plate of metal

પત્રક, s n A leaf of a book, a sheet of writing, an epistle 2 A paper containing accounts, a statement, a table 3 A slip from a memorandum-book, a list, a roll

પત્ર-પતિ, પત્રાનધિપતિ, } s m [+પતિ, અધિ પતિ] The editor of a newspaper

પત્રાજ, પત્રાછ, } Same as પતરાજ, પતરાછ.

પત્રાવળ, પત્રાવળી, પત્રાળ, પત્રાળી, } Same as પતરાવળ, પતરાવળી, પતરાળ, પતરાળી

પત્રિકા, s f [See પત્ર] A small letter; a note 2 A horoscope.

પત્રી, s f A short but expressive letter

પત્રો, s f [See ત્રાજવી] Mace

પત્રું, s n A thin tin sheet or plate of metal 2 Tin Same as પતરું.

પથ, s m [See पथिन् = Eng Path, fr S पथ्, पद्, to go] A way, a road, a path

પથરાવું, s n [See પથરાવું, પાથરવું] A scattered state

પથરાવું, v i [Pass of પાથરવું] To be spread out to be extended 2 To be dispersed, to be scattered

પથરી, s f [See પથરો] A small stone 2 A whet stone for razors, a hone 2 The flint (of a musket) 3 Stone in the bladder 4 Grit, gravel 5 A marble for play

Id પથરી કાઢવી To remove the stone in the bladder

પથરો, s m [Hem Des पत्थर=S पाद घात a stroke with the leg, a kick fr S प्रस्तर a stone] A large stone 2 An impediment, an obstacle 3 A dull man 4 A stupid, dull headed man 5 An unfeeling, hard hearted person 6 Nothing

Id વચ્ચે પથરો નાખવો To throw a difficulty in a person's way પથરો આપવો Lit To give a stone (to a person engaged in a quarrel to throw at his enemy) Hence, 2 To incite a person to a quarrel 3 To misrepresent matters and create a quarrel. એને શું પથરા આવડે છે ? Lit Does he know stones ? Hence, 2 He knows nothing એને શુ પથરા આપે ? He is to be given nothing એનું માથું તો પથરાનું છે Lit His head is made of stone Hence, 2 He is not tired of speaking=He keeps on talking without being tired એ તો પથરો છે He is a stupid man=He is a blockhead,

Prov. પથરા એટલા દેવ કરવા To worship every image of God with a view to satisfy

and please all persons

પથાર, Same as પથારો

પથારી, *s f* [Dh Des पत्थारी=S प्रस्तर a bed, also Hem Des पुरणक्षणर्क=S शय्या a bed *fr* S प+स्तृ, स्तर्, to spread See પાથરવુ] Any thing spread, *e g*, a seat, a bed, bedding 2 Halting, lodging temporarily 3 Death bed

Id પથારી કરવી-નાખવી To make a settled residence of. પથારી સેવવી = પથારીએ પડવું To lie in a sick bed

પથારો, *s m* [S प्रस्तार *fr* प forth + स्तृ to cover] Expanse, the extent

પથિક, *s m* [See પથ] A traveller, a way-farer

પથિરો, Same as પથારો, Expanse

પાચ પથિરાથી પરા થયા, એક પ્રહ્મ રહ્યા બાગી રે,
કર્મના પાશલા કાપી નાખ્યા, ભાઈ ઓળખ્યા અવિનાશી
—ભોજોભગત

પથ્થર, Same as પથરો, Stone

Id પથ્થરનો ભમરડો Dull, stupid પથ્થર એ-ટલા દેવ કરવા Lit To turn every stone into a god, to regard every stone as a god 2 To make vows to propitiate any and every god 3 To use all means within one's reach 4 To do one's best પથ્થર ખેંચવો To maintain one's family with a difficulty પથ્થરની છાતી A hard heart છાતીનો પથ્થર કરવો To make oneself ready and willing to bear any kind of difficulty or misfortune

Prov પથ્થર ઉપર પાણી To fruitlessly use all energy after an unworthy object પથ્થર પર પાણી, અને સર્વે ધૂળ ધાણી Fruitless trouble પથ્થર ઉપરની જડ, ઉખડી જતા કેટલી વાર ? That which can be easily extirpated, crushed, or ruined પથ્થર તળે હાથ આવે, તે કળે કળે નિકળે when a man is in difficulty, he must use patience to extricate himself પથ્થર જોડે રતન પછાડવુ To throw pearls before swine પથ્થર સાથે પાનું પડવુ To have to deal with a bad man આવ પથરા, પગ ઉપર પડ To court troubles પથ્થર કરતા ઈંટ કુમળી Something is better than nothing પથ્થરને બાચકુ ભરે તો સામા દાત ભાગે He that blows in the dust, fills his own eyes પથ્થર પર પાણી, અગ્નિ, પાપ્રૂ લોઢે ઈ As is the water poured on an inverted pitcher, so is instruction to deaf ears 2 To work on an improper material is to waste one's energy

પથ્થરિયો, *s m* A bowl made of stone

પથ્ય, *s n* [See પથ] Diet, regimen, 2 Dietetics 3 *adj* Dietary, dietetic 4 Wholesome, healthy (of food)

પદ, *s n* [S पद=L *pes, pedis*, the foot, *fr* S पद् to go] The foot 2 A foot-print, the mark of a foot 3 An office, a post; a rank; a station 4 A syllable (in Grammar) 5 A word 6 An inflected word 7 A variety of metrical composition used in hymns and anthems

પદે પદે હરિ કથા પાવન, વૈષ્ણવનો વિશ્રામ
—ગિરિધર.

પદ અક્ષરના બધથી, સહુ ગ્રથ દુ ખ વામે
—દયારામ.

8 A connected sentence 9 A foot or a line of a verse or stanza 10 A collection of certain articles given to Brāhmans 11 A fourth part of a circle, a quadrant 12 A quantity a term of a series; a factor, the root of an expression (Math)

Id પદ મળવુ-પામવુ To get a rank or position પદ ખસી જવુ To lose a rank or position, to be lowered, to be degraded પદે પદે ગાવુ To sing in a systematic way રાજ-પદ, ગુરૂ પદ The position, dignity or office of a king, preceptor, &c સજાતીય પદ Quantities of the same kind વિજાતીય પદ Quantities of different kinds (Math)

પદક, *s n* An ornament hanging on the breast like a medal.

સોના સાકળી, પદક જડાવ —ગિરિધર.

પદ-ચ્છેદ, *s m* [See પદ a word + છેદ] Resolving a sentence or a compound word into its elementary parts 2 Parsing

પદ-ચ્યુત, *adj* [See પદ a place +S च्युत fallen *fr* च्यु to fall] Fallen from office or rank; degraded, deposed, dethroned

પદડી, *s f* A purse to keep tobacco in

પદ-પંકજ, *s n* [See પદ the foot + પંકજ] A lotus like foot

પદ-બંધ, *s m n* [See પદ metre + બંધ, બાંધવુ] Versification, prosody

પદ-ભ્રષ્ટ, *adj* [S *fr* + ભ્રષ્ટ] Fallen from one's position, deposed

પદમ, Same as પદ્મ

પદમ ણી, } Same as પદ્મિની.
પદમની, }

પદર, *s m* [S पत्र a leaf, the skirt of a garment] An end of a garment 2 An ornamented border 3 Protection, support, patronage 4 *s f* Self, a personal concern

Id. પદરનુ One's own પદરે પડવુ To depend on for support

પદર-ખાનું, *s n* [+ખાનુ, ખાનુ] A bakery, a bakehouse

પદ-રજ, *s f* [S *fr* પદ the foot+રજ, રેણુ dust] The dust under the feet 2 *adj* Low; humble

પદ-રેણુ, Same as પદ-રજ

પદ-લાલિત્ય, *s n* [See પદ a word + લાલિત્ય] Elegant and elaborate diction, the beauty resulting from rhyme, alliteration, or sonorous words, melodious arrangement of words, melody, harmony

પદ-વિ ગ્રહ, *s m* [See પદ+વિગ્રહ *fr* S वि apart + ग्रह् to take] Same as પદ-ચ્છેદ

પદવી, *s f* [S *fr* પદ] Rank, position, dignity, station, post, office

Id પદવી વધવી, પદવીએ ચડવુ To be promoted, to rise in rank પદવી ઘટવી–ઉતરવી To be degraded

પદ-સેવ, *s f* [+ સેવા] Lit Service at the feet (of a god, religious preceptor, &c) 2 Humble and faithful service

પદારથ, } *s m.* [S *fr* પદ a word+અર્થ
પદાર્થ }
meaning] An object, an end 2 A category or predicament (in Logic) 3 The literal meaning of a sentence

Id ચાર પદાર્થ The four highest objects of life, viz, ધર્મ, અર્થ, કામ, મોક્ષ પદાર્થ-માત્ર All things; the whole creation

પદાર્થ-વિજ્ઞાન, *s n* [S *fr* + વિજ્ઞાન] Natural Philosophy, the science of Physics.

પદાવવું, *v t* [Caus of પાદવુ] To cause to break wind 2 To cow, to browbeat, to bully, to frighten

પદી, *s f* [See પદ a word, a song] A group of words, metres, or songs, *e g*, અષ્ટ-પદી

પદું, Same as પદ a position, *e g* ,ગોર-પદું

પદેડવું, *v t* [See પદાવવુ] To drive fast

પદોડવુ, *v t* To soil, to dirty

પદ્ધતિ, *s f* [S *fr* પદ the foot+हति striking *fr* हन् to strike] A method, a mode, a way; a manner, course or practice 2 A work prescribing rites and ceremonies, a ritual, a manual, a formulary. 3 A line, a row, a range 4 A style or fashion (in composition or writing)

પદ્મ, *s n* [S] A lotus 2 One thousand millions, ten thousand lākhs, a hundred crores 3 One of the nine treasures of Kubera (See under નવનિધિ) 4 A particular mode of sexual enjoyment

પદ્મ-રાગ, *s m* [S *fr* +રાગ red colour] A ruby

પદ્મ-રેખા, *s f* [See પદ્મ+રેખા] The figure of a lotus on the palm of the hand, held to be indicative of wealthiness

પદ્મા, *s f* [S See પદ્મ, 2 3] An epithet of Lakṣmī, the goddess of wealth

પદ્માસન, *s n* [See પદ્મ + આસન] A particular posture in religious practices

પદ્મિની, *s f* A woman of the first of the four classes into which the female sex is divided by writers on શૃઙ્ગાર (the sentiment of Love) 2 A most beautiful woman

પદ્ય, *s n* [See પદ a metre] A metre 2 A piece of metrical composition.

પદ્ય-બંધ, *s m* [S *fr* + બંધ] A poetical composition

પધરાઈ, } *s f* [See પધારવુ] Pre-
પધરામણી, }
senting clothes and money to relations on their departure 2 Departure 3 Invitation to and entertainment of a great person

પધરાવવું, *v t* To see one off respectfully 2 To invite respectfully 3 To bring

about a purchase by persuading the buyer

પધારવું, *v t* [S प्र forth + धृ, धार्, to hold See ધારવું] To go in peace and safety, to go, to depart, to leave, to proceed on a journey; to quit 2 To come, to give the pleasure of one's company, to honour by one's presence at

પનડો, *s m* [See પાનડું] A kind of ear-ring worn by women

પનઘટ, Same as પણઘટ

પનાદાર, *adj* [See પનો+P દાર having] Having breadth; broad (cloth, &c.)

પનારો, *s m* [See પાણી + આરો] The state of being carried down the stream, being doomed to live in the company of 2 Company, companionship

પનિહાર, } પનિહારણ, } *s f* [See પાણી + S હૃ to carry) A woman carrying water

પનાહ, *s f* [P पनाह् refuge] Careful protection, a refuge, a shield, a shelter, an asylum

પનું, *s n* } પનો, *s m* } [S पा नीय a drink *fr* पा to drink See પાણી] Water acidulated with boiled mangoes or tamarind, and mixed with molasses and other condiments

પનો, *s m* [P पेह्नह्] Breadth of cloth

પનોતી, *s f* A particular configuration of planets, supposed to bring evils 2 Evil destiny, ill fate, evil stars

પનોતું, *adj* Fortunate, lucky, auspicious, propitious

રત્ન દીકરી ક્યાથી છત્રે? ત્રણ ભાઈની બેન પનોતી
—પ્રેમાનંદ

પતિયાળું, *s n* [See પાતી, or S पञ्च પાચ, + વાળુ *fr* S वद्, वान्, having] Partnership, fellowship

પતિયાળો, *s m* A partner

પંથ, *s m* [See પથ] A road, a way

પાચમે, મોરી આહેલડી, પથ પતગ, કંપ દૂર
—પદર તિથિઓ

2, Manner, fashion 3 A religious order or persuasion

Prov એક પથ બેઓર દો કાજ To kill two birds with one stone.

પથ, Same as પ્રથમ First

Id પથ વર A bridegroom who marries for the first time, dist from બીજ વર who marries a second time

પથિક, Same as પથી

પથી, *s m* A sectary, a sectarian, a disciple of a leader in religion 2 A wayfarer, a traveller

પદર, *adj* [S पञ्च दश *fr* પાચ + દશ] Fifteen, (15.)

પન્નગ, *s m* [S *fr* પદ the foot + ન not + गम् to go] A serpent

વર પામી પન્નગ ત્રણે, તે યમુનાની તીર પધ્યા રે
—પ્રેમાનંદ

પન્નાળ, Same as પરનાળ

પન્નાળિકા, Same as પરનાલિકા

પપનસ, } પપાઉ, } *s m* [A word from South America] A pompelmoose

પપેટી, *s f* [Zend पतेती *Cf* S पतित fallen] The Pārsī New Year's Day

પપૈયો, [Hem Des पप्पीओ = S चातक] Same as ચાતક.

પપૈયા, Same as પપૈં

પપૈં, *s n* A kind of fruit

પબ્લિક, *adj* [Eng] Public 2 *s f* A prostitute, a courtesan

પમાડવું, *v t* [Caus of પામવું] To cause to reach or get 2 To give

પપાળવું, *v t* [See પાળવું, redup] To feel with the hand so as to soothe, to pass the hand over so as to give a pleasing sensation 2 To grope

પય, *s n* [S पय] Milk 2 Water

પયું, *s n* [See પાય, પગ, the foot] The track over which the bullocks walk while drawing water from a well

પયોધર, *s m* [S *fr* પય + ધર] A woman's breasts 2 A cloud 3 An ocean

પયોધિ, } પયોનિધિ, } *s m* [S *fr* પય water + નિધિ a store *fr* नि down+धा to hold] An ocean, the sea

પર, *adj* [S] Another different, not

one's own, alien

માટે થતું ધર્મ રાય, પ્રેમ માની પરનો —વદીમ

N B—પર occurs as the first member of several compounds, where it means "Another man's, not one's own", e g પરગૃહ, પર સ્ત્રી

2 Distant

સદ્દેવ સાગર મૂક્યા છે પર,
છે દ્રૌપદીના બાળ દૃતાન્ત રાય —પ્રેમાનંદ.

3 Great, high

કપટીને માતે વર, પર એ પ્રખ્યાત છે —વદીભ

4 *s m* God, Godhead

પર, Same as ઉપર

પર, *s n* [P *fr* परिंदन् to fly *fr* S प्र forth + डी to fly] A feather, wings

Id પર આવવા To be able to fly 2 To be able to rise or soar પર મૂકવા Lit To put forth feathers, to acquire the power of flying or rising into the sky 2 To perform an exploit

પરઈ, } *s f* [See મંદાર] A piston,
પરાઈ, }

a pestle 2 A crowbar

પરઈ, *s f* Corruption of the Feminine of પરાયું.

પરકમણા, *s f* }
પરકમણું, *s n* }
પરકમા, *s f*. } [S परिक्रमण *fr* S
પરકમ્મા, *s f* }

परि = Gr *peri* around + क्रम् to walk] Circumambulation, walking round or about 2 Same as પ્રદક્ષિણા.

પર-કાય-પ્રવેશ, *s m* [See પર another + કાયા + પ્રવેશ] Entering of the soul of a man into another man's body

પરકીય, *adj* [S See પારકું] Belonging to another person

પરકીયા, *s f* The wife or mistress of another man, a mistress

પરખ, *s f* [See પારખ, પરીક્ષા] A test, an examination 2 Recognition

બાળા માળા ઉપર ચઢીને પુષ્પ મોતી વધાવે,
નિર્ખી, હર્ખી, પરખ પરખી માન ગોવિંદ પાવે —પ્રેમાનંદ

પરખણહારો, } *s m* [See પરીક્ષા, પરી-
પરખનાર, }

ક્ષણ, + કાર doing] One who can test, a connoisseur

પરખવું, *v t* To test, to prove, to try, to examine, to inspect

પરખાણ, *s n* A cross beam in a ship, to which a mast is fixed

પરખાવવું, *v t* [Caus of પરખવું] To submit for testing or proving, to get tested or examined 2 To give, to pay (colloq)

Id એ તો રાતી દમડી પણ પરખાવતો નથી He does not give or pay even a copper coin

પરખાવું, *v i* To be tested or proved

પરખિયો, *s m* A tester

પર-ગજુ, *adj* [See પર another + ગરજ] Benevolent, generous

પરગણું, *s n* [P परगन] A district, a province, a canton, a *Pargana*

પર-ગમન, *s n* [See પર another+ગમન] Adultery, fornication

પર-ગામ, *s n* [See પર not one's own + ગામ] Another village 2 A foreign country

પર-ગામી, *adj* A foreigner, an outsider

પર-ગૃહ, } *s n* [+ ગૃહ, ઘર] Another
પર-ઘર, }

man's house

પરચુરણ, } *adj* [S प्रचूर्ण *fr* प्र forth
પરચુરણ, }

+ ચૂર્ણ, ચૂરવું] Sundry, miscellaneous, diverse, various 2 Coins of a lower denomination, change

પરચો, Same as પ્રતાપ, પરચો, Might, power (of a god)

પરચો, Same as પરિચય, Familiarity

પરજ, *s m* A basket-hilt (of a sword), the handle of a shield 2. A musical mode

પરજંક, Same as પર્યંક

પર-જાન, *s f* [See પર other+જાન marriage party] A party for a friend's marriage

જાન્ય એક પરજાન વળાવી, મદન મેહેતો આવ્યા ઘ —હરિદાસ

પરજાળવું, *v t* [S प्रज्वल् to burn severely *fr* प्र forth + ज्वल to burn] To burn brightly

પરજાળવું, *v t* To flame, to ignite

પરજિ૰યો s m Same as પરજ A musical mode 2 A dirge, an elegy

પરઠ વું, v t [Dh Des परिहट्टियं fr S परि॰घाट्टितम् stirred up fr परि around + घट्ट to stir=to settle after much shaking, stirring haggling over (of a contract), also पयट्टय fr S प्रवृत्तम् rolling on, going on, also Hem Des पट्ठ fr S પ્રતિષ્ઠા firmness] To hold, to catch

સતી કહે, "જતી, સુણો, પતિએ પરઠી આણી,
રતિ રતિ ચરણ ચાલે નહિ, લોગી મનમા જાગી"
—સામળભટ

2. To go

તરૂણી, તારે આશરે, પરઠું હુ પર દેશ
—સામળભટ

પરઠવું, v t Same as પૈઠ વું, To settle

Prov પરઠ્યુ આપે, તેમા શાનો પાડ ? There is no obligation done when a man performs or fulfils his part of a contract

પરઠો, s m An agreement, a decision

નારદ કહે તમો ટાળી મૂક્યા છે ગાલવને ઘેર યાગ,
દેવ માત્રે પરઠો પરઠી, કાઢ્યો તમારો ભાગ
—પ્રેમાનંદ

પરડ, s f [Eng] Parade 2 Concern; trouble; botheration.

Id આ નાગી પરડ શી? Why should I have this useless or unnecessary trouble

પરડો, s m The pod of a bābul tree

પરણ, s n [S परि णय See પરણ૰વુ] Marriage

જનન, મરણ, ને પરણ Every man has to undergo birth, marriage, and death —ભાષા

પરણ, Same as પર્ણ A leaf

હુત દ્રવ્ય આદે યજ્ઞ૰સામગ્રી, અન્ય પરણ પુરોડાશ
—ગિરિધર,

પરણ વુ, v t [S परि णय marriage fr S परि = Gr peri around + S नी to carry] To marry, to wed

Prov પરણ્યે તેના ગીત ગાવાં Prosperity brings friends પરણે પાનેતર નહિ, ને અધરણીએ ચીર It is lost labour to sow where there is no soil પરણ્યો પીડાએ મરે, ને કુવારો કોડે મરે Commend a wedded life, but keep thyself a bachelor પરણ્યાને પાળે, ને જણ્યાને જીવાડે, તેમાં શાનો પાડ ? There is no obligation done in a man's maintaining his wife and children પરણ્યા પેહેલી અધરણી = પરણ્યા પેહેલા કુવારો You cry out before you are hurt Catch the hare, before you sell his skin

પરણાવ વુ, v t [Caus of પરણ૰વું] To get married 2 To give in marriage

પરણિ૰યત, adj [See પરણ વુ] Married, joined in lawful wedlock.

પરણેત, } s n Marriage
પરણેતર, }

સસરો પહેલા પરણેતનો, જાણે સઘળો મર્મ
—સામળભટ

2 adj Married (Same as પરણિયત)

પર-તન્ત્ર, adj [See પર another + તન્ત્ર doing, conduct] Controlled by another; subject to another, dependent, subservient

પરત વુ, v t [S परि about + वृत्, वर्त्, to turn] To pound into a fine powder

પરતી, s f A narrow strip or slip

પરતો, s m [See પ્ર તાપ] Watchfulness, vigilance (of a god or of a supernatural power) 2 A miracle, a prodigy 3. Dignity; power, awe

પર ત્વે, prep [S पर त्व greatness, power, fr પર great] By virtue of, through, owing to (Generally used at the end of a compound, e g, કારણ પરત્વે Owing to a certain cause)

પરથાર, A bed

કહી ના મળે બહેની બારવાર, કુમાર કાળો રાયનો રે લાલ;
તો તો પાડુ હુ પરથાર, કુમાર કાળો રાયને રે લોલ
—દીવાળીબાઈ

પર-દાદો, s m [See S પર great + દાદો] The great grand-father 2 A distant ancestor, a progenitor

પર દારા, s f [S fr પર another's+દારા] The wife of another man

પર-દુઃખ-ભઞ્જ ન, s m [See પર another + દુ ખ + fr ભાંગ૰વુ] One who destroys or alleviates the sorrows of others, a philanthropist 2 An epithet of God

પર-દેશ, s m [S + દેશ] A foreign country

પર-દેશી, adj Foreign; not native 2 s m f A foreigner, a stranger 3 A particular caste of Hindūs in Upper India.

પર-ધર્મ, *s m* [S *fr* + ધર્મ] The religion of another man or foreigner, a religion *not one's own*

પર•નાતી, *adj* [+ નાત] Belonging to a caste different from one's own

પર•નાળ, *s f* [S प्रणालि का a water-course *fr* प्र forth + नल a reed See નળ, નળી] A water pipe, a water conveyance

પર•નાળિ•કા, } Same as પર•નાળ, 2 A
પર•ણાળિ•કા, } family-custom, a family-tradition

પર•નિન્દા, *s f* [S See પર another + નિન્દા] Speaking ill of another person, slander

પરં-તુ, *conj* [S] But, yet, however

પર-ન્દ, *s m* [P परन्द् *fr* પર feather] A bird

પરપંચ, Same as પ્રપંચ

પરપટી-પાટે, *adv* [S परि पाठ complete enumeration *fr* S परि=Gr *peri* around+S पठ् to repeat] Certainly, surely, assuredly

પર-પુરૂષ, *s m* [See પર not one's own + પુરૂષ] A *man other than one's husband* 2 The husband of another woman

પર-પેંઠ, *s f* [See પર another + પેંઠ] A third copy of a Huṇḍī (an order to pay money)

પર•પોટો, *s m* [S प्र intensive + पोत a boat] A bubble

પરબ, *s f* [S प्र•पा *fr* S प्र=L *pro* forth +S पा to drink] A place on a public road to supply water to thirsty men

પરબ, Same as પરવ, પર્વ

પરબ•ડી, Same as પરબ *fr* S प्रपा

પરબડી, *s f* [See પરબ, પરવ, પર્વ Or see પરબ *fr* प्रपा Or S पारावत=પારેવો a pigeon] A high stand, on which grain and water are placed for pigeons, squirrels, &c , on sacred days by persons after their bath

પરબિ•યો, *s m* [See પરબ] A man employed to supply water to thirsty people on a public road at a પરબ, 2 A watering place

પર-બુદ્ધિ, *s f* [S See પર another's + બુદ્ધિ] Another's counsel or judgment

પર-બ્રહ્મ, *s n* [S See પર great + બ્રહ્મ] The Supreme Being, the Supreme Spirit

પર ભવ•વું, *v t* [S परि•भव defeat *fr* परि =Gr *peri* around+भू, भव्,to be] To weary, to tire, to harass

પર•ભાતિ•યું, *s n* [See પ્ર•ભા•ત] A morning hymn

પરભાર્યું, *adj* [*fr* પર another + ભાર burden] At another's cost, not at one's own cost 2 Unconcerned, indifferent 3 *adv* Without one's knowledge or information, in ignorance 4 Without intervening, directly

પર-ભોગી, *adj* [See પર another+ભોગ•વું] Enjoyed by persons other than the possessor (of a smell, &c) 2 Enjoying other persons property 3 Adulterous

પર•મ, *adj* [S See પર + great + S तम suffix *of the Superlative Degree*] Best, most excellent, highest 2 Chief, uttermost, exceeding, extreme

પરમ, Same as પરમ-દહાડે

પરમ-દહાડે, } *adv*, [પરમ દહાડો,પરમ દી]
પરમ-દી, } On the day before yesterday 2 On the day after to morrow

પરમ-દહાડો, } *s m* [See પર મ + દાહડો,
પરમ-દી, } દી દિવસ] The day before yesterday 2 The day after to morrow

પરમ-પ્રિય, *adj* [S *fr* + પ્રિય] Most beloved, dearest

પરમહંસ, *s m* [S] An ascetic who has subdued all his senses by abstract meditation

પર-માટી, *s f* [See પર another + માટી flesh] Meat

Prov માગી ખાવું, ને મસીદે સુવું Free from all care Beware of him who has nothing to lose માગે મુક્તાફળ મળે, પણ ભીખને માથે લાઠ Begging is condemned, though often lucrative માગવાથી મરવું ભલું It is better to die than to beg માગ્યું તો મોત એ આવતું નથી One is not always sure of getting what one asks for માગ્યા વગર મા એ ન પીરસે A closed mouth catches no flies

માગસર, s m [Dh Des. मग्गसिरो fr S मार्गशीर्ष] The second month of the Samvat year, November-December

માગું, s n Same as માગ ણી

Id. માગું આવવું To be asked for betrothal

માગું ઝીલવું To accept an offer of betrothal 2 To be prepared to carry out a request

માગું કરવું-મોકલવું To ask a girl or a boy for betrothal

માઘ, s.m [S See મઘા] The fourth month of the Samvat year, January-February.

માઘ-વટો, s m [+વૃત્તિ state, or વ્રત a vow] Vows observed or ceremonies performed in the month of માઘ

માઙ્ગલિ-ક, s n [S See મઙ્ગળ.] A festive occasion 2 A benediction, a blessing 3 adj Auspicious

માઙ્ગલ્ય, s n A festive occasion 2 Welfare, good fortune

માચ-ડો, s m [See માચો] A framework of wood, a wooden stand

માચી, s. f A kind of stool or chair; a sedan

માચો, s m [See મઞ્ચ, મઞ્ચ-ક] A column of squares on one part of the board on which a game of સોગઠાં is played.

માછ-લી, s f [S मत्स्य See મચ્છ] A fish

માછ લું, s n A large fish

માછી, s m A fisherman.

માજમ, Same as માઝમ

માજર-વેલ, s. m [See માજર + વેલ] A kind of rice

માત્ર, *adv* [Samskrit suffix showing "nothing but"] Only, merely, solely, barely, e g, માત્ર એક ઘોડો 2 *adj* All, whole, e g, માણસ માત્ર

માત્રા, s *f* [S *fr* मा to measure] The oblique stroke written above the horizontal line of Devanāgarī characters, as in the vowels એ, ઐ, ઓ, ઔ 2 Quantity, the measure of a syllable 3 A medicinal preparation of metals and minerals

Id માત્રા મેળ A class of Prākrit and Gujarātī verses, in which the quantity of the vowels in a line is alone taken into account

માથા-ઓળ, s *f* [See માથું + ઓઢ•વું] A widow's right to claim maintenance out of the ancestral property from united co parceners

માથા-કુટ, s *f* [+ કુટ•વું] A wearisome, vexatious, and unprofitable labour 2 A wearying & tiresome insistance upon a subject, incessant prating, importunate begging 3 An altercation

માથા-ઝિક,s *f* [+ઝિક વું] Same as માથા કુટ

માથા-દીઠ, *adv* [+દીઠ] *Per caput*

માથા-ફોડ, s *f* [+ ફોડ•વું] Same as માથા-કુટ

માથા-બાંધણું, s *n* [+ બંધન, બાંધવું] A piece of cloth with which Parsi women bind their hair

માથા-બોળ, *adv* [+ બોળવું] Bathing without omitting to plunge the head in water, or to pour water on the head

માથા-મેલી, *adj f* [+ મેલું] Unwell, menstruant, being in menses

માથા-વટી, s *f* [Hem Des वत्यडडो *fr* S वस्त्राश्रयः contact with a garment, *fr* S वस्त्र a garment +वृत्ति state, being] A stain of oil &c, left on a garment worn over the head by women 2 A piece of cloth substituted for the part of a garment worn over the head by women

માથું, s *n* [S मस्तक] The crown, the sinciput 2 The forehead 3 The head 4 The brains 5 The head or knob of anything 6 The top, the summit

Id માથું મારવું, માથું ઘાલવું To exert oneself about, to concern oneself with 2. To interfere માથું આપવું To work for the benefit of another at the cost of one's self માથું ઉચકવું–ઉઠાવવું To show a bold front, to rise against, to stand against for a fight માથું કાપવું To bring one into ruin 2 To commit a breach of trust, to betray confidence માથું ઓળવું To comb the hair માથું ધોળવું To clean the hair on the head માથું સોંપવું To surrender unconditionally or at discretion, to be at the mercy of. માથું ઝિકવું, માથું પટકવું, માથું ફોડવું, માથું કુટવું To trouble the mind in vain માથું કુટવું To beat one's head owing to excitement માથું પાકવું, માથું પાકી જવું To be troubled in the mind, માથું નમાવવું, માથું નીચે કરવું To submit માથું ફરવું To swoon, to be giddy 2 To be excited, to be angry માથું ફેરવવું To work oneself into a frenzy માથું બોડાવવું To get one's head shaved by a barber 2 To remain illiterate માથું ભાંગવું To defeat in a competition 2 To put to shame માથું ખાવું To trouble the mind by incessant talking માથું નિકળી પડવું, માથાના કડકા થવા To have a severe headache માથું હલાવવું To shake the head in token of assent or dissent માથાનો ફરેલ, માથાનો ફાટેલ Obstinate, headstrong બે માથાનો ખરચ The cost of the two parties to a suit બે માથાનું Lit Having two heads Hence 2 Reckless, thoughtless (in undertaking a risk) માથા વગરનું Lit Having no head Hence 2 Having no fear for one's own head, fearless, reckless માથું કોરાણે મૂકવું Lit To set aside all thought of one's own head Hence, 2 To be thoughtless બે કાન વચ્ચે માથું કરવું To pull by the ears (used in threatening children) માથે ધૂળ ઘાલવી Lit To throw dust on one's head Hence 2 To expose one's own weakness or folly by defaming other persons 3 To defame માથા માટે માથું Full consideration for a contract માથામાં પવન ભરાવો To be giddy in the head, to be puffed up, to be arro-

માણુ,
માણુ-માણુ, } San. —
..ાણુ-માણુ મનના ભામા, રાજ ગારે ઘેર શીદ આવ્યા?
—ગોવિન્દ

એમાનુ અમે ન કરૂ, નિર્યે નાર કાલ મારૂ
સા'ચક એક સાવક, બીજી ગદા માણુગાણુ
—વશ્લ

માણુ-કમાઉ, *adj* [See માણુ-માણુ + કમાઉ] That which earns nothing 2 *s m* An idle drone

Prov માણુ-કમાઉ, ને મોડા ઉકચા Roguery supplants justice

માણુકી, *s f* [See માણેક] A particular kind of mare

માણુ-વુ, *v t* [S मान् to cause to think *fr* मन् to think Same as માન-વું] To experience a pleasure

જખ મારે છે જગત, માણુ ઉદાસ દયાના સ્વામી
—દયારામ

માણુસ, *s m n* [See મનુષ્ય] A man, a human being, a person

Prov માણુસનુ ધારવુ, પરમેશ્વરનુ પાર ઉતારવુ Man proposes, God disposes સોનું જોઈએ કસી, અને માણુસ જોઇએ વસી A touchstone is the test of gold, and conduct that of a man માણુસ જોઈને વાત કરવી Cleave the log according to its grain માણુસમા આતરો, કોઈ ઝવેર ને કોઈ કાકરો, Among men some are jewels, some are pebbles માણુસને ઇશારત, ગધેડાને ડફણા A word for a wise man, a rod for a fool માણુસની ઓળમા નહિ હોય, તેને શુ? Fools laugh at their own sport માણુસમા લેવાય, કે વગડે લેવાય A man yields either through fear or modesty માણુસ માણુસમા ફેર છે There are various sorts of men

માણુસાઈ, *s f* Manliness, civil manners, politeness

Id માણુસાઈ રાખવી–શીખવી To behave towards another with politeness

માણી-ગર, *s m* [Ar मनी virile semen+ P गर having] A voluptuary, an epicure

મેહોલે પધારો, મારા રાજ, માણીગર મોહોલે પધારો
—દયારામ

માણી-તલ, *s n* [See માણવું + સ્થલ] A place where one finds consolation or pleasure

ગયુ માણી-તલ માદર, જાણીને બાળે દેવ રે
—નરભેરામ

માણેક, *s n* [S माणिक्य] A ruby, a precious stone

માણેક-જમાની, *s f* [+ જમાન] Security bound on condition of paying a debt only if the original debtor fail to pay it

માણેક ઠારી, *s f* [+ઠાર-વુ] The full moon day of આશ્વિન

માણ્ડલિ-ક, *adj* [See મણ્ડળ] Ruling a province 2 *s m* The ruler of a province, a feudatory king

માત, Same as માતા, મા

માતંગ, *s m* [S] An elephant

માતબર, *adj* [Ar मुअ्तबर trustworthy] Rich; wealthy, opulent

માતબરી, *s f* Respectability, greatness, eminence

માતમ,
માહાત્મ્ય, } *s n* [See મહાત્મા] Greatness 2 Virtue, efficacy

માતરૂં, *s n* [See મૂતર-વુ] Passing of urine

Id માતરૂ કરવુ To pass urine (Used by the Jains)

મા-તા, *s f* [S मातृ, माता, *fr* मा, निर्मा, to create] A mother 2 A goddess 3 Smallpox

માતા-મહ, *s m* [S] A maternal grandfather

માતું, Same as માતે લું

ઓહોરા ચાવો ની, ઉંચુ સાળો ની, રગીલા રસ માતા
—દયારામ

માતું-તાતું, *adj* [+તાતુ] Stout and excited

માતુલ, *adj* [S *fr* માતા] A maternal uncle

માતુશ્રી, *s f* [S मातृ-श्री See માતા+શ્રી.] A term of respectful address to one's mother

માતે-લું, *adj* [See મત્ત] Fat; plump, corpulent 2 Arrogant, overbearing, haughty

માતૃ-ઘાત, *s m f.* [S *fr* માતા + ઘાત.] Matricide

એમ વિખાણું સભાનું માન, નારદ પામ્યા અતર્ધાન
—ગિરિધર

માન-કરી, } *s m* [See માન respect+કરવું]
માન-કારી, }
A person entitled (from office, relation, merit, &c) to certain honours and presents rendered at courts, councils, weddings, festivals, village assemblies, &c , a person generally claiming distinction or attention

માન-તા, *s f* [See માન-વું] A vow

Id માનતા રાખવી–માનવી To make a vow or promise to a deity of making an offering on the fulfilment of one's particular desire માનતા કરવી To fulfil a vow

માનતી, Same as **માનિતી**

માન-પત્ર, *s n* [See માન, respect + પત્ર] A document presented out of respect or to do honour, an address

માન-ભંગ, *s n* [S *fr* + भङ्ग breaking *fr* भञ्ज् to break] Insult, humiliation, disrespect

માન-વ, *adj* Human 2 *s m* [S *fr* મનુ] A man, a human being

માન વતી, *s f* [S *fr* માન, respect+वत्, वान्, वती, suffixes showing "possession"] A proud woman 2 A sweetheart angry with her lover

માનવી, *adj* [See માનવ] Human 2 *s m n* A man, a human being

માન-વું, *v t* [S मान् to cause to think *fr* मन् to think] To obey 2 To believe, to credit 3 To admit, To allow, to hold to be true or right 4 To hold, to view, to consider, to regard 5 To mind, to care for 6 To vow, to take a vow 7 To confess; to acknowledge, to own, to avow 8 To be pleased, to please, to be agreeable to

Prov માન્યા તો દેવ, નહિ તો પથ્થર They who worship God merely for fear would worship the devil should he appear

માનસ, Same as **મન** 2 Same as **માનસિ-ક**

માનસિ-ક, *adj* [S *fr* મન] Mental, spiritual, intellectual 2 Chimerical, imaginary

માનસિ-ક-શાસ્ત્ર, *s n* [S *fr* + શાસ્ત્ર] Mental philosophy, psychology

માન સુકન, *s m* [See શુકન, શકુન] An omen

માનિ તું, *adj* [See માન-વું] Favourably regarded 2 Grave, sedate

માનિ તી, Fem of **માની,** Same as **માન-વતી**

માની, *adj* [See માન respect] Proud
દુર્યોધન અભિમાની, દુઃશાસન ઘણો માની,
નહિ શીખ કોની માની, કરે યુદ્ધ તેહ તો
—વલ્લભ

માન્ય, *adj* [S See માન-વું] Respectable, venerable 2 Agreeable, acceptable, approved, esteemed

Id માન્ય કરવું, માન્ય રાખવું To admit or allow

માનુભાવ, Same as **મહાનુભાવ**

મા પ, *s n* [S माप् to cause to measure *fr* मा to measure] Measuring, measurements 2 Measure (of length) 3 A measure (of capacity) 4 A portion measured off

Id માપ કરવું–જોવું To measure 2 To make an estimate, to estimate માપ કાઢવું To make a guess at the dimensions માપ લેવું–ભરવું To take the measure of length and breadth માપ રાખવું To have a standard or measure, to keep within limits of moderation માપ ખોવું To lose one's reputation or honour

દુષ્ટ જનનો સ્વભાવ, નમ્યાને તો નિત્ય હણે,
કરે ન કાંઈ વિચાર, માણે નવ માપને —**વલ્લભ.**

માપ કરણ, *s n* [S *fr* + કરણ, કરવું] Mensuration

મા પ ણી, *s f* Measuring, admeasurement 2 Land-surveying

માપણી-કામદાર, *s m* [+કામદાર] A land-surveyor

માપણી-ખાતું, *s n* [+ ખાતું] The land-survey department of government

માપ હું, *s n* Food supplied to one engaged in sowing

માપ-વું, *v t* [See માપ] To measure

Id જમીન માપવી To fall prostrate on the

gant એના માથામા ગજ઼ ઘાલ્યા છે Lit His head is furnished with strong iron bars to protect it against being split Hence 2 He is very talkative સૂર્ય માથે આવ્યો The sun has reached the meridian, it is mid day માથા-તોડ મહેનત Work hard enough to split one's head, very hard work માથા ઉતરતુ કામ Perfunctory work માથા વગરના પ્રાણી Acephala, માથા આગળ પગવાળા જનાવર Cephalopods માથે હોવુ To be responsible for માથુ ચઢવુ To suffer from headache માથે ચઢી બેસવુ-ચઢી વાગવુ To disobey 2 To be so insolent as to think oneself able to order about one's own superiors માથે મારવુ-ઓઢાડવુ-નાખવુ-પાડવુ To unjustly throw a burden or loss on a person 2 To mislead a person as to the worth of a thing, and to induce him to pay a price higher than its real worth માથે રાખવુ To place responsibility on a person માથે ચડાવવુ To obey implicitly, to accept submissively 2 To indulge unduly માથે થવુ To be in menses માથે પડવુ To be responsible against one's will માથે ઘાલવુ-નાખવુ To throw the responsibility on the head of another માથે પાણી ઘાલવુ To take a bath and make atonement for dereliction or suspension of religious duty during one's illness છેડો માથે નાખવો To throw off all considerations of shame or decency (said of a woman) માથેથી ઉતારવુ To be free from a responsibility, to discharge an onerous duty માથે લેવુ-વહોરવુ To undertake the responsibility of doing માથે હાથ દેવો To be disappointed માથે હાથ મુકવો To bless 2 To infect another with one's own wickedness

Prov એકથી બે માથા ભલા Two heads are better than one માથું આપે, તે મિત્ર A friend in need is a friend indeed માથે પડી વિશ્વ દેવા Necessity is the mother of invention Necessity has no law માથુ સોંપ્યુ, ત્યારે નાક કાનનો શો ઉધારો ? The greater contains the less The power of the less ceases in the presence of the greater માથુ વાઢીને બેસવા આપીએ, તોએ કહે "ડગે છે," If you give an inch, he will take an ell માથા કરતા મનોહર મોટુ Cut your coat according to your cloth

માદક, *adj* [S *fr* माद् to cause to be mad *fr* मद् to be mad See મદ] Intoxicating

માદર-ચોદ, *adj* [P मादर्=S मातृ = માતા+ ચોદ વુ] A term of low, vulgar, and coarse abuse

માદરપાટ, *s m* [See ચાદરપાટ *fr* P चादर् a sheet+પાટ, પટ, cloth Or *Manchester* +પાટ] A kind of cloth, Madrepollam

માદર-બ-ખત, *adj* [Contraction of मादर्-ब ख़ता one whose mother is at fault *fr* P मादर्=S मातृ= માતા +ब at + Ar ख़ता fault] A term of low, vulgar, and coarse abuse

માદળિયું, *s n* An amulet 2 A kind of ornament

Id હૈયાનો હાર ને કોટનુ માદળિયુ Darling, very dear

માદા, *s f* [Hem Des माड *fr* मातृ Cf P] The female among lower animals

માધવ, *s m* [S *fr* मा the goddess લક્ષ્મી+ધવ] Krisna or Visnu 2 [S *fr* મધુ honey See મધ] The month of વૈશાખ (April-May)

માધવી, *s f* [S] A kind of creeping plant bearing fragrant flowers

માધુરી, *s f* } માધુર્ય, *s n* } [S *fr* મધુર] Sweetness 2. Melodiousness 3 Fragrance

માન, } માન્, } મન્ત, } [S मत्,मान्, मन्त] An adjectival suffix in Samskrit showing "possession"

માન, *s n* [S *fr* मन् to think] Respect, regard, reverence, honour 2 Arrogance, conceit 3 Importance, estimation, veneration

Id માન મળવુ To be respected માન મેળવવુ To get respect માન આપવુ-દેવુ To pay respect to

માન, *s n* [S *fr* मा to measure] Measure, degree, capacity 2 Magnitude, extent 3 Greatness 4 Importance 5 Dignity

ness 4 Pity, tenderness, compassion 5 *Cannabis Indica*, hemp bhāng 6 The personification of a goddess as being the immediate and active cause of the creation 7 Illusion which causes one to regard the Supreme Spirit and the universe as two distinct realities (in the Vedānta philosophy)

Id માયા કરવી-રાખવી To bear affection to, to love માયા મૂકવી To cease loving, to grow cool towards માયા-પાણી A beverage made from bhāng

Prov જો માયાને કે કાયાને ! A beggar may sing before the thief

માયા, *s f* [P] Property, substance, stock, wealth Same as **માયો**

Prov સૌ માયાનું સગુ છે Everybody loves his self interest above everything else

માયા-મોસો, *s m* A fraudulent speech (Used by the Jains)

માયા-વી, Same as **માયિક**

માયા-ળુ, *adj* [See માયા affection+S आलु having] Tender, pitiful, compassionate, loving, fond, affectionate

માયિ-ક, *adj* Illusory, unreal, false, deceptive

માયું, Same as **માળુ-કળ**

માયો, *s m* [See માયા P] Property, substance, stock, wealth

માર, *s m* [See માર-વુ] A beating, thrashing 2 A firing at, cannonading, a bombardment, a battering 3 Rushing upon 4 Exuberance, overflowing, plenty, press or vigour of any action, urgency 5 Pressure, a constraining force 6 Affliction, distress, embarrassment

Id માર ખાવો To be beaten 2 To suffer a loss 3 To be defeated or beaten (in a battle) માર માર કરવુ To beat incessantly 2 To press hard, to urge માર મારવો To beat

Prov માર ચૌદમુ રતન છે Spare the rod, and spoil the child માર ભુંડુ ને કર રુડુ Strike hard, and do your work well

માર-ક, *adj* Killing, destroying; counterworking, neutralizing

માર-કણું, *adj* Given to butting or kicking 2 Frightful, terrible 3 Bewitching, lovely

Prov મારકણો સાંઢ, ને ચોમાસું મહાલવો Confusion worse confounded.

માર-કૂટ, *s f* [See માર-વુ+કૂટ-વુ] Beating and buffeting, drubbing, pommelling and pounding 2 Difficulty 3 Haste, hurry

મારકો, *s m* [See માર-ક] Evil, adversity, affliction 2 Consumption 3 Pressure, urgency

મારફો, *s m* [Eng *Mark*] A mark or sign made on bales of goods.

Id મારકો કરવો To mark with the trademark of.

માર-ખાઉ, *adj* [See માર + ખા-વુ] That constantly undergoes beating, that is used to being beaten

મારગ, Same as **માર્ગ**

Id મારગે પડવુ-મારગ પકડવો To go on in one's own way 2 To take up one's career; to follow as one's occupation

મારગી, *s m f* A member of a diabolical sect in Kāthīāwār 2 A traveller; a wayfarer

Id એક મારગી He who minds nothing but his own business

મારગુ, *adj* Travelling 2 Fit for travelling purposes

Id વટે મારગુ A traveller

માર-ઝપટ, }
માર-ઝુડ, } *s f* [See મારવું+ઝપટવુ, ઝુડ-વુ] Pommelling and felling 2 Alacrity, promptitude 3 *adv* In full swing, in full sway, promptly

માર-ણ, *s n* Killing 2 Incantations to destroy

માર-પીટ, *s f* [See માર-વુ+ પિટ-વુ] See **મારકુટ**

મારફત, *s f* [Ar मअरिफत acquaintance] Intervention, interposition, influence 2 Medium, means, channel 3 Agency, authority, instrumentality

Id મારફત કરવી To act as an agent માર-

ground by the slipping of the foot while walking

માપુ, s n A measure of capacity 2 A measure of length

Id માપુ લેવુ–ભરવુ To measure length and breadth

માફ, adj [Ar मुआफ़ pardoned] Pardoned, forgiven 2 Waived; remitted, absolved

Id માફ કરવુ To pardon one for

માફક, adj [Ar मुआफ़िक़] Suitable, agreeable, according with 2 Conformable to, like; similar to 3 Passable, moderate, middling

Id માફક–આવવું–પડવું To be agreeable or suitable.

માફક-સર, adv [+ સર P the head] Moderately, so as to suit or agree

માફી, s f [Ar See માફ] Pardon, forgiveness, absolution 2 Remission, abatement, relinquishment of right 3 Exemption

Id માફી માગવી To beg pardon માફી આપવી–બક્ષવી To pardon માફી મળવી To be pardoned, to be exempted from

માફી જમીન, s f [+ જમીન] Land free of assessment

માફી-પત્ર, s m n [+ પત્ર] A written apology

માફો, s m [Ar महोफ़ः] A kind of conveyance, a cart, a waggon

મામ, s f [See મગના] An eager desire

કહ્યુ વડુ તે જે નામ, તેમા લાગી મનની મામ
—મુકુન્દ

2 Curiosity 3 Resolution, resoluteness; firmness of mind, boldness

સેન મારિયુ તમામ,મામ મૂકી જાય જે —પ્રેમાનદ
તેને મન છે માટમ મામ, કામ વાસના સિદ્ધશુ દાન
—સામળભટ

Id મામ મૂકવી–છોડવી To give up one's obstinacy

મામ, s n [Imit Cf Eng *Munch*] Food

Id મામના વાધા Having not even a morsel to eat, extreme poverty

મામ-ફળ, s n A kind of fruit

મામલ ત, s f [Ar मुआमलत an affair, an act] A public business, government service, esp the collection of revenues and general administration 2 An enterprise, understanding, business 3 Importance, weight, worth, estimation, value 4 Property

મામલત દાર, s m [+દાર, P ,] A Taluka revenue collector, a Māmlatdār

મામલત-દારી, s f The business or office of a Māmlatdār

મામલો, s m [See મામલ-ત] An affair, business, a transaction, a concern 2 An involved or troublesome matter

મામી, s f [Dh Des & Hem Des मामी fr S मातुलानी See મામો] A mother's brother's wife

મામી-સાસુ, s f [+ સાસુ] The મામી of the husband in her relation to the wife 2 The મામી of the wife in her relation to the husband

મામુલ, s m [Ar मुआमूल acted] Custom; usage, practice 2 adj Ordinary, usual

મામેરૂં, s n [See મહિયેર] Presents sent by parents to their daughter in the seventh month of her first pregnancy

મામો, s m [See માતા+સાઇ] A mother's brother, a maternal uncle

મામો-સસરો, s m [+ સસરો] The મામો of the husband in his relation to the wife 2 The મામો of the wife in his relation to the husband

માય, s f [See મા, માતા] A mother

માય, } Same as માંહે.
માય, }

માયનો, s m [Ar मअनी] Meaning; signification, import

માયરૂ, } Same as મહિયેર.
માયરૂ, }

માયરૂ, s n An altar erected for a marriage ceremony

માયા, s f [S] Creation, illusion, 2 Deceit, jugglery 3 Affection, love, fond-

મરદું જાય, ને મારદું જાય He will try to bring you down to his own level

મારવું, *v i* To produce an effect vehemently or quickly, *e g*, ચળકાટ મારવો, બાફ મારવી, ઝાળ મારવી

મારા-માર, }
મારા-મારી, } *s f.* Mutual fighting or beating, a scuffle, a broil, an affray, a fray 2 Assault, battery

મારી, *s f* A plague, cholera

મારૂ, *pron adj* [S अस्माकम् our, ours] My, mine

Id મારૂ તારૂ કરવુ To show a spirit of disunion (between friends)

મારૂ, *adj* [See મારવુ] Killing, bewitching 2 Cutting, keen

મારૂ, *s m* [S मरु] The country of Mār wād. 2 A musical mode

મારૂત, *s m* [S *fr* मरुत् wind] Wind

મારૂતિ, *s m* [S =son of मरुत् wind] An epithet of the monkey god Hanumān

મારો, *s m* [See મારવુ] An attack, battering, beating, striking 2 Cannonading; bombarding 3 An assassin 4 Over whelming profusion or plenty 5 Con sumption

માર્ક, *s m f* [Eng *Mark*] Same as મારકો. 2 Mark

માર્ગ, *s m* [S *fr* मृग् to seek] A road, a path, a way, a mode, a manner 2 Creed, persuasion a sect, a religious order

Id માર્ગ કરવો To make a way 2 To open a new way 2 To remove obstacles from one's way, to clear the way માર્ગ કાઢવો To open a new way 2 To remove obstacles from the way માર્ગ બતાવવો-દેખાડવો To show the way to

માર્ગશીર્ષ, *s m* [S] The month of માગસર (November-December)

માર્ચ, *s m* [Eng *March*] The month of March

માર્જન, *s n* [S *fr* मृज् to wipe] Sprinkling 2 Cleaning, cleansing, washing

માર્તણ્ડ, *s m* [S] The sun

માર્મિક, *adj* [See મર્મ] Piercing the vital parts, poignant, cutting, stinging (words or speech) 2 Subtle, ingenious 3 Acquainted with the mysteries and secrets of, discerning hidden beauties

માર્મિકતા, *s f* Piercing quality, poignancy of speech or writing 2 The power of discerning hidden beauties

માલ, *s m* [Ar] Property 2 Goods, wares, commodities, merchandise 3 An article or thing considered with relation to worth or value 4 Worth, value

Id એમા માલ નથી This is worthless કીમતી માલ A valuable article માલ જોવો To test the value of માલ-પચાવવો-હજમ કરવો-ખાઇ જવો-માલનુ પાણી કરવુ To misappropriate another person's property

Prov માલ માલનો શુકો, ને પૈસા પાણીમા Light come, light go માલ ખાવો મામીઓ, ને ગીત ગાવા વીરાના One man pays for the bottle, and others enjoy it

માલ, Same as મહાલ

માલ કરી, Same as મહાલ કરી

માલ કાંકણી, *s f* A kind of medicinal seeds

માલકી, Same as માલિકી

માલ કુ, *adv* [See ત્રાંસ્ટાવ કુ] Squint, looking asquint

Id માલકુ જોવુ-ભાળવુ To look asquint

માલકોશ, *s m* [S मालकोश] A musical mode

માલ-જામીન, *s m* [See માલ+જામીન] A security for goods or money (Distinguished *fr* હાજર જામીન A security for the appearance of the person)

માલણ, *s f* [S मालिनी a woman who makes and sells garlands *fr* માળા, માળી] A flower-girl, a wife of a gardener

માલતી, *s f* [S] A kind of jasmine

માલ-પૂડો, *s m* [See માલ+પૂડો] A kind of pancake

માલમ, *s f m* [Ar मुअल्लिम] A ship mate 2 A pilot

માલમ, Same as માલૂમ

માલ-મતા, *s f* [See માલ + મતા] Goods, stock, effects, property, chattels, furniture

ફત ઘાલવી To admit the intervention of, to recognize the intervention of, to recognize one as the medium or agent

મારફતિયું, *adj* Intervening, interposing 2 Being the instrument

મારફતિયો, *s m* An agent, a factor, one who transacts business for another

મારફાડ, *s f* [See મારવું+ફાડવું] Tearing and killing, a slaughter, carnage

મારવાડી, *adj* [મારવાડ *fr* S मरुवाट *fr* मरु a waterless country +वाट a region] Relating to Mārwār 2 Parsimonious, miserly 3 *s m* A Mārwāḍī, an inhabitant of Mārwār

મારવું, *v t* [Caus of મરવું] To beat, to buffet, to thump, to knock, to hit, to strike 2 To overcome, to vanquish, to defeat 3 To kill, to destroy 4 To destroy the active qualities of 5 To master, to subdue, to tame, to overcome 6 To attack, to assault 7 To drive in, to apply, to fix, to fasten, to clap on, to impel 8 To do or make with force, promptitude, or smartness 9 To fire, to fight, to lay on 10 To dart, to hurl, to chuck in or toss off 11 To earn smartly and cleverly, to make 12 To utter sharply or loudly, to bawl, to bellow

Id નેન–આંખ મારવા To glance at amorously બોલી–બોલ–ટાણો–મેણું–મારવું To taunt હાથ મારવો To earn by foul means 2 To steal માથામાં મારવું To give with contempt or an air of superiority માથે મારવું To practise deceit in delivering articles bargained for; to deliver inferior articles માથામાં મારીને In spite of. માથું મારવું To push oneself in 2 To interfere uncalled for with another person's business મોઢું મારવું To eat in a hurry બંદૂક મારવી To fire at a target, to aim at with a musket તોપ મારવી–ગપ્પું મારવું–ડડાકો મારવો To make an exaggerated statement તરવાર મારવી To gain one's object with courage or bravery 2 To exploit, to be successful મૂઠ મારવી To make use of spells or charms to kill a man, to practise black magic નિશાન મારવું To aim at and hit with a rifle shot or an arrow 2 To gain one's object ધાતુ મારવી To destroy the active qualities of a metal or a poisonous drug ડૂચો મારવો To stop with a plug ઘોડો મારવો To make a horse run એડી મારવી To prick a horse with the spurs 2 To give a hint with a quick movement of the foot 3 To mark a silver or gold coin, in order to test its quality ધાડ મારવી To exploit, to accomplish a great object ઘર મારવું To ruin a house or family by treachery 2 To have illicit intercourse with a woman of the family ગાંડ મારવી To have sexual intercourse with a woman 2 To be guilty of sodomy 3 To cheat (vulgar) ખીલો મારવો To drive in a nail મેખ મારવી To drive in a peg 2 To throw in an obstacle તાળું મારવું To lock બૂમ મારવી To utter a loud cry ફાંફા મારવા To make a vain search ઝડાકો–સપાટો મારવો To conduct a work with speed શરત મારવી To lay a wager ફાકો–ફાકડો મારવો To swallow a powder છાયા મારવી To show tints of colour તેજ મારવું To shine brightly લાત મારવી To kick. ધોલ મારવી To give a slap on the face લાત–ધોલ–મારવી Not to pay or give 2 To deceive in making a payment 3 To contemptuously refuse to accept (a bribe or illegal gratification) માછલાં મારવાં Lit To kill fishes Hence 2 To commit an evil act 3 To commit a mistake મન મારવું To practise self restraint or self-denial ભૂખ મારવી To refuse to eat તરસ મારવી To refuse to drink મારી નાખવું To kill મારી પાડવું–ઉતારવું To gain in a short time or at a stroke મારી ખાવું To gain by foul means માર્યું જવું To be ruined, to be frustrated

Prov મારવો તો મીર, લૂટવો, તો ભંડાર Away ! do some great feat, some sounding exploit (said to a drivelling boaster) મારે, તેની તલવાર, Might is right માર્યા ન મરે, તેના ડીકા શું મરે ? There is no love without fear

Id માહિતગાર થવુ To become acquainted with, to know particularly માહિતગાર કરવું To make acquainted with

માહિત-ગારી, } s f Acquaintance or
માહિતા, }
conversancy with, knowledge; proficiency 2 Experience, particular knowledge

Id માહિતી મેળવવી To get information or knowledge about

માહુ, *adj* [See માહ, મૂહ] Miserable, unhappy

માહે, Same as માંહે

માહેર, *adj* [Ar माहिर] Familiar with, conversant with 2 Proficient, skilful, intelligent, clever; ingenious, sagacious.

માહેરૂ, s n [See મહિયર, મા + ઘર] A raised seat with a canopy over it, made in the front of a house, on it the marriage-ceremony is performed

માહો-માહે, *adv* [See માહે] Mutually 2 Internally 3 Amicably

માળ, s m [Hem Des माडिर्म= S गृहम् a house] A storey, a loft of a house

માળ, s f [See માળા] See માળા 2 A strap of leather or cotton rope passing round two wheels which move together

ઘર-ધધામા ફરે રેંટિયો, નાકે તાર ન તૂટે છ,
આતણ માળ સો ઘરમા કહીએ, ખરચ કરે નવ ખૂટે રે
—નિરાંતભક્ત

માળ-કો, s m [See માળા] A file or collection of papers strung together

Id માળકે પોરવવું–નાખવું To put in a file of papers, to file a paper

માળ ણ, Same as માલ-ણ

માળવી, *adj* [S मालवीय fr मालव Mālwā] Relating to Mālvā

માળ-વું, s n [See માળ, માળો, a storey] Same as માળી લેવું

માળી લેવું, v t [See માળો] To get roofed, to get tiled (of a house)

માળા, s f [S माला] A garland, a wreath, a chaplet 2 A rosary, a string of beads 3 A row of petals or corals 4 A line; a series, a long array

Id માળા લેવી Lit To take up the rosary Hence 2 To renounce the world, to become a recluse માળા જપવી–ફેરવવી To count one's beads 2 To be incessantly remembering a person or thing માળાનો મણકો A dear son માળાનો મેળ The best and chief among a group of persons

Prov માળાના મૂળગા ગયા He went for wool, and came home shorn

માળિ-યા, s n } [See માળ a storey]
માળ-યું, s m }
The loft of a house

માળી, s m [S मालि-क a florist fr मालिन्, माली, having a garland, fr माला garland] A gardener, a florist, a horticulturist 2 A vender of flowers

Prov માળી રૂઠ્યો ફુલ લેશે, ચોટલી તો નહિ લે ? Let the worst come to the worst માળી સીંચે સો ઘણા, પણ રત વિના ફળ ન હોય Everything is good in its season, if that season be watched

માળે-ણ, Same as માલ-ણ, માલે-ણ, માળ-ણ

માળો, s m [See માળ a storey, a loft] A loft 2 A large house 3 A bird's nest

મિઆઉ, *adv* [Cf Eng *Mew*] Imit. of the cry of a cat, or the crowing of a child, mewing

મિચ-વું, v t [S मिष् to shut] To close, to shut

Id આંખો મિચવી To close the eyes. 2 To die આંખો મિચીને Without consideration. 2 Hastily

મિચા-મણું, s n pl (Generally preceded by આખ the eye) Shutting and opening the eyes frequently and rapidly 2. Winking with the eyes

મિજબાન, Same as મેજબાન

મિજબાની, Same as મેજબાની

મિજમાન. Same as મિજબાન

મિજલસ, s f [Ar मज्लिस an assembly.] An assembly, a meeting, a congregation 2 A pleasure party

મિજાગરૂ, s n [See મધ્ય+આગાર] Jointed hinges

મિજાજ, s m [Ar मिज़ाज] Temper;

માલ-મસ્ત, *adj* [+ મસ્ત] Puffed up by riches, purse-proud 2 *s m f.* A Mammonist, a Mammon worshipper

માલ-મિલકત, *s f* [+મિલકત] See માલ-મતા

માલ-ણું *s n* An earthern pot for keeping whey, &c

માલ વુ, *v i.* [See મહાલવું] To walk about completely free from care

માલિક, *s m* [Ar] A proprietor, an owner

માલિકી, *s f* [P मालिकी *fr* Ar मालिक] Proprietorship, ownership

માલિ-ની, *s f* [S] A particular Sanskrit metre 2 A beautiful woman

માલિ-યાત, *s n* [See માળી] Land producing such valuable crops as are grown in a garden 2 A garden crop grown in fields

માલૂમ, *adj* [Ar मअलूम] Known

Id માલૂમ થવું-પડવું To be known માલૂમ કરવું To make known

માવ, *s m* The husband

આહા ! આમી માવ ! શીમુખ વશી, એવું લિપે ઉચ્ચરી

—ગીત-ગોવિન્દ

માવજત, *s f.* [Ar मुहाफजत. protection] Care, attention

માવઠું, *s n* [See માઘ+વૃષ્ટિ] A shower of rain falling at an unseasonable time, *especially*, a shower of rain in the month of માઘ

માવડિ-યો, *s m* [See માવડી] A son loving and obedient to his mother

માવ ડી, *s f* [Hem Des. माउआ Also Dh Des माउआ *fr* S मातृका *fr* मातृ, માતા, + का dim See મા, માતા] A mother, a woman who is as kind as mother

માવત, See મહાવત

મા-વિતર, *s f* [S मातृ+पितृ, પિતર See માતા, પિતા] A mother

મા વું, *v i* [S मा to measure] To enter and be contained 2 To be comprised 3 To hold (of a measure of capacity)

માવો, *s m* Milk inspissated by boiling 2 Pith, kernel; substance 3 A soft powder

માશૂક, *s f* [Ar मअशूक beloved = S महासुख *fr* મહા+સુખ] A sweetheart, a beloved woman, an inamorata, a mistress 2 *adj* Beloved, dear 3 Handsome

માસ, *s m* [S मास=P माह् a month, the moon, *fr* S मा to mesure] A month

માસલો, *s m* [See મિસલ, મિસાલ] A sample, a specimen, a pattern 2 A fashion, a make

માસિ-ક, *adj* [See માસ a month] Monthly

માસિ યો, Same as માસી-સો

માસી, *s f* [Dh Des माउसिया *fr* S मातृ ष्वसा. See માતા + S. स्वसृ स्वसा, sister] A mother's sister

માસી-સાસુ, *s f* [+ સાસુ] The માસી of the husband in her relation to the wife 2 The માસી of the wife in her relation to the husband

માસી-સો, *s m* [See માસિ-ક + શ્રાદ્ધ] A Shrāddha ceremony performed every month after the death of a relative

માસો, *s m* [Dh Des. माउच्छा *fr* S मातृ-ष्वसा See માસી] The husband of the માસી

માસો, *s m* [S माष = અડદ] A weight used in weighing gold, equal to eight *ralis*, or one twelfth part of a *tolā*

માહ, *s m* [P माह् = S मास a month] A month

માહ, [Hem Des माहो] Same as માઘ.

માહતમ, Same as માહાત્મ્ય

માહતમ, *s n.* [P] Grief, mourning 3 Lamentation, weeping, moaning

માહ-વારી, *adv* [See માહ, a month,+ P वार् an adjectival suffix = Eng '*ly*'] In each successive month, in each month; monthly

માહાત્મ્ય, Classical form of મહાતમ.

માહાલ વુ, Same as માલ વું

માહિત, *adj* [Ar माहीयत् state of being what it is] Known, familiar

માહિત-ગાર, *adj* [+P गार्= S कार doer *fr* कृ to do] Conversant with, acquainted with, familiar with 2 Well informed, proficient, competent.

Measured 2 Moderate, temperate 3 Limited

મિત-વ્યય, s m [S fr +વ્યય] Economy, frugality, frugal and judicious use of money

મિતાહાર, s m [S fr + આહાર] Temperance in eating

મિતી, s f [S मि ति measurement fr मा to measure See મિ ત] A specified lunar day considered as a date, a date

મિત્ર, s m [S fr मिद् to feel affection for] A friend, a companion, an associate

મિત્ર તા, મિત્ર તા ઈ, મિત્રા ઈ, } s f Friendship, intimacy, amity

મિત્ર-દ્રોહ, s. m [S fr +દ્રોહ] Hating a friend, treachery to a friend

મિત્ર-ભાવ, s m [See મિત્ર+ભાવ] Friendliness

મિત્રાચારી, s f [+ ચર્યા, આચાર] See મિત્રતા, &c

મિથુન, Same as મૈથુન.

મિથુન, s n [S] A couple, a pair 2 s f [+રાશિ a sign of the Zodiac, being understood] The sign *Gemini* of the Zodiac

મિથુની, Same as મૈથુની

મિથ્યા, *adj* [S] False, untrue, unreal 2 *adv* In vain, ineffectually, to no purpose

મિથ્યાભિમાની, *adj* [See મિથ્યા + અભિમાન] Vain, concieted, vaunting

મિનડી, Same as મની a she cat

મિનડું, s n A cat

મિનાકસો, s n [Ar मुनाक़शः a quarrel] A disagreement, a difference 2 Spite; grudge, rancour

મિના-કારી, *adj* [P =a kind of painting fr मीना a paint+कार्=S कार्य work fr कृ to do] Enamelled

મિનારો, s m [Ar] A tower, a turret, a minaret

મિનિટ, s f [Eng *Minute*] A minute

મિયાં, મિયા, } Same as મીયા

મિયાન, Same as મ્યાન

મિયાનો, Same as મ્યાનો

મિર-જા, s m [P मीर्ज़ा noble *fr* मीर a nobleman+ज़ा born fr जादन्=S जन् to be born] A Muhammadan title of respect

મિરાત, s f [Ar मिराह्‌ inheritance] Wealth, riches

મુજ આગળા ને મોટી મિરાત, બાઈ
સામગ્રી ધરેલુ સાચુ રે —મિરાબાઈ.

મિલકત, s f [Ar मिल्कत] Property; estate, effects, chattels, goods

મિલન, s n [S fr मिल् to join, to meet] Joining, meeting, assembling together 2 Encountering 3 Being mixed with, coming in contact with

મિલન-સાર, *adj*, [See મળવુ + સાર good] Social, affable, agreeable, courteous, amiable

મિલન-સારી, s f Sociability, sociableness, affability, amiability

મિલાપ, s m Junction 2 Concord, harmony 3 Union, confluence, juncture 4 Meeting, interview

મિલાપી, Same as મિલન-સાર

મિલા-વટ, s f [+ વૃત્તિ] Being of the same kind or state, harmony

મિલા વડો, s m [See મળ વુ + વૃત્તિ or S વાટ a region] A party, a social assemblage 2 A gathering, a crowd

મિશ્ર, મિશ્રિ ત, } *adj* [S] Mixed, blended, mingled, combined 2 Added

મિષ, s n [S] An excuse, a pretence; a pretext, a sham, a feint 2 A fraud, a trick

Id મિષ કાઢવુ To find out an excuse, to show an excuse

મિષ્ટ, *adj* [S] Sweet, savoury; dainty, sapid 2 Pungent, piquant

મિષ્ટાન્ન, s n [S fr + અન્ન] Savoury food, dainty dishes

Id મિષ્ટાન્ન ગારવા To eat sweet things gluttonously

મિસકિન, *adj* [Ar मिस्कीन् a man so poor that he has no food for even a day *Cf* Ar फ़क़ीर् who has food in stock for one

temperament 2 Wrath, disdainfulness, airs and affectation, prudery 3 Pride, arrogance, haughtiness, vainglory 4 Anger, ire, disposition, temper, constitution 5 Fastidiousness

Id મિજાજ કરવો To be proud મિજાજ ખોવો-જવો-ખસવો To be out of temper, to lose temper

મિજાજી, *adj* Fastidious, full of airs 2 Proud, haughty, arrogant 3 Whimsical, capricious 4 Irascible, irritable, hot-tempered, squeamish

મિજાન, *s n* [Ar मिज़ान a balance] A measure 2 A quantity 3 A guess, a conjecture

મિજાન॰સર, *adv* [+સર, સિર] According to the standard, moderate

મિજાસ, Same as મિજાજ

મિજાસી, Same as મિજાજી

મિટ, *s f* [S मिष् to shut] Patience, resignation, endurance 2 The meeting of the eyes, looking at each other at the same time

આવી પોપટ પાંજર તળે, મિટમિટ બેહુ જણની મળે
—સામળભટ

Id મિટ મેળાવો The meeting of the eyes, looking at each other at the same time

મિટ॰વું, *v i* [S मृष्ट wiped *fr* मृज् to wipe] To be effaced, rubbed out, or washed out 2 To expire, to elapse, to glide away, to pass away 3 To terminate, to end, to come to conclusion

મિટ્ટી, *s f* [Hind *fr* S मृत्तिका *fr* मृत् earth] Earth, clay

મિઠ॰ડા, *s n pl* [See મીઠું sweet] A form of benedictory ceremony 2 A hug, a close clasp or embrace, a locking within the arms

ઉભા ઉભા જમુનાને તીર,લાજડીમેલીનેલીધા મેંતા મિઠડારે
—બ્રહ્માનંદ

Id મિઠડા લેવા See under ઓવારણાં મિઠડા ઢાળવા To show outward affection while inwardly cherishing ill will

મિઠડા ઢાળી જે મુખ, મિત્ર જેનું માન રાખે,
દાવ આવિને જ દાખે, વળી દહુ રાજ ! દુ
—વલ્લભ.

મિઠ॰ડું, *adj* Sweet (used in endearment) 2 Speaking sweetly

મિઠાઈ, *s f* Sweetment, confectionary; pastry

મિઠાઈ॰વાળો, *s m.* [+ વાળું having] A sweetmeat maker or seller, a confectioner

મિઠા॰ચરૂ, *adj* [+ ચરવું to graze] Addicted to eating sweet things 2 Fastidious in one's taste at meals

મિઠા-બોલું, *adj* [+ બોલ॰વું] Sweetly speaking 2 Honey-tongued

મિઠાસ, *s f* Sweetness

મિઠો-ભાત, *s m* [+ભાત] A preparation of rice with sugar, &c

મિડધો, *adj* [P मीरदिह the headman of a village *fr* मीर् the head+दिह् a village] Fat and strong 2 *s m* A mesenger, a runner 3 An inspector of messengers

મિડળો, } મિંડળો, } *s. m* [S मुण्ड the head + આવલિ] A braid of hair on the forehead of a girl

મિઢિ યો, *adj m* [See મીઢું,] Having the horns bent over the forehead (of an ox, a goat, &c)

મિંઢળ, } મિંઢળ, } *s n* A fruit used in several religious ceremonies, and also for medicinal purposes

Id મિંઢળ-મિંઢળ બાંધવું To tie the fruit મિંઢળ to the wrist of a person on an auspicious occasion

મિંઢિ-આવળ, } મિંઢિ-આવળ, } *s f* [See આવળ] Senna

મિણુ-કપડ, *s n* [See મીણ++કપડું] Wax cloth, oil-cloth

મિણુ-બત્તી, *s f* [+બત્તી] A candle

મિણિ॰યું, *s n* Wax-cloth.

મિણ્ઢા॰ઈ, *s f* [See મિણ્ઢું] The quality of concocting deep laid plans 2 Craftiness. 3 Conceit

મિણ્ઢું, *adj* [See મંદ Or S मिद indolence *fr* मिद् to be greasy] Having deep-laid plans. 2 Crafty, artful 3 Conceited

મિ॰ત, *adj* [S, *fr* मा to measure]

Prov મીયા થાય ગોર જોગ, ત્યારે બીબી થાય પર જોગ The one on the threshold of death, the other on the threshold of life મીયા પ ડયા, પણ ટાંગ ઉંચી His prosperity has disappeared, but his pride remains મીયા મુસા ને વા ને પાણી Reduction to dust, rank and ruin. મીયા મસાલા વગર રહ્યા Poor against his will મૂળ મીયા ગાડા, ને તળી આગ બીધી Confusion worse confounded મીયાના ચાહે ચાર One sheep follows another મીયાંથી બે સહુ ડોળા કયું હશે? It is our own vanity that makes others' vanity intolerable મીયા ડોટે, પણ બીબી કયુ દોડે? Compelled against one's will to cling to the undesirable મીયા તેવી ઘોર Stretch your legs according to your coverlet મીયાની વાટે નાયુ ન ચાલીએ Cut your coat according to your cloth મીયા મરે ને મ રીદે દીવો થાય Never trust to another what you should do yourself મીયા ગદાહેવનો જોગ કેમ ખાય? Can a mouse fall in love with a cat? મીયા ચોર પગી પગી, ને, ચાલે ઉઠાવે કુપ્પા Ever spare, ever bare મીયા નૂરા, ને લેખા પૂરા The two sides of an account are equal

મીર, *s m* [Ar Contraction of અમીર] A king 2 A grandee, a person of elevated rank or station 3 The king in a suit of cards

મીરઝાં, Same as મિરઝાં

મીલ, *s f* [Eng *Mill*] A mill, a grinding, weaving, or spinning, machine 2 The building that contains the machinery for grinding, spinning, or weaving

મીલ, *s f* [See મળવું] A party or side

Id મીલ બાંધવી To form and organize a party to a quarrel

મીસી, Same as મિસ્સી

મુંગુ, *adj* [S मूक See મૂગું] Dumb, deprived of speech, mute 2 Silent, taciturn

Id મુંગુ રહેવું-બેસવું To be quiet or silent, To cease talking

મુંછ, *s f* [S श्मश्रु the beard See મૂછ] Mustaches

મુંઝ•વણ, } Same as મુઝ•વણ.
મુંઝા•મણ, }

મુંઝાવું, Same as મુઝા•વું

મુંડ•ણુ, *s n* [S मुण्डन *fr* मुण्ड् to shave] Shaving, tonsure 2 The ceremony of tonsure 3 Being deceived

મુંડ•વું, *v t* [S मुण्ड् to shave] To shave 2 To admit, by the recitation of a *mantra*, to the degree of a disciple 3 To cheat, to gull, to deceive

Id માથુ મુંડવું To shave the head બેઠાબેઠા શા માથા મુંડો છો? You have been sitting doing no work ચેલો મુંડવો To win a person over to one's side 2 To convert a person to one's own religion 3 To appoint a disciple as the heir to the property and dignity of a hermitage

મુંડા•વું, *v i* [Pass of મુંડ•વું] To be shaved 2 To be made a disciple 3 To be cheated

મુંડી, *s f* [Dh Des मवडी *fr* मुटक the top-lock, also Hem Des मउडी मुकडी=S जूट matted hair on the head Or S मुण्ड the head See મુડી] The head 2 A small bundle or case 3 Money laid out to trade, capital, stock

મુકટો, *s m* [See મુક્ત absolved.] A silken garment

મુકદ્દમો, } *s m* [Ar मुकद्दम a proposal] A case, a lawsuit 2 An affair, a matter, a business
મુકદ્દમો, }

મુકરર, *adj* [Ar] Settled, fixed, determined 2 *adv* Certainly, positively, surely, unquestionably

મુકરી જવું, *v t* [Ar मुक्रिर् one who confesses + જવું *Of* ના•મુકર to deny] To deny.

દિ! દિન તમને પૂછતી, ક્યાં રહોછો નિત રાત,
મુજ આગળ મુકરી જતા, વિપરીત કહેતા વાત

—સામલભટ.

મુક•વું, *v t* [S मुच् to leave, to set free] To put, to place, to set, to lay 2 To put up, to lay by, to postpone 3 To leave; to set aside, to forsake 4 To fix, to settle, to establish 5 To send or begin to send 6 To let go, to let loose, to set free, to liberate, to release, to deposit 7 To omit, to leave out Same as મૂક•વું

day only] Humble, wretched, indigent, poor, destitute, needy 2 Harmless, inoffensive

મિસરી, *s f* [Ar मिस्र Egypt] Sugar-candy (The sugar being imported from Egypt)

મિસલ, **મિસાલ**, *s f* [Ar] An example, an instance; an illustration, an analogy 2 Manner; mode; style

મિસ્તરી, *s m* [Eng *Mastery, Master*] A skilful mason or carpenter 2 A skilful artisan

મિસી, **મિસ્સી**, *s f* [S मसि, मसी, lamp black See મસી] A powder with which the teeth are tinged black. 2 A dentifrice, a tooth powder

મીજ, Same as મીચ

મીંડું, *s n* [See બિન્દુ] A dot, a cypher, a zero 2 A small point

Id ભોરટા વગરનું મીંડું Groundless મીંડું મૂકવું To strike out, to cancel, to leave out મીંડું વળવું To be blotted out or effaced 2 To be totally lost

મીંડું, *adj* Having the rims turned over; having no rims

મીંદડી, Same as મની 2 An anchor

મીચ, *s f* [See બીજ] A kernel

મીટ, *s f* [S मिष् to shut See નિમિષ, નિમેષ] The eye, the sight

મીઠ-બંદર, *s n* [See મીઠું salt + બંદર] That part of the beach where salt is manufactured from sea water

મીઠી, *s f* [See મીઠું sweet] Embracing, clasping 2 Kissing the lips 3 Sleep

મીઠું, *adj* [Hem Des मिट्ठ *fr* S मृष्ट See મિષ્ટ] Sweet, luscious (taste) 2 Pleasing (manners) 3 Grateful, fragrant (smell) 4 Mild, soft, gentle (sound) 5 Placid, slow, pleasant (sight) 6 Fresh (water) 7 *s n* A portion or section of a poem 8 Salt

Id મીઠું મરચું ભભરાવવું To enhance the effect of a story, to exaggerate

Prov મીઠા ઝાડનાં મૂળ ન કહાડવું One should not overtax the goodness of a good man. મીઠી જીભ રાખવામાં કાંઈ જતું નથી A good word costs nothing

મીણ, *s n* [Dh Des. मयणं *fr* S मदन bee's wax *Cf* Mar मेण & P मूम् wax] Wax

Prov મીણનો પણ માટી See under માટી a husband

મીણિયું, *adj* Oily, sticky 2 *s n* Wax-cloth

મીણિયું, *adj* [See મીણો] Being under the influence of an intoxicant, intoxicated

પછી શય્યા પાથરી, સખીઓ મઈને મીણી આધુરી
—ગીતગોવિન્દ.

મીણો, *s m* An intoxicating element in certain kinds of fruits

મીન, *s n* [S] A fish 2 *s f* The sign *Pisces* in the Zodiac 3 Visnu in his fifth incarnation

મીન, *s f* The ground allotted to each party in a game, the limits of the ground as allotted 2 A party or side

હરિ હળધર બેઉ ભ્રાતને, ગૌરવ શ્યામ હરિ,
મડી ગઈ પોતાની મીન, ગૌરવ શ્યામ હરિ
—નરસિંહ.

મીન-કેતન, *s m* [S *fr* मीन a fish+केतन a banner] The God of Love; Cupid

મીન-મેખ, *adv* [See મીન + મેષ, મેષ] Increasing and decreasing, a little more or less

મીની, **મીનડી**, Same as મની

મીનો, *s m* [P मीना painting See મિનાકારી] Enamel

મીમાંસા, *s f* [S *fr* मान् to contemplate] Deep inquiry, examination, investigation 2 A system of Hindū philosophy –the first part, the પૂર્વ મીમાંસા, illustrates the *Karmakāṇḍa* or practical portion of the Vedas, the second part, the ઉત્તર મીમાંસા, is founded on the *Gnānakāṇḍa* or theological portion of the Vedas

મીયાં, *s m* [Neither P nor Ar Prob *fr* મ્લેચ્છ or મીર] A title of distinction among Muhammadans

મુખ-ચંદ્ર, *s m* [S *fr* મુખ+ચંદ્ર] A face as pleasing as the moon

મુખ-જુબાની, *s f* [+ જુબાની] Oral evidence, deposition 2 *adv* Orally, verbally, by word of mouth, *vivâ voce*

મુખ-ડુ, *s n* The countenance or mouth, the face

મુખતાદ, *s n* An anniversary ceremony among the Pārsīs in commemoration of the dead

મુખતેસર, *adj* [Ar मुख़्तसर brief] Abbreviated, abridged, brief, short 2 *s n* A compendium, an epitome, a summary; a synopsis

મુખત્યાર, *adj* [Ar मुख़्तार authorized] Absolute, free, without control, free or at liberty to act, independent 2 *s m* Master of one's own self, a plenipotentiary or delegate 3 An agent, a factor, a deputy, a representative

મુખત્યાર-નામુ, *s n* [+નામુ] A power of attorney

મુખત્યારી, *s f* Full power or authority delegated, absolute or uncontrolled state; unfettered will 2 Independence 3 Authority 4 Freedom, liberty

મુખ-પાઠ, *adj* [See મુખ + પાઠ] Learnt by heart, committed to memory

મુખ-મુદ્રા, *s f* [S *fr* +મુદ્રા] Features, the countenance

મુખર, *adj* [S] Noisy, resounding

મુખ-વાસ, *s m* [S *fr* +વાસ fragrance] Anything that sweetens the breath after a meal 2 Betel leaf and areca nut

મુખ-સામુદ્રિકા, *s f* [S *fr* + સામુદ્રિક] Physiognomy

મુખારવિન્દ, *s n* [S *fr* + અરવિન્દ] A face as pleasing as a lotus flower

મુખિ-યો, *s m* The chief of the servants engaged in the services of an idol

મુખી, *s m* The chief, the headman, the principal person in a village

મુખ્ખાઈ, *adj* [Ar मुख़ा Mocha, a port in Arabia] Pertaining to Mocha, a city in Arabia

મુખ્ય, *adj* [S See મુખ] Chief; primary, principal, leading

મુખ્ય-ત્વ, *s n* [S *fr* +त्व a suffix showing "state"] The first position, importance

મુખ્ય-ત્વે કરીને, *adv* [+ કરીને] Chiefly, mainly, principally, above all 2 For the most part, mostly

મુગટ, *s m* [S मुकुट.] A crest, a crown; a diadem, a tiara

મુગટી, *s f* A small મુગટો.

મુગટો, Same as મુકટો

મુગ-ડી, *s f* [See મગ a kind of pulse] A kind of fried cake 2 A kind of ear-ring

મુગલ, *s m* [P मुग़ल a Mongolian] A Mughal, a Mogal

મુગલા-ઈ, *s f* The government of the Mughals 2 Magnificence; grandeur, pomp 3 Despotism 4 Cunning, craft, roguery 5 *adj* Relating to the Mughals

મુગલાઈ ચલાવવી To exercise despotic power 2 To conduct one's affairs irregularly 3 To allow confusion and disorder to reign supreme in one's affairs

મુગા-સાડી, *s f* [See મગ+સાડી] A kind of checkered silken cloth for the use of females

મુગું, Same as મુંગુ.

મુગ્ધ, *adj* [S *fr* मुह् to be silly] Ignorant; foolish, stupid 2 Innocent, guileless, simple 3 Perplexed, infatuated 4 Attractive by youthful simplicity 5 Beautiful, lovely; charming

મુગ્ધા, *s f* [S *fr* मुह् to be silly] A girl just arrived at puberty, a maid

મુચરકો, *s m* [Turk मुचल्का] A recognizance, a quality bond, a bond of record — Id મુચરકો લેવો To take a bond or recognizance (by a court of justice) મુચરકો આપવો To give a bond or recognizance (to a court of justice) મુચરકો-હાથ મુચરકો A bond or recognizance written by the person himself.

મુછ, Same as મૂછ

મુછાળો, *adj m* [See મૂછ+ાળુ having] Mustachied, one who has long mustaches

Id મુકી દેવું To let go 2 To abandon one's claim 3 To omit, to leave out 4 To liberate પોક મુકવી To lament loudly પાણી મુકવું To make a resolution આશા મુકવી To give up hope about ગીરો મુકવું To mortgage થાપણ મુકવી To deposit money નિશાળે મુકવું To put to school નિશાળ મુકવી To leave school, to give up study ઉચું-આઘું-મુકવું To misappropriate another person's property મણકા મુકવા To count one's beads તેની વાત મુકો-તેની વાત પડતી મુકો Give up the idea of it

[N B મુકવું, when used as an auxiliary verb, intensifies the sense of the principal verb, and adds to it the meaning of "completeness," or "thoroughness"]

મુકાદમ, *s m* [Ar मुक़द्दम a foreman] A headman, an overseer, a superintendent

મુકાદમી, *s f* The office or duties of a headman, overseer, or superintendant

મુકાબલ, *adj* [See મુકાબલો] Compared with

મુકાબલો, *s m* [Ar मुक़ाबल] A comparision, a simile 2 A competitor, a rival

મુકામ, *s m* [Ar मुक़ाम] A lodging-house, a temporary residence, a house, a dwelling 2 A stage in a journey, a halt 3 A camping ground, a camp

Id મુકામ નાખવો-કરવો To lodge, to make a temporary residence મુકામ ઉઠાવવો To leave one's lodgings

મુકાવવું, *v t* [Caus of મુકવું] To make to leave, to part or separate 2 To wean one of a bad habit

Id વ્યસન મુકાવવું To wean a person of his bad habits

મુકાવું, *v i* [Pass of મુકવું] To be absolved

મુકુન્દ, *s m* [S] The god Viṣṇu 2 One of the nine treasures of Kubera

મુકુલ, *s m* [S] A bud 2 A blossom

મુક્કર, **મુક્કરર**, } Same as મુકરર

મુક્કી, *s f* [*Cf* Dh Des मुक्का, मुट्ठी, clenched fist *fr* S मुष्टि the fist] A blow with the hand, a box, a cuff

મુક્કો, *s m* A violent blow with the hand

મુક્ત, *adj* [S *fr* मुच् to leave] Released, liberated, freed, absolved, loosed 3 Redeemed from the bondage of sin and from liability to births and deaths, liberated from corporeal existence

મુક્તા, *s n* [S] A pearl

મુક્તાનંદ, *s m* [See મુક્ત+આનંદ] A man released from the world's bondage, and who rejoices on that account

મુક્તા-ફળ, *s n* [See મુક્તા+ફળ] A pearl 2 Fine writing, calligraphy 3 A custard apple

મુક્તિ, *s f* [S See મુક્ત] Absolution, freedom, emancipation 2 Setting free, liberation 3 Final beatitude, salvation 4 The enlargement of the spirit from corporeal and individual existence, the exemption of the spirit from further migration, the reabsorption of the spirit into Brahma its source

Id મુક્તિ આપવી To liberate મુક્તિ મેળવવી To get absolution or deliverance મુક્તિ પામવી To be liberated

મુક્તિ-પદ, *s n* [S *fr* + પદ] The state of final beatitude

મુક્તિ-માર્ગ, *s m* [S *fr* + માર્ગ] The way of obtaining salvation

મુખ, *s n* [S] The mouth 2 The mouth of a river 3 The face, the countenance 4 The front, the fore-part, the entrance 5 The prime, or initial, part, the chief, principal, or leading person

Prov મુખમેં રામ, બગલમેં છુરી, ભગત ભયે પણ દાનત બુરી God in his tongue, but the Devil in his heart Dissembled holiness is double iniquity Full of courtesy, full of gall A honey tongue, a heart of gall

મુખક, *s m* [S मूषक *fr* मुष्, मूष्, to steal See મૂષક] A mouse, a rat

મુખ-કળા, *s f* [S *fr* + કળા] The appearance of the face

મુતરા-વં-વું, *v t* [Caus of મુતર-વું] To make to void urine

મુતરિયું, *s n* A urine-vessel, a urinal

મુતલક, }
મુતલગ, } *adv* [Ar मुत्लक् absolute] Wholly, entirely, totally.

મુતાસિક, *s m* [Ar मुतअल्लिक् connected] An officer next in rank to the prime minister; a deputy prime minister

મુત્સદ્દી, Same as મુસદ્દી

મુદત, *s f* [Ar मुद्दत्] A fixed period, a term 2 Limitation

મુદત-સર, *adv* [+સર, શિર] In due time

મુદલ, }
મુદ્દલ, } *s n* [Ar] The principal, the capital, the original stock

Id મુદલે, મુદલમાં Wholly, entirely

મુદા, *s f* [S *fr* मुद् to be delighted] Delight, joy

જદા મળયા નથુ તદા, મુદા થઈ મારૂ તીર —વલ્લભ

મુદામ, }
મુદ્દામ, } *adv* [Ar मुदाम् always] Expressly, positively 2. Specially

મુદિત, *adj* [S *fr* मुद् to be delighted] Pleased, delighted, happy, rejoiced; joyful

મુદ્દો, *s m* [Ar मुद्दआ] Evidence, argument, presumption, proof 3 Clue, guide, direction 3 A mark, a sign, a trace, a vestige 4 *Corpus delicti*, the very substance of the offence

મુદ્રા, *s f* [S] A sign, a signet, the mark 2 A stamp, a print, an impression, a seal 3 A sealing 4 A figure or mark made on the breast with ગોપીચંદન 5 A mysterious stamp heated and pressed on the skin 6 The features, visage, cast, air 7 A coin, a piece of money 8 A mode of intertwining the fingers during worship 9 Types 10 An air or disposition of the countenance during abstract meditation (સમાધિ)

મુદ્રાઙ્કિત, *adj* [S *fr* +અઙ્કિત] Typographed, marked with a stamp or seal

મુદ્રા-લેખ, *s m* [See મુદ્ર+લેખ] A motto

મુદ્રિકા, Same as મુદ્રા

મુનશી, }
મુનસી, } *s m.* [Ar मुनशी a compiler; a secretary] A writer; a secretary 2 A teacher

મુનસફ, }
મુનસિફ, } *s m* [Ar मुन्सिफ् a judge] A subordinate judge

મુનસફી, *s f* The office or business of a munsif 2 Administration of justice, judicature

મુનાસબ, }
મુનાસિબ, } *adj* [Ar] Fit, proper; worthy 2 Right; just, equitable; fair

મુનિ, *s m* [S *fr* मन् to think.] A holy sage, a saint 2 An ascetic, a devotee, a recluse

મુનિ-વ્રત, *s n* [S *fr* +વ્રત] Taciturnity.

મુનીમ, *s m.* [Ar मुनीब् one who turns towards what is right] A foreman; a headman, an agent, a factor; a manager.

મુનીમી, *s f* The office or business of a મુનીમ

મુન્ય, *s n* [See મૌન] Silence, taciturnity

મુફલસ, *adj* [Ar मुफ्लिस्] Destitute, indigent, penniless, wretched

મુફલસી, *s f* Poverty, indigence

મુબારક, *adj* [Ar] Blessed, propitious; prosperous, successful, happy, fortunate, auspicious

મુબારક-બાદી, *s f* [P मुबारक्बाद् may it be happy *fr* +P बाद् may it be *fr* बूदन् = S भू to be] Congratulations, felicitations

Id મુબારકબાદી આપવી To congratulate

મુમતી, *s f* [See મુખ + S વૃત્તિ a hedge *fr* वृ to cover] A piece of cloth kept over the mouth by Jain priests

મુમનો, *s m* A man of the Mumanā castes among the Muhammadans (The Mumanās are converted Hindūs)

મુમુક્ષુ, *s m* [S Desiderative of मुच् to release See મોક્ષ] A man desirous of getting absolution or final emancipation.

મુમ્મે, *s f* [P मुम्याई *fr*. मुम् wax, See મીણ *Cf* Eng *Mummy*] An ointment made out of human fat 2 Pommelling

Prov મરદ મુછાળો, ને બળદ પુછાળો Every thing is good in its own place

મુજ, *pron* [Hind *fr* S. मह्यम्] To me, me 2 My, mine

મુજવણુ, Same as મુઝવણ

મુજબ, *adv* [Ar मुजिब्] According to, in conformity with, agreeable to, like, as

મુજમુદાર, Same as મજમુદાર

મુજરે, Same as મજરે

મુજરો, *s m* [Ar See મજરો] Respectful salutation, obeisance 2 A performance by a band of singers on their introduction to their employer, or on taking leave of him Same as મજરો

મુજાહમત, *s f* [Ar मुज़ाहिमत] Prevention, obstacle 2 Comments, criticism, animadversion

મુજાયકો, *s m* [Ar मुज़ायक़ह] Consequence, importance, significance

મુજાવર, *s m* A sweeper of a mosque

Prov પીરનો મહિમા મુજાવર વધારે It is the attendants, who raise the importance of a man

મુંજિયો, *s m* [See મુંજ] A boy who is undergoing the ceremony of investiture with the sacred thread

મુઝવણ, *s f* [See મુઝાવું] Disturbance; uneasiness, annoyance, vexation; botheration, disquietude, unsettled state of mind

Id મુઝવણ થવી To be uneasy, to be ill at ease

મુઝારો, *s m* [See મુજવણ+દાર.] Brain fever

મુઝાવું, *v i* [S मुह् to be silly *Cf* મુઝારો, મુઝવણ] To be uneasy, annoyed, vexed, or unsettled in mind

મુંજ, *s n* [S] A kind of grass (of which a girdle is made to be worn by the boy during his thread ceremony) This grass is commonly used in making brooms and ropes

મુઠ, *s f* See મૂઠ.

મુઠિયું, *s n* [See મુઠી, મુષ્ટિ, મૂઠી] A fist-shaped preparation of flour

Id મુઠિયા મારવાં To practise masturbation

મુઠી, *s f* [See મુષ્ટિ] The fist 2 A handful

Id મુઠી વાળવી To close the fist 2 To be determind not to continue to give, to refuse to give મુઠીઓ વાળીને નાસવું To run with all one's might મુઠી આપવી To give daily in the morning a handful of corn or flour in charity મુઠી ફાટે એવું Large and solid, substantial (wheat, rice &c) મુઠી ભર A limited number, a few, a little

મુઠો, *s m* A large handful 2 A ball of silk

મુડદાર-શીંગ, *s f* [See મુરદાર + શિંગ] A pod of a plant, used in medicines

મુડદાલ, *adj* [P मुरदार carcass *fr* मुर्दन= S मृ to die] Lifeless, spiritless, dead and rotting, vigourless, wanting in tact 2 Lean, thin, meagre

મુડદું, *s n* [P See મુડદાલ] A corpse, a dead body

મુડી, Same as મુંડી, મૂડી.

મુડો, Same as મૂડો

મુણ્ડ, *s n* [S] The head, the neck, the skull

મુણ્ડ, *adj* [See મૂઢ] Unlearned, foolish, stupid, ignorant, dull

મુણ્ડન, Classical form of મુંડણ

મુણ્ડ-માળા, *s f* [See મુણ્ડ + માળા.] A garland of heads (represented as being worn by Shiva)

મુતર, Same as મૂત્ર.

મુતરડી, Same as મૂતરડી

મુતરવું, *v i* To urinate, to make water

Id થાળી આગળ ઉપર એ મુતરે, એવો નથી So disobliging or unsympathetic as not to be useful even at a critical time or under painful circumstances થાળમાં મુતરવું Lit To urinate in a person's dish at a dinner Hence 2 To spoil a person's plans, to throw obstacles in the way of a person and to frustrate his plans

મુતરાણી, *s f* The organ through which urine passes out

મુતરાણું, *adj* Inclined or urged to urinate

men tell no tales મુવો વર, ને ળળી જાન I will have no more trouble about it મુવા પછવાડે અધારૂ After my death, deluge મુવા નહિ, ને પાછા થયા (એકનુ એક) It amounts to the same thing મુવા પછી વરત થાઓ Death's day is doomsday મુવાને સૌ વખાણે A good thing when lost is valued most મુઈ ગાને ધાવવુ To expect an impossibility

મુશકે-ટાટ, *adv* [See મુળ, મસ્તક + ટાટ] Having the arms pinioned or tied behind the back

મુશકે બાંધ-વું, *v t* [+બાધવુ] To tie the hands behind the back

મુશળ, Same as મુસળું

મુશ્કેલ, *adj* [Ar मुशकिल difficult, difficulty] Difficult, troublesome 2 Improbable

મુશ્કેલી, *s f* Difficulty, hardness 2 Improbability

મુષ્ટિ, *s f* [S] Same as મુઠ્ઠી 2 A hilt, a handle

મુસકા-વુ, *v i* [S मुद् to rejoice] To be delighted

મુસદ્દી, *s m* [Ar मुहर्रिर] A clerk, a writer 2 A politician, a statesman

મુસદ્દો, *s m* [Ar मुसव्वदः] A draft, a rough sketch

મુસલમાન, *s m* [P] A Musalmān, a follower of the religion of Muḥammad 2 *adj* Mischievous

મુસલમાની, *adj* Relating to the Musalmāns 2 *s f* A Musalmān woman 3 The Muhammadan rule or sway

મુસલ્લો, *s m* A carpet or piece of cloth on which a Muhammadan says his prayers 2 A Musalmān (in contempt)

મુસળ-ખંડી, *s m* [See મુસળુ + ખાડ વુ] Rice

મુસલ-ધાર, *adj* [+ધાર a stream] Falling down in great showers (rain)

મુસળ-સ્નાન, *s n* [+ સ્નાન] A mere washing of one's body *distinguished from* bathing as a religious rite

મુસળી, *s f* [S मुसली] A medicinal root or plant

મુસળું, *s n* [S मुसल] A wooden pestle (used in cleaning rice)

મુસાફર, *s m* [Ar मुसाफिर] A traveller, a sojourner

મુસાફરી, *s f* Travel, journey, travelling

મુસારો, *s m* [Ar मुशाहरा monthly salary] Pay, salary, wages

મુસાહિબ, *s m* [Ar मुसाहब् a companion] A companion, an attendant

મુસીબત, *s f* [Ar मुसीबत् calamity] Difficulty, hardship, calamity, misfortune, evil, misery, adversity, affliction 2 Tyranny, oppression

Id મુસીબત-વેઠવી-ભોગવવી To suffer a hardship, misfortune, or misery

મુસ્તકીન, *adj* [Ar मुस्तकीम् firm, permanent] Firm, strong, solid 2. Firmly established

મુહૂર્ત, *s n* [S] A period of 48 minutes.

કહ્યુ તેમ તેણે કર્યું શુક કહે છે શુભ વાત,
પાઠ સુણ્યો પ્રભાવતી, મુહૂર્ત ગઈ એક રાત

—સામળભટ

2 The fit time, the auspicious moment or season 3 Commencing, beginning, entering upon 4 The first pregnancy

Id મુહૂર્ત જોવુ To search for an auspicious time મુહૂર્ત સાચવવુ Not to allow an appointed auspicious time to slip away

મુળ-ગુ, *adv* [See મૂળ+ક] Altogether, wholly, entirely, at all (generally used with a negative) 2 *adj* Original (used by old poets)

મુળચી } મુળાછી, } *s f* [See મોળછી] Purging and vomiting owing to indigestion

મુળા-પણી, *s f* [See મુળો + પાણી] A bundle of radishes

Prov મુળા પણી કાઇ શાકમા લેખુ? All flesh is not venison

મુળાક્ષર, Same as મૂળાક્ષર

મુળા-ડિયા, *s n pl* [See મુળા+S dim] Roots

મુળિ-યું, *s n* A root or a part of a root, a rootlet

મૂગુ, *adj* [S मूक] Dumb 2 Silent

મૂછ, *s f* [S श्मश्रु the beard, Eng

મુરખ, Same as મૂર્ખ

Prov મુરખનુ નામુ ભીંતે A white wall is the fool's paper

Id મુરખનો સરદાર The greatest fool.

મુરખાઈ, Same as મૂર્ખાઈ

મુરઘી, Same as મરઘી

મુરજ, s m [S] A kind of drum or tabor

વેણુ, મુરજ, મૃદંગને, મધ્ય મોરલી વાજે

—ગિરિધર

મુરત, Same as મૂર્તિ

મુરબ્બી, s n [Ar] A patron, a bene factor

મુરબ્બો, s m [Ar मरब्बा preserved, patronized] Conserve of fruits, preserves

મુરલી, s f [S] A flute

મુરલી-ધર, s m [S fr + ધરવુ] An epithet of Krisna

મુરવત, s f [Ar मुरव्वत् humanity] Awe, reverence 2 Respect, estimation, regard; consideration

મુરસદ, s m A religious teacher, a spiritual guide

ઈલમ ગાફલકે બડે કહાવો, સબકુ તુમં સમજાવો,
મેં મુખસેં કહુ "મુરસદ મેરા, મેહેરમ મોહે બતાવો

—નિરાંતભક્ત

મુરાતબ, s n [Ar] Dignity, eminence, rank, station 2 Prestige

Id માન-મુરાતબ Respect and dignity મુરાતબ સાચવવુ To assert or demand respect મુરાતબ ખોવુ To lose one's respect

મુરાદ, s f [Ar] Wish, desire, hope, intention, inclination, design, anticipation

મુરારિ, s m [S fr मुर name of a demon+અરિ] The foe of the demon Mura, Visnu, Krisna

મુરીદ, s m [Ar Cf મુરસદ] A religious teacher, a spiritual guide

પીર બિના સો પીર કહાવે, દરદબિના દરવેસા,
ગામદક્ષી સો મુરીદ કહાવે, રહેમબિના કહો કેસા!

—નિરાંતભક્ત

મુલક s m [Ar मुल्क] A country, a region, a territory, a dominion

મુલક-ગિરી, s f [+ P गिरी taking fr गिरफ्तन् = S गृभ्, गृह्, to take] Conquest, sovereignty, political affairs 2 Travel, journey

મુલકી, adj Belonging to the civil administration of a country, civil 2 Belonging to the revenue department

Id મુલકી ખાતુ The revenue department મુલકી કામદાર A revenue officer

મુલતવી, adj [Ar मुलतवी postponed] Postponed, adjourned deferred, prolonged, delayed;protracted મુલતવી રાખવુ To postpone

મુલતાની, adj [मुल्तान् name of a province of India] Belonging to the country of Multān 2 s f A musical mode

મુલદાર, adj [See મૂલ price +દાર, P] Valuable, costly, precious

મુલપડી, adj A covert term for 15

મુલવવું, v t [See મૂલ price] To settle the price

મુલવાન, Same as મૂલ્યવાન્

મુલાઇમ, adj [Ar मुलाइम्] Soft, tender, smooth, gentle, delicate, mild

મુલાકત, } s f [Ar मुलाकात्] An interview, a meeting
મુલાકાત, }

Id મુલાકાત લેવી-કરવી To get an interview મુલાકાત આપવી To allow to see, to allow to interview 2 To visit

મુલાજો, s m [Ar मुलाहिज observation] Deference, regard, respect, consideration

Id મુલાજો રાખવો-પાળવો-સાચવવો To show respect to

મુલામ, s m [Ar मुलम्मअ] Plating, gilding 2 adj Good, fine

મુલ્લા, } s m [Ar मुल्ला a scholar] A Muhammadan theologian and jurist 2 A school master
મુલ્લા, }

મુલ્લો, s m [See મૂલ] Wealth, riches, property

મુવાડો, s m [See ગઢ+વાડો]A hamlet

મુવાળો, s m [See મો+વાળ] Hair

મુવું, adj [See મરવુ] May he die! (a term of abuse used by women)

Prov મુવા પહેલી ઘોર ચણવી=મુવા પહેલી મોહોકાણ શી ? Call not a surgeon, before you are wounded મુવેલુ ગાયુ ન ઉચકે Dead

3 The origin, the ground 4 The founder, the progenitor 5 The origin, commencement 6 The first copy 7 The capital or principal (in a business) 8 The root of a number 9 The source of a river 10 A covert term for 5

Id મૂળ ઘાલવું-નાખવું To throw deep roots 2 To get a footing સજ્જડ મૂળ-ઉંડું મૂળ Deep roots, મૂળ ગોતવું To search for the original cause મૂળમાંથી કાઢી નાખવું-મૂળ કાઢી નાખવું To extirpate, to pull up by the root મૂળમાં To begin with, at the outset, in the first place મૂળે જ-મૂળમાંજ From the very beginning, from the very birth 2 Even at the very beginning

મૂળ-પાઠ, *s m* [S *fr* +पाठ the text of a book *fr* पठ् to read] The original text of any work (as distinguished from a commentary)

મૂળ-પીઠિકા, *s f* [+ પીઠિકા] A prolegomenon, an introductory remark; the origin, the very beginning

મૂળ-પુરૂષ, *s m* [+ પુરૂષ] The founder of a race

મૂળાક્ષર, *s m* [+અક્ષર] An alphabet

મૂળી, *s f* A tender root

મૂળે, *adv* In the very beginning or outset, at the very source, root, &c

મૂળો, *s m* [S मूलक a little root *fr* मूल root+क aim] A radish

Prov મૂળામાં મીઠું ને કેળામાં ખાંડ Every thing is good in its own place

Prov મૂળાના ચોરને મુશકાનો માર Disproportionate punishment

મૃગ, *s m* [S] A deer; an antelope 2 The fifth lunar mansion

મૃગ-જળ, *s n* [+જળ] Mirage

મૃગ-તૃષ્ણા, *s f* [S *fr* +તૃષ્ણા] Same as મૃગ-જળ

મૃગ-નાભિ, *s m* [S *fr* +नाभि the navel] Musk

મૃગ-પતિ *s m* [S *fr* + પતિ] The lord of beasts, a lion

મૃગ-મદ, *s m* [S *fr* મદ] Musk

જયમ રાસભને મૃગમદનું લેપન, શૂકર ગંગાસ્નાન —ગિરિધર.

મૃગયા, *s f n* [S *fr* +या to go] The chase, hunting

Id મૃગયા કરવી-રમવી To hunt, to go on a hunting expedition

મૃગ-લાંછન, *s m* [S *fr* + લાંછન] The moon

મૃગ-લોચન, મૃગ-લોચની, } *s f* [+ લોચન] A woman having eyes as liquid as those of a deer; a fawn eyed woman, a beauty

મૃગસર, *s n* [S मृगशिर, मृगशीर्ष] The fifth lunar mansion

મૃગાક્ષી, *s f* [S *fr* મૃગ + અક્ષિ] Same as મૃગ-લોચન, મૃગ-લોચની

મૃગી, *s f* A female deer, a doe 2, A kind of plant

મૃગી, ચારણી, ને મરેઠી —પ્રેમાનંદ.

મૃગેન્દ્ર, *s m* [S *fr* +ઈન્દ્ર] The lord of beasts, a lion

મૃણાલ, *s m* [S] The stalk of the lotus

મૃત, *adj* [S *fr* + मृ to die] Dead, expired, deceased

મૃતક, *adj* [S] Pertaining to the dead 2 *s n* Funeral rites 3 Pollution to the surviving relations arising from death

મૃતાશૌચ, *s n* [See મૃત + અશૌચ] Ceremonial defilement recognized by the near relations of the deceased

મૃત્તિકા, *s f* [S *fr* मृद् earth] Earth; dust, clay

મૃત્યુ, *s n* [S *fr* मृ to die See મરવું, મૃત] Death, decease 2 The Judge of the dead, Yama

મૃત્યુ-લોક, *s m n* [S *fr* + લોક] The world of mortals, the earth, this world.

મૃદંગ, *s n* [S *fr* मृद् earth + અંગ] A kind of tabor or drum

મૃદુ, *adj* [S] Soft, sweet 2 Tender, delicate, gentle, mild

મૃન્મય, *adj* [S मृण्मय *fr* मृद् earth + मय suffix showing "made of"] Earthen

મે, *pron* [S मया] By me

મે, Hindi for હું or મેં

Mustache fr Gr *Mustax* the upper lip] The mustache

Id મૂછ પર તાવ દેવો, મૂછ પર તાસ દેવો, મૂછ મરડવી To set at defiance, to scorn

મૂછ, *adj* [Ar मूजी noxious] Foolish, stupid

મૂઠ, *s f* [See મુષ્ટિ] The fist 2 The hilt 3 A handful 4 A magical formula used for killing or injuring a person 5 Striking by a long piece of wood a smaller piece placed on the hand (in the game of ગિલિદંડા)

Id મૂઠ ઝાલવી-પકડવી To lay the hand on the hilt of one's sword, to draw the sword મૂઠ મારવી See under મારવું

મૂઠી, Same as મુઠ્ઠી, 1 2

મૂઠો, *s m* The fist in which the fingers are held loose

Id મૂઠો ભરવો Lit To fill the fist Hence 2 To take a large quantity

મૂડી, *s f* [S मुण्ड the head] The head 2 Money laid out to trade, capital, stock

મૂડો, *s m* A measure of capacity equal to a hundred maunds

મૂઢ, *s m* [S *fr* मुह to be silly] Stupid 2 Ignorant, illiterate, unlearned, foolish 2 Vacant-minded

Id મૂઢ બની જવું To become vacant-minded

મૂઢ-મતિ *adj* [S *fr* +મતિ] Dull-witted, stupid, foolish

મૂતર, } મૂત્ર, } *s n* [S मूत्र] Urine

મૂતરડી, *s f* A urinal

મૂત્ર-પરીક્ષા, *s f* [S *fr* + પરીક્ષા] Uroscopy

મૂત્ર પિણ્ડ, *s m* [S *fr* + પિણ્ડ] The kidneys

મૂત્રા, *s m* The vulva of lower animals

મૂત્રાશય, *s m n* [S See મૂત્ર + આશય] The bladder

મૂર્ખ, *adj* [S] Foolish, stupid 2 Unwise, injudicious 3 *s m* A fool, a blockhead

Id મૂર્ખને જ્ઞાન હોય, પણ સાન ન હોય A fool can follow advice, but cannot give it મૂર્ખને કાંઈ શિંગડાં હોય છે ? There is no sign which marks a fool મૂર્ખ મિત્ર કરતાં દાનો દુશ્મન સારો= મૂર્ખ મિત્ર દુશ્મનની ગરજ સારે A sensible foe is preferable to a foolish friend

મૂર્ખાઈ, *s f* Folly, stupidity

મૂર્ખાઈ-ભરેલું, *adj* [+ભરવું] Foolish

મૂર્છના, } મૂર્છા, } *s f* [S *fr* मुर्छ् to swoon] A swoon, fainting

Id મૂર્છા આવવી-ખાવી To be in a swoon મૂર્છા વળવી To be free from a swoon.

મૂર્છાગત, } મૂર્છિત, } *adj* [S मूर्छा *fr* मूर्छ् to swoon + गत gone *fr* गम् to go] Fainting, swooned

મૂર્તિ, *s f* [S] An idol, an image, any figure or shape a statue, a portrait 2 A person, a man, an individual

મૂર્તિ-પૂજક, *adj*. Worshipping idols, idolatrous

મૂર્તિપૂજા, *s f* Idolatry

મૂર્તિમાન્, *adj* [S *fr* + S मत्, मान suffix showing " possession "] Present in person, same, self same, identical

મૂર્ધન્ય, *adj* [S *fr* मूर्धन् the head See મૂર્ધા] Cerebral, formed high and back in the mouth up, lingual (sound) 2 *s m* Any one of the lingual letters of the alphabet

મૂર્ધા, *s f* [S मूर्धन्] The head

મૂર્ધા-સ્થાની, *adj* [S *fr* + સ્થાન] Same as મૂર્ધન્ય

મૂલ, } મૂલ્ય, } *s n* [Dh Des मुल *fr* S मूल्य] Price, value, cost, rate 2 Discovery of real worth 3 Wages

મૂલ્યવાન્, [S *fr* +वत्, वान् suffix showing "possession "] Same as મૂલ દાર

મૂષક, *s m* [S *fr* मष्, मुष् to steal] A mouse, a rat

મૂષ, *s f* [S मूष] A crucible 2 A matrix or mould

મૂળ, *s n* [S मूल the root] The root of a tree 2 The nineteenth lunar mansion

મેથિ યુ, *adj* Seasoned with **મેથી**

મેથી, *s f* [S मेथि] Fœnugreek grass. 2 the grains or seeds of this grass 3 A kind of greens 4 A sound thrashing, a drubbing

Id અહીં કાંઈ મેથીના (લાડુ) ખાવાના નથી You have not been invited to a dinner, but to hard work

મેદ, *s m* [S मेदस् fat, marrow] Fat; marrow

મેદની, *s f* [See મેદિની] The world; the universe 2 A crowd, a gathering; a meeting, a multitude

મેદાન, *s n* [Ar मयदान,] A plain, a meadow 2 An esplanade 3 A battle field

Id મેદાનમાં આવવુ-પડવુ-ઉતરવુ To stand against boldly in a combat or a wrestling match 2 To publicly declare oneself an enemy

મેદિની, *s f* [S] The earth

મેધ, *s m* [S] A sacrifice

મેના, *s m* [Imit] A canary bird, the Indian jay

મેનો, Same as **મ્યાનો**

મેમાન, *s m* [See મેહેમાન] A guest 2 A host

મેર, *s f* Direction, side 2 Verge, margin

મેર, *s m* [Hem Des मेरा *fi* S मेरु name of a mountain See મેરૂ, 2] The largest bead in a rosary from which the reckoning begins 2 A kind of large copper or brass pot 3 A kind of insect

મેર, Same as મેરૂ 2 The tube of a hubble bubble

મેર, *interj* [See મર॰વુ] Get thee gone! 2 Let it alone

મેર-બેસ વું, [મેર=Pers મિહર, the sun + બેસ॰વુ, the word સૂરજ being understood] The sun has set

મેરા, Hindi for **મારૂં**

Prov તેરી ભી ચુપ, ને મેરી ભી ચુપ It is wise to be silent in the matter

મેરા ઈ, *s m* A tailor

મેરાબી, **મેરાવા**, } See **મેહેરાબી**

પૃથીરાજ રાસો ચંદ નામ સાદુ લખી ગયો;
તો એ કવીશ્વર કહે, મે'લ એ મેરાવી છે —**વલ્લભ.**

મેરાયા, *s n pl* Same as મેરિ॰યુ 2 Advantage gained by a player from a trick, throw, or move of another player

મેરિયુ, *s n* [See મેહેર+રાત] A lamp ignited on sugar cane stalks during the Diwālī holidays

મેરી, *s f* A woman, a female

મેરૂ, *s m* An associate, a companion 2 [S] The mountain Meru, which is represented as the support of the earth 3 The tube of a hubble bubble

મેલ, *s m* [S मल dirt] Dirt, filth 2 Any excretion or dirt of the body 3 Dregs, dross, sediments, rust

Id મેલ મૂકવો નહિ Not to make one's point clearly or frankly (Colloq) મેલ કાઢવો To refine, to purify

મેલ॰વુ, *v t* [Hem Des मेल्ल इ=S मुञ्चति He leaves or abandons] To put, to place, to keep 2 To leave, to let go, to quit hold of 3 To send, to convey 4 To conduct, to effect the safe passage of

N B—મેલવુ is generally used for મુક॰વું in a somewhat depreciatory sense

Id See under મુક॰વું

મેલા ણુ, *s n* Placing, putting down 2 A step in walking 3 Abandoning, leaving, *becoming free from (of an eclipse)*

Id (ગ્રહણનુ) મેલાણુ થવુ To become free from an eclipse

મેલા વ॰વુ, *v t* To make free, to set free 2 To cause to set free

Id આ બે જણ લડે છે, તેમને મેલાવ Separate these two person's who are quarrelling with each other

મેલુ, *adj* [Dh Des मइल *fi* S मलिनम्, मलिनम्; also Hem Des. मइला=S गततेज that has lost its lustre See મેલ dirt] Dirty, foul, nasty, filthy 2 *s n* A demon, an evil spirit 3 A pest, a plague

Id મેલી વિદ્યા Black magic; knowledge

મેડક, s m [S मण्डूक] A frog

મેડકી, s f A female frog

મેઢો, s m [Dh Des मिढिआओ fr S मेण्ढः, मेण्ढः, a ram S मेष a goat fr मेष a sacrifice] A ram, a sheep

મેદી, s f [S मेन्धा] A particular plant, *Lawsonia inermis*

N B -The leaves of this plant are used by girls and young women in painting red the nails, hands, and feet

Id શુ તારે હાથે પગે મેંદી મૂકી છે કે? Why are you so idle ?

મેંદો, s m [S मेदस् fat marrow See મેદ] Fine wheaten flour 2 Marrow

Id મેંદો કાઢવો-ઢળવો To be engaged in a work which requires strength and attention

મેંસ, s f [S मषि See મિસ્સી] Lamp-black, soot

Id આખમા મેંસ આજવી-ઘાલવી-સારવી To colour the eyes black with a pigment મેંસનો ચાલ્લો Lit A spot of lamp-black Hence 2 Infamy, public disgrace

મે, s f [Hind मैं I, hence egoism] Authority, power

મે, s m [Eng] May, the fifth month of the Christian year

મેક્ષણુ, s m A kind of spoon

મેખ, s f [P मेख़] A peg, a tent-pin

Id મેખ મારવી to interpose a serious obstacle

મેખ, same as મેષ

મેખચુ, s n }
મેખડી-ચી, s f } [+P चे a dim suffix]
A lamp with a stand

મેખળ, s n A weapon of war 2 [See મેખળા] A girdle, a zone

મેખળા, s f [S मेखला] A woman's girdle, a belt, a zone

મેખાન્તર s n [See મિષ + S अन्तर another] An excuse, a pretence, a pretext

મેખું, s n [See મિસ્સી lamp-black.] Opium 2 Intoxication

મેગળ, s m [S मदगल fr મદ a liquid discharge from the eyes + S गल् to drop] An elephant

મેઘ, s m [S fr मिह् to become wet] A cloud 2 Rain

મેઘ-ચાપ, }
મેઘ-ધનુષ્ય } [+ચાપ, ધનુષ્ય] A rainbow

મેઘ-રાજા, s m [+રાજા] The thunderer, the king of the watery clouds, 2 The god Indra 3 Rain

મેઘાડંબર, s m n [S fr +આડંબર Or, S मेघडम्बर thunder] The lowering of the clouds 2 A canopied seat upon an elephant 3 A thundering noise, an uproar 4 Empty menaces and intimidations, vain bluster

મેચકુ, s n [See મેખચુ] Same as મેખચુ 2 A little baby

મેજ, s n [See મીચ] Fruits used in religious ceremonies by the Pārsīs

મેજ, s m s f [Latin, *mensa*, Or P मेज़] A table

મેજ બાન, s m [P मेज़ बान् a host fr + बान=S वान्=વાળુ having,] A host 2 A guest

મેજ બાની, s f [P=hospitality See મિજબાની] A feast, an entertainment, a dinner-party 2 Hospitality

મેજર, s m [Eng *Measure*] A memorial, a representation

મેજર, s m [Eng *Major*] A title of military officers, a major

મેડક, Same as મેડક

મેડકી, Same as મેડકી

મેડી, s f [See માળો, માળ] An upper storey

મેડો, s m See મેડી.

મેણુ, s n [See મીણો] A taunt, a bitter remark, a sarcasm

Id મેણુ-મારવુ-દેવુ To taunt, to reproach મેણુ ખાવુ To receive a taunt, to be taunted

મેતર, s m [P मिहतर=S महत्तर greater fr P मिह=S महत् great+P=S तर comp suffix] A sweeper, a scavenger

મેતરાણી, s f A female sweeper, the wife of a sweeper

મેથિઆ, s m pl [See મેથી] A kind of wild seeds resembling મેથી, found in rice

વહુળાવલ્ફ fr વહેળો a stream fr વહે•વુ] A sea

મેહરો, s m A pālkī bearer

મેહલ, s m [Ar महल् a palace S महालय a great house fr महा great+आलय abode] A royal palace 2 A mansion 2 A decorated part of a house

Id હવાઈ મેહેલ Castles in the air (મનમાં) મેહેલ ચણવો To build castles in the air

મેહલા•યત, s f The beauty, dignity or splendour of a palace

મેહલ્લો, Same as મોહોલ્લો

મેહસુલ, s m n [Ar महसूल gained] A tax, a duty 2 Revenue 3 Finance

મેહસુલી, adj Pertaining to the collection of taxes, or the revenue department

મેળ, s m [S मेल meeting fr मिल् to join] Tallying, balancing of accounts 2 Certainty, necessity, obligation 3 A necessary consequence 4 A cash-book 5. A day-book 6 Nearness, approximation 7 Concord, agreement

Id મેળ કાઢવો–મેળવવો–બેસાડવો To balance an account મેળ ખાવો–બેસવો To meet together, to be suitable or favourable મેળ કરવો To unite 2 To reconcile મેળ લાવવો To make fitting or suitable 2 To bring about a reconciliation તેના આવવાનો મેળ નથી It is not certain or settled when he will come

મેળ•વ•ણ, s n [See મેળ•વ વુ] Mixing 2 A mixture, a composition 3 An acid put into milk to curdle it

મેળ•વ•ણી, s f A mixture 2 Admixture, addition, adding, composition 3 A sum, addition (in Mathem) 4 Exaggeration 5 Adapting, joining, suiting 6 Comparison

મેળ વ વું, v t [Caus of મળ•વુ fr S मिल् to join] To mix; to mingle, to combine, to unite, to join together, to add, to sum up 2 To earn, to gain, to acquire 3 To collect 4 To reconcile, to bring together 5 To tally, to correspond, to harmonize 6 To compare 7 To introduce

Id. હિસાબ મેળવવો–ખાતુ મેળવવુ To compare account-books તાળો મેળવવો To verify the result of a mathematical calculation દુધ મેળવવુ To mix a sour substance with milk in order to curdle it

મેળા, s f [S महिला fr मद् to gladden] A woman

મેળા પ, s m [S मेला•पक See મેળ વ•વું] A meeting, an interview

મેળા વ•ડો, મેળાવો, } s m A congregation, a concourse; a collection of people 2 A meeting, an assembly

Id મેળાવડો કરવો–ભરવો–મેળવવો To call or hold a gathering or meeting

મેળે, adv Of itself; of its own accord, spontaneously, willingly

મેળો, s m [Dh Des. मेल्लो; also Hem Des मेल्ली = S संहति a group S मेलः See મેળ•વ•વુ] A concourse of people, a fair 2 Meeting together 3 Seeing a dying person for the last time

મૈત્રી, s f [S fr मित्र] Friendship

મૈથુન, s n [S fr मिथुन a couple See મિથુન] Copulation, sexual intercourse 2 Junction, union, combination, coalition 3 [See મિથુન] A couple, a pair 4 A man and his wife

મૈથુની, adj Arising from the union of sexes 2 Relating to the union of the sexes

Id મૈથુની પ્રજા Propagation of the species by the union of the sexes

મૈયત, s f [Ar मैयित् dead] Death, A funeral 2 adj Deceased, dead

મૈયત-ખરચ, s m n [+ ખરચ] Funeral expenses

મૈયર, Same as મહિયર. Relations on the mother's side

માતા પિતા મૈયર સતાપે, સાસરિયા અતિ આરત આપે —દયારામ

મૈયા, s f [See મા, માતા] A mother

મૈલ, s m [Eng Mile] A mile

મો, મોંઢ, } s n [See મુખ] The mouth

Id See under Id મોઢું

of dealings with evil spirits, witchcraft 2 The Art or practice of intrigue

મેલ્લો, Same as મેહલ્લો, મોહોલ્લો

મેવ-લો, *s m* [See મેહ, મેહુલો, મેઘ] Rain 2 Songs sung to propitiate the god of rain, when there has been no rain for many days in the rainy season

મેવાડા, *s m pl* [मेवाड name of a part of Rājputānā] A class of Brāhmanas who originally came to Gujarāt from Mevāḍa

મેવાડી, Me-vāḍī, *adj* Relating to Mevāḍa

મેવાડો, *s m* A particular class among Vāniās, who deal in piece goods, &c. 2 The singular of મેવાડા 3 A particular musical mode

મે-વાસ, *s m* [मही a river in Gujrāt + વાસો] The province of Mahikānṭhā 2 A class of freebooters in Gujarāt

મે-વાસી, *adj* Turbulent, insubordinate 2 *s m* See મે-વાસ

મેવો, *s m* [P मेव] Fruit

મેશી, *adj* [See મિસ્સી, મેશ] Stingy, miserly

મેષ, *s m.* [S] A ram 2 *s f* The first sign of the Zodiac, the constellation *Aries*

મેષો-મેષ, *s m* [S निमेषोन्मेष, *fr* निमेष shutting the eye + उन्मेष opening the eye *fr* नि down, उद् up + मिष् to shut the eye] Twinkle, twinkling, winking with the eye

મેસ, *s f* [See મસી] Soot, lampblack

મેસરી, *s m* [See મહેશ્વર] A class of Vāniās

મેહસુર, મેસુર, } *s m* A particular kind of sweetmeat

મેહ, મેહુલો, } *s m* [Hem Des मेहो *fr* मेघः See મેઘ] Rain

મેહક, *s m* [S महक *fr* मह् to gladden] Perfume, fragrance

મેહ-ક-વું, *v i* [S मिह् to be wet, to emit semen *Cf* મેકવુ, મેહેકવુ] To emit a sweet smell

મેહકા-ટ, *s m* [+વૃત્તિ] A strong sweet smell

મેહલું, Same as મેલું.

મેહતર, Same as મે-તર

મેહતરાણી, Same as મે તરાણી

મેહતલ, *s f* [Ar मुह्लत्] Respite, postponement, delay, rest 2 Time, interval

મેહતા જી, *s m* [See મેહતો+જી] A school master, a tutor, an instructor, a teacher

Prov મેહેતાજી ન હોય, ત્યારે છોકરાને મઝા, When the cat is away, the mice will play

મેહતાબ, *s m* [P मेह्ताब् moonlight *fr* माह् the moon+ताब्=S ताप] The moon

મેહતો, *s m* [Hem Des मेहो = S वणिक्सहायः a merchant's clerk *fr* S महित praised, great *fr* मह् to praise, to make great] A schoolmaster 2 An accountant, a clerk, a writer

Prov મેહેતા મારે નહિ, ને ભણાવે નહિ A man of no pluck or courage

મેહનત, *s f* [Ar मिह्नत,] Labour, toil, pains 2 Work 3 Price or wages of labour 4 Difficulty, trouble Same as મહેનત

મેહનતુ, *adj* Painstaking, industrious, laborious, hardworking, diligent

મેહબૂબ, *s m* [Ar] God

મેહમાન, *s m* [P मेहमान] A guest Same as મહેમાન

મેહર, *s f* [P मिह्र] Favour, kindness, graciousness

મેહર બાન, *adj* [P *fr*+बान्=S वान्=વાણ having] Kind, favourable, gracious, affectionate, loving, benignant 2 *s m* A patron; a benefactor

મેહર-બાની, *s f* Kindness, favour, regard, obligation, condescension

મેહરમ, *adj* [P मह्रम् a man related to a woman whom she is prohibited by religion from marrying, as her father or brother, and in whose presence she can dispense with the veil] Heartily beloved

મેહરાબ, *s m* [Ar मिह्राब] An arch, a vault 2 A building in the form of a segment of a circle

મેહરામણ, *s m* [Prob a corruption of

છો? What is your object or motive in coming or calling? What has brought you here?

મોખરો, *s m* [See મુખર, મુખ] The front or foremost part, the van

Id મોખરે જવુ To walk in front, to be the leader of, to lead મોખરે કરવુ-ધરવુ To place in front, to appoint as the leader of મોખરો સાચવવો To face boldly, to bear the brunt of war મોખરે બેસવુ To sit in front, to occupy one of the front places 2 To be considered deserving of respect

મોગરી, *s f* [See મોગરો] The seed vessel of the radish 2 A mallet, a wooden hammer 3 Arabian jasmine 4 A small pestle

મોગરે-લ, *s n* [+તેલ] Jasmine scent, hair oil

મોગરો, *s m* [Hem Des मोग्गरो=S मुकुलम् a bud S मुद्गर a hammer] The jasmine flower 2 A jasmine shaped ornament 3. The snuff of a wick 4 A dome, a cupola

મોગલા ઈ, Same as મુગલા ઈ

મોઘમ, *adj* [Ar मुब्हम् indefinite] General, indefinite, vague, loose, equivocal, unexplained

Id મોઘમ રાખવુ To leave undefined or undecided, not to make a clear statement

મોઘ-વારી, મોઘ વારી, *s f* [See મોઘુ+વારો] Dearness, high prices

મોઘુ, મોઘુ, *adj* [S महार्घ *fr* મહત્+અર્ઘ price] Dear, bearing a high price, not cheap, costly 2 Difficult of attainment

Prov ફજેતી સોઘી, ને મોજ મોઘી Disgrace cheaper than honour મોઘો માલ પરોણો t Good things go to the guest

મોચ-ક, *adj* [S *fr* मुच् to release] That frees, liberates or looses (used at the end of a compound word

મોચ ણ, *s f* A female of the મોચી class

મોચ ન, *s n* Liberating, freeing, releasing, setting free, loosening

મોચ ન, *s n* False pride 2 Empty splendour

જેહ તણા જનમા ધનમા નહિ, મોચનમા ક્ષણમા પનમા શુ —વલ્લભ

મોચ-રસ, *s m* [+રસ] The gum of the silk cotton tree

મોચમ, *s m* [See મૂકવુ] The unploughed space left in a field

મોચ વુ, *v i* To be twisted or dislocated

મોચી, *s m* [Hem Des मोचक a kind of shoes *Cf* મોજુ a stocking *fr* P मोजः a stocking] A shoemaker, a cobbler

મોજ, *s f* [Ar मव्ज् a wave *Cf* તરગ] Pleasure, mirth, merriment joy, gaiety, hilarity, delight, enjoyment 2 Choice, will

Id તારી મોજમા આવે તેમ Just as you please મોજ માણવી-કરવી-ઞાણવી To experience pleasure 2 To act as one wills મોજ શોખ Pleasures of various kinds

મોજડું, Same as મોજુ a wave

હિમ્મત રાખીએ, દહ એ દાખીએ,
પાણી પહેલા, શા મોજડા? —સામળભટ

મોજ-ડી, [See મોજુ] Shoes, slippers

મોજ-ણી, *s f* [Mar *fr* मोजणें *fr* Ar मीज़ान a balance] A survey with a cross-staff 2 Measuring

મોજણી-દાર, *s m* [+દાર P] A surveyor who measures with a cross staff

મોજ-વુ, *v t* [See મોજણી] To survey 2 To comprehend, to understand 3 To measure

મોજાં, *s n pl* [P मोज] Stockings or socks 2 Gloves

મોજાં, *s n pl* [Ar मव्ज् a wave *Cf* મોજ] Waves, billows

મોજાર, મોઝાર, *prep* [Hem Des मज्झआरं — S मध्यम् the middle, *fr* मध्य centre + आगार house] In, into (Used in poet)

મોજીલુ, મોજી, *adj* [See મોજ] That experiences pleasure, voluptuous 2 Gay

મોજુ, *s n* [P मोजः stockings, gloves *Cf* Hem Des मोचक under મોચી See મોજડી] A stocking, a glove

મોધ-વારી, Same as મોઘ વારી

મોંઘાઈ, *s f* Value, worth 2 Claim to indulgence or respect

મોઘુ, Same as મોઘુ

મો-જોણું, } *s n* [+જો વુ] A gift given at the first visit 2 The ceremony of first seeing the bride or bridegroom
મો-જોયણું, }

વહુ વર મો જોયણાં કરે સર્વ,તજ્યો મદન મેહેનાએ ગર્વ —હરિદાસ

મોં-માગ્યું, *adj* [See મો + માગ વુ] As much (price) as is asked or demanded, without abatement, without haggling

મો-માર, *adj* [+મારવુ] Without considerations of respect or favour, fearless, bold-speaking, speaking with boldness

મો-રખુ, *adj* [+ રાખવુ] Acting with reserve out of respect for a person, modest, shy 2 Partial to, out of respect

મો-વડ, *adv* [+S वार्तिन् being, existing, *fr* वृत् to be See વૃત્તિ] Before the face, in front, just near in front

મોઈ, *s f* A little bit of stick struck in the game called મોઈ-ડંડો or ગિલ્લી-દંડો (trip-stick).

Prov મોઈ પાદી, તે લાભ Something is better than nothing

મોકમ, Same as મકમ

તહે તકનો હિસાબ લેશે, મોકમ દેશે મારો —ભોજોભગત

મોકલ વુ, *v t* [See મૂક વુ] To send, to despatch 2 To remit, to transmit

મોકળાશ, *s f* [See મોકળુ] Width, breadth 2 Spaciousness, roominess, extensiveness 3 Freedom, ease, openness 4 Extension, expansion

મોકળુ, *adj* [Hem Des मुक्कल=S स्वैरम्, स्वच्छन्दम्, at one's will Also Dh Des मुक्कला *fr* S मुक्त का let loose See મુક્ત] Free, unbound, unconfined, unrestrained, at liberty 2 Open, unclosed, not shut 3 Loose, separate, distinct 4 Empty, unoccupied 5 Free, relieved 6 Magnanimous, elevated in soul 7 Frank, ingenuous

Id પગ મોકળા કરવા To move one's legs about, to walk about મન મોકળુ કરીને બોલવુ To speak freely, to unburden one's mind સાકડે મોકળે ચલાવી લેવુ To manage as best one can મોકળે મહાલવુ To indulge oneself with freedom 2 To separate oneself from one's relations and live a life of ease and freedom

મો-કાણ, *s f* [Hem Des मोक्कणिआ= S असितपद्मोदरम् the black interior of a lotus Also Dh Des मुहविक्कोणो=S निदार्य मुख वेकूणनम् making faces at Or See મોહ+ કાણ] A visit of condolence 2 News of a death having occurred 3 Ruin, perdition

Id મોકાણના સમાચાર Discouraging news, information about one's failure મોકાણ માડવી To gather a number of mourners 2 To spoil or ruin one's business or life

મોકુફ, } *ad* [Ar मव्कूफ् stopped] Postponed, delayed, deferred, put off, adjourned 2 Abolished, abrogated, stopped, repealed, ceased 3 Dismissed, discharged
મોકુબ, }

મોક્ષ, *s n* [S See મૂકવુ *Cf* मुक्ति] Final and eternal happiness, final emancipation 2 Liberation

Id મોક્ષ પામવો-મેળવવો To get absolution or salvation of the soul 2 To die મોક્ષ દેવો-આપવો To save the soul of 2 To kill મોક્ષે જવુ-મોક્ષ થવો To return to one's Maker 2 To die મોક્ષ-કાળ The time of release (of the soul, or of death) 2 The time of release (of the sun or moon from an eclipse) મોક્ષ-પદ The state of deliverance from all existence as an individual

મોખ, *s m* [See મુખ્ય] A tent-pole

મોખ, *s m* [Ar मव्कूअ्, also, See મુખ્ય] An opportunity 2 An intention, a motive 3 Cause

Id મોખ સાધવો To take advantage of one's opportunities મોખ ધારવો To make provision for મોખ ખાવો To get an opportunity મોખમા ને મોખમા ફરવુ-હોવું To run about in search of an opportunity, to be engrossed in taking advantage of an opportunity, to be self seeking શા મોખમા આવ્યા

part 7 A spokesman 8 Boldness 9 An entrance, a passage

1d મો (મોઢું) આવવું To have inflammation of the interior membrane of the mouth, to salivate મને એનું મો આવે છે I feel shy or modest in his presence મો આણવું-લાવવું To cause to salivate મો ઉઘડાવવું-ઉઘાડવું Lit To open the mouth Hence 2 To cause to speak 3 To beg, to request 4 To begin to speak (a child) 5 To throw off modesty or respect and speak impudently; to use impudent or insolent language મો (મોઢું) ઉતરવું-ઉતરી જવું To turn pale, to lose colour through disappointment, sorrow or shame કાળું મો (મોઢું) Disgrace કાળું મો (મોઢું) કરવું To get away, to run away in disgrace, to hide one's face મો કરવું-થવું-કાઢવું To collect the puss or matter at a particular point (of a boil) મો ઉઘડવું-ખીલવું To have a blooming face or appearance મો (મોઢું) ચઢાવવું To knit the brows, to wear an angry expression, to be angry મો (મોઢું) ચઢવું To have an angry face મો ચળવળવું To have a desire to speak મો ચુકાવવું To escape the notice of, to turn away and avoid meeting with મો છાડવું-ટાળવું To avoid the sight or face of, to avoid looking at, or being looked at, to refuse to see (out of contempt or disgust) મો (મોઢું) છુપાવવું-સતાડવું To conceal one's face, to be ashamed રોજ ઉઠીને મો (મોઢું) જોવાવું To have dealings with, every moment, to be inevitable મો જોયું છોકરું An only son મો ઢાંકવું To cover or shut the mouth (of a pot, jar, &c) મો (મોઢું) પડવું-પડી જવું See મો ઉતરી જવું મો ફેરવવું Lit To turn the face Hence 2 To give up one's own party, to go over to the enemy મો ફેરવીને બોલવું To speak excitedly 2 To speak in anger મો બંધ કરવું To shut the mouth; to stop from speaking 2 To win over by an illegal gratification, to give a bribe મો ભરવું To eat 2 To take a mouthful 3 To give a bribe મો રાખવું To behave oneself respectfully towards, to obey out of respect for; to consent to out of respect for મો વકાશીને રહેવું Lit To remain with the mouth gaping wide (out of surprise, astonishment, helplessness) Hence 2 To remain or to be left helpless મો વટાળવું To eat ... little મો (મોઢું) વશ રાખવું To restrain the tongue 2 Not to speak disagreeable words 3 Not to eat injurious things મો વાળવું-ઢાંકવું To mourn for the dead મો લુછાવવું To stop crying, to comfort or console a mourner મો પહોળું થવું To die મો પહોળું કરવું-ફાડવું Lit. To gape wide Hence 2 To be astonished 3 To remain anxiously waiting for મો બગડવું To lose taste, to have a foul taste or smell in the mouth મો બગાડવું To make a wry face બાળ તારું મોઢું Get away, be gone, get you gone મો બાંધવું See મો બંધ કરવું મો ફફડાવવું To speak in anger મો (મોઢું) બળબળવું-બળબળાવું To have a desire to eat મો મલકાવવું To smile, to be pleased મો સિવવું To seal the mouth, to stop speaking મો સીડવું To seal or stop the opening made a little above the bottom of a કોઠી (an earthen jar filled with grain) મો (મોઢું) હલાવવું To eat, to chew 2 To speak મો ધોવું To cleanse the mouth, to wash the face મો ધોઈ આવવું Lit To wash the face, and be prepared to receive a gift Hence 2 To put on a pleasing appearance in expectation of receiving a gift (said by a giver to one who makes a request, when he has no mind to grant the request) અવળું મો કરીને બેસવું To turn one's back upon, to be indisposed to મો આડું કરવું To avoid looking at, or being looked at એનું મો ઉઘડ્યું He has gained the power to speak, he is free from the restraint that obliged him to be silent ઉજળું મો-ગળ્યું મો Honourable acquittal ગળ્યું મો કરવું To eat sweetmeats ગળ્યું મો કરાવવું To give sweetmeats to eat 2 To give a feast in honour of a victory મો ઉપર દેવતા મુકવો To set fire to the funeral pyre મો ઉપર દેવતા મુકનાર A near relative who sets fire to the funeral pyre, and inherits the property of the deceased; the heir નરા નેરડું

મોજુ, *s n* [Ar] wave

મોજુદ, *adj* [Ar मउजूद existent] Ready, on hand 2 Existing, present

મોજે, *s n* [Ar मऊज़ि‍अ a place, the site] A village

મોજેજો, *s m.* [Ar] A miracle, a wonder

મોજો, *s m* [See મોજુ a wave] A large and high wave

મોટ, Same as મોટુ Large, great

મોટપ, } *s n* [See મોટુ+ પણ, પણ, =S
મોટમ, }
त्व suffix forming abstract nouns from adjectives] Same as મોટાઈ

મોટાઈ, *s f* Largeness, bigness 2 Greatness 3 Large-mindedness, magnanimity 4 Pride, arrogance; vanity ostentation

મોટિયું, *s n* [Mar मोट a bundle] A sack of grain, a load

મોટુ, *adj* [See મહત્] Large, big, extensive 2 Copious 3 Great grand, magnificent 4 Considerable 5 Old, generous, magnanimous 6 Grown up, having attained the age of puberty

Id ઘરમા એનુ માથુ મોટું કેની ? Indeed he is the head and leading member of the family મોટા જોટા Grown up નાનાથી મોટો કર્યો Reared him up from childhood મોટું મન A generous mind મોટું મન કરવુ—રાખવુ To forgive; to overlook short-comings મોટુ પેટ રાખવુ To bear and forbear

Prov મોટાના પગરખામા કોણ પગ ઘાલી શકે? Who can vie with the great? મોટા એટલા ખોટા A fine shoe often hurts the foot મોટા ઘરના પોકળ વાસા Much display but no substance મોટાની મોટી વાત, અડધો રોટલો ને આખી રાત (ઠ્યાવે) Serve a great man, and you will know what sorrow is મોટાને મોટી ફિકર High winds blow on high hills

મોટે થી, *adv* Loudly, noisily, clamorously, with a loud voice

મોટે પરોઢિયે, *adv* [+ પરોઢિયુ] Early in the morning

મોટેરું, Same as મોટું

મોટો પૈસો, *s m* [+પૈસો] One pice and a half, four pies and a half

મોઠી, *s f* Dining, eating; food; victuals, meal

Id મોઠીદાસ An epicure

મોડ, *s m* [See મોઢુ the face, or મુગટ the head] A kind of chaplet worn by females on auspicious occasions 2 Ears of corn fallen to the ground from their stalks 3 Crossness, coquetry, ill humour

એક વાતે દુ ઉગરે, મેલી મનનો મોડ—સામળભટ.

Id ખચો મોડ તમારે માથે છે The credit of all this arrangement is due to you

મોડ, Same as મોડ delay

ઉપનદે કહ્યુ, " કદાચો, રૂપવાનને રે,
ઘટિત છે એ વાત, રખે કરતા મોડ "—દયારામ.

મોડછી, *s f* [See મૂર્છા, મુળચી, મુળછી] Purging and vomiting, cholera

મોડ વું, *v t* [See મરડ વુ] To twist, to turn, to bend 2 To dishonour, to disrespect

ત્યા માનમોડી રાયના, સીતા વર્યા શ્રીરગ—ગિરિધર.

મોડ વુ, *s n* A heap or pile of cow-dung-cakes or of grass

મોડા, *s m pl* A roll of names of boys in a school 2 The roll-call

મોડા-મોડ, } *adv* [See મોડવું, મરડવુ]
મોઢા-મોઢ, }
Turning and twisting (as the gestures of a coquette) 2 [See મોઢુ] Face to face, in the presence of

મોડિયુ, *s n* [See મો, મુખ] The mouth of a thing, a piece which covers an aperture

મોડી, *s f* [Mar See મરોડ] A written character peculiar to the Marāṭhī language

મોડી, *s f* A small મોઢુ

મોડુ, *s n* [See મોડવુ a heap] Late 2 Delay, lateness

મોઢુ, }
મોઢું, } *s n* [Hem Des मोड *f* S
મો, }
मुण्डम् the head Or see મુખ, મોઢ, the mouth, the face] The mouth 2 The tongue 3 The face 4 An aperture, an orifice; an opening 5 The head of a boil 6 The fore

છીપનું મોતી A pearl of the purest water 2 An honest person આમળા જેવડું મોતી A big round pearl of the finest water

Prov મોતીના પાણી ઉતર્યા તે ઉતર્યા Done is done A permanent loss

મોતી-ચૂર, *s m* [+ ચુરવું] A kind of sweetmeat

મોતૈ•યો, *s m* [See મોતિ•યો] Cataract (of the eye)

મોતૈ•યો, *s m* [See મોતી] A drop of water 2 A pimple

મોતૈ•યો, Same as મોતી-ચૂર.

મોથ, *s m* [S मुस्ता] A fragrant grass

મોદ, *s m* [S *fr* मुद् to rejoice] Joy, delight, pleasure

મોદ, *s f* A kind of coarse thick cloth in which corn is packed in a cart

મોદ•વું, *v i* [See મોદ joy] To be delighted

મોદ•ક, *s m.* [S *fr* મોદ joy] A sort of sweetmeat 2 *adj* Delightful

મોદિ•યું, Same as મોદ A kind of coarse cotton cloth

મોદી, *s m* A steward 2 A grain dealer, a retail grocer

મોદી-ખાનું, *s n* [+ખાનું] A granary 2 The Commissariat department 3 The business of supplying corn and other provisions

મોનિ•યું, *s n* [See માન respect] A half hearted invitation

પણ અમને સાથે તેડી જવાને મોનિયુ કર્યું નહિ ને !
—પ્રેમાનંદ

મોબેદ, *s m* [P मुबद् wise, talented, *fr* मु talents +बद् having] A Pārsī priest, one of the Magi

મોભ,
મોભારો, } *s m* [Hem Des मुम्भो = गृह म गे तियग् दारु a cross beam in the roof of a house] A roof beam, the ridge

Prov મોભને સો, ને, વળીને એક (ખીલો) Regal honours have regal cares, and little gear, little care

મોભમ, Same as મોધમ

મોભાગ્ર-બુદ્ધિ, *s f* [+અગ્ર + બુદ્ધિ] A dull intellect

મોભા•દાર,
મોભા વાળુ } *adj* Respectable, influential; leading, having a number of followers

મોભી, *s m* [See મોભો] The managing member of a house, the support of the family

મોભો, *s m* [Ar मुहाबा awe, regard.] Importance, weight; consequence, influence; self respect, regard, deference

Id મોભો જાળવવો–રાખવો–સાચવવો To keep up one's respectability

મોમ, *s n* [P मूम् *fr* મીણ] Wax

મોયડો, Same as મોઢો

મોયરૂં, *s n* [See મહિયર] The raised platform on which the marriage ceremony is performed

ત્યાંથી અભિમન્યુ મોયરામાં આવ્યા,
મામાજી કન્યા પધરાવો રે —અભિમન્યુનો ચકાવો.

મોર, *s m.* [See मयूर.] A peacock. (*fem* ઢેલ)

Id મોર મારવો To do a glorious deed એમાં તેણે શો મોર માર્યો ? What has he done to merit praise ?

Prov મોરના ઇંડા કાંઈ ચીતરવા પડે ? A good face needs no paint મોર પીંછે રળિયામણો All is not gold that glitters

મોર, *adv* [S मुखर standing in front *fr.* मुख] Before, in front of. 2 Before, previously

મોરથી મેલી દેજે માન, તો અંત સમે આવે વિમાન.
—ભોજોભગત.

મોર, Same as મોહોર.

મોર-ચગ, *s m.* [See મોર a peacock+ચગ] A Jew's harp

મોરચા-બંધ, *adv* [See મોરચો + બાંધવું] With the batteries arranged or drawn up; being fortified, entrenched

મોરચી, Same as મોડછી

મોરચો, *s m* [P मोर्चल्] A battery 2. A gate, fortification

Id મોરચો બાંધવો To make preparations for a battle, to be prepared to fight મોરચો પકડવો To fight and proceed, 2. To pursue

મો થઈ જવું To be ashamed મારી આગળ તું શું મો લઈને આવે ? How can you stand before me, and speak on the matter? 2 Knowing your antecedents, which are bad enough, are you not ashamed to speak to me on the matter? બે મો ચાખવા-ચારી લેવા To eat a little and in haste મો માગ્યું-મોઢે માગ્યું Lit What is asked for, Hence 2 A price paid without haggling એનું લોહીઆળું-મોટી ચડું-મો છે He has lost the dearest and nearest relative મોઢે કહેવું-મો ઉપર કહેવું-મો ઉપર મારવું To speak without being afraid, to tell boldly મો ઉપર મારવું To return in a lump what one was dunned for મોઢે-મોઢે કરવું To commit to memory, to learn by heart મોઢે ચડવું To be committed to memory (of a lesson) મોઢે ચડાવવું To indulge to excess, to fondle મોઢે ચડીને કહેવું To speak to in person 2 To speak to without fear મોઢે તાળું દેવું To shut the mouth of to cause to stop from speaking મોઢે ભણી જવું To repeat by heart. મોનું છૂટું Free in speaking, outspoken મોનું સાચું True to one's promise મોનું જૂઠું False to one's promise મોગા આગળ ના ધાલવી To be tired or disgusted with મોગા આગળી ઘાલીએ તો એ કરડે નહિ એવો Harmless, innocent મોમો છબ ઘાલવી To stop speaking તારા મોગા છબ છે કે નહિ ? Why do you not speak ? મોમા ડૂચો ભરવો-મોમા વારવું To eat voraciously મોમાં (મોઢે) ડૂચો-દેવો મારવો To stop speaking મોમા ચુક એવો More cunning than મોગા પાણી આવવું To have a desire to eat મોમા અગીન હોવી-મોમાથી અગી જવી રહેવી To have a dry tongue 2 To lose relish for food મોમા મારીને લેવું To take notwithstanding resistance or opposition, to take by force

Prov મો વાઘનું, પુછડી શિઆળની Bold in appearance, but timid at heart મોઢે મિઠાશ, ને, પેટમા પાળી = મોઢે પરવત, ને, પેટમા ઝરવત A lickerish tongue, a treacherous tail મો ખાય, ને હોઠ દાઝે He who takes the profit in a business, must also take the loss મો જોઈને ચપટાક મારવી=મો તેવો તમાચો To treat one according to one's deserts મો પાકીને કાઢી દ... ... ખાવવી Kind cruelty મોમા આવેલો કોળિઓ પાછો જાય There is many a slip betwixt the cup and the lip

મોઢ, *adj* [Guj મોઢેરૂ name of a village in the Baroda District] Name of a section of Brāhmanas and Vāniās

મોઢો, *s m* } A net placed on the mouth of large animals to prevent them from biting, &c
મોઢિયું, *s n* }

મોણુ, Same as મોચણુ.

Id મોણુ મોણુ કરી નાખવું Lit To make soft and shiny Hence 2 To please and win over to one's side, to coax into obedience

મોત, *s n* [Ar मृत् death] Death, demise, decease

Prov માગ્યું મોતે ન મળવું નથી A closed mouth catches no flies મોત કોઈને છોડતું નથી Everything is doomed to destruction

મોતિયા, *s n pl* [See મોતી] Strength, courage

Id મોતિયા ઊતારવા, મોતિયા મરવાં To lose courage

મોતિયું *s n* The eaves. 2 A piece of wood fixed to the eaves rafter to prevent the tiles from sliding off

મોતિયો, *s m* [See મોતી a pearl] A kind of jasmine 2 A disorder of the eye, cataract 3 Strength, courage

Id મોતિયો આવવો To have cataract of the eye મોતિયો કાઢવો To remove cataract from the eye

મોતી, *s n* [S मौक्तिक *fr* मुक्ता a pearl] A pearl 2 An imitaion pearl

Id મોતીએ ચોક પુરવો Lit. To stud the court-yard of a house with pearls Hence 2 To do what one wills, to indulge in extravagant words, to misrepresent matters so as to suit one's purpose મોતીએ વધાવવું Lit To welcome one by carrying handfuls of pearls round one's head, to remove the influence of the evil eye to consider nothing to be more valuable than the arrival and presence of a beloved person Hence 2 To give a cordial welcome

allured 2 Ignorance; foolishness 3 Affection; love, fondness 4 Loss of consciousness, fainting, swoon 5 Delusion of mind which prevents the discernment of truth

Id મોહ થવો-ઉપજવો To feel affection for મોહ પામવો To be under the influence of a swoon, to swoon, to faint

મોહાન્ધ, Blinded by ignorance, infatuated

મોહક, *adj* [See મોહ] Enchanting; fascinating, captivating

મોહકમ, *adj* [Ar मुहकम् firm, established See મક્કમ] Much, plentiful

મોહ-જાળ, *s f* [+જાળ] The snare of the world; the fascination or fetters of illusory objects

મોહન, *adj* Alluring, enchanting, bewitching, stupefying, fascinating, producing stupor or nervous composure 2 *s n* Bewitchment, enchantment, fascination

મોહન-માળા, *s f* [+ માળા] A particular ornament for the neck

મોહબત, *s f* [Ar मुहब्बत् love, affection] Friendship 2 Love, affecton, intimacy

Id મોહબત રાખવી To continue friendly towards

મોહ-બાણ, *s n* [+ બાણ] Attraction of charms

મોહ-રખાઈ, *s f* [See મો, મો, મોહ,+રાખ વું See મો-રખું] A reward given to an informer, or to one who promises to discover the offender

મોહ-રખાઈ યો, *s m* A man who accepts મોહો-રખાઈ, an informer; a detective

મોહરમ, *s f* [Ar मुहर्रम the first month of the Muhammadan year] The Musalmān month of Mohurrum 2 The Mohurrum holidays

મોહરું, *s n* [See મોહોર] A chessman, a piece, a counter 2 A brilliant person, a valuable person

મોહરો, *s m* Gloss, polish, glaze 2 A shell for polishing

મોહરો, *s m*. [See મહોર; also P मुहरः the instrument of glazing a conch shell] A stone found in the hood of a snake supposed to be a cure for snakepoison 2 Polish, gloss, brightness 3 That with which a thing is polished or made bright

મોહવણુ, Same as મોયણુ, મોણુ

મોહર, *s m* [Hem Des मउर=S शाकम् a pot-herb S मुकुर standing in front *fr* મુખ] Blossom

મોહવાવું, *v i* [Pass of મોહવું] To be bewitched

મન વનિતા મોહવાઈ રહી, શ્રીનાથજી, મુખરીનો ચમકાર
—દયારામ.

મોહવું, } *v t* [See મોહ] To bewitch,
મોવું, }
to captivate, to fascinate 2 To mix the grain, &c , with a little oil

મોહિત, *adj* Fascinated, captivated, enchanted, bewitched 2 Enamoured, charmed

મોહિની, *s f* [S मोहनी. See મોહ, *s m*] Bewitchment, charm 2. A fascinating woman, a charmer

Id મોહિની લાગવી To be bewitched

